પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

ઑક્ટોબર ૨૦૦૩
અંક ક્રમાંક ૧૦

વર્ષ છોતેરમું
સળંગ અંક ૯૧૦

આદ્ય સ્થાપક : ર.મ.રા.

તંત્રી
ધીરુ પરીખ



કલાકાર]



છબીકાર] (ક્યૂ ગાર્ડન્સ, લંડન : બ્રિટન) [અશ્વિન મહેતા

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૯મું   અંક ૧૦

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ટ્રસ્ટીઓ
હીરાલાલ હ. ભગવતી (ચેરમેન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑક્ટોબર, ૨૦૦૩ ○ ૭૯મું વર્ષ ○ અંક ૧૦

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૧૦

ચિત્રો
- 'સાંઝી'માં મયૂર (જયશ્રીબહેન શાહ) — પૂંઠું-૧
- ક્યૂ ગાર્ડન્સ (છબિકારઃ અશ્વિન મહેતા) — પૂંઠું-૨

કાવ્યો
- મિટાવી તત્કાલે(ભાનુપ્રસાદ પંડ્યા), ચાબુક માર્યો કરડો(ધીરુ પરીખ), કેવી ઘડી(ગિરીશ ભટ્ટ) — ૬૬૯
- ચેહ સાથે(રામચન્દ્ર પટેલ), દોસ્ત ('રાઝ' નવસારવી), મારા બચાવમાં(સાહિલ), — ૬૬૯
- અજબગજબનો નાતો(લાલજી કાનપરિયા), અમૃત પીધેલ છે(હરકિસન જોષી), — ૬૭૦
- અહીંથી લઉં વિદાય(વિનોદ ગાંધી), મુક્તક(એસ.એસ.રાહી), તારે ધરવો ન કાન(ઊજમશી પરમાર), — ૬૭૦
- સખ્ય(પ્રબોધ ર. જોશી) — ૬૭૦

ચરિત્ર-સંસ્મરણો-રોજનીશી
- ક્રિસ્યનિસ બેરન્સ — પ્રફુલ્લ રાવલ — ૬૭૨
- શિક્ષકનું ગૌરવ (સંસ્મરણો) — દુષ્યન્ત પંડ્યા — ૭૦૩
- ઍન ફ્રૅન્કની રોજનીશી — અનુવાદ : હિના ગોખલે — ૭૨૪

કથાકલાપ-નાટિકા
- બંધ આંખે વાંચી શકાય એવું પુસ્તક (બોધકથા) — અનુ. રમેશ શાહ — ૬૭૧
- સ્વીટ હોમ (વાર્તા) — તારિણીબહેન દેસાઈ — ૬૭૮
- પ્લીઝ, સ્ટે વિથ અસ (નાટિકા) — પ્રવીણ પંડ્યા — ૬૯૨
- તાદાત્મ્ય (લઘુકથા) — દુર્ગેશ ઓઝા — ૭૦૭
- ગાભલાની ભૂખ (લઘુકથા) — સાંકળચંદ જે. પટેલ — ૭૧૧
- હાર્ટલેસ (લઘુકથા) — કલ્પના જિતેન્દ્ર — ૭૨૧
- ગાંડા માણસો-૧ (ધ્યાનકથા) - બહાદુરભાઈ જ. વાંક-૭૨૨; લોપા (વાર્તા) — અરુણ પારેખ — ૭૨૩
- સાડીની કાકડી - એક જીવનિકા (પ્રસંગપરાગ) — ડૉ. કનક રાવળ — ૭૩૨

લેખો
- ખૂની પણ ગીતની કદર કરી શકે (સૂત્રસાર) — રાધેશ્યામ શર્મા — ૬૭૧
- હિન્દી ફિલ્મક્ષેત્રે ગુજરાતીઓનું પ્રદાન — પ્રબોધ કાપડિયા — ૬૮૨
- શામળાજી - ૧ — સંકલનઃ ગિરીશભાઈ પંડ્યા — ૬૮૫
- જીવનનો ઉદ્ભવ - ૨. પૃથ્વી ઉપર જીવનનો ઉદ્ભવ — ડૉ. જે. પી. ત્રિવેદી — ૬૮૬
- મોટર-ઉદ્યોગ : એક આલેખ — ડૉ. જયકુમાર ર. શુક્લ — ૬૮૮
- સમાંતર જીવન : ૧. જેન વેલ્શ અને ટૉમસ કાર્લાઇલ — અનુવાદઃ અરુણા જાડેજા — ૬૯૯
- 'સાંઝી'માં કંડારેલી ભક્તિ — ડૉ. થૉમસ પરમાર — ૭૦૮
- ધુરોપાયન — પ્રા. પ્રવીણ ન. શેઠ — ૭૧૦
- વૅકેશન (આથમતાં અજવાળાં-૨૧) — ભગીરથ બ્રહ્મભટ્ટ — ૭૧૨
- ઝારાનું યુદ્ધ — પ્રા. પ્રદ્યુમ્ન ભ. ખાચર — ૭૧૩
- ચેસ કૉર્નર : કોયડો-૩૨- અર્પી શાહ — જાણીતા માણસની અજાણી વાતો ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર — ૭૧૮
- એકાગ્રતા - અરવિંદ ગજ્જર ૭૧૯; મહાબલીપુરમ્ — ડૉ. પ્રિયબાળા શાહ — ૭૨૭
- 'સ્ટ્રીટ સિંગર' ભારતની પહેલી મ્યૂઝિકલ ફિલ્મ ! (ફિલ્માકાશ-૩૩) — રજનીકુમાર પંડ્યા — ૭૩૦
- 'કલમ'-સંહિતા — રિદ્ધિ દેસાઈ — ૭૩૩
- અંગ્રેજી સાહિત્યનું આચમન — ડૉ. મધુસૂદન પારેખ — ૭૩૬

વિભાગો
- વાચકો લખે છે — ૬૬૬
- કલાસ્મૃતિઃ સદ્ગત બંસીલાલ વર્મા 'ચકોર' — ગજેન્દ્ર શાહ — ૭૩૮
- કલાવાર્તાઃ વિશ્વના મહાન ચિત્રકારો-૨૧ઃ લૉત્રેક — હરિત પંડ્યા : નટુ પરીખ — ૭૩૯
  - અવલોકનઃ દીપ્તિમંત ક્ષણોભરી ઘટનાશ્રેણી — રાધેશ્યામ શર્મા — ૭૪૧
- કલાવૃત્તઃ ભૂપેન ખખ્ખરની ચિર વિદાય — બંસીલાલ દલાલ — ૭૪૩
- અડકોદડકોઃ સર્વજ્ઞ અંકલ - કરસનદાસ લુહાર, ગરુડ અને હાથીનો ઝઘડો - રમણલાલ સોની — ૭૪૪
- કંકાવટીઃ ગાંધીજીની જન્મદાત્રી પૂતળીબાઈ - ડૉ. મહેશ એમ. ત્રિવેદી, મૅગ્સેસે અવૉર્ડથી સન્માનિત શાંતા સિંહા — ૭૪૫
- સાહિત્યસંપર્કઃ સદ્ગત જયન્ત પાઠક - ધીરુ પરીખ, — ૭૪૭
  - અવલોકનઃ કવિની છેલ્લી કલમપ્રસાદી - વિજય શાસ્ત્રી,
  - સદ્ગત જગદીશ ત્રિવેદી - ધીરુ પરીખ, પ્રાપ્ત પ્રકાશનો
  - સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ - કૅરિકેચરઃ — નિર્મિશ ઠાકર — ૭૫૩
- દેશાટન-૫૬ઃ મદુરાનું મીનાક્ષી મંદિર — ૭૫૪
- માધુકરીઃ (સ્વ.) જગમોહન સૂરસાગરનું સમાપન - બીરેન કોઠારી; ન ઊડી શકતાં અને વિલુપ્ત થતાં પક્ષીઓ - બાબુલાલ જાવિયા; એક નવી સંજીવનીઃ ઘઉંના જવારા — ૭૫૪
- છેલ્લું પાનું — ૭૫૮

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા બહાર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૯૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૩૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' ઑગસ્ટ ૨૦૦૩નો અંક મળ્યો. ટેવ મુજબ સૌપ્રથમ ચેસ કૉર્નર તરફ વળ્યો. જૂન ૨૦૦૩ના કોયડા નં.૨૮નો ઉકેલ જોઈ દુ:ખ થયું. ગુણવત્તા માટે જાણીતા 'કુમાર'માં આવો નબળો લેખ જોઈને આશ્ચર્ય સાથે દુ:ખ થાય છે. તે લેખને લગતા મારા વિચારો નીચે આપ્યા છે:

ઑગસ્ટ ૨૦૦૩ના અંકમાં આપેલ કોયડા નં.૨૮નો ઉકેલ જોતાં તે કોયડા અને તેની ઉપરની comments વિષે લખવા પ્રેરાઉં છું. આ કોયડાના ઉકેલમાં 1. QC4 (ચાવીની ચાલ), 2. Pd5ની ધમકી આપે છે. તે જણાવવું જરૂરી છે. 2. Pd5ને ધમકી તરીકે સ્વીકારીએ એટલે ફક્ત પહેલા બે જ વિકલ્પ ધમકી અટકાવે છે, તેનો વિચાર કરવાનો રહે છે. બાકી બે વિકલ્પ ઉકેલમાં આપવાની જરૂર રહેતી નથી કારણ કે ધમકી તેનાથી અટકતી નથી.

શતરંજના કોયડા એ શતરંજનું પદ્ય છે. તેની ભાષા શતરંજની રમતની ભાષાથી જુદી પડે છે. આ ઉકેલમાં શતરંજના ખેલાડીની ભાષા વપરાઈ છે, કોયડાના અભ્યાસીની નહીં. કોયડાની કૉલમમાં કોયડાની ચર્ચામાં કોયડાની ભાષા જ વાપરવી વધુ યોગ્ય ગણાય. દા.ત. જે મ્હાતને discoveredmate દર્શાવ્યા છે તે ખેલાડીની ભાષામાં બરાબર છે. કોયડામાં આવી રચના માટે 'Battery'શબ્દ વપરાય છે. કોયડાની મૂળ સ્થિતિમાં આવી બે 'Battery' છે- એક R+N અને એક B+P. ચાવીની ચાલથી એક નવી Q+P Battery ઉમેરાય છે. ધમકીમાં પ્યાદું ચાલે એટલે રમતની ભાષામાં Discovered check and mate કહેવાય, પણ કોયડાની ભાષામાં તેને 'Battery is fired' કહેવાય. બંને વિકલ્પમાં R+N બૅટરી ફાયર થાય છે. આ કોયડાનો મધ્યવર્તી વિચાર સમજાવવા બીજા બે-ત્રણ ખાસ કોયડામાં વપરાતા શબ્દોનો પરિચય આપવાની જરૂર છે.

'Self-pin': જ્યારે કોઈ ખેલાડી પોતાની જ ચાલથી પોતાનું મહોરું અણઊઠ (pin) કરે તેને self-pin કહેવાય છે. આ કોયડાના બંને વિકલ્પોમાં કાળા હાથી સફેદ પ્યાદું મારીને પોતાને અણઊઠ કરે છે.

'Unpin': જ્યારે અણઊઠ થયેલ મહોરાને છૂટો કરવામાં તો અણઊઠનો અંત કે 'Unpin'થાય છે. બંને વિકલ્પમાં કાળા હાથી અણઊઠ થાય છે. પણ જો સફેદ ધમકીની ચાલ ચાલે તો તે પ્યાદું સફેદ ઊંટ અને કાળા રાજાની લાઇનમાં આવવાથી હવે હાથી અણઊઠ નથી રહેતો - તે Unpin થયો કહેવાય અને તે RxQથી ધમકીનો સામનો કરી શકે છે.

'Pin-mate': જ્યારે મ્હાતની સ્થિતિ માટે સામાપક્ષનું હોવું જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો જો તે મહોરું અણઊઠ ન હોત તો મ્હાત શક્ય ન બનત. અહીં બંને વિકલ્પમાં કાળા હાથી અણઊઠ હોવાનો લાભ લઈને સફેદ મ્હાત કરે છે. જો તે અણઊઠ ન હોત તો સફેદ હાથી અને કાળા રાજાની લાઇનમાં વચ્ચે આવી શેહનો જવાબ આપી શકાત. આ રીતે મ્હાત(mate) અણઊઠને (pin) આભારી છે. આવા મ્હાતને Pinmate કહેવાય.

આથી આ કોયડાનો મધ્યવર્તી વિચાર છે - Selfpin અને તેને લીધે શક્ય થતા સુંદર Pinmate.

ચર્ચામાં કોયડાને 'short' કહ્યો છે. મહોરાની સંખ્યા ઓછી હોવા વિષે કહેવું હોય તો કોયડાની ભાષામાં તેને માટે ખાસ શબ્દો છે. સાત કે ઓછા મહોરા (સફેદ અને કાળાના મારીને)વાળા કોયડાને Miniature કહે છે. આઠથી બાર મહોરાવાળા કોયડાને Meredith (કોયડા રચનારનું નામ છે - તેમણે ઘણા સુંદર કોયડા રચ્યા હોવાથી તેમના નામે ઓળખાય છે.) કહે છે. કોયડા નં.૨૮માં બાર મહોરાં હોઈ તેને Meredith કહેવાય.

શતરંજના કોયડાની કૉલમમાં કોયડાની ચર્ચા દ્વારા વાચકોનું કોયડાની ખાસ ભાષા, કોયડાના મધ્યવર્તી વિચાર વિષેનું જ્ઞાન વધારવાનો પ્રયત્ન થાય તો વાચકોને વધુ લાભ થાય. કોયડાનો ઉકેલ શોધવા ઉપરાંત તેનો theme સમજવો, તેમાં રહેલ ખુબીઓનો આસ્વાદ લેવો, તેના ગુણદોષ વિષે ઊંડાણમાં સમજવું અને તે રીતે વધુ આનંદ મેળવવાથી કોયડામાં વધુ રસ પડશે. - *સુરેશ મોદી, એચ-૬, સરસ્વતી સોસા., એન. જી. આચાર્ય માર્ગ, ચેમ્બુર, મુંબઈ- ૪૦૦૦૭૧.*

•

'કુમાર' ઑગસ્ટ, ૨૦૦૩ ખૂબ જ ગમ્યું. સરસ અને ઉત્તમ વાચન સામગ્રીથી ભરપૂર ૮૦ પાનનાં પાંચ વિભાગો અને અનેક પેટાવિભાગોમાં કેટલી બધી ઉત્તમ સામગ્રી, વૈવિધ્યથી ભરપૂર તો ખરી જ, પણ તેની સાથે સર્વને ક્યાંક ને ક્યાંક ઉપયોગી પણ નીવડે જ.

શ્રી અરવિંદ ગજ્જરે તેમના અભ્યાસગુરુ પ્રિન્સિપાલ કલવચવાલાનું ચરિત્ર લખી એક ઉમદા વ્યક્તિત્વને સાચી રીતે ઉજાગર કર્યું છે. આજના શિક્ષણના વાતાવરણમાં હવે તો આવું જોવા તો મળે જ નહિ. તેમની આચાર્ય તરીકેની પ્રવૃત્તિઓની અનેક વાતો કેટલી બધી વ્યવહારમાં મૂકી શકાય તેવી આદર્શરૂપ છે ! વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથેનું તેમનું અનુશાસન અને છતાં કેટલી બધી ખેવના સર્વના કલ્યાણની. ખરેખર તો લેખના પ્રારંભનું તેમનું માનવતાનું કૃત્ય અને તે માટે અભણ રેંકડીવાળા મજૂરે તેમને માટે ઉચ્ચારેલા શબ્દો કે 'હય કોઈ માઈકા લાલ' એ જ તેમનું સાચું ઉપાર્જન ગણી શકાય.

બહાદુરભાઈ વાંકની ધ્યાનકથા અત્યંત પ્રેરણાદાયી છે. તેઓએ સાચી જ રજૂઆત કરી છે કે 'બીજું ઊછીનું કે ઉધાર જ્ઞાન સમય પડ્યે ક્યારેય પણ ખપમાં આવી શકતું નથી.' પ્રહ્લાદ છ. પટેલનો 'માનવજાતઃ ત્રિભેટે' સરસ રીતે રજૂ થયેલ વ્યાપક દર્શન છે. લેખનો છેલ્લો ફકરો સાચા અર્થમાં ઉત્તમ રાહને ચીંધે છે અને ચેતવણી પણ ઉચ્ચારે છે.

પ્રફુલ્લ રાવલનો ચરિત્ર-નિબંધ

'વસિયો' કમાલ છે ! દરેક વ્યક્તિના મનમાં આવી રચનાઓ સ્મૃતિ તરીકે પડેલી જ હોય છે અને ક્યારેક તે બહાર નીકળવા જોર પણ કરે છે. એવી એક રચના - ચરિત્ર આપીને લેખકે હજુ નહિ વિસરાયેલા જ, સાવ નજીકના જ અતીતને રજૂ કરીને માનવીય સંવેદના અને નિસબતને સરસ રીતે વ્યક્ત કર્યાં છે. અહીં પણ લેખકે છેલ્લા ફકરામાં શાતાપ્રાપ્તિને કેટલી બધી મહત્ત્વની ગણાવી છે.

કરસનદાસ લુહારની પ્રસંગકથા 'વધારે કે ઓછું નહિ' વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ હો ચિ મિન્હ દ્વારા ઉચ્ચારાયેલા પ્રતિભાવને રજૂ કરી વિચારક રાજપુરુષો પણ કેવા સરસ વલણ અભિવ્યક્ત કરે છે તેની રજૂઆત પણ શબ્દોમાં રહેલી સચ્ચાઈનો પડઘો પાડતી છે.

ડૉ. પ્ર.ચુ.વૈદ્યે 'પસ્તીનાં પાનાં' (૨)માં ગુજરાતીઓની સાહિત્ય અભિરુચિને સરસ રીતે ઉપાલંભ આપીને એ વૃત્તિ તરફ લાલબત્તી ધરી છે.

આ આખો જ અંક એક વિશાળ જ્ઞાનકોશ સમો છે. ચિત્રો, કાવ્યો અને કલાવાર્તા, સ્મૃતિ, વૃત્ત તો ખરાં જ; અનેક નાના વિભાગો પણ. ઉપરાંત લેખોની પસંદગી અને સંપાદન કથાકલાપ વગેરે પ્રજાની સુરુચિતા ઘડતરની ખેવના રજૂ કરે છે. - *સુરેશ મ. શાહ, જી/૮, વસુધા ફ્લેટ, વિજય પાર્ક, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯.*

•

ઑગસ્ટ ૨૦૦૩ના અંકમાં ૩૭ના ગુણાકાર વિશે વાંચ્યું. આટલું બધું પિષ્ટપેષણ શા માટે થાય છે તે મને સમજાતું નથી. ૩૭x૩=૧૧૧માં પહેલો એકડો શતકનો છે. બીજો દશકનો છે અને ત્રીજો એકમનો છે. આ સરળ વાત જ અગત્યની છે. ૩૩ પછીની સંખ્યા (ત્રણ વડે ભગાતી) ૨૪૩ સુધીમાં સહસ્રમાં ૧લો અંક, શતક/દશકમાં બંને સહસ્ર અને એકમ (અંકોનો) સરવાળો (સરખો) અને છેલ્લો અંક એકમની જગ્યાએ આવે. દા.ત. ૨૪૩x૩૭નો જવાબ ૨૪૩ : ૩=૮૧ એટલે ગુણાકાર ૮ ૯ ૯ ૧ આવે. બસ આટલું જ સમજવાનું છે. ૮૭x૩૭ હોય તો ૮૭ : ૩=૨૯ એટલે ૨(૧૦૦૦) ૧૧(૧૦૦) ૧૧(૧૦) અને ૯ એટલે ૩ ૨ ૧ ૯ થાય. ૨૦૦૦+૧૧૦૦+૧૧૦+૯=૩૨૧૯. આવા અમુક અંકો જ બાદ કરતાં (જ્યાં સરવાળો ૯ થતો હોય તે એકદમ) નિયમિત સ્વરૂપે છે.

•

૨૦મી સદી ૧૯૦૧થી ૧૯૯૯ તારીખ ઉપરથી વાર શોધવા બાબતઃ ૧૨ માર્ચ ૧૯૪૧.

૧. વર્ષ લેવું, સદી છોડી દેવી	૪૧
૨. વર્ષને ૪ વડે ભાગો. શેષ છોડી દો	૧૦
૩. તારીખ લો	૧૨
૪. અનુકૂળ આંકડો લો દા.ત. માર્ચ માટે ૧૪૪૦૨૫૦૩૬૧૪૬ (જાન્યુ..................ડિસે.)	૦૪
૫. બધાંનો સરવાળો કરો	૬૭

લીપ વર્ષ, જાન્યુ./ફેબ્રુ. હોય તો સરવાળામાંથી ૧ બાદ કરો.

૬. સરવાળાને સાત વડે ભાગો અને શેષ શોધો. ઉપરના ઉદાહરણમાં (૬૭ : ૭=૯ અને શેષ ૪ આવશે. ૧શેષ= રવિ, ૨=સોમ, ૩=મંગળ, ૪=બુધ, ૫=ગુરુ, ૬=શુક્ર અને ૦=શનિવાર. આમ ૧૨ માર્ચ ૧૯૪૧ના દિને બુધવાર હતો.

૨૦૦૦ની સાલ માટે ૧૦૦ ગણવા.

ચાલુ સદી ૨૦૦૧થી ૨૦૯૯માં ૧ દિવસ વહેલો ગણવો દા.ત. ૧૨માર્ચ ૨૦૪૧ના રોજ મંગળવાર હશે. અથવા આંકડાઓ (દરેક મહિનાના) આ પ્રમાણે ગણવા.

૦૩૩૬૧૪૬૨૫૦૩૫

જા......................ડિ - *શાંતિકુમાર મોદી, શ્રી ગુજરાત (રોલર) ફ્લોર મિલ્સ, વેજલપુર રોડ, ગોધરા ૩૮૯૦૦૧.*

•

હું સોળ વરસનો હતો ત્યારે પણ 'કુમાર' ગોંડલની લાઈબ્રેરીમાં નિયમિત વાંચતો અને આજે છાસઠ વરસે પણ ગાંધીસ્મૃતિ ગ્રંથાલયમાં 'કુમાર' નિયમિત વંચાય છે.

હું જ્યારે '૫૯માં ભાવનગર આવ્યો ત્યારે જુદાં જુદાં સરકારી ખાતાંમાં ત્રણ પારસી અમલદારો - સર ભાવસિંહજી પૉલિટેકનિકમાં પ્રિન્સિપાલ તરીકે શ્રી ફિરોઝ કલવચવાલા, સર તખ્તસિંહજી હૉસ્પિટલમાં સર્જન તરીકે શ્રી દસ્તુર સાહેબ અને ભાવનગર બંદરના કાર્યપાલક ઈજનેર તરીકે મારા સાહેબ શ્રી બી.એ.કાપડિયા. આ ત્રણેય એમની ફરજનિષ્ઠા પ્રત્યે એકદમ સભાન અને કડક. અમારા કાપડિયાસાહેબની યાદદાસ્ત એટલી સરસ કે ક્યો કાગળ, કઈ ફાઈલમાં છે એ તરત કહી આપે. બહારગામ ડિસ્ટ્રિક્ટમાં જાય તો ફોન કરી દરેક કર્મચારીની હાજરી જાણી લે. ધાક પણ એવી કે કચેરી સમય દરમ્યાન કોઈ આઘોપાછો ન થાય. અનિયમિતતા માટે બહાનું બનાવી છટકી ન શકો.

શિક્ષણક્ષેત્રે આજે જ્યારે નાનોમોટો સડો પેસી ગયો છે ત્યારે આ લેખ માત્ર વિદ્યાર્થીઓને જ નહિ, અધ્યાપકગણને પણ બોધપ્રદ રહે તેવો છે. એંશીથી નેવું વચ્ચેના આ ત્રણેય સાહેબો કલવચવાલા અમદાવાદમાં, દસ્તુર રાજકોટમાં અને કાપડિયા મુંબઈમાં હયાત છે. આવા અમલદારોને લાખ લાખ સલામ કરવાનું મન થાય! - *બી.કે.ધોરેચા, ૨૧, અંબિકા એપા., રામદાસ આશ્રમની નજીક, સર પટ્ટણી રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧.*

•

ઑગસ્ટ ૨૦૦૩ના અંકમાં 'ફિલ્માકાશ-૩૧'માં માસ્ટર વિનાયકનો પરિચય રસપૂર્વક વાંચ્યો. કોઈ કારણસર તેમની બહુ ગાજેલી અને લોકપ્રિય ફિલ્મ 'બ્રહ્મચારી'ની વાત રહી ગઈ છે. કથાના વિષયની નવીનતા અને તેની રજૂઆતને લઈને 'પ્રેમવીર', 'ધર્મવીર' કરતાં કૉમેડિ ચડિયાતી હતી. એ જમાનામાં સાહસિક ગણાય એવા સ્વિમિંગ કૉસ્ચૂમમાં હિરોઈન મિનાક્ષીનું સ્નાનનું દૃશ્ય હતું. મા. વિનાયકે નવીન હિરોઈનોને અવસર આપ્યો એમાં મિનાક્ષી પણ હતાં. મિનાક્ષી શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધેલાં સારાં ગાયિકા

પણ હતાં.

ફિલ્મોમાં પાર્શ્વસંગીત આવ્યું એ પહેલાં કે.સી.ડે જેવા સારા ગાયકોને સંગીતવિભાગ સભર કરવા લેવામાં આવતા હતા. ચિત્રપટની કથામાં તેમને ગાવાની તક મળે એ માટે એવાં પાત્રો અને પ્રસંગો ગોઠવવામાં આવતાં હતાં. આ લેખમાં ઉલ્લેખ કર્યો છે, એ બલવન્તસીંગ એવા ગાયક હતા. બૉમ્બે ટોકિઝના એક ચિત્રપટમાં તેમણે 'જીવન હૈ સંગ્રામ... બંદે લે હિંમત સે કામ' ગીત ગાયું હતું. મીરાં નામની ગાયિકાએ બુલંદ સ્વરમાં એકગીત ગાયું હતું. ટી.વી.માં જૂનાં ગીતો સાંભળવા મળે છે, પરંતુ એ જમાનાનું સામાન્યજનોને કંઠે ગવાતું એ ગીત ગુમ થઈ ગયું લાગે છે. *- નવનીત શાહ, મેનોર રોડ, પાલઘર - ૪૦૧૪૦૪, (જિ.થાના)*

•

ડૉ. મધુસૂદન પારેખના 'અંગ્રેજી સાહિત્યનું આચમન'-વિષયક લેખો રસપૂર્વક વાંચું છું. થોડાક શબ્દોમાં જે તે લેખક - અભ્યાસીનો વિશિષ્ટ ફાળો વર્ણવી, તે દરેકનું તટસ્થ રીતે સરસ મૂલ્યાંકન રજૂ થાય છે. ઑગસ્ટ અંકમાં એમણે ટૉમસ હક્સલિનો આપેલો પરિચય ખૂબ ગમ્યો.

એ રીતે ભારતનાં વિવિધ રાજ્યો વિશેની લેખમાળામાં, ડૉ. જયકુમાર શુક્લ, મર્યાદિત જગ્યામાં દરેક રાજ્યને લગતી બધી મહત્ત્વની હકીકતો સમાવી લઈને, જે તે રાજ્ય વિશેનો બરાબર ખયાલ આપી દે છે. આવા અભ્યાસીઓની જહેમત-કાળજીથી જ 'કુમાર' વાચકોની જિજ્ઞાસા સંતોષી, એમનો પ્રેમ-આદર પામતું રહે છે. *- આર.બી.દેસાઈ, એ-૨૦૩, હૃષીકેશ ટાવર્સ, તીથલ રોડ, વલસાડ.*

•

ઑગસ્ટ ૨૦૦૩ના અંકમાં પાન ક્રમાંક ૫૧૬ ઉપર 'પરાજયનો વિજય...' વાળા લેખમાં પૅરા બીજામાં 'સુન્દર સ્ત્રીઓના શરીરને બળાત્કારથી નવાજે છે' એ વાક્ય સુરુચિની દૃષ્ટિએ યોગ્ય નથી. બળાત્કારને 'નવાજવા'નો હોય ? નવાજવું એ તો સુંદર કે ઉચ્ચ વસ્તુ/ભાવને માટે વપરાય. 'બળાત્કાર' શબ્દ જ માથામાં વાગે તેવો છે. લેખકે સાવધ રહેવું જોઈએ. તંત્રીને અંદરનું કંઈ તપાસવાનું નથી હોતું ? તેવું જ પાન ૫૨૪ ઉપર 'ઝાંઝર' વાર્તાનું. લગ્નેતર સંબંધ કે ભૂલને વધાવવી ? 'કુમાર' જેવા 'સુરુચિપૂર્ણ' માસિકમાં આવી વાર્તા શોભે છે ? પન્નાલાલના સંગ્રહમાં એ સમયે અનુકૂળ હશે, પણ હાલ કંઈ સંદર્ભ ખરો ? હલ્દીઘાટના યુદ્ધવાળા લેખમાં પણ કોઈ ચોક્કસ વાત પર લેખક લઈ જતા નથી. બાકી ચાલુ વિભાગો સુંદર છે. *- કનુભાઈ માંડવિયા, 'કલ્પતરુ', રાયજીનગર, મોતીબાગ સામે, જૂનાગઢ.*

(બળાત્કારથી નવાજવાની અભિવ્યક્તિમાં લેખકનો વ્યંગ-વ્યગ્રતા તમે સમજી શક્યા હોત તો ? અહીં નવાજવાની વાત તિરસ્કારના વ્યંગાર્થમાં પ્રયોજાઈ છે. 'ઝાંઝર' વાર્તા મનુષ્યની આદિમવૃત્તિની દ્યોતક છે, જે સચ્ચાઈ છે તેને અચ્છો વાર્તાકાર કલાત્મક બનાવે છે; તેવું પન્નાલાલમાં થયું છે. વિષયની કલાત્મક માવજત જ તેને કુત્સિતતામાંથી ઉગારી લે છે. - તંત્રી)

•

ઑગસ્ટ ૨૦૦૩ અંક મળ્યો. 'ઝાંઝર' વાર્તા વાંચી. જોરદાર કથા-વસ્તુ. આવી વાર્તાઓ મોંપાસાંએ ઢગલો એક લખી છે. જબરા ક્લાઈમૅક્સ આવે; જબરા પૅરેડોક્સ આવે ! પન્નાલાલ પટેલ આવું આપી શક્યા. આપણે ત્યાં ન જ મળે. તો પણ માનવની આદિમ વૃત્તિ બધે જ સરખી હોય. એ પ્રાકૃતિક છે. પન્નાલાલ પટેલ જેવા જ હિંમત કરી શકે. પ્રસ્તુત 'ઝાંઝર' વાર્તામાં જે બન્યું એ વિમળા જાણે છે. જાણે છે એટલે અઘટિત થતું બચી જાય છે. અન્ય એક વાર્તા - એ પણ પન્નાલાલની જ છે એમાં પણ બે જુવાન જોડલાંની ચાર જણની વાર્તા છે. એમાંનો એક છેલબટાઉ અને મોજીલો. મિત્રને એક રાતની અદલાબદલી કરવા ઉશ્કેરે છે. પત્નીઓ પોતાની અદલાબદલી કરી આવું કાંઈ બને એ અટકાવવા પ્રયત્ન-ગોઠવણ કરે છે. ઢીલો મિત્ર છેલ્લી ઘડીએ ફસડાઈ પડે છે, ફસકી જાય છે - 'આજે નહીં' કહી પોતાને ઘેર જ જાય છે - જ્યાં ગોટાળો બચાવવા મિત્રપત્ની હોય છે. ગોટાળો તો થયો જ. લેખક સિવાય બધા જ -ચારેય- અંધારામાં રહ્યાં ! વાર્તા સરસ, રજૂઆત હિંમતભરી. મોપાસાંને પણ જડી જાય એવો પ્લૉટ !

પન્નાલાલ પછી આવું બળકટ સર્જન આવા વિષયો લઈ ભાગ્યે જ કોઈ કરી શક્યું છે. જે કાંઈ થયું તે છીછરું થયું ! લેખકો લખ્યે રાખે. વાચકો શું બોલે ? ડૉ. કનક રાવલ એ મુ. રવિભાઈના પુત્ર જ ને ? - રમેશ શાહ, ભટાર માર્ગ, સુરત.

•

ફિલ્માકાશ-૩૧: પ્રસ્તુત લેખમાં ભૂલથી રજનીકુમાર પંડ્યાએ સ્વ. મુમતાઝઅલીની પુત્રી મીનૂ મુમતાઝને 'સ્વર્ગસ્થ' કહી છે. મારી અલ્પ જાણકારી મુજબ તેઓ જીવિત છે.
- જે.એમ.ત્રિપાઠી, જીવનવીમા કચેરી, ટાગોર માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

•

'હલ્દીઘાટી'ના યુદ્ધની વાર્તા 'કુમાર' અંક ૭૦૩માં વાંચતાં આનંદ સાથે અભિનંદન. ઇતિહાસની પુનઃસમીક્ષા કરી સત્ય બહાર લાવવા પ્રયાસ કર્યો. રાણા પ્રતાપ અને અકબરની લડાઈ સને ૧૫૭૩ કે '૭૬માં થઈ તે સમય દરમ્યાન યુરોપ-ઇંગ્લન્ડમાં ઘણા લેખો આવે છે જેને પાંચસો છસો વરસ થયાં પણ ઇલેક્ટ્રિક કે વિજ્ઞાન આટલું વધારે ન હતું. માટે રાજાને કે રાજ્યને વખાણ કરવા માટે વધારે લશ્કર બતાવે. સ્વામી વિવેકાનંદ તો સો વરસ ઉપર જ થયેલ, તે ભણેલ અને પોતે નોંધપોથી રાખેલ છતાં તેમાં ભેળસેળ કરી લેખકો લખે જ છે. સહજાનંદની વાત માણકી ઘોડી દરબારની છતાં બીજી વાત રજૂ કરે જ છે. કોઈ ચતુર ચાર ગણી અને મૂર્ખ દસ ગણી વાતને ખોટી રજૂ કરે છે. ઇતિહાસ નહિ રહે - સંસ્કૃતિ નાશ પામશે. કોઈક બ્રેક હોવી જોઈએ જ. *- એ.જે.ઝાલા, કન્યાશાળા પાસે, લીંબડી ૩૬૩૪૨૧*

મિટાવી તત્કાલે/*ભાનુપ્રસાદ પંડ્યા*

(શિખરિણી • સૉનેટ)

સદા કંઠે વીંટ્યા વિષધર, ભલી માળ ભયદા
નરી રુંડે પ્રોવી કટિ લગી ઝૂલે, ભસ્મ શવની
સ્મશાનેથી ભેળી કરી ખરડતા, નિત્ય નિજની
વિશાળી કાયા આ કપૂર ધવલાને, ડમરુથી
અવાજો ભેંકારી નિશદિન વહે, પ્રેત ઘૂમતા
હુહૂકારે પાસે સતત-કયમ આવી વિરૂપતા ?
ઉમા પૂછી રહેતાં પ્રથમ રજનીએ શિવજીને.

પ્રિયે, વિશ્વે વ્યાપ્યું રૂપ-વિરૂપનું દ્વન્દ્વ વસમું
જનો ચાહે રૂડું - કદરૂપ દીઠું તે અવગણે.
ગમે સૌને ગીતો મધુર - કટુ કાને યદિ પડે
તિરસ્કારે ! મારે શુભ-અશુભના ખ્યાલ વરવા
કઠે વિશ્વોદ્યાને શૂલસમ તીણા, નષ્ટ કરવા !
મૃગાક્ષી આલિંગે ભસમધૂસરા ત્ર્યંબક તને,
મિટાવી તત્કાલે રૂપ-કુરૂપના ભેદ ભવને !

ચેહ સાથે/*રામચન્દ્ર પટેલ*

(વસંત-મૃદંગ • સૉનેટ)

છોડી દઈ સઘળું ગામ, બજાર-નાકું
ને સીમ જીવ સરસી દૃગમાં પરોવી
ચાલ્યા કર્યું સતત... મારગમાં ન કોઈ
સામે મળ્યું, બસ બધે હતી ધૂળ ઊડતી...

ના ઝાડ; થોર - ઝડઝાંખર, ઝુંડ-કાંટા
વ્યાપ્યા, દિસે ઉબડખાબડ કયાંક ભૂમિ.
ને આકડાનું વધુ જોર, નડે ધતૂરા.
વંટોળથી ગગન ધૂંધળું થાય વચ્ચે -

પીધું ન પીધું જળ, અન્ન - ફળો ન લીધાં,
ખાધું ન ઝોકું જરી ઊંઘનું; ભોંય નીચે
બેઠો નહીં, વળી વિરામ કદી ન કીધો.
- રાખ્યું જવાનું પ્રિય તું ગઈ એ જ રસ્તે.

નક્કી તને મળીશ હું હશું ચેહ સાથે;
સોહી રહીશ પછી મીંઢળ-બંધ હાથે.

ચાબુક માર્યો કરડો/*ધીરુ પરીખ*

'હવે તમે ક્યાં સુધી ઘોરશો ?
નયણાં આળસ મરડો.'
શબ્દબારણે શો નંદલાલે
ચાબુક માર્યો કરડો !

તારીખિયાનાં તૂટતાં પાને
કવિતા લખતાં થાક્યા,
હવે આંખનાં નૂર ઘટ્યાં ને
વળી મોતિયા પાક્યા ;
જાણી લે હે કવિવર તું કે
હવે થયો છે ઘરડો.
નયણાં આળસ મરડો.

આળસ મરડી કલમ ઊભી થઈ
જુએ શ્યાહીની વાટ,
આવી મળે તો ઝબાક બોળું
શબ્દ કરે કકળાટ;
હવે કવિવર એક વાર બસ
'નંદલાલજી' લખી કલમને ઠરડો.
નયણાં આળસ મરડો.

દોસ્ત/*'રાઝ' નવસારવી*

(ગઝલ)

ભૂલીને સૌ કટુતાઓ એક વાર આવ દોસ્ત
પહેલા મિલનના પ્રેમને સાથે તું લાવ દોસ્ત.

વિશ્વાસથી વધારે અપેક્ષા કંઈ નથી,
મારો નહીં કરું કદી ખોટો બચાવ દોસ્ત.

તું સાંભળીને સહેજ પણ જીરવી નહીં શકે
એવા યે આ નગરમાં બને છે બનાવ દોસ્ત.

સંભારણાં મિલનનાં તું અકબંધ રાખજે,
કોને ખબર કે કાલે હશે ક્યાં પડાવ દોસ્ત !

ઢળતી આ ઉંમરે હવે કોઈ તમા નથી,
નડતો નથી હૃદયને કોઈ પણ અભાવ દોસ્ત.

કેવી ઘડી/*ગિરીશ ભટ્ટ*

(ગાન)

આ તે કેવી ઘડી ?
ચરણ ગયા થીજી ને મારું
હૈયું કાઢતું હડી !

મેળો ક્યાંક ઊઘલતો'તો ને
ક્યાંક ઊઘડતી હાટો !
ક્યાંક હતી શીતલહરી તીડની
ક્યાંક હતો ગરમાટો !

ક્યાંક હતી હું ખોવાણી ને
ક્યાંક હતી હું જડી !
આ તે કેવી ઘડી ?

હું તો છું શરણાગત, ના હું
અભ્યાગત કે દાસી;
મારે ક્યાં તરબોળ થવું છે,
સદા રહું, બસ પ્યાસી !

નથી ભાન કે શરણ લીધી વા
હું જ ચરણમાં પડી ?
આ તે કેવી ઘડી ?

મારા બચાવમાં/*સાહિલ*

(ગઝલ)

હું ડૂબતો રહ્યો અહીં કાગળિયા વાવમાં,
ત્યાં માછલી તર્યા કરે ખાલી તળાવમાં

નિર્દોષતાનો બીજો પુરાવો શું આપવો,
ફરિયાદીનું બયાન છે મારા બચાવમાં.

લીલાપો ચારેબાજુ હો લેલૂંબ પાંગર્યો,
તો પાંદડું બળી ગયું કોના અભાવમાં ?

છે જીવલેણ તોય ગમે છે મને બહુ,
છે શક્ય થોડું હેત ઉમેર્યું હો ઘાવમાં.

શૂળો દિવસ ને રાત ભલે ડંખતી રહે,
'સાહિલ' પડ્યો ન ફેર ફૂલોના સ્વભાવમાં.

અજબગજબનો નાતો/*લાલજી કાનપરિયા*

(ગાન)

અજબગજબનો નાતો સંતો ! અજબગજબનો નાતો
હું ભરબપ્પોરી તડકો ને ઈ પવન થઈને વાતો !

લખચોરાસી ફેરા વચ્ચે મણ કરતાંય હું ભારે
હળવે હાથ મને ઉપાડી તરણા જેમ ઈ તારે !

હું રીસ કરું તોય મારી સામે મંદમંદ મલકાતો
અજબગજબનો નાતો સંતો ! અજબગજબનો નાતો.

હું વેળુ થૈને વનવગડામાં આમતેમ પથરાયો
મારામાં ઈ પગલી પાડી મંન ભરી હરખાયો !

પાનખરની મોસમમાં ઈ રાગ વસંતી ગાતો !
અજબગજબનો નાતો સંતો ! અજબગજબનો નાતો.

સાવ જ કોરું ગગન લઈને રઝળું હું ભવરણમાં
ઈ મેઘધનુના રંગો પૂરી મને મૂકે મૂંઝવણમાં !

લસલસ લીલો મોલ થૈ ઈ સીમ વચ્ચે લ્હેરાતો
અજબગજબનો નાતો સંતો ! અજબગજબનો નાતો.

અહીંથી લઉં વિદાય/*વિનોદ ગાંધી*

લ્યો, અહીંથી લઉં વિદાય,
પૃથ્વીનો સઘળો વૈભવ પી હવે ગયો છું ધરાઈ !

હવે થાય છે દેવવૃક્ષના ફળની ચીરી ચાખું,
અમૃતજળથી લહેરાતું હું પીઉં સરોવર આખું,
મેં જાણ્યું-મુખવાસ સુગંધિત વહેંચે છે ત્યાં સાંઈ !
પૃથ્વીનો સઘળો વૈભવ પી હવે ગયો છું ધરાઈ !
લ્યો, અહીંથી લઉં વિદાય !

કલ્પવૃક્ષના રેપાના ત્યાં મળે વણાયલ વાઘા,
પલકપલકમાં થાય સમીપે ઈષ્ટ સખા ના આઘા,
પવન બનીને શ્વાસ ઈષ્ટનો વહે સતત પુરવાઈ !
પૃથ્વીનો સઘળો વૈભવ પી હવે ગયો છું ધરાઈ !
લ્યો, અહીંથી લઉં વિદાય !

સ્વપ્ન હતું એ થાય પૂરું તો બીજું સ્વપ્ન શું જોઉં ?
ચળકંતા પથ્થરને લોભે મોતીડું હું ખોઉં ?
જાગું-ઊંઘું-સ્થિતિ ત્યજી દઈ માણું મસૃણ તળાઈ !
પૃથ્વીનો સઘળો વૈભવ પી હવે ગયો છું ધરાઈ !
લ્યો, અહીંથી લઉં વિદાય !

મુક્તક/*એસ. એસ. રાહી*

હવે મારી વચ્ચે હું આવી ગયો છું,
મને થોડો થોડો હું ફાવી ગયો છું;
મને તું અનાગતમાં વાંચી શકે છે.
હું મારી વસિયત છપાવી ગયો છું.

અમૃત પીધેલ છે/*હરકિસન જોષી*

(ગઝલ)

જેણે સ્વયંને સાવ મિટાવી દીધેલ છે,
એણે જ અહીં હોવાનું અમૃત પીધેલ છે.

એની પ્રશસ્તિમાં સકળ ગ્રંથો રચાય છે,
શબ્દોની પાર જઈ કશું જેણે કીધેલ છે.

ભટકી ગયા, ન પ્હોંચ્યા કદી જેઓ મંજિલે,
એણે જ પ્હોંચવાનો સરળ પથ ચીંધેલ છે.

એના જ શ્વાસમાંથી સર્યા સૂર જેમણે
સૂકી ગયેલા વાંસનો કટકો વીંધેલ છે.

તારે ધરવો ન કાન... /*ઊજમશી પરમાર*

તારે તો સૂતાં રહેવું ને મારે જાગવું, સાંઈ, તારી અંચઈ સૌ છાવરી,
તારે ધરવો ન કાન, મારી આરાધના અનહદના આલાપે બાવરી.
પંથ જો પમાય પ્રાણ પોગે રે પાધરા,
દીવી આ દેઈ તણી જેગવતી જાતરા,
કાયાના નભ જાતા પોગે રે કાંગરા;
ક્યાંય નહીં ભાળું વજાડનાર તોય એની સંભળાતી જાય સૂર-બાંસરી;
તારે ધરવો ન કાન, મારી આરાધના અનહદના આલાપે બાવરી.
તન કે તંબૂર, ઝૈણ ઝીણી બજાવતા,
ઊઠતી અગન, જઈજઈને રે ઠારતા,
એમ વધી વરમાંડે વૈતરણી તારતા;
જીવતરમાં એટલી યે જગ્યા ના સાંપડી, સુરતા યે કેમ શકે સાંચરી ?

સખ્ય -*/*પ્રબોધ ર. જોશી*

(શિખરિણી • સૉનેટ)

તમારી વાતોમાં સતત ઉભરે આભ, ચમકે
દિશાઓ - આકાશી અદ્‌ભુત ઝરે મૌન. તમને
ન કોઈ પાબંદી, સકળ જગમાં એકલ તમે
છતાં સૌના સાથી, સકળ જગનું સખ્ય તમને.

તમે સૂફી, કેવા ફકીર સરખા, વાદળ સમા
અહીં હો ને હો ત્યાં વરસી પડતા - શાન્ત જળમાં
તરંગોનાં મોજાં ઝિલમિલ થતાં, વાત કરતાં
કિતાબોનાં ખૂલે શતકમળશાં પૃષ્ઠ સઘળાં...

કશું એવું થ્યું કે ઝળહળ દિશાઓ સકળ આ
નવું ખૂલ્યું આ કૈં નભ - સૂરજને ચન્દ્ર ચમકે
બધા એકીસાથે ટમટમ થતા તારક અને
વહે ધીરે ધીરે પવન પણ આ શાન્ત...

અમે છોડી આવ્યા નભસભરમાં - શાશ્વત તમે,
તમે સૌના સાથી - સકળ જગનું સખ્ય વિલસે...

---

*પ્રોફેસર જી.એસ. મુનશીને.

— સૂત્રસાર —

ખૂની પણ ગીતની કદર કરી શકે

— રાધેશ્યામ શર્મા —

સ્વકરણ, બીજા શબ્દોમાં આત્મકરણ તે જ મૌલિકતા. અને અનુકરણ તે મરણ. પોતાનું સ્વત્વ, નિજી હીર-હીરાની જેમ ઝગમગી ઊઠે. બાકી આયતું, ઉછીનું ઉધાર, ગમે તેટલું ચળકતું અને મોંઘું હોય તો પણ સરવાળે જૂઠું અને ઘાતક પુરવાર થાય.

> - અને મોરને પીછાંથી પકડી પીંખી નાખ્યો !

સ્વધર્મમાં આવી મૌલિકતાનો મહિમા છે. શ્રદ્ધાની મહોર એના પર લાગેલી છે. પ્રતીતિની પુખ્તતા આરૂઢ થયેલી હોય છે. તેથી જ સ્વધર્મમાં મરણ થાય તો એનું મૂલ્ય છે, પણ અનુકરણમાં પ્રાપ્ત મરણ આબરૂ ઘટાડનારું અને હાંસીપાત્ર નીવડે.

કાગડો હંસની ચાલ ચાલવા ચાળા પાડવા નીકળે ત્યારે પોતાની ચાલને ભૂલીને ભોગ આપે અને રાજહંસની ચાલની નકલ કરવા જતાં મજાકનો શિકાર બને.

એક રાત્રિ-ગાયિકા નાઈટિંગલે એક મોરને કહ્યું: 'રાત્રે હું ગીત ટહુકું છું ત્યારે મારા સૂરની શુદ્ધતા અને સુંદરતા સાંભળવા કદરદાનો એકઠા થઈ જાય છે. મારા શ્રોતાજનોમાં કોઈ ખૂની હોય એ શક્ય છે પણ તેય મારા ગીતની કદર બૂઝી શકે.'

નાઈટિંગલબહેનની વાત સાંભળી મોરભૈયા વિચારના ચગડોળે ચઢ્યા: 'મારે સુંદર પીંછાં તો છે જ, તો પછી શા માટે હું પેલાં કદરદાન શ્રોતાઓની સામે જઈ મારી જાતનું પ્રદર્શન ના કરું ? નાઈટિંગલના ગાયનથી મારાં રંગબેરંગી પીંછાં કાંઈ કમ છે હેં ?!'

વિચાર અને કર્મની વચ્ચે અંતર કે અંતરાલ પાડવામાં મત્ત મયૂર માનતો નહોતો. લોકો મેળામાં એકઠાં થયાં હતાં ત્યાં મોરભૈયા પહોંચી ગયા. સમૂહની દૃષ્ટિનું બરાબર ધ્યાન ખેંચાય તે રીતે પોતાની પૂંછડીને બંધખોલ કરી, દમામભેર પીંછાંને આગળ ધક્કેલી છાતી કાઢીને મોરભૈયા ઘૂમવા લાગ્યા. ત્યાં ટોળામાંનો એક બોલકો જણ જાણે મયૂરનૃત્યને નજર-અંદાજ કરતો હોય તેમ બરકી ઊઠ્યો: 'તમને બધાંને એમ નથી લાગતું કે આ કમભાગી મોરને કશુંક વળગ્યું છે ? શાંત રહેવાને બદલે અજંપા અને કશાક મહામારક અજાણ્યા રોગથી ઘેરાઈને તે કેવો ઘૂમી રહ્યો છે !

આપણે ગફલતમાં રહીએ ને મોરનો રોગચેપ ક્યાંક આપણા ઘરનાં મરઘાં-બતકાંને આભડી ના જાય.' આટલું સાંભળતાં તો ટોળામાં ઝનૂન ફેલાયું; મોરને પીંછાંથી પકડી પીંખી નાખ્યો !

બોધકથા

બંધ આંખે વાંચી શકાય એવું પુસ્તક

મૂ.લે. સંત અમિતાભ — અનુ. રમેશ શાહ

બુદ્ધત્વને સમજવા માટે એક જિજ્ઞાસુએ હાથ લાગ્યા એટલા ગ્રંથો વાંચી, ગોખી નાખ્યા છતાં એને બુદ્ધત્વ પ્રાપ્ત ન થયું ! વાંચીવાંચીને આંખોએ પણ હવે જવાબ દઈ દીધો. છેવટે હતાશ, નિરાશ થઈ એ બોધિસત્ત્વને શરણે ગયો. પોતાની કથની કહી. બોધિસત્ત્વએ કહ્યું : 'કાંઈ ન કરો' નામનું એક જ પુસ્તક તેં વાંચી લીધું હોત તો તને બીજા કોઈ પણ પુસ્તક વાંચવાની જરૂર ન રહેત. જે થયું તે થયું. હવે તું આ પુસ્તક વાંચી લે અને બુદ્ધ બન.'

જિજ્ઞાસુએ કહ્યું : 'હમણાં જ આ પુસ્તક ખરીદી લાવું અને વાંચું.'

'બજારમાં આ પુસ્તક નહીં મળે. પુસ્તક અપ્રકાશિત છે.'

'મને લેખકનું નામ કહો. એની પાસેથી હસ્તપ્રત માગી લઈશ.'

'એનો કોઈ લેખક નથી. એની હસ્તપ્રત પણ નથી.'

'કંઠસ્થ હોય તો આપ મને સંભળાવો.'

'આ પુસ્તક સાંભળવું કે વાંચવું અસંભવ છે !'

જિજ્ઞાસુને હવે થયું, સંત કોઈ રૂપકની ભાષામાં વાત કરે છે. સમર્પણની ભાવનાથી વિનંતી કરી : 'તો આપ જ આ પુસ્તકની વ્યવસ્થા કરી આપો.'

'બંધ આંખે જ વાંચી શકાય એવું આ પુસ્તક છે. તર્ક-વિતર્ક છોડ.'

જિજ્ઞાસુ આસ્થાવાન હતો. પદ્માસન લગાવી, આંખો બંધ કરી સામે બેસી ગયો.

બોધિસત્ત્વ બોલ્યા : 'શરીરની ત્રણ ક્રિયાઓ છે - વિચારવું, બોલવું અને શરીરથી વ્યક્ત કરવું.'


આ ત્રણે ક્રિયાથી નિવૃત્ત થવું એ આ પુસ્તકનો સાર છે. તારે વિમુક્ત રહીને જે પ્રતિક્રિયા થાય તે જોયા કરવાની છે. પુસ્તક આપમેળે વંચાતું જશે અને તને બુદ્ધત્વ પ્રાપ્ત થશે.

જિજ્ઞાસુએ અનુસરણ કર્યું. શરીરે વિભિન્ન પ્રક્રિયાઓ પ્રદર્શિત કરી. વિકલ્પોના વંટોળ ઊમટ્યા. જિજ્ઞાસુ પ્રતિક્રિયા વિના શાન્ત રહ્યો. સમાધિ પ્રાપ્ત થઈ. બુદ્ધ બની ગયો.

બુદ્ધત્વની ઉપલબ્ધિ માટે એકમાત્ર અને અજોડ પુસ્તક છે તે - 'કાંઈ ન કરો.'

આ વાંચો. બુદ્ધ બનો.

લૅટવિઅન લોકગીત ડાઈનાસનો પિતા ગણાતો



ક્રિસ્થનિસ બૅરન્સ

—પ્રફુલ્લ રાવલ—

૨૦ જુલાઈ ૧૮૬૨ના રોજ 'Peterburgs Avizes' - પિટરબર્ગ્સ અવિઝસ નામક એક સાપ્તાહિક પિટરબર્ગ્સમાંથી પ્રસિદ્ધ થયું, તેના પ્રથમ અંકમાં લખ્યું હતું : 'The Latvians are a peaceful people. But peace is not sleep; peace does not mean spiritual torpor, a peaceful person may express his thought clearly and boldly.' - 'લૅટવિઅન લોકો શાંત છે, પણ શાંતિ એ નિદ્રા નથી, શાંતિનો અર્થ આધ્યાત્મિક જડતા નથી, શાંત વ્યક્તિ તેનો વિચાર ચોકસાઈપૂર્વક અને નીડરતાથી વ્યક્ત કરી શકે.'

આ અવતરણમાં એક પ્રજાની અસ્મિતાનો અવાજ સંભળાય છે. આ અસ્મિતા તે અસ્તિત્વને ટકાવી રાખવાની. આ પ્રજા તે લૅટવિઅન પ્રજા. 'Peterburgs Avizes'ના પ્રકાશન પૂર્વે Latviesu Avizes - Latvian Newspaper અને Majas Viesis - House Guest નામનાં બે પત્રો પ્રસિદ્ધ થતાં હતાં. પરંતુ, એનાથી લૅટવિઅન લોકોની આકાંક્ષા સંતુષ્ટ થઈ નહોતી. વળી, એમના દેશમાં એનું પ્રકાશન કરવું કપરું બન્યું હતું. એટલે લેટવિઅન પ્રજાનું શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા અને તદન્વયે પરિવર્તન લાવવા આ સાપ્તાહિક શરૂ કરવાની દરખાસ્ત કરાઈ હતી. ૧૮૬૨ના મે માસમાં સાપ્તાહિકની મંજૂરી મળી હતી, અને યુરિસ અલુનાન્સ (Juris Alunans) એ સાપ્તાહિકના તંત્રી નિમાયા હતા. મદદનીશ તંત્રી ક્રિસ્થનિસ બૅરન્સ (Krisjanis Barons) હતા. જ્યારે ક્રિસ્થનિસ વાલ્દેમાર્સ (Krisjanis Valdemars) એના નિયંત્રક હતા.

અઢારમી સદીમાં લૅટ્વિઆ રશિયાનો એક ભાગ હતો. પરંતુ વાસ્તવમાં એ લોકો ભૌતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ જર્મન જમીનદારો પર આધારિત હતા. જર્મન સંસ્કારની છાપ એમણે જરૂર ઝીલી હતી છતાં પોતાની સંસ્કૃતિને જાળવી રાખવાની મથામણ તો ગતિશીલ જ હતી. એમની સમગ્ર સંસ્કૃતિ એમના પ્રાચીન લોકસાહિત્ય - લોકગીત Dainas - ડાઈનાસમાં પથરાયેલી છે, જળવાઈ છે. એમાં લોકોની ભાવના છે, તો યાતના પણ છે. એમનો આનંદ, એમની રાવ છે. એમના ગમા-અણગમા છે. એમાં પ્રકૃતિ છે તો પ્રેમ પણ છે. એમાં લેટવિઅન પ્રજાનું આખું જીવન છે. આ Dainas - ડાઈનાસ એ એમનું તરતું લોકસાહિત્ય હતું. માત્ર ચાર જ પંક્તિઓ - ચોપાઈના ચાર ચરણ જેમ. પ્રથમ બે પંક્તિમાં મોટે ભાગે કોઈક સમસ્યા - પ્રશ્ન અને બીજી બે પંક્તિમાં ઉકેલ - નિવારણ. દા.ત.

'What can the master do to me
To me or to my head
My head is wrought of iron
My soul is wrought of steel.'

લૅટવિઅન પ્રજાનાં આ લોકગીતો Dainas -ડાઈનાસ-ને લગભગ જીવનનાં ૪૫ વર્ષ સુધી ભેગાં કરીને એનું વર્ગીકરણ કરીને ૬૨૫૬ પાનાંમાં ૨૧૭૯૯૬ ગીતોને છ ગ્રંથો અને આઠ ખંડોમાં પ્રસિદ્ધ કરનાર ક્રિસ્થનિસ બૅરન્સને ડાઈનાસના પિતા તરીકે ઓળખવામાં આવે છે. એ માત્ર સંશોધક-સંગ્રાહક જ નહોતા. એ કવિ, વિવેચક, લોકશાહીના હિમાયતી લેખક, ગણિતજ્ઞ, ખગોળશાસ્ત્રી અને વિજ્ઞાનને લોકપ્રિય કરનાર હતા. બૅરન્સ, અલુનાન્સ અને વાલ્દિમાર્સની ત્રિપુટીએ વૈચારિક ક્રાન્તિ દ્વારા લૅટવિઅન પ્રજાનો અવાજ રજૂ કર્યો હતો.

ક્રિસ્થનિસ બૅરન્સનો જન્મ ૩૧ ઑક્ટોબર ૧૮૩૫માં લૅટવિઅનના તુકુમ્સ (Tukums) જિલ્લાના Strutele સ્ટુટલે, આજના Viesati વિએસટી નામના ગામડામાં થયો હતો. એમના પિતાનું નામ યુરિસ હતું. ૧૭૯૬માં જન્મ્યા હતા. માતાનું નામ એન્જેલે હતું. જુરિસ એમના પિતા ઍન્સિસના ચાર પુત્રો પૈકીના સહુથી મોટા પુત્ર હતા. લોકોની સ્મૃતિમાં એ 'a good thrifty peasant' (કરકસરિયા સારા કિસાન) તરીકે ખ્યાત હતા. પરંતુ એમનો ઠસ્સો ખાસ્સો હતો. આથી મશ્કરીમાં

એમને બૅરન કહેતા, જે પાછળથી એમની અટક બની ગઈ. પરંપરા મુજબ યુરિસને વારસામાં પિતાની મિલકતમાંથી ખેતર મળવું જોઈતું હતું. પરંતુ જિંદગી અલગ વળાંકે આવીને ઊભી. એમની માતાનું અવસાન થયું. પિતાએ પુનર્લગ્ન કર્યાં અને યુરિસના ભાગ્યમાં આવ્યો અપરમાનો અનુભવ. અધૂરામાં પૂરું તે પિતાનું અવસાન થયું એટલે અપરમાતાએ અન્યત્ર લગ્ન કર્યાં. યુરિસને ભાઈઓ સાથે ઘરની બહાર નીકળવું પડ્યું. યુરિસ ખેતમજૂર બની ગયા. થોડા સમય પછી એ ખેતરના માલિકની પુત્રી એન્જેલે સાથે લગ્ન કર્યાં. ખેતમજૂરને ખેતર પર કામ કરવું પડે. આ દંપતી ત્યાં જ રહેતું. દામ્પત્યજીવનના પ્રારંભે ઘણી કઠિનાઈ ભોગવવી પડી હતી. ઢોરોનું પાલન-પોષણ અને ખાસ તો નવજાત શિશુના પોષણની ચિંતા હતી. આવી વિટંબણા વચ્ચે એન્જેલેની આધ્યાત્મિક ઉત્કંઠા જબરી હતી. પતિ યુરિસે એને 'Book of Hymns and Prayers' (સ્તોત્રો અને ભજનની પોથી)નું સુંદર બાંધણીવાળું પુસ્તક લાવી આપ્યું હતું. પરંતુ એનું વાચન શક્ય નહોતું કેમ કે એન્જેલે શિક્ષિત નહોતી. વળી, ગામમાં શાળાનું અસ્તિત્વ જ નહોતું. પણ એન્જેલે નિરાશ ન થઈ. એણે એક વૃદ્ધ કારકુનની પત્ની પાસે અક્ષરજ્ઞાન લીધું. અને ક્રમશઃ કુટુંબમાં એનો ફેલાવો કર્યો. યુરિસે મોંઘાં પુસ્તકો માટે નાનકડું કબાટ પણ વસાવી લીધું હતું. એમાં બાઈબલ, સ્તોત્રની પુસ્તિકાઓ, પંચાંગ અને પ્રથમ સામયિક Latviesu Avizesના જૂના અંકો હતા. 'What Mother Told Me'- 'જે બાએ મને કહ્યું' - નામક સ્મૃતિકથામાં બૅરન્સે એન્જેલેનું સુંદર રેખાચિત્ર દોરવા સાથે એ પેઢીની આધ્યાત્મિક સંરક્ષણ અને સમાધાન મેળવવાની મથામણનું અને આખરે એ પ્રજાની પુસ્તકો પ્રતિની ગતિનું સુરેખ ચિત્રણ કર્યું છે.

૧૮૩૫માં ક્રિસ્થનિસ બૅરન્સના જન્મવર્ષે જ કુટુંબમાં મોટું પરિવર્તન આવ્યું. જે ખેતર પર યુરિસ કામ કરતો હતો ત્યાં કોર્ટનો સમન્સ આવ્યો. યુરિસને કામ છોડવું પડ્યું, પરંતુ બૅરન ફ્રાન્કને યુરિસની શક્તિનો ખયાલ હતો, તેથી એણે પોતાની ખેતીવાડીની દેખભાળ માટે એને નીમ્યો. લેટવિઅનમાં ખેતરની દેખભાળ કરનારને વૅગાર્સ (Vagars) તરીકે ઓળખતા. પહેલાં તો યુરિસે આનાકાની કરી પરંતુ છેવટે કુટુંબ સ્થળાંતર કરીને સ્ટુટલમાં રહેવા માંડ્યું. ત્યાં જ ક્રિસ્થનિસનો જન્મ થયો. તે વખતે ખેડૂતો અટકથી ઓળખાતા અને ૧૮૩૫માં જ બૅરન્સ અટક અસ્તિત્વમાં આવી. યુરિસ અને એન્જેલેનું છેલ્લું સંતાન તે ક્રિસ્થનિસ. જે ક્રિસ્સ કે ક્રિસિન્સ તરીકે ઓળખાતો. ક્યાંક એનું નામ ક્રિસ્ટોપ્સ લખાયું છે.

ક્રિસ્થનિસનું વય બે વર્ષનું હતું ત્યારે કુટુંબ સ્થળાન્તર કરીને ઈલેમાં રહેવા ગયું. ૧૮૪૪માં પિતા યુરિસનું અવસાન



પત્ની દાર્તા બેરન્સ અને ક્રિસ્થનિસ બેરન્સ

થયું ત્યારે ક્રિસ્થનિસ આઠ વર્ષના હતા. જમીનદાર હર્નરે યુરિસને પોતે જે ખેતર ખરીદવા ઈચ્છતો હતો તેનું નિરીક્ષણ કરવા મોકલ્યો. ત્યારે વસંતઋતુનું પૂર હતું અને વેન્ટા નદી બે કાંઠે વહેતી હતી. યુરિસ ઠંડા પાણીમાં પડ્યા અને શરદીના ભોગ બન્યા. પથારીવશ થયેલા યુરિસ ક્યારેય ઊભા ન થઈ શક્યા. એમની અંતિમ ઈચ્છા હતી કે પુત્ર ક્રિસ્થનિસ અભણ ન રહેવો જોઈએ. યુરિસના મૃત્યુ પછી તરત જ નાનકડા ડૉબેલ ગામમાં એનું ભણવાનું શરૂ થયું. પરંતુ બહુ સફળતા ન મળી. ચર્ચનો અમલદાર બાળકોને જર્મન ભાષામાં બોલવાનું-લખવાનું શીખવાડતો હતો, પણ એ બીજી કશી દરકાર નહોતો રાખતો. જુદી જુદી જગ્યાએથી જે બાળકો આવતાં તેઓ એમની સાથે સૂવાની પથારી અને ખાવાનું લાવતાં હતાં તે ત્યાં પડી રહેતાં હતાં. આ પ્રકારની વર્તણૂકને લીધે થોડું જ્ઞાન લઈને બાળકો મા પાસે પાછાં વળતાં. વળી નવી મુસીબત આવી. હર્નર આર્થિક મદદ કરતા હતા તેમણે તે બંધ કરી કેમ કે યુરિસની માંદગીનું ખર્ચ ખાસ્સું થયું હતું. હવે વિશેષ મદદ કરવાનું ઠીક ન લાગ્યું. એન્જેલેનાં અન્ય સંતાનો તો મોટાં હોઈ પોતાની રીતે ગોઠવાઈ ગયાં હતાં. પરંતુ ક્રિસ્થનિસ સહુથી નાના હોઈ એમને એન્જલેએ વાલ્પેન ફાર્મ પર રહેતી બહેનને ત્યાં મોકલ્યો અને પોતે પણ સાથે રહી. ક્રિસ્થનિસનું યૌવન ત્યાં પસાર થયું. એ વિશાળ ફાર્મ કુરૂઝેમેના ઉત્તરભાગમાં દુન્દાગા જિલ્લામાં આવેલું હતું. ત્યાં ક્રિસ્થનિસનું સાચું શિક્ષણ શરૂ થયું. એની શાળાનું નામ કુબેલે કે કુબુલા સ્કૂલ હતું. લૅટવિઅનના સાંસ્કૃતિક ઈતિહાસમાં આ સ્કૂલ જિલ્લાની પ્રથમ સ્કૂલ હતી. છેલ્લી સદીના ત્રીજા દાયકામાં જર્મન જમીનદારોને સરકાર તરફથી એવો હુકમ મળ્યો હતો કે તેઓએ ખેડૂતો અને ખેતમજૂરોનાં બાળકો માટે શાળાની સ્થાપના કરવી. આથી કુબેલેના જંગલમાં ઊભેલું મકાન દુન્દાગાના જમીનદારોએ શાળા માટે ફાળવ્યું.

૧૮૪૮માં ક્રિસ્થનિસ વેન્ટસ્પીલ્સમાં આવ્યા. એ કાદવકીચડ ને ધુમ્મસયુક્ત નાનું બંદર હતું. જે બાલ્ટિક સમુદ્રને વેન્ટા નદી મળતી હતી ત્યાં આવેલું હતું. ક્રિસ્થનિસે પ્રાથમિક શિક્ષણ ત્યાં લીધું. પછી જિલ્લાની શાળામાં દાખલ થયા. આ દરમિયાન વેન્ટા નદી અને ત્યાંના દરિયા પ્રતિ એમના મનમાં આકર્ષણ ઊભું થયું હતું. નવરાશની પળોમાં નૌકાવિહાર અને તરણ એમની પ્રિય પ્રવૃત્તિ બની ગઈ હતી. અભ્યાસ સરળ લાગતો હતો. સતેજ મગજ, જ્ઞાનપિપાસા અને મૌલિક વિચારણા એમની મૂડી હતી. પરંતુ આર્થિક વિટંબણા સતત રહેતી હતી. સદ્નસીબ ન હોત તો ક્રિસ્થનિસનું ભવિષ્ય કેવા વળાંકે આવીને ઊભું હોત! જ્યારે શાળાનું સત્ર પૂર્ણ થવામાં હતું ત્યારે પ્રિન્સ એલેક્ઝાન્ડર સુવોરોવ વેન્ટસ્પીલ્સ આવ્યા. શિક્ષકોએ એમને હોંશિયાર વિદ્યાર્થી ક્રિસ્થનિસની ઓળખાણ કરાવી અને એમની સહાય મળતાં લિપાયા માધ્યમિક શાળામાં પ્રવેશ લીધો. ૧૮૫૨માં પાનખરઋતુમાં ક્રિસ્થનિસ યેલગાવા આવ્યા અને ત્યાંની ગ્રામર સ્કૂલમાં પ્રવેશ લીધો. ઇલેથી પહેલા વર્ષે ૧૮૩ રૂબલ્સ આવ્યા. પછી પોતાની જાતે જ આર્થિક વ્યવસ્થા કરવાની આવી. અભ્યાસમાં તેજસ્વી હતા તેથી શિષ્યવૃત્તિ મળી.

યેલગાવા ગ્રામર સ્કૂલની સ્થાપના ૧૭૭૫માં થઈ હતી. પછીની અડધી સદી એ પિટર ઍકેડૅમી તરીકે ખ્યાત હતી. તેને ઍકેડૅમિક ગ્રામર સ્કૂલ પણ કહેતા હતા. બાલ્ટિક જર્મનોએ આ સ્કૂલ અલગ રાખવા પ્રયત્ન કર્યો હતો, જેથી ચોક્કસ વર્ગના વિદ્યાર્થીઓ જ ત્યાં પ્રવેશ મેળવી શકે. અથવા જર્મન સંસ્કૃતિની છાયા તળે જ વિકાસ થાય. ક્રિસ્થનિસ પર એ જર્મન સંસ્કૃતિની છાયા ન પડી, કેમ કે એમનો રાષ્ટ્રપ્રેમ પ્રબળ હતો. જર્મન સંસ્કૃતિ વચ્ચે પણ એ લૅટવિઅન સંસ્કૃતિને ભૂલ્યા નહોતા. એમણે લખ્યું છે - 'The nation's tree is too deeply rooted in its soil.... I keep close to my nation's tree... I wanted the Latvian people as a nation to take a stand alongside the German and other nations' - (રાષ્ટ્રનું વૃક્ષ તેની ભૂમિ પર ખૂબ ઊંડું પ્રસ્થાપિત થયું છે... હું મારા રાષ્ટ્રના વૃક્ષની નજીક રહું છું. હું લૅટવિઅન લોકો એક રાષ્ટ્ર તરીકે જર્મન અને અન્ય રાષ્ટ્રની બાજુમાં સ્થાન પામે તેવું ઇચ્છતો હતો.')

પોતાના વતન લૅટવિઆ તરફની એમની આ ભાવના એમનું જીવનસૂત્ર બની ગયું. આવી જ ભાવના ધરાવનાર હતા ક્રિસ્થનિસ વાલ્દેમાર્સ અને યુરિસ અલુનાન્સ. વાલ્દેમાર્સે 'Society for the Drainage or the Baltic Sea'ની સ્થાપના કરી હતી અને તે ક્રિસ્થનિસ પાસે યેલગાવા પહોંચ્યા હતા. આ સોસાયટીને જર્મન પોલીસ વિધ્વંસક સંગઠન માનતી હતી. આથી સતત તેની પ્રવૃત્તિઓ પર નજર રખાતી. છેવટે સોસાયટી બંધ કરવી પડી. પરંતુ વાલ્દે-માર્સની રાષ્ટ્ર-ભાવના તો વધુ તીવ્ર બનતી ગઈ. એ ચોવીસ વર્ષે યેલગાવા ગ્રામર સ્કૂલમાં દાખલ થયા. વાલ્દે-માર્સની ઉત્તમ ભાવના ક્રિસ્થનિસે ૧૮૫૩માં વાંચી હતી. આ જ પ્રકારની ભાવના લઈને ફરતો ત્રીજો યુવક યુરિસ અલુનાન્સ હતો. એમની પદ્ધતિ અલગ હતી. આ ત્રણેય યુવાનો ભેગા થયા અને પછી આજીવન મિત્રો બની રહ્યા. સાથે સાથે પોતાની રાષ્ટ્રભાવનાને વેગ આપવા સતત પ્રયત્નશીલ રહ્યા. ૧૮૫૫માં ક્રિસ્થનિસનો ગ્રામર સ્કૂલનો અભ્યાસ સારા માર્ક્સ સાથે પૂર્ણ થયો. ગણિત અને ખગોળશાસ્ત્ર એમના રસના વિષયો હતા. આ જ ક્ષેત્રમાં વિશેષ અભ્યાસ કરવાની એમની મનીષા હતી. આથી ૧૮૫૬માં બાલ્ટિક વિસ્તારની તેરબાતા યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો. એમને અનુસરીને વાલ્દેમાર્સ અને અલુનાન્સ પણ એ જ યુનિવર્સિટીમાં દાખલ થયા. ત્યારે તેરબાતા યુનિવર્સિટીમાં અનેક લૅટવિઅન યુવાનો અભ્યાસ કરતા હતા. રશિયાના જુદા જુદા વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આ જ યુનિવર્સિટીમાં હતા. અને એ સહુનાં મનમાં પોતાના રાષ્ટ્રની અસ્મિતા જાળવવાની પ્રબળ ભાવના હતી. લેટવિઅન યુવાનો એક કેન્દ્ર પણ ચલાવતા હતા. આ કેન્દ્રને ક્રિસ્થનિસ, વાલ્દેમાર્સ અને અલુનાન્સના આગમને ગતિ મળી. આ ત્રિપુટી એમની નેતા બની ગઈ. વીસેક યુવાનોનું જૂથ એમની આજુબાજુ હતું અને સહુનાં મનમાં હતી અસ્તિત્વ ટકાવી રાખવાની ભાવના. તે કાળનું ક્રિસ્થનિસનું માનસ કેવું હતું તે એમણે એમના મોટાભાઈને જે પત્ર લખ્યો તેમાં વ્યક્ત થયું છે-


સ્ટુટલેનું દેવળ

'I got acquainted with some of our fellows countrymen and it gives me great pleasure to note that we Latvians are knitted more closely together than ever... (કેટલાક દેશવાસીઓ સાથે મારે ઓળખાણ થયું છે અને કદાપિ ન બન્યું હોય તેટલા આપણે લૅટવિયનો અત્યંત નૈકટ્યથી અરસપરસ ગૂંથાયેલા છીએ...)

તેરબાતા યુનિવર્સિટી પર જર્મન જમીનદારોનો જબરો

પ્રભાવ હતો અને લૅટવિઅન યુવાનોને એની સામે એટલો તીવ્ર અસંતોષ હતો. વર્ષોથી જર્મન જમીનદારો લૅટવિઅનોની જમીન પર અધિકારો જમાવીને બેઠા હતા અને પાદરીઓ એમના આત્મા સાથે છેતરપિંડી કરતા હતા. આવા સંક્રાન્તિકાળે વિદ્યાવ્યાસંગી આ ત્રિપુટીએ જીવનના પ્રત્યેક ક્ષેત્રે રચનાત્મક ઢબે કામ આરંભ્યું અને પોતાની અસ્મિતાને જાળવવા મોટી મથામણ કરી. યુરિસ અલુનાન્સે ૧૮૫૬માં 'Songs Into the Latvian Tongue' ('લૅટવિઅન ભાષામાં ગીતો') પ્રસિદ્ધ કરી. એની બીજી આવૃત્તિ તરત જ કરવી પડી ત્યારે સ્વરચિત કાવ્યોનો એમાં સમાવેશ કર્યો. આધુનિક લૅટવિઅન કવિતાનો એ પ્રારંભ હતો. એમાં લેટવિઅન ભાષાની શક્તિ અને સૌંદર્યને વ્યક્ત કરવાની અભિલાષા હતી. ક્રિસ્થનિસે પણ એ જ ધારામાં કવિતાઓ રચી. એમાં યુવાનોની ભાવનાનો ઉછાળ હતો. 'ધ રિવર ઍન્ડ મૅન્સ લાઈફ' તો એમની અતિ પ્રસિદ્ધિ પામેલી કવિતા છે. 'અવર હેરિટેજ' અને 'ટુ માઉન્ડ્ઝ' એ બંને કવિતાનું ધ્યેય જર્મનોના આધ્યાત્મિક બંધિયારપણા અને મિથ્યાભિમાનને છતું કરવાનું હતું. ભલે ક્રિસ્થનિસે રાષ્ટ્રિય અસ્મિતાની ભાવનાર્થે કવિતાનું સર્જન કર્યું, પરંતુ આ ત્રિપુટીએ વિજ્ઞાનને ખ્યાત કરવા ઘણો પરિશ્રમ કર્યો.

૧૮૫૬માં જર્મનના વેપારીઓએ માત્ર કમાવાના હેતુસર 'હાઉસ ગેસ્ટ' નામક સમાચારપત્ર શરૂ કર્યું ત્યારે લૅટવિઅન યુવાનો એ પત્રમાં જોડાઈ ગયા. ક્રિસ્થનિસ બૅરન્સ પણ એમાં કામ કરતા હતા. પરિણામે એ સમાચારપત્ર લેટવિઅન જર્મન પત્ર બની ગયું! ત્રિપુટીએ આ પત્ર દ્વારા પ્રાકૃતિક વિજ્ઞાનને પ્રચલિત કરવાનો પ્રયત્ન કર્યો. બે વર્ષ એ પત્રમાં ક્રિસ્થનિસે વિશ્વની સંરચના, વાયુશાસ્ત્ર, મનુષ્યજાતિના ઉડ્ડયનના પ્રયાસો અને પશુજગત વિષે નવ મોટા સંશોધનાત્મક લેખો લખ્યા. આ લેખોએ વાચકો પર મોટો પ્રભાવ પાડ્યો. અલબત્ત, આ લેખો આજે કોઈ નવીનતાનો અનુભવ ન કરાવે પણ એ કાળે એનું ખાસ્સું મહત્ત્વ હતું.

તેરબાતા યુનિવર્સિટીમાં ક્રિસ્થનિસે લોકવિદ્યા અને માનવજાતિશાસ્ત્રમાં ઊંડો રસ લઈને અધ્યયન શરૂ કર્યું. યુનિવર્સિટીનું સમૃદ્ધ ગ્રંથાલય એમને ખપ લાગ્યું. આ અધ્યયનના પરિણામે ૧૮૫૭માં ક્રિસ્થનિસે 'ઈસ્ટોનિયા ફૉક સૉંગ્ઝ' નામક લેખ 'હાઉસ ગેસ્ટ'માં પ્રસિદ્ધ કર્યો. સાથે સાથે કેટલીક ઈસ્ટોનિઅન દંતકથાઓનો અનુવાદ પણ કર્યો. એની ટૂંકી પ્રસ્તાવનામાં એમણે લોકસાહિત્યનો કીમતી વારસો લોકોની સ્મૃતિમાંથી લોપ પામે તે પૂર્વે ભેગો કરવા પર ભાર મૂક્યો. એમના મતે આ સાહિત્ય 'કામદારોનો ખજાનો' છે, જે લોકોમાંથી ઉદ્ભવે છે અને રાષ્ટ્રના પ્રત્યેક સભ્યની માલિકીનું છે, જે એક મુખેથી બીજે મુખે પસાર થાય છે અને એમ સતત સમૃદ્ધ થતું રહે છે.

'હાઉસ ગેસ્ટ'માં લૅટવિઅન યુવાનો દિલ દઈને કામ કરતા હતા. પરંતુ ૧૮૫૭નું વર્ષ નવો વળાંક લઈને આવ્યું. એ વર્ષ રાષ્ટ્રિય અસ્મિતા માટે શ્રમ કરતા લૅટવિઅન યુવાનોનું છેલ્લું વર્ષ બની રહ્યું. જર્મન પાદરીએ કુનેહપૂર્વક 'હાઉસ ગેસ્ટ'ના માલિકોને આ લૅટવિઅન યુવાનોના પત્રમાંથી છૂટા કરવા મનાવી લીધા. સહુથી પ્રથમ છૂટા થનાર ક્રિસ્થનિસ બૅરન્સ હતા. પછી યુરીસ અલુનાન્સે પણ એ પત્રને વિદાય આપી. 'હાઉસ ગેસ્ટ'માં જે લેખો લખાયા હતા તેમાંથી ક્રિસ્થનિસનું પહેલું પુસ્તક 'ડિસ્ક્રિપ્શન ઑફ અવર ફાધરલૅન્ડ' ૧૮૫૯માં પ્રસિદ્ધ થયું. પછી લૅટવિઆનું પરિભ્રમણ કર્યું. પાઈબાલ્ગાના સુથારો અને વણકરો વચ્ચે જઈને લોક-સાહિત્યનું શ્રવણ કર્યું. વાલ્કા અને આઈસવાની શિક્ષકોને તાલીમ આપતી કૉલેજની મુલાકાત લીધી. વાલ્ગાની કૉલેજના વિદ્યાર્થીઓએ સંગ્રહેલાં લોકગીતોનો અભ્યાસ કર્યો. પછી ક્રિસ્થનિસ તેરબાતા પાછા ફર્યા. હવે કઠિનાઈ શરૂ થઈ. પાસે પૈસો નહીં અને આજીવિકા મેળવવાનું કામ પણ નહીં. આથી ૧૮૬૦માં ટ્યુટરની નોકરી માટે ડર્જ ગયા. પરંતુ ત્યાં સફળતા ન મળી. પાસે જે કંઈ થોડી રકમ હતી તે પણ ખર્ચાઈ ગઈ. તેરબાતા પાછા આવવું પણ શક્ય નહોતું. એમણે વાલ્પિનમાં સ્કૂલ શરૂ કરી. રાત્રે કામ કરતી સ્ત્રીઓ પાસેથી લોકવાર્તાઓ સાંભળી. ધીમેધીમે એમનું અભ્યાસનું ક્ષેત્ર લોકસાહિત્ય બનતું ગયું. આ ગાળામાં વાલ્દેમાર્સ પિટરબર્ગ્સમાં હતા. એમણે 'પિટર્સબર્ગ ઍવિસીસ' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. અને ૧૮૬૩માં તંત્રીનું અવસાન થતાં સઘળી જવાબદારી ક્રિસ્થનિસે સંભાળવાની આવી. આ પત્રના તંત્રી તરીકે ક્રિસ્થનિસે અનેક વિષયો પર લખ્યું. ખાસ તો લૅટવિઅન અંગેના લેખો લખ્યા. જેને 'લૅટવિઅન વિશ્વકોષ' સાથે સરખાવ્યા છે.

૧૮૬૨માં શરૂ થયેલું આ સામયિક ટૂંક સમયમાં પ્રખ્યાત થયું અને આ સાપ્તાહિકે ક્રાન્તિ સર્જી દીધી. વૈચારિક દિશાના આ કામે જર્મનોને વિચારતા કરી મૂક્યા. આ સાપ્તાહિક વાચકોમાં એવું પ્રચલિત થઈ ગયું. આ સાપ્તાહિકે જર્મન જમીનદારોને ચિંતામાં નાખી દીધા હતા. એનો વિરોધ ઊભો થયો. પત્ર પર નિયંત્રણ લાદવાની જોરદાર માગણી થઈ. વળી ક્યાંકથી તેના પર પ્રતિબંધ લાદવાની માંગ થઈ. આ પત્રને 'પ્રજાનું ભયાનક મુખપત્ર' કહેવાયું. આ વિરોધ વચ્ચે ૧૮૬૩માં મે માસમાં પત્ર પર ચારમાસ માટે પ્રતિબંધ મુકાયો. મંત્રાલય દ્વારા કેસ મુકાયો અને છેવટે ૧૮૬૫માં વાલ્દેમાર્સે સાપ્તાહિકને બંધ કરવાનો નિર્ણય કર્યો. ક્રિસ્થનિસ અને વાલ્દેમાર્સ માટે કપરો કાળ શરૂ થયો. એમની સ્થિતિ નજરકેદી

જેવી હતી. એમની ગતિવિધિ પર ચાંપતી નજર રખાતી. એમના પત્રો પણ સેન્સર થતા. ક્યારેક એનો નાશ કરાતો. ક્રિસ્થનિસે નવી નોકરીની શોધ આદરી. પણ ગૃહમંત્રાલય એમને ક્યાંય ઠરીઠામ થવા દેતું નહીં. આ સ્થિતિ ખાસ્સી લાંબી ચાલી. આવી મુસીબતો વચ્ચે ક્રિસ્થનિસે દારૂતા સાથે લગ્ન કર્યાં હતાં. ૧૮૬૫માં તો પુત્ર કાર્લિસના પિતા બન્યા હતા. ૧૮૩૮માં જન્મેલી દારૂતા તદ્દન ગરીબ કુટુંબની અને ઓછું ભણેલી સ્ત્રી હતી.

ક્રિસ્થનિસ અને વાલ્દેમાર્સ જ્યારે કટોકટીમાંથી પસાર થતા હતાં ત્યારે રશિયન બુદ્ધિજીવીઓએ એમને મદદ કરી હતી. ૧૮૬૮માં નવું પત્ર 'બાલ્ટિયાસ વિસ્ટનેસીસ' શરૂ થયું. એ જ વર્ષમાં વાલ્દેમાર્સ મૉસ્કો આવ્યા અને મૉસ્કો ગેઝેટમાં જોડાયા. જર્મનો પર નવો વૈચારિક પ્રભાવ પાડવાની એમની ઇચ્છા હતી. આમ, તો વૈચારિક હુમલો જ કરવો હતો ! એમણે તરત જ ક્રિસ્થનિસ બૅરન્સને મૉસ્કો બોલાવી લીધા. અને એક શાળામાં શિક્ષકની નોકરી શોધી રાખી હતી. ક્રિસ્થનિસ શિક્ષક બન્યા પણ એમની મનોદશા એ કામને ધિક્કારતી હતી. શિક્ષકની નોકરી લાંબું ટકી નહીં. પછી એમણે સ્ટાન્કેવિચ કુટુંબના ટ્યુટર તરીકે કામ કર્યું. ત્યાં આઠ બાળકોને ભણાવવાના હતા. વળી, એમના આવા ભરચક કાર્યભારને કારણે સામાન્ય કુટુંબની દારૂતા માટે પતિથી અલગ રહેવું મોટી ઘટના હતી. ક્રિસ્થનિસને કશી જાણ કર્યા વગર તે એમની માતા એન્જેલે જ્યાં રહેતી હતી ત્યાં પહોંચી ગઈ. સાસુ માટે વહુનું આ પહેલું મિલન હતું. એન્જેલે તો એવું માનતી હતી કે દારૂતા અને ક્રિસ્થનિસ વચ્ચે મેળ ન હોવાથી બંને અલગ રહે છે. પરંતુ પુત્રવધૂએ ખોટી માન્યતાનો અંત આણ્યો. માતા એન્જેલે માટે આ મોટી ઉપલબ્ધિ હતી. વળી પૌત્રને જોવાનો આનંદ પણ હતો.

૧૮૭૦માં ક્રિસ્થનિસ ઉન્ડક્વાં રહ્યા હતા. અને પ્રખ્યાત લોકસાહિત્યના અભ્યાસી બિગ્ઝેમ્નિફ્સ સાથે લોકસાહિત્યનું કાર્ય કર્યું હતું. એમાં એમની ઝીણવટભરી તપાસ એ મુખ્ય કાર્ય હતું. આઠમા દાયકામાં અનેક સંશોધકોએ લોકસાહિત્યક્ષેત્રે કામ કર્યું હતું. ૧૮૭૮માં બ્રિગ્ઝેમ્નિફ્સનાં ૧૦,૦૦૦ લોકગીતો ક્રિસ્થનિસને સોંપાયાં. અને ૧૮૮૦માં એ સંખ્યા ત્રણગણી વધી અને પછીનાં દસ વર્ષમાં આ આંકડો ૧,૫૫,૦૦૦ સુધી પહોંચ્યો.

સ્ટેન્કેવિચનાં બાળકો મોટા થતાં ક્રિસ્થનિસનો એમની



મોસ્કોના લેટવિઅનો

સાથેનો નાતો ઓછો થયો. કન્યાઓની એક શાળામાં જર્મન શિક્ષક તરીકે ક્રિસ્થનિસ જોડાયા. લોકસાહિત્યનું કામ એમને ગમતું હતું, પરંતુ તેનાથી આવક થતી નહીં. ક્યારેક એ માટે સામેથી પૈસા આપવા પડતા. દરમિયાન એમની પુત્રી અન્ના મૃત્યુ પામી. ક્રિસ્થનિસ દારૂતા અને તબીબી વિદ્યાશાખામાં ભણતા પુત્ર સાથે મૉસ્કોમાં જ રહેતા હતા. સ્ટેન્કેવિચના ઘરની બરાબર સામેના ફ્લૅટમાં એ રહેતા હતા. આ ફ્લૅટ પણ મોસ્કોમાં રહેતા લૅટવિઅનો માટે મિલનસ્થળ બની રહ્યું હતું. ફરી એક વાર જેમ તેરબાતામાં બન્યું હતું તેવું કેન્દ્ર મૉસ્કોમાં ઊભું થયું અને પોતાના દેશની સ્થિતિ અંગે વિચારવા લાગ્યું. ગુપ્તચર પોલીસની નજર સતત એમની પ્રવૃત્તિ પર રહેતી હતી. આ જ ફ્લૅટમાં ક્રિસ્થનિસે પોતાના લોકસાહિત્યના સંશોધનનું પદ્ધતિસરનું કાર્ય આરંભ્યું. પ્રથન ડાઈનાસની સારી વાચનક્ષમ નકલ બનાવી પછી એનું વર્ગીકરણ કર્યું. આ કામ પણ ખાસ્સું મહેનત માગી લે તેવું હતું. જ્યાંથી આ સાહિત્ય આવ્યું હતું તે વર્ગ તો ઓછું ભણેલો હોવાથી વ્યાકરણગત ભૂલો કે જોડણીની ભૂલો હતી. વિષય મુજબ એની ગોઠવણી કરી અને ચાર પંક્તિઓનું સ્વરૂપ બનાવ્યું. આ ચાર પંક્તિ કે છ પંક્તિના ગીતનું અલગ કાર્ડ બનાવ્યું. કાર્ડની સાઈઝ ૩x૧૧ સેન્ટિમીટરની હતી. એ કાર્ડને ક્રિસ્થનિસે સિગારેટના ખાલી ખોખામાં ગોઠવ્યાં. પરંતુ એ અપૂરતી જગ્યા હતી. આથી ક્રિસ્થનિસે ખાસ કબાટ બનાવડાવ્યું, જેમાં બધું સાહિત્ય પદ્ધતિસર ગોઠવી શકાય. આ કબાટ બે વિભાગ ધરાવતું હતું. દરેક વિભાગમાં પાંત્રીસ ખાનાં હતાં. પ્રત્યેક ખાનાંમાં વીસ ભાગ હતા. આ કબાટ આજે પણ 'ઍકેડૅમી ઑફ સાયન્સ, લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર'માં લોકગીતોના વિભાગમાં પડ્યું છે. હવે વર્ગીકરણ મુજબ એને પ્રકાશિત

કરવાનું કામ ક્રિસ્થનિસનું પ્રાથમિક કાર્ય હતું.

૧૮૯૨માં ક્રિસ્થનિસ બૅરન્સના પુત્ર કાર્લિસ મૉસ્કો યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા અને એને રિગામાં નોકરી મળી. પછીના વર્ષમાં ક્રિસ્થનિસ પણ ત્યાં આવ્યા. એ શાંત પુનરાગમન હતું. યુવાન લૅટવિઅનો માટે જ્યાં એક પત્રની તાણ હતી ત્યાં આજે દસ સામયિકો પ્રસિદ્ધ થતાં હતાં. સાંસ્કૃતિક અને આર્થિક જીવનમાં પરિવર્તન આવ્યું હતું. સવેતન રંગભૂમિ હતી. સંગીતકારો હતા. ચિત્રકારો હતા. અને વિશેષ તો લૅટવિઅનોની પોતાની સાહિત્યિક પરંપરા ઊભી થઈ હતી. સમજનું આંતરમાળખું પણ બદલાયું હતું. માર્ક્સની વિચારધારાએ યુવાનો પર પ્રભાવ પાડ્યો હતો. લેટવિઅનોનું સામાજિક-લોકશાહીયુક્ત સંગઠન ઊભું થયું હતું. આવા વાતાવરણ વચ્ચે ક્રિસ્થનિસ ૧૮૯૩માં રિગા આવ્યા હતા. ઘણું બદલાયું હતું. આ બદલાવ એમને ગમ્યો હતો, પરંતુ અનુભવ થતો હતો એકાકી હોવાનો. મોટા ભાગના મિત્રો- સમકાલીનો મૃત્યુ પામ્યા હતા. એમણે અનુભવ્યું કે - 'હું નવાં લોકોની વિચારધારાઓ વચ્ચે આવી પડ્યો છું.' વાલ્દેમાર્સ તો ૧૮૯૧માં મૃત્યુ પામ્યા હતા. બ્રિગ્ઝેમ્નિક્સ ઉંમરલાયક થયા હતા અને ક્રિસ્થનિસ પણ સાઠના આરે ઊભા હતા. લોકસાહિત્યના ક્ષેત્રે કામ કરનાર સિવાય બહુ થોડા એમને ઓળખતા હતા. પરંતુ એ સમૃદ્ધ થઈને પાછા ફર્યા હતા કારણ કે એમની પાસે ડાઈનાસનો વિપુલ જથ્થો હતો. એની ગોઠવણી અને વર્ગીકરણનું કાર્ય લઈને આવ્યા હતા. ૧૮૮૮ સુધી લૅટવિઅન લોકગીતોનું કોઈ પ્રકાશન થયું નહોતું. પૈસાની તાણ હતી. વળી, આવાં પ્રકાશનનો અનુભવ પણ નહોતો. ત્યારે પત્રકાર અને વેપારી હેન્રિયસ વિસેન્ડૉફર્સ એમનું પ્રકાશન કરવા તૈયાર થયા. ક્રિસ્થનિસ અને એમની વચ્ચે બાવીસ વર્ષ પત્રવ્યવહાર ચાલ્યો. એ પત્રોનું પણ દસ્તાવેજી મહત્ત્વ છે. ડાઈનાસ પર આજીવન કામ કરનાર ક્રિસ્થનિસની નિષ્ઠા અને કાર્ય માટેનો પરિશ્રમ કેટલો હતો તેનું દર્શન થાય છે. આ ડાઈનાસનું પ્રકાશન એક સીમાવર્તી કાર્ય હતું. એ સતત લોકસાહિત્યના વિવિધ પ્રકાશનોથી પરિચિત રહેતા હતા. એ ટીકાથી વિચલિત નહોતા થતા. પરંતુ ટીકામાંથી તથ્ય શોધવા મથતા. પોતાનું સંશોધન વધુ ને વધુ સમૃદ્ધ બને એ એમની કાળજી હતી. ધીરજ એમનો સહુથી મોટો ગુણ હતો. લોકગીતોની ગોઠવણી અને એ મુજબનું પ્રકાશન એ એમની વિદ્વત્તાનું નિદર્શન છે.

'લૅટવિઅન ડાયનાસ'નું પહેલું વૉલ્યુમ ૧૮ મે ૧૮૯૪માં પ્રસિદ્ધ થયું. ૯૬૯ પાનાં હતાં, જેમાં ૫૪ પાનાંનો લેખ હતો જે પ્રસ્તાવના રૂપ હતો. ૧૮૯૮માં ક્રિસ્થનિસે ડાયનાસનું કામ સ્થગિત કર્યું, કારણ કે આજીવિકા એમનું પ્રથમ કાર્ય હતું. એમની વૃદ્ધાવસ્થામાં સ્ટાન્કેવિચે મદદ કરવાની ના પાડી. પછી બ્રિઝેમ્નિક્સ દ્વારા રિગા લૅટવિયન સોસાયટીના નામે ૧૦૦૦ રૂબલ્સ એકઠા કરાયા અને ક્રિસ્થનિસને ભેટ ધર્યા. છતાં ડાયનાસનું બીજું પ્રકાશન શક્ય ન બન્યું. 'એકેડેમી ઑફ સાયન્સ ઑફ રશિયા'ને આર્થિક મદદ માટે વિનંતી કરાઈ અને ૧૯૦૩માં બીજું વૉલ્યુમ પ્રકાશિત થયું. ત્રીજું વૉલ્યુમ બે ભાગમાં હતું. જેનો પહેલો ભાગ ૧૯૦૪માં પ્રસિદ્ધ થયો અને બીજો ભાગ ૧૯૦૬માં પ્રકાશિત થયો. સતત ડાયનાસના કામમાં વ્યસ્ત ક્રિસ્થનિસ ક્યાંય બહાર જતા નહોતા. ૧૯૧૦માં ચોથું વૉલ્યુમ પ્રસિદ્ધ થયું.

પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં દારૃતા ધીમે ધીમે અશક્ત બનતી ગઈ. ૧૯૧૩માં એ પિટરબર્ગ્સ ગઈ - પોતાના કુટુંબીઓ અને સ્થાનિક લૅટવિઅનોને મળવા. એ સહુએ ક્રિસ્થનિસ જ્યારે દૂર હતા ત્યારે એને મદદ કરી હતી. ૧૯૧૪માં એ પુત્ર સાથે રિગામાં રહી અને ૨૦ જૂન ૧૯૧૪માં એણે જગતમાંથી વિદાય લીધી. ક્રિસ્થનિસે એ વખતે લખેલી કવિતા ડાઈનાસના સ્વરૂપની છે:

'Life is all in vain
We hope a while
We hate a while
And goodbuy again !'
(જીવન કેવળ વ્યર્થતા છે
ઘડીક આપણે આશા રાખીએ છીએ
ઘડીક આપણે ધિક્કારીએ છીએ
તો અલવિદા ફરીથી.)

દારૃતાના મૃત્યુ પછી ૧૯૧૫માં લૅટવિઅન ડાયનાસનું પાંચમું અને છઠ્ઠું વૉલ્યુમ પ્રસિદ્ધ થયું. દારૃતાના અવસાન પછી ક્રિસ્થનિસ ક્રમશઃ નબળા પડતા ગયા. એમના અક્ષરોમાં પરિવર્તન આવ્યું હતું. હાથ ધ્રૂજતો હતો. 'બર્ટનિકિ હાઉસ' છોડતી વખતે ત્યાં વાવેલા ઑકના વૃક્ષનું ક્રિસ્થનિસને ભારે આકર્ષણ હતું. ૧૯૧૯માં એ રિગા પહોંચ્યા. ત્યારે ગનની ગર્જના રિગામાં સંભળાતી હતી. વળી, જર્મન સામ્રાજ્યવાદી થવા મથતું હતું. તબિયત લથડી હોવા છતાં ક્રિસ્થનિસે બાળકો માટેનાં ડાઈનાસનું સંપાદન કર્યું. ૧૯૨૨માં એ ગૌજા નદીના કિનારે યુરાઇડામાં રહ્યા અને ઘરને 'ડાયનાસ' એવું નામ આપ્યું. વળી, રિગા પાછા ફર્યા.

૭ માર્ચે ક્રિસ્થનિસ પાસે 'લૅટવિઅન ડાયનાસ'ની બીજી આવૃત્તિ આવી અને એમના ઉદ્ગાર હતા - 'Ah well, I've done a bit of work in my life' (ઓહ અચ્છા, તો મેં જીવનમાં થોડું એક કામ કર્યું છે ખરું.) ૮ માર્ચ ૧૯૨૩ના રોજ એમણે વિદાય લીધી. વાલ્દેમાર્સ, દારૃતાની જોડે જ એમની કબર બનાવાઈ. પોતાની પાછળ કોઈ જ સ્મારક બનાવવાની એમણે મનાઈ કરી. તેઓની ઈચ્છા 'લૅટવિઅન ડાયનાસ' જ એમની સ્મૃતિ બની રહેવી જોઈએ. સુનીતિકુમાર ચૅટરજીએ ડાઈનાસને મહાભારત અને વેદ સાથે સરખાવ્યાં છે. ક્રિસ્થનિસ બૅરન્સની વિદાય પછી પણ લૅટવિઆમાં ડાઈનાસ પર કામ થતું ગયું. આજે એના ૧૫ વૉલ્યુમ પ્રાપ્ત છે. □

સ્વીટ હોમ

તારિણીબહેન દેસાઈ

સ્કા સ્ક્રેપરનાં જંગલોથી અને સમૃદ્ધ શો રૂમોથી સજ્જ એવા ફિલાડેલ્ફિયામાં અમીષા આવી પહોંચી, એમ.એસ. કરવા માટે એની બહેનપણી લ્યુસી સાથે. જોકે લ્યુસી આમ તો ક્રિશ્ચિયન હતી પણ... નોનવેજ ઘેર બનાવતી ન હોવાથી બંનેને સાથે રહેવાનો વાંધો આવ્યો નહીં. વળી, અમીષા ઈંડાં તો ખાતી જ હતી. એના પપ્પા હંમેશ કહેતા : 'તમે કોઈ પણ જગ્યાએ જાવ અને ત્યાંનું ખાવાનું ભાવતું ના હોય ત્યારે ઈંડાં ખાતાં હો તો ફટાક દઈને ઑમલેટ ખાઈ શકો. તમને આપોઆપ પૌષ્ટિક ખોરાક મળી જાય.'

તેવી જ રીતે સવારના નાહીધોઈ પરવારી નાસ્તામાં ઑમલેટ-બ્રેડબટર ખાઈ બંને નીકળી પડતાં કૉલેજ જવા. પછી ત્યાંની કૅન્ટિનમાં લંચ લેતાં અને અપાર્ટમેન્ટમાં આવી રાત્રે ખીચડી કે એવું કોઈ હલકું બનાવી લેતાં. પણ... હજીયે એને અહીં બરાબર ગોઠ્યું તો નહોતું જ, પણ.... શું થાય ?

એક દિવસ રાત્રે અચાનક જ રૂમમાં લાઈટ થઈ. અને લ્યુસી ઝબકીને જાગી, વળી કોઈનો રડવાનો પણ અવાજ આવતો હતો. નજર ફેરવી જોયું તો... અમીષા ઍરપોર્ટ ઉપર વિદાય વખતે બધાંએ આપેલી વસ્તુઓ બૅગમાંથી કાઢી હાથથી એને પંપાળ્યા કરતી હતી. અને રડ્યે જતી હતી. આ જોઈને લ્યુસી તો ખૂબ ચિઢાઈને તાડૂકી-

'અમીષા ! યુ.... સ્ટુપિડ ! આ શું કરે છે ? તું અહીં ભણવા આવી છે કે રડવા ? તને તો ખબર હતી જ કે એ બધાં તો ત્યાં જ રહેવાનાં છે. અને તું તો અહીંયાં જ. તો પછી તું આવી જ શું કામ ? ચાલ... લાઈટ બંધ કરી દે જોઈએ, અને તરત જ સૂઈ જા. કાલે સવારે આપણે પાછા જલદી ઊઠવાનું છે સમજી !'

સાંભળી અમીષા થોડી સ્વસ્થ થવા પ્રયત્ન કરવા માંડી. લાગણીથી ભરેલા ઘરને છોડી આવી હોવાથી તેને હોમ સિકનેસ ઘણી લાગતી હતી. પણ... ભણવાનું એક લક્ષ્ય મગજમાં હતું તેથી બધું ભૂલવા પ્રયત્ન કરવા માંડી. એટલું સારું હતું કે લ્યુસી એની સાથે હતી.

વખત જતાં ધીમે ધીમે એ થોડી સ્વસ્થ થવા માંડી હતી. કૉલેજ જતાં જતાં હવે તે આજુબાજુના વાતાવરણને માણવા માંડી હતી. ચાલતાં ચાલતાં આજુબાજુના રેસ્ટોરાંનાં પાટિયાં વાંચવા, રસ્તે ચાલતા માણસોને ધ્યાનથી જોવા તેમજ પહોળા રસ્તાઓને માપવા, ટ્રાફિક આગળના સિગ્નલો તરફ મીટ માંડવી - આ બધું હવે તે કરવા માંડી હતી. આ બધે દૃષ્ટિ ફેરવતાં ફેરવતાં એક દિવસ એની નજર પડી એક પાટિયા ઉપર. એના ઉપર લખેલું હતું - 'Sweet Home'. એની લૉબીમાં જોયું તો.... બધાં ઘરડાંઓ લાઇનસર બેઠાં હતાં. બધાં જ પાંસઠ વર્ષથી ઉપરનાં, એટલે થયું કે વૃદ્ધાશ્રમ હશે. એમાં એક જણ પેપર વાંચતું હતું અને બીજાં થોડાંક આજુબાજુ ગોળાકારે બેસી પેપરમાં આવેલા સમાચાર સાંભળતાં હતાં. કોઈ વળી બહાર રસ્તા ઉપર જોતું હતું તો કોઈ વળી કૅસેટ વગાડી વેસ્ટર્ન મ્યૂઝિક સાંભળતું હતું. કોઈક સ્વેટર પણ ગૂંથતું હતું. તો કેટલાંક પાનાં રમતાં હતાં.

પછી તો અમીષાને આ બધાંને જોવામાં રસ પડી ગયો, બીજું બધું જોવાને બદલે. પછી સવારે અને સાંજે પણ... વૃદ્ધાશ્રમ આવતાં પહેલાં પાંચ મિનિટ પહેલેથી એનો જ વિચાર કર્યા કરતી, અને સાથે લ્યુસી પણ.

પછીના દિવસે એવું બન્યું કે જ્યારે એ ત્યાંથી પસાર થઈ રહી હતી ત્યારે ત્યાંનાં બધાં ઘરડાંઓ લૉબીમાં લાઈનસર બેસી - કેટલાંક આકાશ સામે તો કેટલાંક રસ્તા ઉપર તો કેટલાક ચાલતા માણસો સામે જોયાં કરતાં હતાં. ત્યારે અમીષાને વિચાર આવ્યો - 'આ.... લોકો કેમ આજે આમ જોયાં કરે છે ? શું એમને કાંઈક તકલીફ ઊભી થઈ હશે કે પછી વૃદ્ધાશ્રમના સંચાલકે એમને શિક્ષા કરી આમ બેસાડી દીધાં હશે ? પછી તરત જ વિચાર આવ્યો કે એ લોકો કાંઈ નાનાં બાળકો થોડાં જ છે કે એમણે કાંઈ તોફાન કર્યું હોય ? ના... ના... આવું બધું ખોટું વિચારવાનું ના હોય ? પણ આવાં મૂઢ જેવાં બની ગયેલા વૃદ્ધોમાં જીવન જીવવાની પાછી તાકાત આવે એટલા માટે એણે બધાંની સામે હાથ ઊંચો કરી હલાવ્યો. કેટલાંકની નજર એના હાલતા હાથ ઉપર પડી. પણ.... કેટલાંક તો હજી એકીટશે - આકાશ, રસ્તો અને માણસો સામે જ જોયા કરતાં હતાં. પણ 'અમીષા તો હાથ વેવ' કરતી જ રહી અને સાથે લ્યુસી પણ....

થોડી વારે થોડાંકની નજર અમીષા ઉપર પડી. એમાંથી કેટલાંકે હાથ ઊંચા કર્યા. પછી તો દોસ્તી થઈ ગઈ બધાં સાથે. રોજ બરાબર સવારના સાડા નવ વાગે અમીષાના પસાર થવાના સમયે બધાં ઘરડાંઓ લૉબીમાં બેસી જ જતાં. ધારો કે અમીષાને આવતાં અડધો કલાક મોડું થયું હોય તો.... બધાં અસ્વસ્થ થઈ જતાં. અને બેઠે બેઠે આમથી તેમ પગ બદલ્યા કરતાં. કોઈ કાંઈ બોલતું નહીં પણ.... મનની અસ્વસ્થતા આપોઆપ છતી થઈ જતી. એમને કદાચ એવો વિચાર આવતો હશે કે આજે એ છોકરી કેમ દેખાતી નથી ? પછી જ્યારે અમીષા હસતી હસતી હાથ હલાવતી આવી જાય - 'Sweet Home' પાસે ત્યારે બધાં તરત જ ખુશ થતાં થતાં હાથ હલાવતાં ઊભાં

થઈ જાયં. આમ, મન આનંદમાં મ્હાલતું બેચાર મિનિટ માટે.

બાકી આમ જુઓ તો... ગમે તે જ ખાવું પડતું હતું ને ? ઘર જેવું તો નહોતું જ ને ? ઘર જેવી ખાતિરદારી અહીં વળી કોણ કરવાનું હતું ! અમીષા માટે લ્યુસી અને લ્યુસી માટે અમીષા ! દરેક વખતે મમ્મી-પપ્પાનું પત્રમાં ઘણુંબધું લખાઈને આવતું હતું, તેમના પત્રના જવાબમાં.

'ઘણાં વહાલાં મમ્મી-પપ્પા ! તમે બહુ જ યાદ આવો છો. મારા જીવનમાં તો તમે સૂર્ય-ચંદ્ર જેવાં છો. મારું જીવન અહીં અંધકારમય થઈ ગયું છે. પણ... કોર્સ પૂરો થવો જ જોઈએ, સમજી હું... અહીંયાં રહી છું. તમે મને હોંશથી આગળ ભણવા મોકલી છે - કેટલો બધો ખર્ચો કરીને ? તે હું બરાબર જાણું છું, હું એમ.એસ.નો કોર્સ પૂરો કરીને જ આવીશ. તમે લખો છો - ફ્રુટસ્ ડ્રાઈફ્રુટ્સ ખાવા માટે. પણ... મને એ બધું તમારા વગર ધૂળ જેવું લાગે છે. પણ.. તમે જરીકે ચિંતા કરશો નહીં. શરીર ટકાવવા હું જરૂર એ બધું ખાઈશ ! હું તમને મારી સાથે જ અનુભવું છું. કારણ કે મારી કૉલેજ જતાં પહેલાં વચ્ચે એક વૃદ્ધાશ્રમ આવે છે. એમાં તમારી જ ઉંમરનાં બધાં રહે છે. એમને જોવાથી તેમજ મળવાથી જાણે કે તમને મળતી હોઉં એવું જ લાગે છે. તેથી થોડા દિવસથી મનને જરા રાહત થઈ છે. ક્યારે પાછી તમારી પાસે જાઉં ?'

આમ પત્રો વાંચવામાં તેમજ લખવામાં સારો એવો સમય પસાર થઈ જતો હતો. બાકી તો રોજનું રૂટિન. રૂટિનમાં તો એવો આનંદ હોય જ નહીં ને ?

પછી તો અમીષા અને લ્યુસી કૉલેજમાંથી જ્યારે વહેલાં છૂટે ત્યારે વૃદ્ધાશ્રમમાં અંદર જઈ દરેક સાથે વાતો કરતાં. એનાથી ખબર પડી હતી કે એક મીસીસ માલકમ હતાં, જેમનાં બાળકો એમનાથી દૂર રહેતાં હતાં. વળી, તેઓ પોતાનાં કામમાં એટલાં વ્યસ્ત હતાં કે કોઈ વખત એમને મળવા પણ આવતાં નહીં. પણ... પ્રસંગે પ્રસંગે એમને ફળો તો મોકલ્યાં કરતાં હતાં. બીજા હતા - મિ. જ્હોન, જે મૅજિસ્ટ્રેટ હતા. બહુ જ ન્યાયવાળા. તેઓ કોઈ પણ ખરાબ વર્તન કે ખરાબ કામ ચલાવી જ લેતા નહીં. તેને લીધે તેમનો દીકરો તેમનાથી ખૂબ ડરતો હતો. ક્યારેય એમને મળવા આવતો જ નહીં. તેઓ પૈસેટકે સમૃદ્ધ હતા, પણ... પોતાની ઉંમરના માણસોની કંપની મળે માટે અહીં આવીને રહ્યા હતા. ત્રીજાં હતાં મીસીસ લૉરેન્સ. તેમનાં સગાંમાં એક દીકરી જ હતી. એ દીકરીને પોતાની મમ્મીને મળવાનું ઘણું મન થતું પણ... એનો પતિ ઘણો કડક હતો. એને મમ્મી પાસે આવવા જ દેતો નહીં. પણ... ઘણી બધી ચીજો મોકલતો ખરો. એમ સાસુજીને વસ્તુઓથી સમૃદ્ધ કરી દેતો. ચોથા હતા મિ. સ્મિથ. તેમને થોડો વખત પહેલાં અકસ્માત થયો હતો. દીકરા-વહુએ હૉસ્પિટલમાં મૂક્યા હતા. સાજા થયા પછી ઘેર લાવવાને બદલે સીધાં વૃદ્ધાશ્રમમાં જ ખસેડી દીધાં. પાંચમાં હતાં રોઝી, જેમને પતિએ છૂટાછેડા આપ્યા હતા, તેથી મનથી ઘણાં અસ્વસ્થ રહેતાં હતાં. એ હંમેશ વિચાર્યા કરતાં કે આમ ન કર્યું હોત તો... આમ ન થયું હોત. હું પતિ સાથે ખોટી જીભાજોડી કરતી હતી. બીજાં બધાં ઘણાં હતાં, પણ આ બધાં સાથે એ વધારે ક્લોઝ હતી.

બધાને 'હલ્લો આન્ટી... હેલ્લો અંકલ' કહી તરત જ બધાં સાથે વાતે વળગતી. વાતો માંડ જામવા જતી હોય ત્યાં જ રાત પડવા આવે એટલે બંને પોતાના અપાર્ટમેન્ટ ઉપર જવા તૈયાર થાય. ત્યારે બધાં જ અસ્વસ્થ થઈ જતાં. અને તેમાંય મીસીસ લૉરેન્સ તો એને છોડતાં જ નહીં. જ્યારે અમીષા મીસીસ લૉરેન્સને 'આન્ટી આન્ટી' કહી વાતે વળગતી ત્યારે તેઓ તો એને 'My dear... my child !' એમ જ કહ્યાં કરતાં. અને છેલ્લે છૂટા પડતી વખતે અચૂક કહે-

'God bless you my child !'

જાણે કે એમને એમની દીકરી ના મળી ગઈ હોય !

આમ બધાં સાથે ઘણો ઘરોબો થઈ ગયો હતો. હવે તો ફૉલ સેમેસ્ટર પછી સ્પ્રિંગ સેમેસ્ટરની પરીક્ષા આવી રહી હતી. પરીક્ષાની તૈયારી કરવા-વાંચવા માટે થોડા દિવસની રજા કૉલેજ તરફથી આપવામાં આવી હતી. ત્યારે કૉલેજ જવાની જરૂર નહોતી. અને પછી પરીક્ષાના દિવસોમાં પણ તેથી લાંબા સમય સુધી બધાં ઘરડાંઓ બંનેને નહીં જુએ તો ચિંતા કરશે તેથી એક દિવસ બધાને એ બાબત કહ્યું - આવું સાંભળી બધાં વ્યથિત થઈ ગયાં, બધાંને થયું -

'અધધધ... પંદર દિવસ તું નહીં આવે... અમીષા ?'

'ઓહ.... વૉટ એ લોંગ ટાઈમ ?'

મીસીસ લૉરેન્સ પણ બોલી ઊઠ્યાં.

બધાંને થોડી ધીરજ આપી બંને પરીક્ષાની તૈયારીમાં પડી ગયાં. પરીક્ષા આવી ને ગઈ પણ ખરી. બીજે જ દિવસે બંને 'Sweet Home'માં ગયાં. બધાંની સાથે હેલ્લો કર્યું. બધાં બહુ જ ખુશ થઈ ગયાં. બધાંએ પરીક્ષા બાબત પૂછ્યું. પણ... ક્યાંયે મીસીસ લૉરેન્સ દેખાયાં નહીં. અમીષાને ચિંતા થઈ. એમને કાંઈ થયું તો નહીં હોય ને ? એણે બધાંને પૂછ્યું. તો બધાંએ કહ્યું -

'તું જ્યારે છેલ્લે આવી હતી ત્યારથી તે અત્યાર સુધી તેઓ પોતાના રૂમમાંથી બહાર નીકળ્યાં જ નથી.'

આવું સાંભળી અમીષા દોડતી દોડતી એમના રૂમમાં ગઈ અને 'આન્ટી.... આન્ટી' કરીને બૂમ પાડી. પણ... મીસીસ લૉરેન્સે કાંઈ સાંભળ્યું હોય તેમ લાગ્યું નહીં. પછી પાસે જઈને જોયું તો..... તેઓ બાઈબલ વાંચતાં હતાં - ઓતપ્રોત થઈને. અમીષાને થયું કે પોતે જતી રહે. એમની પ્રાર્થનામાં એમને

ખલેલ પહોંચાડવી જોઈએ નહીં. બીજે દિવસે એમને મળીશ, એમ સમજી ગેટ પાસે આવી ગઈ. થોડુંક ઊભી રહી પછી થયું કે એ બે અઠવાડિયાંથી આમ બેઠાં છે તો... એવી કઈ તકલીફ એમને આવી ગઈ હશે? મારે જાણવું તો જોઈએ જ ને? વિચારી ગેટથી પાછી ફરી અને દોડતી દોડતી મીસીસ લૉરેન્સ પાસે ગઈ. હજી પણ તેઓ બાઈબલ વાંચે જ જતાં હતાં - એકાગ્રતાથી. અમીષાએ અચકાતે અચકાતે ધીરે રહીને એમના ખભા ઉપર હાથ મૂકીને પૂછ્યું :

'આન્ટી... ઓ આન્ટી ! શું કરો છો ?'

અચાનક જ અમીષાનો અવાજ સાંભળી ખુશ થઈ ઘેલાં થઈને તેઓ બોલ્યા : 'ઓહ, માઈ ડીઅર. સો યુ હેવ કમ. હાઉ ડિડ યુ ફેર ઈન યૉર એક્ઝામ ? વિલ યુ પાસ ?'

'હા... હા આન્ટી ! જરૂર પાસ થઈશ. પણ તમે આ... બાઈબલ.'

'થેંક ગુડનેસ. આઇ હૅડ બીન સો વરીડ અબાઉટ યુ ઍન્ડ હેન્સ આઇ હૅડ બીન રીડિંગ ધ બાઇબલ સિન્સ પાસ્ટ ફિફ્ટીન ડેઝ.'

'ઓહ.... આન્ટી ! તમે કેટલાં ભલાં છો ! મારી પરીક્ષા માટે, તમે ભગવાનને પ્રાર્થના કરતાં હતાં ? મને તો ખબર જ નહોતી.'

'ઓહ, ડીઅર ! એવ્રિ મધર પ્રેઝ ફૉર વન્સ ઓન ચાઇલ્ડ, સો વોટ્સ ન્યૂ ?'

'ઓહ, હાઉ કાઇન્ડ ઑફ યુ, આન્ટી ! હં... એટલે જ તો મારા પેપર્સ સારા ગયા છે.'

'ગુડ, વેરિ ગુડ, ગૉડ બ્લેસ યુ માઇ ચાઇલ્ડ !'

આમ કહી એને ખૂબ થાબડી. અને બંને છૂટાં પડ્યાં. હવે એને સમર સેમેસ્ટરમાં બીજી વધારે સારી કૉલેજમાં એડમિશન મળ્યું હતુંઃ જો કે એને અહીં બધા પ્રોફેસરો સાથે બહુ ફાવી ગયું હતું. છતાં એ પ્રોફેસરોના કહેવાથી જ એ બીજી સારી કૉલેજમાં જવાની હતી. એને આ અપાર્ટમેન્ટ પેલી કૉલેજથી દૂર પડવાનો હતો. તેથી બંને બહેનપણીઓએ પેલી કૉલેજ પાસે જ રહેવાની. વ્યવસ્થા કરી દીધી હતી. હવે આ વૃદ્ધાશ્રમમાં નહીં અવાય તેથી એ બધાંના વહાલની ભેટ રૂપે યાદગીરી માટે કાંઈક આપવું જોઈએ - અને તે પણ પોતે બનાવેલું. અને અમીષાએ આ વિચાર લ્યુસીને કહ્યો. તેથી બંને શું આપવું જોઈએ તેના વિચારમાં પડી ગયાં. પછી વિચાર કરતાં કરતાં સૂઝ્યું કે કાગળનાં ફૂલો બનાવીએ જુદા જુદા રંગનાં અને દરેકને આપીએ.

એવો વિચાર આવતાં બધો સામાન દુકાનમાંથી લઈ આવ્યાં; અને લાગી ગયાં કામે . બે-ત્રણ દિવસ - રાત જાગીને તેમણે ઘણાં રંગબેરંગી ફૂલો બનાવ્યાં અને મોટી થેલીઓમાં ભરીને લઈ ગયાં. દરેકને યાદ કરી કરીને આપ્યાં. કોઈને જ સમજ પડી નહીં કે અમીષા કેમ આમ આપે છે ? એવો કયો પ્રસંગ છે કે જેને લીધે એ આમ ફૂલો બધાંને આપે છે ? બધાંને અમીષાએ સમજાવ્યું કે તેઓ અહીંથી કૉલેજ છોડીને બીજી સારી કૉલેજમાં જવાનાં છે. તેથી તે કૉલેજની નજીક અપાર્ટમેન્ટ લીધો છે. એટલે હવે અહીં આવવાનું થશે નહીં. આ સાંભળી બધાં રડવા માંડ્યાં. અને મીસીસ લૉરેન્સે તો બાઝીને રડતાં કહ્યું : નો, નો.. આઇ વિલ નૉટ અલાઉ યુ ટુ ગો અવે માઇ ચાઇલ્ડ !'

કહેતાં કહેતાં ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં. પછી એમને પાણી આપી, ચા આપી - જરા સ્વસ્થ કર્યા. એમણે ફરીથી અમીષાને બાઝી પડતાં મનમાં વિચાર્યું -

'ભગવાન કેવો ક્રૂર છે ! આ દીકરી પણ છીનવી રહ્યો છે !'

મીસીસ લૉરેન્સના મનનો પડઘો અમીષાના મને ઝીલ્યો હોય તેમ એ તરત જ બોલી ઊઠી -

'ના... ના... આન્ટી ! હું કોઈ કોઈ વખત અહીં આવતી રહીશ ને... તમે શું કામ રડો છો ?'

એવું સમજાવ્યા પછી માંડ પરાણે એમણે અમીષાને છોડી અને છેવટે ના છૂટકે કહ્યું : 'વ્હેરેવર યુ ગો... બી હૅપિ માઇ ચાઇલ્ડ. ગૉડ બ્લેસ યુ ઓલ્વેઝ.'

અને મનમાં વિચારતાં હતાં -

'અરે... ભગવાને મને ભારતીય બનાવી હોત તો.. આવી વહાલસોયી દીકરી મળત ને...'

માંડ પરાણે 'બાય-બાય' કહી અમીષા છૂટી પડી અને ઘેર આવી. બધો સામાન પૅક કરી ટૅક્સિ કરી બંને નીકળી પડ્યાં - નવા અપાર્ટમેન્ટમાં સેટ થવા.

પાછું બધું નવું વાતાવરણ, નવી કૉલેજ, નવા પ્રોફેસર્સ. પણ... હવે તો થોડાંઘણાં ટેવાયાં હતાં બંને. તેથી એડજસ્ટ થવામાં થોડી ઓછી વાર લાગી અને પાછું બધું બરાબર ચાલવા માંડ્યું. હવે થોડી મહેનત વધારે કરવાની હતી. કારણ હવેનું સેમેસ્ટર પતી જાય પછી... ભારત પાછા જવાનું હતું. પછી તો મઝા જ મઝા....હતી. ભણવાનું પણ નહીં અને રસોઈ બનાવવાની પણ નહીં. આખો વખત ધીંગામસ્તી- વિચારી પરીક્ષા માટે ધમધોકાર તૈયારી કરવા માંડી - સવાર, સાંજ અને રાતને ભેગા કરીને.

છેવટે પરીક્ષા આવી પણ ગઈ. હવે... ભારત પાછું પ્રયાણ. લ્યુસી તો પાછા જવાની બંનેની પ્લેનની ટિકિટ પણ લઈ આવી હતી. ત્યાં જ અમીષાને પેલા લૉરેન્સ આન્ટી, માલકમ આન્ટી, જ્હોન અંકલ - વગેરે બધાં યાદ આવી ગયાં. અને એણે તો વૃદ્ધાશ્રમ જવાની હઠ પકડી. લ્યુસીએ એને બહુ સમજાવી- હવે આપણી પાસે સમય જ નથી, કારણ આપણે થોડું ફરવાનું તેમજ જોવાનું બાકી છે. ભણવામાં ને ભણવામાં આપણે કોઈ

જગ્યાએ જઈ જ શક્યાં નથી. તેમજ બધાં માટે થોડું ખરીદવાનું પણ બાકી છે. ત્યારે અમીષાએ તરત જ કહ્યું -

'તું તારે ખુશીથી જા.. બધે. હું એટલા દિવસ વૃદ્ધાશ્રમમાં જઈ આવીશ...'

'અમીષા ! તને ખબર છે... કેટલા બધા દિવસો તારા વૃદ્ધાશ્રમમાં બગડી જશે તે... હવે એ લોકોને મળવાની શું જરૂર છે ! હવે કાંઈ પાછાં એ લોકો આપણાં જીવનમાં આવવાનાં નથી. રહેવા દે એ લોકોને... ચાલ આપણે આજુબાજુ ફરવાની ટિકિટ લઈ આવીએ.'

અમીષાએ તો મક્કમતાથી ના જ પાડી. કહ્યું - 'હું ભારત તારી સાથે જરૂર આવીશ. પણ અહીં બધે ફરવાને બદલે એટલા દિવસો હું, એમની સાથે ગાળીશ. હવે એ લોકો ક્યાં મળવાનાં છે ?'

આમ રકઝક ચાલી, છેવટે લ્યુસી તો બધે ટ્રાવેલિંગ માટે નીકળી પડી અને અમીષા ગઈ વૃદ્ધાશ્રમમાં બધાંને મળવા.

બધાં એને જોઈને ખુશ થઈ ગયાં. બધાંને 'હેલ્લો આન્ટી.. હેલ્લો અંકલ' કહ્યું. બધાં સાથે બહુ વાતો કરી. પછી... અમીષા બાવરી થઈને કોઈને શોધ્યાં કરતી હતી - તે હતાં મીસીસ લૉરેન્સ. પૂછપરછ કરતાં ખબર પડી કે એમને હાર્ટઅટેક આવ્યો છે અને તેઓ બહુ સીરિઅસ છે. આ... સમાચાર જાણી... એમની દીકરી અને જમાઈએ - 'Get well soon' લખી ફૂલો મોકલ્યાં હતાં. હાર્ટઅટેકના સમાચાર જાણી અમીષા તો ખૂબ રડવા માંડી. એને માંડ માંડ શાંત પાડતાં વૃદ્ધાશ્રમના સુપરિન્ટેન્ડન્ટ બોલ્યા -

'તું જ કે અમી ! હા... બરાબર... અટેક આવ્યો ત્યારે તેઓ ... અમી... માય ચાઈલ્ડ ! તું હવે મને નહીં મળે. ભગવાન ! તેં આ શું કર્યું ? માય અમી... માય ચાઈલ્ડ ! એમ જ બોલ્યાં કરતાં હતાં.'

એમ કહી એમણે હૉસ્પિટલમાં એને લઈ જવા માટે સાથે એક માણસ મોકલ્યો. હૃદયના થડકાર સાથે દોડતી દોડતી અમીષા હૉસ્પિટલમાં પહોંચી. બહાર ઈન્કવાયરીમાં પૂછતાં ખબર પડી કે મીસીસ લૉરેન્સને ઈન્ટેન્સિવ કૅર યુનિટમાં રાખ્યાં છે અને બહાર બોર્ડ ઉપર લખ્યું હતું - 'No visitors'. આવું બોર્ડ વાંચી અમીષા તો આકુળવ્યાકુળ થઈ ગઈ. આજુબાજુ દરેક નર્સને પૂછ્યા પછી હૉસ્પિટલના હાઉસ ડૉક્ટરને પૂછવા ગઈ - દોડતી દોડતી. બધાંને નવાઈ લાગી. આવી ઈન્ડિયન લાગતી છોકરી મીસીસ લૉરેન્સ માટે કેમ આટલી બેબાકળી બની ગઈ છે ! એણે રૂમમાં અંદર જવા માટે આજીજી કરી ત્યારે ડૉક્ટરે કહ્યું :

'અમે કોઈ બહારનાને આવા સીરિઅસ પેશન્ટને મળવા જ દેતા નથી. હા... એમનાં કોઈ અંગત સગા હોય તેને જ મળવા દઈએ છીએ....'

અમીષાએ ઘણું સમજાવ્યું કે હું એમની અંગત જ છું તોયે કોઈએ એને અંદર જવા દીધી નહીં. બધાંને થયું કે એ ખોટું બોલે છે. એ તો ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી - એને થયું -

'શું હું મીસીસ લૉરેન્સને છેલ્લા વખતમાં મળી નહીં શકું ? ભગવાને આવું કેમ કર્યું ?'

અને મોટેથી રડતાં રડતાં બોલી -

'પ્લીઝ... ડૉક્ટર... બસ... એક જ મિનિટ... અરે... એક મિનિટ નહીં પણ... એક સેકન્ડ જ... પ્લીઝ ડૉક્ટર...'

આમ બોલ્યે જ જતી હતી. તેથી હાઉસ ડૉક્ટર જરા પીગળ્યા. એમણે નર્સને કહ્યું કે એને ઈન્ટેન્સિવ કૅર યુનિટમાં જવા દો. અને બારણું ધીમે રહીને ખોલીને એને અંદર જવા દીધી. ડૉક્ટર, નર્સ તેમજ આયાઓ - બધાં જ બારણાં પાસે ઊભાં રહ્યાં. બારણાંનો થોડો અવાજ થતાં. મીસીસ લૉરેન્સે આંખ ઊઘાડી અને અમીષાને જોઈ, પણ... એમને કાંઈ સમજ પડી નહીં. અમીષા વળી ક્યાંથી અહીં હોય ? પછી ધ્યાનપૂર્વક જોતાં તરત જ ખયાલ આવી ગયો કે આ... તો અમીષા જ ! ખુશ થતાં પથારીમાંથી થોડાં ઊંચાં થઈ બોલી ઊઠ્યાં : 'ઓહ અમી ! માઈ ચાઈલ્ડ ! હાઉ ડિડ યુ કમ હીઅર ? આઈ વૉઝ વેઈટિંગ ફૉર યુ ટુ કમ. નાઉ આઈ કેન લીવ પીસફુલી ફૉર ધી અધર વર્લ્ડ.'

'નો મૉમ...નોં, યુ કાન્ટ લીવ.... યૉર અમી હૅઝ કમ નાઉ....'

'અમી, આઈ એમ યૉર આન્ટી; નૉટ યૉર મૉમ... ઈઝન્ટ ઈટ ?'

'નોં... યુ આર નૉટ ઑન્લી માઈ આન્ટી. યુ હેવ બીકમ માઈ મૉમ ઑલ્સો. આઈ ઍમ યૉર ચાઈલ્ડ અમી. ઈઝન્ટ ઈટ, મૉમ ?'

'યસ... યસ... ધૅટ્સ ટુ. થૅંક્યૂ ગૉડ, ફૉર બીઈંગ કાઈન્ડ યુ મી. ઍટ લાસ્ટ માઈ પ્રૅયર્સ હેવ બીન હર્ડ.'

અને બંને બાઝી પડ્યાં. બંનેની આંખોમાંથી આંસુઓની હેલી ઊમટી. આ જોઈ નર્સ તેમજ આયાઓની આંખોમાં પણ ઝળઝળિયાં આવી ગયાં અને ડૉક્ટર તેમજ બીજાં બધાં જ જોતાં રહ્યાં બંનેને ભેટી પડેલાં જોઈને.

પછી તરત જ અપાર્ટમેન્ટમાં આવી એણે લ્યુસીને ચિઠ્ઠી લખી દીધી. 'આઈ ઍમ નૉટ કમિંગ ટુ ઈન્ડિયા નાઉ.'

- અને એ દોડતી દોડતી હૉસ્પિટલ પાછી આવી પહોંચી.

❐

હિન્દી ફિલ્મક્ષેત્રે ગુજરાતીઓનું પ્રદાન

—પ્રબોધ કાપડિયા—


વીસમી સદીએ આપણને ઘણુંબધું આપ્યું - સૌથી મહત્ત્વની નોંધપાત્ર વાત બની હોય તો તે ફિલ્મક્ષેત્ર. ફિલ્મી દુનિયાનો દોર ૧૯૧૩ના ગાળામાં શરૂ થયો. આજે તો તે ચરમ સીમાએ પહોંચી ચૂક્યો છે. ઢગલાબંધ ફિલ્મો ભારત-ભરમાં તૈયાર થતી રહી છે.

પરંતુ અહીં જે સવાલ કરવો છે તે એ કે ગુજરાતીઓએ ફિલ્મ-ઉદ્યોગના શરૂઆતના કાળમાં મુંબઈમાં રહીને કેટલું યોગદાન આપ્યું. ભારતીય ફિલ્મ-ઉદ્યોગમાં તેની પ્રાદેશિકતાને ધ્યાનમાં લેતાં મુંબઈ શરૂઆતથી આજ સુધી ફિલ્મોના નિર્માણ અને રજૂઆત કરવાની બાબતે મહત્ત્વપૂર્ણ સ્થળ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે. મુંબઈમાં ગુજરાતી કસબીઓએ શરૂઆતમાં ઠરીઠામ થઈને ફિલ્મ-ઉદ્યોગને પાપા પગલીથી માંડી દોડતું કરવા સુધીનો ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. પરંતુ ખેદની વાત એ છે કે આ બાબતની જોઈએ એટલી નોંધ કદાચ ફિલ્મઉદ્યોગે લીધી નથી. હકીકતમાં વરસો પહેલાં મુંબઈમાં વસનાર ઘણા ગુજરાતીઓ મૂગી ફિલ્મોના નિર્માણમાં ઘનિષ્ઠ રીતે સંકળાયેલા રહેલા. પરંતુ કાળની ગર્તામાં થોડીઘણી દસ્તાવેજી માહિતીના અભાવે કે પછી જાણ્યેઅજાણ્યે આપણે ખુદ આંખ આડા કાન કરીને જાણે એ ગુજરાતીઓના યોગદાન પ્રત્યે દુર્લક્ષ્ય સેવ્યું છે.


શરૂઆતના મૂક ફિલ્મોના સમયમાં ફિલ્મ-ઉદ્યોગને સિંહ-ફાળો પ્રદાન કરનાર કસબીના નામમાં શ્રી નાનુભાઈ દેસાઈ આણી કંપનીને યાદ કરી લઈએ. ૧૯૨૫ની સાલમાં 'શારદા ફિલ્મ કંપની'ની સ્થાપના કર્યા બાદ તેમણે પ્રથમ ફિલ્મ રજૂ કરી. (મૂંગી) 'બાજીરાવ મસ્તાની' ફિલ્મ બન્યા પછી બુકિંગ માટે અને અન્ય બાબતોમાં મયાશંકર ઠક્કર ઍન્ડ કંપની મહત્ત્વનો ભાગ ભજવતી રહી.

આ જ શારદા કંપનીએ ઢગલાબંધ મૂક ફિલ્મો (પચાસ જેટલાં નામની સૂચિ મારી સામે પડી છે.) બનાવ્યાં પછી, ૧૯૩૩માં બોલતી ફિલ્મ 'વિક્રમ ચરિત્ર' બનાવીને તહલકો મચાવેલો. ખૂબીની વાત એ છે કે સમગ્ર ભારતમાં પ્રચલિત બનેલી એ ફિલ્મનું લેખન ગુજરાતી ચિમનલાલ લુહારે કરેલું.

તેમજ આ 'વિક્રમ ચરિત્ર' ફિલ્મનું ડિરેક્શન શ્રી હર્ષદરાય એમ. મહેતાએ સંભાળેલું. આ લુહાર-મહેતા જોડીએ અન્ય ડઝનબંધ સફળતમ ફિલ્મો બનાવીને હલચલ મચાવી દીધેલી. ફિલ્મ 'શરત પૂનમ'માં આ જ જુગલજોડીએ માસ્ટર વિઠ્ઠલને







હીરો તરીકે ચમકાવેલો. આ એ જ હીરો કે જેણે ૧૯૩૧ની પ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા'માં કામ કરેલું. તો 'શરતપૂનમ' ફિલ્મ બાબતે ફિલ્મી ઈતિહાસ એકદમ ચૂપ કેમ રહી ગયો હશે ?

લુહાર-મહેતા જોડીએ અમુક મૂક ફિલ્મો બનાવેલી તેનાં નામ જાણવા જેવાં છેઃ (૧) બ્લેક રાઈડર, (૨) હુરે હિંદ, (૩) વનરાજ કેસરી, (૪) રોનક મહલ, (૫) કાળો વાઘ, (૬) તીરંદાજ, (૭) સોલંકી શમશેર , (૮) ધરતીકંપ, (૯) ભારતવીર અને અન્ય ફિલ્મો.

આ દરેક ફિલ્મ એવી હતી કે જેની બુકલેટનાં લખાણ પરથી ભારતની ચારે દિશામાં ફિલ્મોને મળતા આવકારનો ખયાલ આવતો. પરંતુ લુહાર-મહેતા જોડીના નામને જોઈએ એટલી પ્રસિદ્ધિ નથી મળી શકી એ એક હકીકત છે.

એક બીજી વાતઃ 'શાહજહાં' ફિલ્મ મૂગી ફિલ્મ તરીકે ઉતારવામાં આવેલી (કે. એલ, સાયગલની ફિલ્મ તો પછીથી બની). આ શાહજહાં ચલચિત્ર બનાવનારા ડિરેક્ટરોનાં નામની સૂચિમાં - જૂની દસ્તાવેજી માહિતી પ્રમાણે બે નામ હતાંઃ એક નામ હતું ગુજરાતી પારસી અરદેશર ઈરાની અને બીજું નામ હતું નવલ ગાંધી - નવલ ગાંધી એ ફિલ્મના મોટા ડિરેક્ટર જ નહોતા, પરંતુ એ 'શાહજહાં' ફિલ્મના લેખક પણ હતા. પરંતુ આ બાબતથી આજે માહિતગાર કોણ હોય ?

અરે, નવલ ગાંધીએ અન્ય 'દેવદાસી' અને 'વીર રાજપૂત' નામની જે ફિલ્મો બનાવેલી એ બંને ફિલ્મમાં ઝુબેદા-બાનુ ને હીરોઈન તરીકે લીધેલી જે ૧૯૩૧ની પ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા'ની હીરોઈન બનેલી. પરંતુ 'દેવદાસી' અને 'વીર રાજપૂત'માં ચમકા-વનાર નવલ ગાંધી ડિરેક્ટર-લેખકને કોણ ઓળખે છે ?


ચિમનલાલ એમ. લુહાર

આવી જ એક બીજી વાત ઈન્દુચાચાની. નયા ગુજરાતના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકને કોણ ન ઓળખે ? ગુજરાતભરમાં અને ભારતભરમાં આ નામ ગર્વ સાથે લેવાય છે એ કબૂલ-મંજૂર, પરંતુ આ જ ઈન્દુલાલ યાજ્ઞિકે ઈ.સ. ૧૯૨૮ની સાલમાં જે મૂગી ફિલ્મ બનાવીને મુંબઈમાં રજૂ કરેલી, (જેનું નામ હતું - 'પાવાગઢનું પતન'- જી હાં, આ એ જ સાચું ફિલ્મનું નામ છે, જે હાલની ગુજરાતી ફિલ્મની ચોપડીઓમાં 'પાવાગઢનો પ્રલય' બનીને પ્રચલિત બન્યું છે. પરંતુ હકીકતમાં 'પાવાગઢનું પતન' જ્યારે ઈન્દુલાલ યાજ્ઞિકે રજૂ કરેલી, ત્યારથી જ કદાચ અંગ્રેજી શાસનના પતનની ઘડીઓ ગણાવી શરૂ થઈ ગયેલી, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

ઈન્દુલાલ યાજ્ઞિકે એ પછી તો બીજા જ વર્ષે ૧૯૨૯માં 'યંગ ઈન્ડિયા' ઉર્ફે 'જય ભારતી' ફિલ્મ બનાવીને રજૂ કરતાં એક જુદો જ માહોલ ઊભો થઈ ગયેલો. શારદા ફિલ્મના સહયોગથી શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે આ 'જય ભારતી' બનાવેલી. આ ફિલ્મમાં પણ હીરોઈન તરીકે ઝુબેદાબાનુને ચમકાવવામાં આવેલી (જે આગળ જણાવ્યા પ્રમાણે ૧૯૩૧ 'આલમઆરા'ની હીરોઈન તરીકે પ્રખ્યાતિ પામી.) કહેવાનું એટલું જ કે આ ઝુબેદાબાનુ પાસેથી પ્રથમ તો ઈન્દુલાલ યાજ્ઞિકે જ કામ લીધું ગણાયને ? 'જય ભારતી' રજૂ થયા બાદ આજથી સિત્તેર વર્ષ પહેલાંના મુંબઈથી નીકળતા એક સામયિકમાં જણાવાયું છે કે શ્રી યાજ્ઞિકની દેશભક્તિ અને યુવાનોના આદર્શો પ્રત્યેની સહાનુભૂતિએ જ આટલી સુંદર ફિલ્મ રજૂ થઈ શકી છે. અને ત્યાર બાદનો સમય ફિલ્મી ઝાકમઝોળથી દૂર રહી ઈન્દુલાલ યાજ્ઞિક સાચા દેશભક્ત બનીને નયા ગુજરાતના પ્રણેતા બની રહ્યા.

એક મહત્ત્વપૂર્ણ ફિલ્મ જે ઈ.સ. ૧૯૩૯ની સાલમાં રજૂ થયેલી. મૂળ ગુજરાતી વાર્તાના આધારે તૈયાર થયેલી એ ફિલ્મના લેખક હતા સ્વ. ગુણવંત આચાર્ય. એ ફિલ્મમાં હીરો તરીકે હતા સ્વ. પૃથ્વીરકાજ કપૂર. જી હાં ! પૃથ્વીરાજ કપૂર આ



'પાવાગઢનું પતન'ના નાયક નવીનચંદ્ર

ફિલ્મના હીરો હતા અને હીરોઈન હતી 'મુગલે આઝમ'ની જોધા-બાઈ યાને દુર્ગાખોટે. રણજિત મુવીટોન કંપની દ્વારા પ્રસ્તુત એ ફિલ્મનું નામ હતું 'અધૂરી કહાની'. આ ફિલ્મના ડિરેક્ટર ચત્રભુજ દોશી ગુજરાતી જ હતા.

રણજિત મુવીટોન દ્વારા રજૂ થયેલી એક અન્ય ફિલ્મ જે ૧૯૪૦ દરમ્યાન બનેલી, તે ફિલ્મનું નામ હતું 'અછૂત' (જી હાં, 'અછૂત કન્યા' નહીં) આ 'અછૂત' ફિલ્મમાં ગૌહરે પોતાના અભિનયથી ફિલ્મને સારી ખ્યાતિ અપાવેલી. પ્રસ્તુત ફિલ્મમાં અન્ય જાણીતું નામ હતું મોતીલાલ. આ 'અછૂત' ફિલ્મના નિર્દેશક રહેલા ચંદુલાલ શાહ જે ત્યાર બાદનાં વર્ષોમાં સરદાર ચંદુલાલ શાહ તરીકે જાણીતા બનેલા.

૧૯૩૨ની અજીબોગરીબ વાતઃ

જાણીતા સાહિત્યકાર સ્વ. રમણલાલ વ. દેસાઈએ ગુજરાતીમાં એક નવલકથા આ સમયમાં (૧૯૩૨) લખેલી. નવલકથાનું નામ હતું 'પૂર્ણિમા'.

આ નવલકથાના વિષયવસ્તુની જાદુઈ અસર એ રહેલી કે એક જ વર્ષમાં એની બીજી આવૃત્તિ બહાર પડેલી. ત્યાર બાદ ચાર વર્ષ પછી આ જ નવલકથાની ત્રીજી આવૃત્તિ પણ બહાર પડેલી. આ નવલકથાની ત્રીજી આવૃત્તિમાં ઝીણવટથી જોતાં જણાય છે કે એની પ્રસ્તાવનામાં લેખકે પોતે પ્રકાશન સંસ્થા આર.આર.શેઠની કંપનીનો અને વાચકોનો આભાર માનતાં આગળ ઉમેરેલું કે - 'આ કૃતિનું બોલપટ તૈયાર થાય છે, કદાચ પુસ્તકમાં સમાયેલા વિષયને આભારી હશે. આ કૃતિનું હિંદીમાં થયેલું ભાષાંતર પ્રાંતીય સમભાવની જાગૃતિના ચિહ્નરૂપ છે. - આદિ.' આ જ પુસ્તક 'પૂર્ણિમા'નું પુનઃમુદ્રણ - બારમું પુનઃમુદ્રણ તાજેતરમાં થયું છે, જે હાલમાં આર.આર.શેઠની કંપનીમાં ઉપલબ્ધ છે. આટલી વાત પછી આના ઉપરથી બનેલ આ જ નામની 'પૂર્ણિમા' ફિલ્મ અંગેની વાત થોડી શોધખોળ, મથામણ અને તપાસ પછી મળેલ દસ્તાવેજી માહિતીના આધારે જણાવું તો કહી શકું કે આ 'પૂર્ણિમા' ફિલ્મ ૧૯૩૮ દરમ્યાન પ્રકાશ પિક્ચર્સ દ્વારા રજૂ કરવામાં આવેલી.

આ ફિલ્મમાં ગુજરાતી કસબીઓએ પરદા પાછળ રહીનેય એમની કલાકારીગરીને ઉજાગર કરી બતાવી હતી. આ ફિલ્મનું સમગ્ર આર્ટ ડિરેકશન સ્વ. કનુ દેસાઈએ સંભાળેલું, જ્યારે ફિલ્મના સેટિંગમાં જાગનાથ મિસ્ત્રી રહેલા, તો બીજી બાજુ શ્રી ઝેડ.એ.સોલંકી આ ફિલ્મના કૉસ્ચુમ ડિઝાઈનર રહેલા. પ્રોડકશન એક્ઝુક્યુટિવ બાલચંદ્ર શુક્લ હતા અને ફિલ્મની મહત્ત્વપૂર્ણ જવાબદારી ડિરેક્ટર તરીકેની અદા કરેલી શ્રી વિજયશંકર ભટ્ટે.



માસ્ટર વિઠ્ઠલ

'પૂર્ણિમા' ફિલ્મનાં ગીતો એચ.એમ.વી. કંપનીની રેકર્ડમાં સંગૃહિત થયેલાં, જેની કુલ સંખ્યા હતી ૧૪. અને આ ચૌદ ગીતોની બંદિશ સંપૂર્ણપણે શાસ્ત્રીય સંગીત પર આધારિત હતી. મતલબ કે જુદા જુદા શાસ્ત્રીય રાગ ઉપરથી દરેક ગીત બનાવવામાં આવેલું, સંગીતકારનું નામ જાણીને વાચકોને તાજજુબ થશે કે આ ફિલ્મમાં સંગીત આપેલું શંકરરાવ વ્યાસે.

શંકરરાવ વ્યાસ આ એ જ સંગીતકાર કે જેને પ્રખ્યાત ગાયિકા આશા ભોંસલેએ ગુરુપદે સ્થાપેલા.

આજે આ 'પૂર્ણિમા' ફિલ્મનો ઉજાસ અતીતના અંધકારની કાલિમામાં ખોવાઈ ગયો છે. પરંતુ એ ફિલ્મની બીજી વાત જાણીને આનંદ થશે :

'પૂર્ણિમા' ફિલ્મની હીરોઈને કલાત્મક ઘરેણાંઓ પહેરેલાં એ તમામ ઘરેણાંની ડિઝાઈન સ્વ. કનુ દેસાઈએ બનાવેલી. (દસ્તાવેજી માહિતીના આધારે) ઘરેણાં બનાવનાર સોનીની પેઢીએ મુંબઈમાં આ ફિલ્મ રજૂ થયા બાદ જાહેરાત કરેલી કે ફિલ્મ 'પૂર્ણિમા'ની અંદર પ્રદર્શિત ઘરેણાં જે કોઈ પ્રેક્ષકને બનાવરાવવાં હશે, તેને ઑર્ડર પ્રમાણે બનાવી આપવામાં આવશે. આ સોનીની પેઢી એ બીજી કોઈ નહીં પરંતુ ભાવનગરના નરોત્તમદાસ ભાઉની પેઢી હતી.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ગુજરાતીઓનો ફાળો કેટલો હતો એ જણાવતાં નામોની સૂચિ લાંબી છે, પરંતુ આ લેખની સમાપ્તિમાં એક અપેક્ષા રાખી શકાય કે ગુજરાતી ફિલ્મોની અત્યારની હાલત તો સુધરતાં સુધરશે, જ્યારે ભૂતકાળમાં જે ગુજરાતીઓ ફિલ્મ-ઉદ્યોગનો પાયો - બુનિયાદ - બનીને રહી ગયા છે તેમની યોગ્ય કદર કરવા માટે કે પછી આ બધી વ્યક્તિઓની એક વિશેષ યાદગીરી માટે કમસે કમ આપણે ગુજરાતીઓ કમર કસીને કશુંક નવીન કરીએ તો જ ગુજરાતી પ્રજા અને નામદાર ગુજરાત સરકાર તરફથી આ બાબતે કશુંક નક્કર બને એવું આ તબક્કે ખૂબ જ જરૂરી છે. આ ગુજરાતી નરબંકાઓની તો જ સાચી મુલવણી કરી ગણાશે. □

શામળાજી
૧



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લામાં આવેલું વૈષ્ણવ સંપ્રદાયનું આ યાત્રાધામ. ગુજરાત રાજ્યના ઈશાન છેડા પર અરવલ્લી પર્વતમાળાની દક્ષિણ ભાગની ટેકરીઓ વચ્ચે શામળાજીનું આ પુરાતન, પ્રસિદ્ધ યાત્રાધામ રાજસ્થાન-ગુજરાત સરહદે મેશ્વો નદીના કાંઠા પર આવેલું છે. તેની આજુબાજુ વસેલા ગામનું નામ પણ શામળાજી છે.

અહીં શિવાલય તથા દેવી સુમંગલાનાં, ત્રિલોકનાથ અને રણછોડરાયનાં તથા કાશીવિશ્વનાથનાં મંદિરોમાં ગદાધર ભગવાન વિષ્ણુ અથવા શામળાજીનું મંદિર અલગ તરી આવે છે. કોટથી રક્ષિત વિશાળ પરિસર અને ભવ્ય સ્થાપત્ય ધરાવતા આ મંદિરમાં શ્યામવર્ણા, મનોહર, ૧.૫ મીટર ઊંચી ગદાધરની ચતુર્ભુજ મૂર્તિ સ્થાપિત કરેલી છે. દર પૂનમે આ યાત્રાધામમાં દર્શનાર્થીઓની ભીડ જામે છે. દર વર્ષે કારતક, મહા અને શ્રાવણની પૂનમે મેળો ભરાય છે, તે પૈકી કાર્તિકી પૂનમનો મેળો મોટો ગણાય છે; તેમાં હજારો યાત્રાળુઓ ભાતીગળ વસ્ત્રો પરિધાન કરીને ઊમટી પડે છે. ગુજરાત અને રાજસ્થાનના સાબરકાંઠા, ડુંગરપુર તથા વાંસવાડાનાં આદિવાસીઓને મેળો માણતા જોવા એ પણ એક લહાવો છે.

શામળાજીનું આ સ્થળ અતિ પ્રાચીન હોવાનું મનાય છે. કહેવાય છે કે અહીં કોઈ કાળે એક નગર અસ્તિત્વ ધરાવતું હતું, તેના પુરાવારૂપે અહીંનાં કોઈ કોઈ સ્થળેથી અસંખ્ય ભગ્નાવશેષો પણ મળી આવેલા છે. શામળાજીના સ્થાપક કે સ્થાપના વર્ષની કોઈ અધિકૃત માહિતી ઉપલબ્ધ નથી; તેમ છતાં આજથી આશરે ૧૫૦૦ વર્ષ અગાઉ અહીં નગરનું અસ્તિત્વ હોવું જોઈએ એવી એક ધારણા મુકાયેલી છે. બીજી પણ એક એવી માન્યતા પ્રવર્તે છે કે પ્રાચીન કાળમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રે વસાવેલું હરિશ્ચંદ્રપુરી નામનું નગર આ સ્થળે હતું. મેશ્વો નદીકાંઠે નાગધરો હતો, ત્યાં સ્નાનમાત્રથી અનેક જન્મનાં પાપ નાશ પામતાં; વળી આ નાગધરાના પવિત્ર સ્થળે નારાયણબલી અને પુત્રેષ્ઠી યજ્ઞ પણ થતા.

આજે આ નાગધરાના સ્થળે મેશ્વો બંધ બંધાયેલો જોવા મળે છે. તેની પાછળ તૈયાર થયેલા મેશ્વો જળાશયમાંથી સાબરકાંઠા અને ખેડા જિલ્લાના કેટલાક ભાગોને સિંચાઈની સુવિધા મળે છે. મેશ્વો જળાશયથી ઉપરવાસની અમુક અંતર સુધીનો નદીપટ તેમજ ત્યાં આવેલું દેવની મોરીનું સ્થળ - જ્યાંથી બૌદ્ધસ્તૂપ, બૌદ્ધવિહાર તથા પ્રાચીન સિક્કા મળી આવેલા તે પુરાતત્ત્વીય સ્થળ ડૂબમાં ગયાં છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્ત્વવિભાગે બંધનું નિર્માણ થયું તે અગાઉ અહીં સંશોધન-ઉત્ખનન કરીને માહિતી એકત્ર કરેલી છે, તેના નમૂના ત્યાંના સંગ્રહાલયમાં જાળવી રાખવામાં આવેલા છે.

જૂનાગઢ નજીક આવેલા વંથળીના સુંદરદાસજી બારોટને જૂનાગઢના નવાબ જોડે અણબનાવ થતાં તેઓ વંથળી છોડીને ૧૬૫૨માં ઈડર આવેલા. તેમની અસ્ખલિત વાણી અને ચતુરાઈભરી પ્રશંસાથી પ્રભાવિત થઈને તત્કાલીન ઈડર-નરેશ મહારાવ જશવંતસિંહજીએ તેમને શામળાજી, ખાલદા, નાપડા, મોગરી (મોંઘરી), દેવધર, જુલસર અને સુનસર ગામો બક્ષિસ આપેલાં. તે પછીથી તેમણે તે પૈકીનાં દેવધર અને જુલસર ગામો ગુમાવેલાં.

આ ગાળા દરમિયાન શામળાજીનું મંદિર નાથબાવાઓ સંભાળતા હતા. અમુક વર્ષો પછી ઓચ્છવરામ મીઠારામ કામદાર તેમજ ભિલોડાના મામલતદાર ઘેલાભાઈ સાથે ઈડરનરેશ મહારાવશ્રી જવાનસિંહજી ભગવાન ગદાધરનાં દર્શને આવેલા. તેમણે જોયું કે મંદિરમાં નિયમિત પૂજા-અર્ચના થતાં નથી, તેથી તેમણે નાથબાવાને યાત્રા કરવા જવા સમજાવીને બહાર મોકલી આપ્યા અને સુંદરદાસજી બારોટના પુત્રો રામજીભાઈ-શામજીભાઈને પૂજાનું કામ સોંપ્યું. આ માટે બારોટજીએ મોડાસાના ઔદુમ્બર બ્રાહ્મણ શિવરામભાઈને થોડા વખત પછી ધૂળેટાના તપોધનને બોલાવેલા. તે પછીથી ૧૭૧૨ના અરસામાં મંદિરની પૂજાનું કામ જગતાજી અને વક્તાજીને હસ્તક રહેલું.

૧૯૦૫માં ઈડરનરેશ મહારાવ કર્નલ પ્રતાપસિંહજીએ જોયું કે શામળાજી મંદિરની પૂજા યોગ્ય રીતે થતી નથી, તેથી બારોટના વંશવારસો પાસેથી તેમને અપાયેલાં ગામ ખાલસા કરી લીધાં. મંદિરનો સમગ્ર વહીવટ વૈષ્ણવોને સોંપ્યો અને વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલી મુજબ ભગવાન ગદાધરની પૂજા થતી રહે એવો આદેશ કર્યો. ત્યારથી શામળાજી મંદિરનો વહીવટ વૈષ્ણવો સંભાળતા આવ્યા છે. ૧૯૫૧માં જાહેર ટ્રસ્ટ દ્વારા ક્રમાંક એ-૧૪૮ મુજબ આ મંદિરની નોંધણી પણ થયેલી છે. તે પછીથી ગુજરાતના દાનવીર શેઠશ્રી મફતલાલ ગગલભાઈ અને બોલુન્દ્રા આશ્રમના સંતશ્રી અગ્નિહોત્રી કૃષ્ણરામભાઈના પુત્ર જ્યોતિષાચાર્ય શ્રી શુકદેવપ્રસાદજી હસ્તક વહીવટ ચાલે છે.

(અનુસંધાન પૃ. ૯૯૧)

જીવનનો ઉદ્ભવ

(એક વૈજ્ઞાનિક સર્વેક્ષણ)

૨. પૃથ્વી ઉપર જીવનનો ઉદ્ભવ

ડૉ. જે. પી. ત્રિવેદી

જીવનનો પૃથ્વીબાહ્ય ઉદ્ભવ (Extraterrestrial Origin) : કેટલાક સંશોધકોનું માનવું છે કે જીવનના આવશ્યક ઘટકો બનાવવાને બદલે કદાચ જીવન અવકાશમાંથી સીધું જ ઊતરી આવ્યું હોઈ શકે.

સ્વીડનના સ્વાન્તે આર્હેનિયસે ૧૯૦૮માં સૂચવેલું કે અન્ય વિશ્વમાંથી તારાઓના વિકિરણદબાણ દ્વારા પૃથ્વી ઉપર ફેંકાયેલા બીજ દ્વારા અહીં જીવન શરૂ થયું. આને panspermia- અધિતર્ક- કહે છે. ફ્રાન્સિસ ક્રીકે તેમના પુસ્તક 'Life Itself' માં ૧૯૮૧માં આ વિચારને ફરી વિકસાવ્યો. તેમણે 'directed panspermia' વિચાર રજૂ કર્યો, જે મુજબ અન્ય સૂર્ય-મંડળોમાંથી અવકાશમાં બીજાણુ મોકલાવાયેલ હોય, જેનો આશય જીવન ટકાવી શકે તેવા અનુકૂળ ગ્રહો ઉપર તે ઊતરીને ફાલી શકે. જીવન માટે આવશ્યક કાચો માલ - કાર્બનિક અણુઓ - અવકાશમાં બની શકે તે હકીકત છે. અંતરાતારાકીય વાયુવાદળો (interstellar gas clouds)માં ખગોળવિજ્ઞાનીઓને મિથેનોલ, ફોર્માલ્ડીહાઇડ તથા હાઇડ્રોજન સાઇનાઇડ (HCN) હોવાની સાબિતી મળી આવી છે. આમાં HCN તો એમીનો ઍસિડ ઉપરાંત અનેક કાર્બનિક પદાર્થો બનાવવા માટેનું આદર્શ રસાયણ છે. એવી અટલ સાબિતીઓ મળે છે કે પૃથ્વીબાહ્ય (extraterrestrial) કાર્બનિક પદાર્થો પૃથ્વી ઉપર પડ્યા હોય. ઉલ્કા-પિંડ (meteorites) સ્વરૂપે જે ખડકો પૃથ્વી ઉપર પડે છે તેના વિશ્લેષણ દ્વારા આપણે પૃથ્વીબાહ્ય કાર્બનિક રસાયણ અંગે જાણી શકીએ છીએ. આવા ઉલ્કાના ટુકડાઓ અનેક પ્રકારે ઉદ્ભવ્યા હોય. મોટા ભાગના ક્ષુદ્રગ્રહ (asteroid) પટ્ટીમાંથી [મંગળ અને ગુરુ વચ્ચે આવેલા ખડકાળ પદાર્થોનાં આવરણો] આવ્યાં હોય છે. બહુ થોડાં આપણી આંતર સૂર્યમંડળ પ્રણાલિની બહાર ભમતાં હોય છે; અને ભાગ્યે જ પૃથ્વી નજીક આવી પસાર થઈ જાય છે, કે પૃથ્વી સાથે અથડાઈ પડે છે. ૧૯૦૮માં સાઇબિરિયાના તુંગુસ્કા સરોવર ઉપર વાતાવરણમાં આવો એક પ્રચંડ ધડાકો થયેલો, જેના લીધે તેની ફરતે માઇલો સુધીનાં વૃક્ષો ધરાશાયી થઈ ગયેલાં. આશરે ૧૦ મીટર વ્યાસવાળા એક ક્ષુદ્રગ્રહના આઘાતથી આમ થયું હશે તેવું માનવામાં આવે છે. આટલા પરિમાપ (scale, પ્રમાણ)ની ઘટના દર ૨૫૦ વર્ષે એક વાર થતી હોય છે. પરંતુ મોટામસ ક્ષુદ્રગ્રહોના પૃથ્વી ઉપરના આઘાતથી તો મહાભયાનક વિનાશ જ થાય. ૧૦ કિ.મી. વ્યાસ ધરાવતા ક્ષુદ્રગ્રહ દ્વારા થતો આઘાત એક મેગાટન ક્ષમતાવાળા દસ કરોડ ન્યૂક્લિઅર પ્રક્ષેપાસ્ત્ર કરતાં વધુ ઊર્જા પેદા કરી શકે છે, જેને પરિણામે આખી માનવજાતનો નાશ થઈ શકે.

ઉલ્કાપિંડનો બીજો સ્રોત ધૂમકેતુઓ છે. તેઓ ખૂબ દૂર દૂરથી આવતા હોય છે. પ્લુટો ગ્રહથી પણ દૂર બે પ્રકાશવર્ષ કે વધુ ત્રિજ્યા ધરાવતું એક ઊર્ટ (Oort)વાદળ આવેલું છે. ઊર્ટવાદળ સૌરમંડળ ફરતું લગભગ ૧ પ્રકાશવર્ષના અંતરે આવેલું છે જેમાં અબજો ધૂમકેતુઓ - જેનું કુલવજન પૃથ્વીના વજન જેટલું થાય રહેલા છે. ઊર્ટવાદળમાંના પદાર્થો સૂર્યના મંદ ગુરુત્વાકર્ષણથી ત્યાં રહેલા હોય છે. આ પદાર્થો અન્ય તારાઓનું ગુરુત્વાકર્ષણ પણ અનુભવતા હોય છે. નજીકથી પસાર થઈ રહેલા તારાના ગુરુત્વાકર્ષણથી તેમને ધક્કો લાગતાં આપણા સૂર્યમંડળમાં ધૂમકેતુ સ્વરૂપે આ પદાર્થો પ્રવેશી જાય છે. હેલીનો ધૂમકેતુ આપણી પૃથ્વીની કક્ષાની નજીક ચોક્કસ સમયાંતરે આવીને પાછો જતો રહે છે; પરંતુ કોઈ વાર કોઈ ધૂમકેતુ ગ્રહ સાથે અથડાઈ પણ પડે. શૂમેકર-લેવીન નામનો ધૂમકેતુ જુલાઈ ૧૯૯૪માં આ રીતે ગુરુ ગ્રહ સાથે અથડાઈ પડવા ધસી ગયેલો. પૃથ્વીનાં પ્રારંભનાં વર્ષોમાં આવા મોટા ઉલ્કાપિંડો પૃથ્વી ઉપર પડેલા જેની સાબિતી આજે પણ ચંદ્રની સપાટી ઉપર દેખાય છે. પૃથ્વી ઉપરના આવા આઘાત પૃથ્વીના પોપડામાં સંચલનજન્ય ભૂ-તક્તી(tectonic plates) ખસવાથી થતા ફેરફારને લીધે જણાતા નથી. પરંતુ જે કંઈ નિશાનીઓ આજે રહી છે તેમાંની એક એરિઝોનામાંનો વિવર (ગર્ત) છે જે બે કિલોમીટરનો વ્યાસ ધરાવે છે. ચાલીસ કિલોમીટરમાં ફેલાયેલા બેરન્ટ્સ સમુદ્રમાંનો ખાડો આશરે ૪ કરોડ વર્ષો અગાઉ જંગી આઘાતથી બન્યો છે તેવું માનવામાં આવે છે. પૃથ્વી ઉપર આવા ભારે આપાતો લગભગ ૩૫૦ કરોડ વર્ષો અગાઉ અટકી ગયા, જે દરમ્યાન જીવન કદાચ શરૂ થઈ ગયું હશે.

જીવાવશેષોનો રેકર્ડ સૂચવે છે કે આ ગ્રહ ઉપર ૧૫ થી ૨૦ કરોડ વર્ષો સુધી વિહાર કરેલા ડાયનોસોર અચાનક જ ૬.૫ કરોડ વર્ષ અગાઉ ક્રીટેશિયસ કાળના અંત ભાગમાં નષ્ટ થઈ ગયાં. આવું રાક્ષસી ઉલ્કાપિંડોના પ્રચંડ વર્ષણથી થયેલું તેમ ૧૯૮૦માં કૅલિફોર્નિયા વિશ્વવિદ્યાલય, બર્કલીના પ્રોફેસર વૉલ્ટર આલ્વારેઝ દ્વારા સૂચવાયું હતું. તે સમયના દટાયેલા નિક્ષેપના અભ્યાસમાં ઇરિડિયમ તત્ત્વ સારા પ્રમાણમાં મળ્યું છે. પૃથ્વી ઉપર ઇરિડિયમ (Ir) બહુ જૂજ પ્રમાણમાં છે, પરંતુ ધૂમકેતુઓમાં તે સારા પ્રમાણમાં જણાયું છે. આલ્વારેઝે સૂચવ્યું કે ૧૦ કિલોમીટર વ્યાસ ધરાવતા ધૂમકેતુના આઘાત દ્વારા Ir

ધરાવતી રજ વાતાવરણમાં ફેલાઈ ગયેલી જેનાથી પૃથ્વીના વાતાવરણમાં મોટા ફેરફારો થયા; પરિણામે ડાયનોસોરનું અસ્તિત્વ થોડા દસકાઓમાં જ મટી ગયું. મૅક્સિકોમાં Chicxulub (ચીકુલુબ) સ્થળેથી મળેલા જીવાવશેષ આની સાબિતી છે.

ઉલ્કાપિંડોમાંથી કાર્બનિક અણુઓ: ૧૯૬૦માં એવું સાબિત થયું છે કે કેટલાક કાર્બનયુક્ત કોન્ડ્રાઇટ્સ વર્ગના ઉલ્કાપિંડો કાર્બનિક સંયોજનોથી ભરપૂર હોય છે. કેટલાક ઉલ્કાપિંડો જીવાવશેષ વનસ્પતિથી ભરપૂર હતા. ૧૯૬૬માં હૅરોલ્ડ યૂરેએ દાવો કરેલો કે ઉલ્કાપિંડમાંથી મળેલાં દ્રવ્યોમાંથી તેમણે હજી જીવંત રહેલા જીવાણુઓ શોધ્યા છે. આ દાવો સાબિત થઈ શક્યો નહિ કારણ કે તેમના નમૂનાઓ પૃથ્વીના જીવાણુઓથી સંદૂષિત (contamination) થયેલા હતા.

શ્રીલંકાના રસાયણજ્ઞ સીરીલ પોન્નમપેરૂમા નાસાના કૅલિફોર્નિયા-સ્થિત Ames Research Centerમાં સંશોધન કરતા હતા. ઑસ્ટ્રેલિયાના મરચીન્શન ખાતે ૧૯૬૯માં ત્રાટકેલા એક ઉલ્કાપિંડનું વિશ્લેષણ કરતાં તેમણે નાના નાના એમિનોઍસિડની હાજરી શોધી કાઢેલી. પૃથ્વી ઉપરના જીવોમાં બધાં જ એમિનો ઍસિડ [અપવાદ : ગ્લાયસીન] પ્રકાશ ક્રિયા-શીલતા [વસ્તુ $^{L+D}$- પ્રતિબિંબ સ્વરૂપના બે પ્રકાર] દર્શાવે છે. પરંતુ કુદરતમાં તો આ બે સ્વરૂપમાંથી માત્ર એક જ પ્રકાર (L) મળે છે. પોન્નમપેરૂમાનું વિશ્લેષણ દર્શાવે છે કે મરચીન્શન એમિનો ઍસિડના નમૂનાઓ (L) તથા (D)નું સમાન મિશ્રણ હતું. ઉલ્કાપિંડમાંના એમીનો ઍસિડમાં કાર્બનના ભારે સમસ્થાનિક C^{14} નું પ્રમાણ વધુ હતું. વળી, આ નમૂનાઓમાંનાં ઘણાં એમીનોઍસિડ જીવંત પ્રાણીઓ દ્વારા બનતાં નહોતાં. કુદરતમાં માત્ર એમીનો ઍસિડ જ મળે છે, જ્યારે મરચીન્શન કોન્ડ્રાઇટ્સમાં ૭૪ પ્રકાર શોધી કઢાયા છે. આનું તાત્પર્ય એ કે કોઈક રીતે પૃથ્વીબાહ્ય પદાર્થો [ક્ષુદ્રગ્રહો તથા ધૂમકેતુ] ઉપર એમિનો ઍસિડ બન્યા હોવા જોઈએ, જે ઉલ્કાપિંડો દ્વારા પૃથ્વી ઉપર આવ્યાં હશે. ઓપારીન-હાલ્ડેન અધિતર્કનો આ બીજો વિકલ્પ છે.

અહીં જહોન ડી. બૅરોનું ડી.એન.એ.ને લગતું મંદાકિનીય દૃશ્ય પણ જોઈ લેવું જોઈએ.

'ઉત્ક્રાન્તિની એક અન્ય રસિક બાજુ ખગોળશાસ્ત્ર દ્વારા પ્રકાશિત થઈ છે. આપણી જીવંત પ્રણાલિનું બંધારણ કાર્બન તત્ત્વ ઉપર આધારિત છે. અનેક જૈવરસાયણજ્ઞો માને છે કે આ સિવાય કોઈ અન્ય આધાર સંભવિત નથી. તો આ કાર્બન આવ્યો ક્યાંથી ? કાર્બનનું ઉદ્ગમ તારાઓની મધ્યમાંથી થયું જ્યાં તાપમાન લાખો અંશ હોય છે. તારાઓ જ્યારે તેમના અંતકાળે પહોંચે ત્યારે વિસ્ફોટ પામે છે અને તેમનામાંનો કાર્બન અવકાશમાં તથા અન્ય ગ્રહો તેમજ ઉલ્કાપિંડો ઉપર વિખેરાઈ જાય છે. આવી તારાકીય કીમિયાગિરી દ્વારા કાર્બન તથા અન્ય ભારે તત્ત્વો (N,O) બનવાનો સમય અબજો વર્ષોનો થાય. આવા અતિશય લાંબા સમય બાદ જ જીવન માટે આવશ્યક બંધારણીય ઘટકો બનવા શરૂ થયા અને ત્યાર બાદ જ જૈવરસાયણ શરૂ થયું. આમ જીવન એવા વિશ્વમાં શક્ય છે જે ઓછામાં ઓછું એક અબજ વર્ષ જૂનું છે. એ પણ નોંધનીય છે કે વિશ્વ વિસ્તરતું જતું હોવાને લીધે આનો અર્થ એવો થાય કે જીવન માત્ર એવા સ્થળે જ ઉદ્ભવી શકે જે ઓછામાં ઓછા એક અબજ પ્રકાશવર્ષ જેટલો વિસ્તાર (પરિમાપ) ધરાવતું હોય. વિશ્વની આ અતિ વિશાળતા તેમાંના જીવન સાથેની ગૂંથણીમાંથી બહાર ન નીકળી શકાય તેવી છે.'

આનાથી વધુ વિસ્મયકારી શોધ ૧૯૮૯માં સાનડીએગોના કૅલિફોર્નિયા વિશ્વવિદ્યાલયના માઇકશુન ઝાઓ તથા જેફરી બાડા દ્વારા થઈ છે, જે સૂચવે છે કે પૃથ્વીબાહ્ય કાર્બનિક પદાર્થો પૃથ્વી ઉપર ધૂમકેતુઓ મારફતે આવ્યા છે. આ બંને ભૂસ્તરશાસ્ત્રીઓ ક્રિટેશિયસકાળના અંત સમયે તથા ટર્શરી કાળની શરૂઆતમાંના નિક્ષેપોનો અભ્યાસ કરીને આ તારણ ઉપર આવ્યા છે. ઝાઓ તથા બાડાના સંશોધન અગાઉ પણ કે ડેન્માર્કમાં સ્ટીવન્સ ક્લિન્ટ(Stevns Klint) ખાતે મળેલ નિક્ષેપીય મૃદમાં સારા પ્રમાણમાં Ir (ઇરિડિયમ) મળેલું જે તે સમયે ઉલ્કાપિંડોના આઘાતો સૂચવે છે. પરંતુ ઝાઓ તથા બાડાને Ir ઉપરાંત તેમાં સારા પ્રમાણમાં એમિનો ઍસિડ પણ મળ્યાં. તેઓએ શોધી કાઢેલાં એમિનો ઍસિડ પૃથ્વી ઉપરના જીવોમાં અતિ વિરલ હતાં. પરંતુ કાર્બનયુક્ત કોન્ડ્રાઇટ્સમાં સામાન્ય હતાં. આ સૂચવે છે કે એમીનો ઍસિડ પૃથ્વી ઉપર કોઈ રાક્ષસી ઉલ્કાપિંડ દ્વારા આવ્યાં હશે અને તે સમયે તેના લીધે ડાયનોસોર નાશ પામ્યાં હશે. હવે તો ઘણાં ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે કે ઉલ્કાપિંડો દ્વારા પૂર્વેની પૃથ્વી ઉપર ઠીક ઠીક પ્રમાણમાં કાર્બનિક પદાર્થો આવ્યા હોવા જોઈએ. આ ઉલ્કાપિંડોવાળો સ્રોત ભારે પ્રપાતો અટક્યા ત્યારે ધીરે ધીરે સુકાઈ ગયો હશે, પરંતુ તે ગાળા દરમ્યાન ગ્રહ ઉપર જીવને પગદંડો જમાવી દીધેલો. ઉલ્કાપિંડોના પ્રપાતોએ વાતાવરણમાં યૂરે-મીલર પ્રકારની પ્રક્રિયાઓ માટે પૂરતી ઊર્જા પૂરી પાડી હશે.

૧૯૯૨માં શૉફ દ્વારા વાયવ્ય ઑસ્ટ્રેલિયામાંના ઍપેક્ષ ચર્ટમાંથી ૩.૪૬ અબજ વર્ષ જૂના સૂક્ષ્મજીવાવશેષો શોધાયા જેમાંના કેટલાક સાયનોબેક્ટિરીઆ જેવા જણાયા (આ પ્રકારના જીવાણુઓ તળાવ યા સરોવર ઉપરના કચરા(scum)માં મળે છે.) આવાં , સાયનોબેક્ટિરીઆ(Oscillatoria)ની ક્ષમતા સૂર્ય-પ્રકાશની મદદથી Co_2નું ઊર્જા સમૃદ્ધ શર્કરામાં રૂપાંતર કરવાની

(અનુસંધાન પૃ. ૭૦૨)

મોટર-ઉદ્યોગ : એક આલેખ

ડૉ. જયકુમાર ર. શુક્લ

સમગ્ર વિશ્વમાં આજે તો કરોડો લોકોના ખાનગી વાહન-વ્યવહાર માટે મોટરગાડી સૌથી મહત્ત્વનું સાધન છે. વ્યવસાય કે નોકરી માટે જવા-આવવા, મિત્રો તથા સગાંસંબંધીઓને મળવા અને વૅકેશન માણવા બહારગામ જવા વાસ્તે લોકો પોતાની મોટરગાડીઓ પર આધાર રાખે છે. કંપનીઓ અને સરકારી સંસ્થાઓ તેમનાં વિવિધ કાર્યો માટે વ્યાપારી વાહનો પર આધાર રાખે છે. યુનાઇટેડ સ્ટેટ્સ, કૅનેડા, જપાન, પશ્ચિમ યુરોપના દેશો તથા વિકસિત રાષ્ટ્રોમાં સૌથી મોટી સંખ્યામાં મોટરગાડીઓ વપરાય છે. હવે ભારત, ચીન જેવા વિકસતા દેશોમાં પણ વધુ ને વધુ લોકો મોટરગાડીઓ વાપરતાં થયાં છે.

મોટરગાડી વાપરવાની શરૂઆત યુરોપમાં થઈ. પરંતુ વાહનવ્યવહારમાં તેનો મોટા પ્રમાણમાં સૌપ્રથમ ઉપયોગ યુનાઇટેડ સ્ટેટ્સમાં થયો. યુરોપમાં ત્યારે મોટરો હસ્તઉદ્યોગથી અને ઘણી મોંઘી બનતી, તથા થોડાં લોકોને તે પોષાતી હતી. ૧૯મી સદીનાં છેલ્લાં વર્ષોમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં રેન્સમ ઈ. ઓલ્ડ્ઝ, હેન્રી ફૉર્ડ તથા અન્ય અગ્રેસરોએ મોટી સંખ્યામાં મોટરગાડીઓ બનાવવા માંડી, તેમાં નવું મશીન બેસાડ્યું, તેને લોકોએ આવકાર્યું, કારણ કે તે અગાઉ ઘોડાથી ખેંચાતી ગાડીઓ વપરાતી હતી.

યુનાઇટેડ સ્ટેટ્સમાં મોટી સંખ્યામાં લોકો મોટરગાડીઓ ખરીદવા લાગ્યાં. તેથી થોડાં વર્ષોમાં ત્યાં પ્રચંડ મોટર-ઉદ્યોગનો વિકાસ થયો. અમેરિકન લોકો મોટરગાડીના પ્રેમમાં પડ્યાં એમ કહેવાય છે, અને યુનાઇટેડ સ્ટેટ્સ પૈડાં ઉપર ફરતું રાષ્ટ્ર બની ગયું ! મોટરગાડીએ લોકોના જીવનની રીતમાં ક્રાંતિ કરી. મોટરગાડીએ લોકોને જીવન જીવવાની, કામ કરવાની તથા ઇચ્છા પ્રમાણે અને સમયે પ્રવાસ કરવાની સ્વતંત્રતા આપી. તેનાથી શહેરોનાં પરાં, મોટેલો, વેપારનાં સંકુલો, ધોરી માર્ગો, ડ્રાઈવ-ઈન-રેસ્ટોરાં અને ડ્રાઈવ-ઈન-બૅન્કોનો વિકાસ થયો.

મોટર-ઉદ્યોગ દુનિયાના સૌથી મોટા ઉદ્યોગોમાંનો એક છે. તેમાં મોટા પ્રમાણમાં કાચો માલ વપરાય છે. માત્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં આ ઉદ્યોગમાં એક કરોડ વીસ લાખ માણસો કામ કરે છે. ત્યાં આ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર મિશિગન રાજ્યનું ડેટ્રોઇટ શહેર છે. તેમ છતાં બીજાં રાજ્યોમાં પણ આ ઉદ્યોગ વિકસ્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સ અને જપાનમાં સૌથી વધુ મોટરોનું ઉત્પાદન અને વેચાણ થાય છે. વધુ ઉત્પાદન કરતા અન્ય દેશોમાં જર્મની, ફ્રાંસ, સ્પેન તથા યુનાઇટેડ કિંગ્ડમનો સમાવેશ થાય છે. તે દેશોમાં તેનું વેચાણ પણ મોટી સંખ્યામાં થાય છે. વળી, યુનાઇટેડ સ્ટેટ્સમાં સૌથી વધુ મોટરો જનરલ મોટર્સ કૉર્પોરેશન તથા ફોર્ડ મોટર કંપની બનાવે છે. આ બે સહિત ત્રીજી ક્રાઈસ્લર કૉર્પોરેશન 'બિગ થ્રી' તરીકે ઘણાં વર્ષો સુધી જાણીતી હતી. છેલ્લે, ૧૯૯૮માં, જર્મનીની ડેઇમ્લર-બેન્ઝ કંપની સાથે ક્રાઈસ્લર જોડાઈ અને ડેઇમ્લર-ક્રાઈસ્લર એજી. આંતરરાષ્ટ્રિય કંપની બની. જર્મનીમાં એજી. ટૂંકું રૂપ કૉર્પોરેશન માટે વપરાય છે. આ મોટી કંપનીઓને બીજી સેંકડો કંપનીઓ જરૂરી માલ પૂરો પાડે છે. આ કંપનીઓ જુદાં જુદાં નામ હેઠળ, વિવિધ મોટરગાડીઓ અને ખટારાઓનું (ટ્રકો) ગ્રાહકોની આવશ્યકતાઓ ધ્યાનમાં રાખીને ઉત્પાદન કરે છે.



ટોયોટા મોટર કૉર્પોરેશનના સ્થાપક કાઇચિરો ટોયોટા

જપાનમાં મોટા પ્રમાણમાં ઉત્પાદન કરતી કંપનીઓમાં ટોયોટા મોટર કૉર્પોરેશન, નિશાન મોટર કંપની તથા હૉન્ડા મોટર કંપનીનો સમાવેશ થાય છે. જપાનમાં વાપરવા બનાવેલી જપાનીસ મોટરગાડીઓ કદમાં નાની, ઓછું ઈંધણ વપરાય એવી અને મર્યાદિત પાવરની બનાવવામાં આવતી; કારણ કે જપાન પૂર્ણપણે આયાતી ખનીજતેલ પર આધાર રાખે છે. વળી તેના મોટા ભાગના માર્ગો સાંકડા અને મોટી ગાડીઓ ન ચલાવાય એવા છે. જપાનમાંથી નિકાસ કરવા વાસ્તે વિવિધ પ્રકારની, ગ્રાહકોને અનુકૂળ ગાડીઓ પણ બનાવવામાં આવે છે.

યુરોપની ઘણી કંપનીઓ જપાન તથા યુનાઇટેડ સ્ટેટ્સની કંપનીઓ કરતાં ઓછી સંખ્યામાં મોટરોનું ઉત્પાદન કરે છે, કારણ કે તેમનું લક્ષ્ય વૈભવી અને સ્પૉર્ટ્સ કારનું નાનું બજાર કબજે કરવાનું હોય છે. આવા યુરોપીય ઉત્પાદકોમાં જર્મનીની બીએમડબલ્યૂ અને પોર્શનો સમાવેશ થાય છે. યુરાપના અન્ય ઉત્પાદકો પ્રતિવર્ષ લાખો ગાડીઓ બનાવે છે. તેઓમાં જર્મનીની વૉક્સવેગન, ફ્રાન્સની પ્યુજો અને રિનોલ્ત તથા ઇટલીની ફિયાટનો સમાવેશ થાય છે.

કેટલીક મોટી કંપનીઓ તેની માલિકીની અથવા તેના અંકુશ હેઠળ એકથી વધારે દેશોમાં મોટર કંપનીઓ ધરાવે છે. ઉ.ત. જર્મનીની વૉક્સવેગન વૈભવી ગાડીઓની ઉત્પાદક

જર્મનીની ઓડી અને યુ.કે.ની રૉલ્સરોઈસની માલિકી ધરાવે છે. ફૉર્ડ કંપની યુ.કે.ની જગુઆર તથા સ્વીડનની વોલ્વોની માલિકી ધરાવે છે. જપાનની મઝદા કંપનીમાં પણ ફૉર્ડ અંકુશ ધરાવે છે. ફ્રાન્સની રિનોલ્ત જપાનની નિશાનમાં મહત્ત્વનો હિસ્સો ધરાવે છે. યુનાઈટેડ સ્ટેટ્સની જનરલ મોટર્સ, સ્વીડનની સાબની માલિકી તથા જપાનની ઈસુઝુ અને સુઝુકી પર અંકુશ ધરાવે છે.

મોટરગાડીઓના ઉત્પાદન ઉપરાંત મોટરઉદ્યોગનું આર્થિક મહત્ત્વ ઘણું વધારે વિસ્તર્યું છે. આ ઉદ્યોગમાં લાખો લોકોને રોજી મળે છે. પરંતુ આ ઉદ્યોગને માલ પૂરો પાડતા ઉદ્યોગોમાં તેનાથી પણ વધારે લોકોને કામ મળે છે. વળી, સર્વિસ સ્ટેશન, રીપેર શૉપ્સ અને મોટરો ભાડે આપતી એજન્સીઓ જેવા વ્યવસાયોમાં બીજાં લાખો લોકો કામ કરે છે.

મોટર-ઉદ્યોગમાં સામાન્ય રીતે, ઉત્પાદન કરનારને વધારે પગાર તથા અન્ય લાભો પણ વધારે મળે છે. વિકસિત તથા વિકસતા દેશોમાં ઉત્પાદનની અન્ય પ્રવૃત્તિઓ કરતાં, મોટરને લગતા ઉત્પાદનમાં બે-ત્રણ ગણી આવક થાય છે. અન્ય ઉદ્યોગોના માલનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરીને ઘણા દેશોના અર્થતંત્રને મોટર-ઉદ્યોગ મદદ કરે છે. ઉ.ત. એક ઉતારુ મોટરગાડીના ઉત્પાદન માટે ૮૧૦ કિ.ગ્રામ સ્ટીલ, ૧૭૦ કિ.ગ્રામ લોખંડ, ૧૧૦ કિ.ગ્રામ પ્લાસ્ટિક, ૧૦૦ કિ.ગ્રામ ઍલ્યુમિનિયમ તથા ૬૦ કિ.ગ્રામ રબરની જરૂર પડે છે.

જર્મનીની ડેઈમ્લર ઍન્ડ બેન્ઝ કંપનીએ ૧૮૮૫માં ગૅસોલીન એન્જિનો બનાવ્યાં, ત્યારથી મોટર-ઉદ્યોગની શરૂઆત થઈ કહી શકાય. ઈ.સ. ૧૯૦૦ પર્યન્ત મોટરગાડીના વિકાસ અને ઉત્પાદનની આગેવાની યુરોપે લીધી હતી. યુરોપની હાલની કેટલીક મોટર કંપનીઓ ૧૯મી સદીના છેલ્લા દાયકામાં શરૂ થઈ હતી. ઉ.ત. ફ્રાન્સની પ્યુજો કંપનીએ ૧૮૯૦માં મોટરો બનાવવાની શરૂઆત કરી હતી. બીજી ફ્રેન્ચ કંપની રિનોલ્તે ૧૮૯૮માં મોટરોનું ઉત્પાદન શરૂ કર્યું હતું. ઈટલીની ફિયાટ કંપનીએ ૧૮૯૯માં શરૂઆત કરી. આમ, ફ્રાન્સ અને જર્મની ઉત્પાદનનાં પ્રથમ મોટાં કેન્દ્રો બન્યાં હતાં.

યુનાઈટેડ સ્ટેટ્સમાં ચાર્લ્સ ઈ. દુર્યા અને જે.ફ્રેન્ક દુર્યાએ પ્રથમ સફળ ગૅસોલીન ગાડી બનાવી. દુર્યા ગાડી ૧૮૯૩માં પૂર્ણ થઈ અને ૧૮૯૪માં પ્રથમ વાર દોડાવવામાં આવી. તેમણે ૧૮૯૫માં ગૅસોલીન ગાડી બનાવવાની યુનાઈટેડ સ્ટેટ્સની પ્રથમ પેઢી, દુર્યા મોટર વૅગન કંપની સ્થાપી. ઈ.સ. ૧૯૮૦ પછી, મોટર-ઉદ્યોગનું કેન્દ્ર યુરોપથી ખસીને યુનાઈટેડ સ્ટેટ્સ ગયું. અમેરિકન મોટરગાડીઓનું ઉત્પાદન ૧૯૦૦માં ૫૦૦૦થી ઓછું હતું તે ૧૯૧૬માં વધીને પંદર લાખ ગાડીઓનું થયું. વીસીનાં શરૂનાં વર્ષો દરમિયાન, દુનિયાની મોટરોના કુલ ઉત્પાદનના આશરે ૯૦ ટકા યુનાઈટેડ સ્ટેટ્સમાં બનતી હતી. જ્યારે નેવુંના દાયકાનાં છેલ્લાં વર્ષો સુધીમાં, યુનાઈટેડ સ્ટેટ્સમાં આશરે ૨૦ ટકા ગાડીઓ બનતી હતી. તેમ છતાં, વીસી પછી યુનાઈટેડ સ્ટેટ્સનું ઉત્પાદન ઘણુંખરું વધ્યું છે. વિશ્વભરમાં મોટરોનું ઉત્પાદન ૧૯૫૦માં આશરે ૧૦.૫ મિલ્યન મોટર વાહનો પરથી વધીને નેવુના દાયકામાં ૫૦ મિલ્યન વાહનોથી પણ વધારે થયું હતું.


ફૉર્ડ મોટર કંપનીના સ્થાપક હેન્રિ ફૉર્ડ

મોટર-ઉદ્યોગનો પશ્ચિમના દેશોના અર્થતંત્ર ઉપર ઘણો પ્રભાવ પડ્યો હતો. મોટરોનું ઉત્પાદન વધ્યું તેમ સ્ટીલ, રબર, કાચ, મશીનટુલ્સ તથા મોટરોના ઉત્પાદન વાસ્તે ઉપયોગી અન્ય આવશ્યક માલની માગ પણ ઝડપથી વધી હતી. તે સાથે તેનું વેચાણ, સર્વિસ તથા રીપૅર માટેના તેના સમર્થક વિભાગો પણ વિકસ્યા. મોટરને લગતા ઉદ્યોગોમાં રોજગારી ખૂબ વધી.

ઈ.સ. ૧૯૦૧માં પૂર્વ ટૅક્સાસમાં ખનીજતેલનાં વિશાળ ક્ષેત્રોની શોધ થવાથી યુનાઈટેડ સ્ટેટ્સના મોટર-ઉદ્યોગનો વિકાસ ઝડપથી થયો. આ શોધથી ગૅસોલીનના ભાવમાં ખૂબ ઘટાડો થયો અને મોટરગાડી વાપરવાનું ખર્ચ ઘટ્યું. મોટરોના ઉત્પાદન માટે જથ્થાબંધ ઉત્પાદનની રીતના ઉપયોગથી યુનાઈટેડ સ્ટેટ્સના આ ઉદ્યોગને લાભ થયો. આ રીતથી મોટરોના ભાવ એટલા ઘટ્યા કે અનેક લોકોને તે પોષાય. વીસમી સદીની શરૂઆતમાં યુનાઈટેડ સ્ટેટ્સનો ગ્રાહક, વિવિધ પ્રકારની ગાડીઓમાંથી ૧૦૦૦ ડૉલરથી ઓછી કિંમતની ગાડી પસંદ કરી શકતો, જ્યારે યુરોપમાં બનેલી ગાડી યુ.એસ. ૨૦૦૦ ડૉલરથી વધારે કિંમતમાં વેચાતી હતી.

ઘણા ઈતિહાસકારો, ૧૯૦૧માં યુનાઈટેડ સ્ટેટ્સમાં બનાવેલી ઑલ્ડ્ઝમોબાઈલ ગાડીને જથ્થાબંધ ઉત્પાદિત ગાડીઓમાં પ્રથમ માને છે. તે પહેલાં બહારથી ભાગો - સ્પેરપાર્ટ્સ - લાવીને ગાડીઓ ઍસેમ્બલ કરવામાં આવતી હતી. હેન્રી લીલૅન્ડે યુનાઈટેડ સ્ટેટ્સમાં કૅડિલેક ઑટોમોબાઈલ

કંપનીનો હવાલો સંભાળ્યો, અને અંદરોઅંદર બદલી શકાય એવા ભાગો વાપરીને મોટરો બનાવવા માંડી, ત્યારે ૧૯૦૪માં જથ્થાબંધ ઉત્પાદને એક પ્રચંડ પગલું ભર્યું. આ ભાગો સરખા મોડલની કોઈ પણ કાર ઍસેમ્બલ કરવા કે રીપૅર કરવા વાપરી શકાતા. અગાઉ, માત્ર એક ચોક્કસ ગાડીમાં બેસાડવા મોટા ભાગના ભાગો બનાવવામાં આવતા હતા.

પરંતુ, અમેરિકન ઉદ્યોગપતિ હેન્રિ ફૉર્ડે મોટરોના જથ્થાબંધ ઉત્પાદનને સંપૂર્ણ બનાવ્યું. ફૉર્ડે ૧૯૧૩માં તેના કારખાનામાં મુવિંગ ઍસેમ્બલી લાઇન બેસાડી. તેમાં કારની ફ્રેમ સાંકળ દ્વારા કારખાનામાં એક છેડાથી બીજા છેડા સુધી ખેંચાતી હતી. કન્વેયર બેલ્ટ્સ ઉપર તેમની પાસે લાવવામાં આવેલા ભાગો તેમાં ઉમેરીને કામદારો બંને બાજુએ મોટર ઍસેમ્બલ કરતા હતા. આ પ્રક્રિયાને પરિણામે, ઉત્પાદનનો સમય તથા પડતર કિંમતમાં પુષ્કળ ઘટાડો થયો હતો.

રેન્સમ ઇ. ઓલ્ડ્ઝે મિશિગન રાજ્યના ડેટ્રોઇટમાં ઑલ્ડ્ઝ મોટર વર્ક્સ સ્થાપીને જાણીતી ઑલ્ડ્મોબાઇલ ઓછી કિંમતની ગૅસોલીન ગાડીનું ૧૯૦૧માં જથ્થાબંધ ઉત્પાદન કરવા માંડ્યું. હેન્રિ ફૉર્ડે, ૧૯૦૩માં ફૉર્ડ મોટર કંપની સ્થાપીને ૧૯૦૮માં તેની પ્રસિદ્ધ 'મોડલ-ટી' બજારમાં ૮૨૫ ડૉલરના ભાવે વેચાવા માંડી. જથ્થાબંધ ઉત્પાદન કરીને તથા ઉત્પાદન ખર્ચમાં કાપ મૂકીને તેણે મોટરગાડીના ભાવમાં વારંવાર ઘટાડો કર્યો. તેની મુવિંગ ઍસેમ્બલી લાઇનની રીતથી ઉત્પાદન ત્રણ ગણું થયું અને એક વર્ષમાં મોડલ ટીની ૨,૪૦,૦૦૦ ગાડીઓનું તેણે ઉત્પાદન કર્યું. તે સમયે તે ઘણી મોટી સફળતા હતી. તે ગાડી ૧૯૨૪માં યુ.એસ. ૨૯૦ ડૉલરમાં વેચાતી હતી. તે અગાઉના સમય કરતાં સૌથી ઓછો ભાવ હતો. મોડલ ટી મોટરગાડી યુનાઇટેડ સ્ટેટ્સમાં લગભગ ૨૦ વર્ષ સુધી, બીજી બધી ગાડીઓ કરતાં વધારે સંખ્યામાં વેચાઈ અને યુનાઇટેડ સ્ટેટ્સને વાસ્તવમાં પૈડાં ઉપર ફરતો દેશ કરી દીધો.

અમેરિકન ઇજનેર ચાર્લ્સ કેટરિંગે ૧૯૧૧માં ઇલેક્ટ્રિક સેલ્ફ-સ્ટાર્ટરની શોધ કરી. અગાઉ મોટરગાડીનું ઍન્જિન ચાલુ કરવા તેમાં લોખંડનો હાથો-ક્રૅન્ક મૂકીને ફેરવવામાં આવતો હતો. તે મુશ્કેલ પ્રક્રિયા હવે દૂર થઈ. જનરલ મોટર્સ કંપનીએ તેની કેડિલેક ગાડીઓમાં સૌપ્રથમ આ ઇલેક્ટ્રિક સેલ્ફ-સ્ટાર્ટરનો ઉપયોગ કર્યો.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન, મોટરગાડીના ઉત્પાદકોએ મિત્ર રાષ્ટ્રો માટે મોટા પ્રમાણમાં યુદ્ધનો માલ પેદા કર્યો. તેમણે લશ્કરના ખટારા, ટૅન્કો, ઍરપ્લેન ઍન્જિનો અને બીજો લશ્કરનો પુરવઠો ઉત્પન્ન કર્યો. આ દરમિયાન અંગત ઉપયોગ માટે લોકો મોટરો ખરીદતા હતા. ૧૯૧૮માં મોટરોનું ઉત્પાદન ઓછું થયું. વિશ્વયુદ્ધ પછી, આ ઉદ્યોગ ફરીથી વિકસ્યો. ૧૯૨૦ અને ૧૯૨૧નાં વર્ષોમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં આર્થિક મંદી પ્રવર્તી.

વીસી દરમિયાન, વેચાણ વધારવા વાસ્તે ઉત્પાદકોએ નફો ઘટાડવો પડ્યો. ઝડપથી વધુ ગાડીઓ બનાવીને વેચી શકે, તે જ કંપનીઓ હરીફાઈમાં ટકી શકી. યુનાઇટેડ સ્ટેટ્સમાં મોટરોનું ઉત્પાદન કરતી કંપનીઓ ઝડપથી ઘટી. ૧૯૨૩માં યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧૦૮ કંપની હતી, તે ૧૯૨૭માં ઘટીને માત્ર ૪૪ થઈ. વીસીના દાયકામાં ફૉર્ડ, જનરલ મોટર્સ અને ક્રાઇસ્લર આ ત્રણ મોટી કંપનીઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં મોટા ભાગની ગાડીઓ બનાવતી હતી. આ દરમિયાન, આ કંપનીઓએ ઑસ્ટ્રેલિયા, યુનાઇટેડ કિંગ્ડમ અને અન્ય દેશોમાં કારખાનાં શરૂ કર્યાં. યુ.કે.ની રૉલ્સરોઇસ અને યુનાઇટેડ સ્ટેટ્સની પેકાર્ડ જેવી નાની કંપનીઓ ફૅશનેબલ અને વૈભવી ગાડીઓ બનાવતી હતી. તે 'ક્લાસિક કાર્સ' કહેવાતી.

વીસીમાં મોટર-ઉદ્યોગ યુનાઇટેડ સ્ટેટ્સના અર્થતંત્રનો સ્તંભ બન્યો. મોટરોનું ઉત્પાદન ૧૯૧૯માં ૨૦ લાખ વાહનો પરથી વધીને ૧૯૨૯માં ૫૦ લાખથી વધારેનું થયું. તેના ઉત્પાદનની કિંમત બીજા કોઈ પણ ઉદ્યોગ કરતાં વધારે હતી. લાખો અમેરિકનોની સેવા વાસ્તે સ્થપાયેલ હજારો રીપૅર શૉપ્સ, ગૅસ સ્ટેશનો, રેસ્ટોરાં અને મોટેલોએ અર્થતંત્રને વધુ મજબૂત બનાવ્યું.

મહામંદી (૧૯૨૯-૩૦) દરમિયાન, મોટરઉદ્યોગે ઘણું સહન કરવું પડ્યું. યુનાઇટેડ સ્ટેટ્સમાં બધાં વાહનોનું ઉત્પાદન ૧૯૩૦માં ૩૬ ટકા અને ૧૯૩૧માં વધુ ૨૯ ટકા તથા ૧૯૩૨માં વધુ ૪૪ ટકા ઘટીને માત્ર ૧૩૦૦,૦૦૦(તેર લાખ) વાહનોનું થયું. મંદી દરમિયાન, આ ઉદ્યોગના કામદારોએ કેટલોક સમય રોજી ગુમાવી. ફૉર્ડ અને ક્રાઇસ્લર કંપનીઓએ ખોટ કરી, પરંતુ ત્રીસી દરમિયાન જનરલ મોટર્સે નફો કર્યો. દાયકાના અંતે, ત્રણ મોટી કંપનીઓ મોટરોના વેચાણના ૮૫ ટકા પર અંકુશ ધરાવતી હતી. આ દરમિયાન ઘણી કંપનીઓ નાદાર થઈ ગઈ, જ્યારે કેટલીક કંપનીઓ ખટારાનું ઉત્પાદન કરીને ટકી રહી.

દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થવાથી યુરોપમાં મોટરગાડીઓનું ઉત્પાદન અટકી ગયું. ડિસેમ્બર ૧૯૪૧માં યુનાઇટેડ સ્ટેટ્સે મિત્ર રાષ્ટ્રોના પક્ષે યુદ્ધમાં પ્રવેશ કર્યો. કેટલાક દેશોમાં મોટર-ઉત્પાદકોએ તેમની ઉત્પાદન-શક્તિનો ઉપયોગ યુદ્ધનો સરંજામ બનાવવા માટે કરવા માંડ્યો. તેમાં લશ્કરના ખટારા, ટૅન્કો, ઍરક્રાફ્ટ અને ઍરક્રાફ્ટ એન્જિનો, યુદ્ધસામગ્રી, તોપખાનું અને મરીન ઍન્જિનોનો સમાવેશ થતો હતો.

પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત (૧૯૧૪) અને દ્વિતીય

વિશ્વયુદ્ધની પૂર્ણાહુતિ (૧૯૫૪) વચ્ચેના સમયગાળામાં મોટર-ઉદ્યોગમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં. ઘણા થોડા ઉત્પાદકો ઘણી મોટી સંખ્યામાં ગાડીઓનું ઉત્પાદન કરતા હતા. સ્પર્ધા માત્ર જથ્થાબંધ ઉત્પાદનમાંથી પરિવર્તન પામીને, બજારનું સંશોધન, માલની ગુણવત્તા સુધારવી, વિતરણ, જાહેરાત તથા પ્રચાર જેવા વેચાણના વિશાળ કાર્યક્રમમાં પરિણમી.

વિશ્વવિગ્રહ પછી, મોટર-ઉદ્યોગ નાગરિક ઉત્પાદન તરફ પાછો ફર્યો. લશ્કરમાંથી છૂટાં થયેલાં સ્ત્રી-પુરુષો, પરાંઓનો ઝડપી વિકાસ તથા યુદ્ધ દરમિયાન મોટરગાડીઓની અસંતુષ્ટ માગ - આ બધાંએ મોટર ઉત્પાદકો માટે વિશાળ બજારનું સર્જન કર્યું. ૧૯૨૯ પછી, ૧૯૪૯ તથા ૧૯૫૦નાં વર્ષોમાં મોટર-ઉદ્યોગે ઉત્પાદનના નવા વિક્રમો સ્થાપ્યા. પચાસી દરમિયાન, અમેરિકન મોટરગાડીઓ તથા યુરોપીય વૈભવી વાહનો વધારે વિશાળ અને લાંબાં બન્યાં. સસ્તી યુરોપીય ગાડીઓ ટૂંકી અને સાંકડી બનાવવામાં આવી. ઓછી કિંમતની ગાડીઓમાં પણ ઑટોમેટિક ટ્રાન્સમિશન ઉપલબ્ધ થયું. એન્જિનની ક્રિયાશક્તિ વડે ઍરકન્ડિશનિંગ, બ્રેક, સીટ, સ્ટીઅરિંગ તથા ખસેડી શકાય એવું છાપરું ઑપરેટ કરી શકાય છે.

વિશ્વયુદ્ધ પશ્ચાત્ આ ઉદ્યોગમાં પ્રવેશવા કેટલીક કંપનીઓએ પ્રયાસો કર્યા. પરંતુ ૧૯૫૫ સુધીમાં તે બધી નિષ્ફળ ગઈ અને મોટરોના ઉત્પાદન ઉપર 'ધ બિગ થ્રી'નો અંકુશ ચાલુ રહ્યો.

અમેરિકામાં કુલ પરિવારોના ૭૭ ટકા ૧૯૬૦ સુધીમાં પોતાની કાર ધરાવતાં હતાં અને ૧૫ ટકા કુટુંબો પાસે પોતાની બે અથવા વધારે કાર હતી. ફૉર્ડ કંપનીએ ૧૯૬૪માં તેની નાની 'મુસ્તાંગ' ગાડી બજારમાં મૂકી, જેને ગ્રાહકોએ ખૂબ આવકારી. યુનાઇટેડ સ્ટેટ્સની કૉંગ્રેસે ૧૯૬૫માં ઍર પૉલ્યુશન ઍન્ડ કન્ટ્રોલ ઍક્ટ પસાર કરીને, ઉત્પાદકોને નવી ગાડીઓમાં પ્રદૂષણ ઘટાડવા જણાવ્યું. તે મુજબ ત્રણ મોટી કંપનીઓએ એન્જિનમાં સુધારો કર્યો. ત્યાર બાદ ધ ક્લીન ઍર ઍક્ટ ઑફ ૧૯૭૦ અને ૧૯૯૦માં તે કાયદાના સુધારા દ્વારા યુનાઇટેડ સ્ટેટ્સની કૉંગ્રેસે પ્રદૂષણ ઘટાડવામાં સફળતા મેળવી.

સાઠીના દાયકામાં ફ્રાન્સ, ઇટલી, સ્પેન, સ્વીડન અને પશ્ચિમ જર્મનીમાં મોટર-ઉદ્યોગ સમૃદ્ધ થયો. સોવિયેત સંઘ તથા ઇટલીએ રશિયામાં ફિયાટ ગાડીનું ઉત્પાદન કરવા કરાર કર્યો. ઑસ્ટ્રેલિયા, આર્જેન્ટિના તથા બ્રાઝિલમાં પણ મોટર-ઉદ્યોગનો વિકાસ થયો. આ સમય દરમિયાન જપાનના મોટર-ઉદ્યોગે પ્રચંડ પ્રગતિ સાધી. જપાનમાં ૧૯૫૮માં મોટરોનું ઉત્પાદન આશરે ૫૦,૦૦૦નું હતું, તે ૧૯૬૮માં વધીને ૨૦ લાખનું થયું.

સિત્તેરના દાયકા દરમિયાન, પેટ્રોલની અછત વિશ્વવ્યાપી બનવાથી તેના ભાવો વધ્યા અને ગૅસ સ્ટેશનો(પેટ્રોલ પંપો) પર લાંબી લાઈનો થવા લાગી. યુનાઇટેડ સ્ટેટ્સમાં મોટી ગાડીઓ વાપરનારાં અનેક લોકોએ ઓછો ગૅસ વપરાય એવી, ખાસ કરીને જપાનથી આયાત કરેલી નાની ગાડીઓ ખરીદવા માંડી. તેના ફલસ્વરૂપે, ૧૯૮૦માં જપાન યુનાઇટેડ સ્ટેટ્સ કરતાં કાર-ઉત્પાદનમાં એકદમ આગળ વધીને, પ્રથમ વાર વિશ્વમાં સૌથી મોટું કાર-ઉત્પાદક બન્યું. જપાનથી મોટા પ્રમાણમાં આયાત કરેલી મોટરગાડીઓથી યુનાઇટેડ સ્ટેટ્સનાં બજારો ઉભરાવા લાગ્યાં. તે જોઈને પેલી 'બિગ થ્રી' કંપનીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ.

લગભગ ૪૫૦ મિલ્યન મોટરકાર સમગ્ર વિશ્વના માર્ગો ઉપર ચાલે છે. તેમાંની મોટા ભાગની ગાડીઓ યુનાઇટેડ સ્ટેટ્સ, કૅનૅડા અને પશ્ચિમ યુરોપના દેશોમાં વપરાય છે. આ દેશોમાં મોટરકાર જરૂરિયાત ગણાય છે, જ્યારે આફ્રિકા, એશિયા તથા પૂર્વયુરોપના દેશોમાં હજી કાર ઘણાંખરાં લોકોમાં મોજશોખનું સાધન ગણાય છે.

સલામતી માટે હવે નવી ગાડીઓમાં સેફ્ટિબેલ્ટ્સ, ઍરબેગ્સ અને શેટરપ્રૂફ વિન્ડોઝ રાખવામાં આવે છે. □

અનુસંધાન] શામળાજી ૧ [પૃ. ૬૮૫ થી

પ્રાચીનકાળમાં શામળાજી મંદિર ગીચ જંગલોથી ઘેરાયેલું રહેતું હતું, ત્યારે અવરજવર પણ ઓછી હતી. અહીં રાષ્ટ્રિય ધોરીમાર્ગ નં.૮ પસાર કરવા માટે તથા મેશ્વો જળાશયનું નિર્માણ કરવા માટે જંગલો કપાતાં ગયાં. શેઠશ્રી મફતલાલે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, સુંદર શિલ્પો જડાવ્યાં, પ્રવાસીઓ-યાત્રાળુઓ માટે જરૂરી સુવિધાઓ ઊભી કરાવી અને આ સ્થળને સારી રીતે વિકસાવ્યું. ગુજરાત રાજ્ય પરિવહન વિભાગ તરફથી અવરજવર માટે બસસેવા શરૂ થઈ. આજે શામળાજીમાં પ્રાથમિક-માધ્યમિક શાળા, આદિવાસી આશ્રમશાળા, તાર-ટપાલ-ટેલિફોન કાર્યાલય, બૅન્ક શાખા, દવાખાનું અને વારિગૃહની સગવડો ઉપલબ્ધ છે. અહીં ધર્મશાળાઓ, રહેવા-જમવાની વ્યવસ્થા તથા મંદિર તરફથી લક્ષ્મીનારાયણ અન્નક્ષેત્ર ચાલે છે.

ગુજરાત અને રાજસ્થાનનાં વિવિધ સ્થળોમાંથી યાત્રીઓની સતત અવરજવર રહે છે. રાષ્ટ્રિય ધોરીમાર્ગ ૮ ઉપરાંત, અમદાવાદ-ઉદયપુર રેલમાર્ગની સગવડ પણ થયેલી છે. આ રેલમાર્ગ પર શામળાજીથી આશરે ૧૦ કિમી.ને અંતરે શામળાજી રોડ નામનું ઉપરેલમથક પણ છે. વળી, કેન્દ્ર સરકારનો નડિયાદ-કપડવંજ-મોડાસા બ્રૉડગેજ રેલમાર્ગ નાખવાની યોજના પણ છે, જે પૂર્ણ થયેથી શામળાજીનો વિકાસ થશે, તેનાં રૂપરંગ બદલાશે અને તે ગુજરાતનું પ્રવાસી મથક, સ્વાસ્થ્યમથક તેમજ ઉજાણી-મથક બની રહેશે. (ક્રમશઃ)

પ્લીઝ, સ્ટે વિથ અસ

પ્રવીણ પંડ્યા

[*પાત્રો*: ૧. વિશ્રુ શાસ્ત્રી , ૨. ગાયત્રી : શાસ્ત્રીનાં પત્ની, ૩. ગોવાભા : શાસ્ત્રીના બાપા, ૪. બાબુ ગઢવી, ૫. રસિક, ૬. મગન, ૮. ટી.વી.જર્નાલિસ્ટ, ૯. ગાય (મહોરાથી બનતું પાત્ર), ૧૦. દીપડો (મહોરાથી બનતું પાત્ર) આ ઉપરાંત પોલીસ - ફુટબોલની રમત અને ફૅશન શો માટે અન્ય નટ-નટીઓ.]

(મંચથી એક તરફ નાનો ઓટલો મૂકી વિશ્રુ શાસ્ત્રીનું ઘર તથા મંચની બીજી તરફ એક પાળિયો મૂકી ગામનું પાદર સૂચવાયું છે. મંચની મધ્યમાં પાછળની બાજુએ ગામનો ચોરો છે. ગાયો ભાંભરવાના ધ્વનિ સાથે પડદો ખૂલે છે. પાળિયા પાસે મગન અને આદમ ગોવાળની વેશભૂષામાં પાળિયા પર નવકૂકરી રમી રહ્યા છે.)

આદમ : એ રામરોટી, ચાલ, હવે તારો વારો.

મગન : આદમ ઘોડાગાડી, જો આ તારી કૂકરી મારી અને ભરત કર્યું !

આદમ : યાર મને એક સવાલ મૂંઝવે છે.

મગન : તે બોલને.

આદમ : આ પાળિયા કેવી રીતે થાતા હશે ?

મગન : (પ્રેક્ષાગારમાં દૂર જોતાં) સામ્મે એક પથરો છે એ દેખાય છે ?

આદમ : એ તો ભલા કણબી ને ભૂંડા કણબીનાં ખેતરોને નોંખાં પાડતો ખૂંટો છો.

મગન : હુઉઉં, એ પથરાને ત્યાંથી ઉખાડી નાખ ને પછી જો કાલે શું થાય છે ?

આદમ : શું થાશે કાલે ?

મગન : પાળિયા ! વેંતભર જમીન સારુ ભલા કણબી ને ભૂંડા કણબી બેય ભાયું સામસામા કપાઈ કપાઈને પાળિયા થાશે !

(બાબુ ગઢવી હાથમાં ફૂલ અને પુજાપા સાથે પ્રવેશે છે.)

બાબુ : ભલા માણસ, તમે અહીં સોત નવકૂકરી માંડી !

મગન : અમારે તો ઢોરાં ચરી લે ત્યાં સુધી ટે'મ પાસ કરવાનો ને ! કાં તો અમે તળાવ પાંહેની દરગાહે નવકૂકરી માંડીએ ને કાં તો અહીંયાં !

આદમ : એક કોલસાના કટકાથી નવકૂકરી ચીતરવાની.

મગન : ને નવ દીવાસળી ને બીડીનાં ઠૂંઠાં લઈ રમવાનું.

બાબુ : ભુંડોવ, તમને ખબર છે આ પાળિયો કોનો છે ?

આદમ : ના બાપા,

બાબુ : આ જીવણ જોશી ને જમાલ પઠાણનો પાળિયો છે, ઈ.સ. ૧૮૫૭.

મગન : આ ૧૮૫૭ના બળવાનો પાળિયો છે !

બાબુ : હા, ને તમે એના માથે તમારી નવકૂકરી પાથરી ડોબાં ચારો છો !

(મગન અને આદમ ઊભા થાય છે. ગઢવી એમની નવકૂકરી હટાવી પાળિયાની પૂજા કરે છે.)

આદમ : તેં હેં ગઢવી, માણસો બે ને પાળિયો એક એમ કેમ ?

બાબુ :એ આ ધરતીનાં સંતાન હતાં, તમારી જે સામસામા નવકૂકરી નો'તા રમતા, અઢાર સો સત્તાવનમાં બેય જણા અંગ્રેજ લશ્કરમાંથી બળવો કરીને ભાગેલા, દેશને અંગ્રેજોના પંજામાંથી છોડાવવા બેય જણાએ બ્રિટિશરો સામે હથિયાર ઉઠાવેલાં. મારા બાપ, આ આઝાદી આપણને મફતમાં નથી મળી. આ જીવણ ને જમાલ જેવા કંઈ કેટલાયે પોતાના જીવ પાથર્યા છે એના માટે ! ને તમે બેય જણા એમના પાળિયા ઉપર જ કોલસાથી નવકૂકરી ચીતરી દીવાસળી ને બીડીના ઠૂંઠાંથી રમ્યે રાખો છો તમારી રમત ! કરમની કઠણાઈ છે કે તમારી આઝાદી સારુ આ જીવણ ને જમાલ પાળિયા થયા !

મગન : તોય ભાગલા તો થયા જ ને ?

બાબુ : તમને એ સિવાય ક્યાં કશું યાદ છે ? જાતાં જાતાં અંગ્રેજો આપણાં હૈયાં પર એક એવી લીટી પાડીને ગયા છે કે આપણને એ સિવાયનો આખેઆખો ઈતિહાસ જ ભુલાઈ ગયો છે, ને તમારે બે જણાયે શું ? હિમ કે ફટકડી ?

મગન : સાવ એવું તો નથી હોં ગઢવી, સવારે છ વાગે ઊઠીને રામરોટી ઉઘરાવું છું, મારા બાપાય ઉઘરાવતા'તા, ગરીબ-ગુરબાના પેટનો ખાડો ભરાય ઈ માટે. એટલે તો આખો મલક મને મગન રામરોટી કે છે ને : આ આદમ ઘોડાગાડીયે અડધીરાતે ગામ સારું ધોડે છે !

બાબુ : બસ, તમારામાં એટલો સેવાભાવ બચ્યો છે ને એને જાળવી રાખજો. બાકી તો હવે બધુંય રસાતાળ થાવામાં છે.

(ડરેલી ગાયોના ભાંભરવાનો ધ્વનિ. રસિક હાથમાં લોટા સાથે દોડતો દોડતો પ્રવેશે છે.)

રસિક : ગઢવી, ગઢવી.

બાબુ : આ પાળિયાથી લોટો તો આઘો રાખ રસિક.

રસિક : તમે બધાં ગાયું લઈ ગામમાં જાવ, સીમમાં દીપડો આઈવો છે !

આદમ : દીપડો !!

મગન : હાલ આદમ, ધણ ગામ ભેગાં કરીએ !

રસિક : હું વિશ્રુ શાસ્ત્રી પાંહે જાઉં છું.

(ત્રણેય ત્યાંથી ભાગે છે. બાબુ ગઢવી એકલો ઊભો છે. એ પાળિયા

પાસે ઘૂંટણિયે પડે છે.)

બાબુ : દોસ્તો, પેલી એક લીટી રોજેરોજ નીતનવા ઈતિહાસ સર્જે છે ને એમાં અટવાય છે આખો મલક !

(પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે ગ્રામજનો ચોરા પાસે ઊભા છે.)

રસિક : હું જંગલ-પાણીએ ગયેલો, ને મેં ઝાડીમાં જોયો !

બાબુ : દીપડો જ હતો ને !

રસિક : એલા ભાઈ, મેં સગ્ગી આંખે જોયો, તે કામ પતાઈવા વગર જ હાથમાં લોટો લઈને ભાઈગો. આમાં ગેરસમજ ક્યાં આઈવી !

બાબુ : આ તો મને થયું કે આવી ચોક્કસ સ્થિતિમાં તારું ધ્યાન બીજે ક્યાં હોય ને તને બિલાડીયે દીપડા જેવી લાગી હોય !

રસિક : શું ગઢવી તમેય ભૂંડોવ.

મગન : હવે શું થાશે ?

આદમ : શાસ્ત્રીજી ગયા છે ને તલવાર લઈ !

રસિક : ઈમનાથી દીપડો મરાશે ખરો !

ગાયત્રી : એ પોતે દીપડાના હાથે મરાય ને તોય તમારે શું છે ? ગામની બહાર એમનોય પાળિયો બનાવજો, એમનેય ખબર નથી કે શું થયું છે ? બાબુભાઈ, એમને કાંઈક થશે તો ? અમે તો રખડી પડીશું ને ?

બાબુ : ધીરજ રાખો ભાભી, આખું ગામ શાસ્ત્રીજીની પડખે છે.

મગન : શાસ્ત્રીજી ગાયની રક્ષા કરી ધર્મ નિભાવી રહ્યા છે.

આદમ : અમને સહુને એમના માટે માન છે.

ગાયત્રી : હે ભગવાન, મારો ચૂડી-ચાંદલો અખંડ રાખજે.

(વિશ્નુ શાસ્ત્રી લાલ રંગની ધોતીમાં ખભે ખેસ સાથે ઝડપથી પ્રવેશે છે. ચોરા પર ઊભો રહે છે. એણે પોતાના ચહેરા આગળ દીપડાનું માથું ધરી રાખ્યું છે. બીજા હાથમાં લોહીનીતરતી તલવાર છે. એ દીપડાની જેમ ત્રાડ નાખે છે. સહુ પાછા હઠે છે. શાસ્ત્રી ધીમે ધીમે પોતાના ચહેરા આગળ ધરેલું દીપડાનું માથું હટાવે છે અને એનો ચહેરો દેખાય છે.)

ગાયત્રી : તમે !!!

વિશ્નુ : કેમ ? ડરી ગયાને આ રૂપ જોઈને !

બાબુ : ધન્ય છે શાસ્ત્રીજી, ધન્ય છે. ધનઘડી ધન્ય ભાગ્ય આ ધરતીનાં કે જ્યાં તમારા જેવા શૂરવીરો જન્મે છે.

મગન : તમે દીપડાનું માથું વાઢી ગાયની રક્ષા કરી છે.

રસિક : હવે સીમમાં જોખમ નથી ને ?

વિશ્નુ : ડરવાની જરાય જરૂર નથી. ફરી આવું જોખમ ઊભું થશે તો આપણે આ જ રીતે પ્રતિકાર કરીશું. આપણાં કાંડાંમાં કૌવત અને હૈયામાં હામ છે. જ્યારે જ્યારે આપણી સામે ભય ઊભો થયો છે ત્યારે ત્યારે આપણે વીરતાથી લડ્યા છીએ. આ જ તો છે આપણી ગૌરવશાળી પરંપરા.

ગોવાભા : (લાકડીના ટેકે પ્રવેશે છે.) શું થયું, ભાઈ ?

બાબુ : ગોવાભા, વિશ્નુ શાસ્ત્રીએ તમારું નામ રોશન કર્યું ! - દીપડાનું માથું ઉતારીને.

ગોવાભા : ઠીક. એટલે તું હવે એની વીરગાથા ગાઈશ કેમ ?

બાબુ : ચંદ બારોટના વંશનો કવિ છું, બાપા.

(ગોવાભા ચોરા પર ઊભેલા દીકરાને જુએ છે.)

ગોવાભા : તારા હાથમાં શસ્ત્ર શોભતું નથી, બેટા.

વિશ્નુ : ધર્મરક્ષા માટે શસ્ત્ર હાથમાં લીધું છે બાપુજી.

ગોવાભા : શસ્ત્રથી ધર્મ રક્ષાય છે એવી સમજણ તું ક્યાંથી લાવ્યો ! અને તેં દીપડાને માર્યો ?

વિશ્નુ : મારવો પડ્યો.

ગોવાભા : ક્યા વાંકે, મારા ભાઈ ?

વિશ્નુ : એ દીપડો હતો એટલું પૂરતું નથી ?

રસિક : સીમમાં અને નદીકાંઠે ફરતો હતો.

ગોવાભા : ઉપરવાસમાં પાણી ખૂટ્યાં હશે એટલે નદીકાંઠે આવ્યો હશે.

મગન : ભા, ત્યાં ગાયો ચરતી હોય છે.

આદમ : દીપડાનો શું એતબાર !

વિશ્નુ : એને મારવો અનિવાર્ય હતો.

ગોવાભા : હિંસા ક્યારેય અનિવાર્ય નથી હોતી !

વિશ્નુ : આપણી વચ્ચે આ જ તફાવત છે.

ગોવાભા : આ તફાવત નથી પણ વિરોધાભાસ છે, દીકરા.

(પોલીસ સાઈરનનો ધ્વનિ. ઈન્સ્પેક્ટર, બે પોલીસ અને મિસ્ટર હૅરિ પ્રવેશે છે.)

હૅરિ : લુક ઈન્સ્પેક્ટર, દીપડાનું માથું એમના હાથમાં છે. આટલી ક્રૂઅલ્ટિથી શિકાર ન કરી શકાય. વેરી સીરિઅસ ઑફેન્સ.

વિશ્નુ : ઑફેન્સ ! મિસ્ટર હૅરિ, બચાવ કરવો એ શું અપરાધ છે ?

ઈન્સ : જુઓ, વાઈલ્ડ ઍનિમલ પ્રોટેક્શન ઍક્ટ પ્રમાણે દીપડાને મારવો તે કાયદાની દૃષ્ટિએ ગુનો બને છે !

ગાયત્રી : અને દીપડો ગાયને મારે તે અપરાધ નથી, સાહેબ ? દર બીજા-ત્રીજા દિવસે સીમમાં ગાયો અને ઘેટાંબકરાંનાં હાડપિંજર પડ્યાં હોય છે એનું શું ? ત્યારે તમારો કાયદો ક્યાં ઘાસ ચરવા ગયો હોય છે ?

બાબુ : કાયદો શું દીપડાની રક્ષા માટે જ છે ?

ઈન્સ : જુઓ, દીપડો, ગાય-ભેંસ કે ઘેટાં-બકરાંને મારે તે અપરાધ નથી.

હૅરિ : અને તમે દીપડાને માર્યો છે !

ઈન્સ : વાઈલ્ડ ઍનિમલ પ્રોટેક્શન ઍક્ટ માણસો માટે છે !

ગોવાભા : ગાય જંગલી નથી, એ એનો ગુનો થયો ને ! મિસ્ટર હૅરિ, શું અન્યાય છે !

ઈન્સ : આપની વાત હું સમજું છું ગોવાભા, પણ આ આંતરરાષ્ટ્રિય કાયદો છે, આ મિસ્ટર હૅરિ વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ઑર્ગેનાઈઝેશનના સભ્ય છે. એમણે શાસ્ત્રીજી સામે ફરિયાદ નોંધાવી છે.

વિશ્નુ : મિસ્ટર હૅરિ, ધારો કે દીપડો તમારા પર આક્રમણ કરે તો ?

હેરી : ઈમ્પૉસિબલ. દીપડો અમારા પર હુમલો કરે જ નહીં !

બાબુ : કેમ ? શું દુનિયા આખીના દીપડા તમે પાળી રાખ્યા છે !

ઈન્સ : શાસ્ત્રીજી, તમારે પોલીસ સ્ટેશન તો આવવું જ પડશે.

(ગામવાળા લાઠી સાથે શાસ્ત્રી અને પોલીસ વચ્ચે ઊભા રહે છે.)

મગન : શાસ્ત્રીજીને હાથ તો લગાડી જુઓ !

આદમ : રમખાણ થઈ જાશે અહીં.

રસિક : અમારી લાશો પડી જાશે પણ શાસ્ત્રીજીને નહીં લઈ જવા દઈએ. (પોલીસો બંદૂક તાણે છે.)

ગોવાભા : શાંતિ રાખો, આખા ગામમાં અશાંતિ નથી થવા દેવી, વિશ્નુ બેટા, એમની સાથે જા, અને મિસ્ટર હૅરિ, તમે પણ એટલું તો સમજી જ લેજો કે ન્યાય સામે આપણે સહુ સરખા છીએ. જે અમારાથી થાય તે અપરાધ છે તો તમારાથી થાય તે પણ અપરાધ જ હશે. હવે જુદાંજુદાં ત્રાજવાં-કાટલાં નહીં ચાલે, આખી દુનિયા જોઈ રહી છે. ચાલ વિશ્નુ.

(ગોવાભા અને વિશ્નુ પોલીસ સાથે જાય છે. ગામવાળા જોઈ રહ્યા છે. સહુની આંખોમાં ક્રોધ છે. પ્રકાશ લુપ્ત થાય છે ત્યારે સવારનું દૃશ્ય છે. બાબુ ગઢવી ચોરા પર બેઠો છે. રસિક હાથમાં લોટો અને મોઢામાં દાતણ સાથે ફરી રહ્યો છે. બીજા ગ્રામજનો જુદી જુદી પ્રવૃત્તિમાં છે. મગન સાઈકલના હૅન્ડલ અને કૅરિયર ઉપર રામરોટીના બે બે થેલા સાથે પ્રવેશે છે.)

મગન : (રામરોટીનો સાદ પાડતાં) રોટી દેનેવાલે રામ....

(ગ્રામજનો રોટલા આપે છે. મગન થેલામાં મૂકે છે.)

મગન : કાલે આખું ગામ કોર્ટમાં હતું !

બાબુ : શાસ્ત્રીજી જામીન પર તો છૂટ્યા પણ કેસ તો ચાલે છે ને !

મગન : ઓલા હૅરિસાહેબ સહુને ભેખડે ભરાવે છે.

રસિક : શું મગનભાઈ ?

મગન : (લોટા સામે જોતાં) જઈ આવ્યા કે જાવ છો ?

બાબુ : એનું તો એક પંથ દો કાજ જેવું છે ! સવારે જંગલ-પાણી જાવા નીકળે ત્યારે વ્યાજે ઉઘરાવી લે, ને પૈસા નાખે લોટામાં !

મગન : આ લોટામાં !

રસિક : પૈસા મૂકતાં પહેલાં લોટો નદીનાં પાણીથી ધોઈને પવિત્ર કરું છું !

બાબુ : પણ આખી નદી અપવિતર થાય છે એનું શું ?

રસિક : ગઢવી, જ્યારે પૂર આવે, દુકાળ પડે ત્યારે હું જ દાન કરું છું, જેમ આ મગનભાઈ સેવા કરે છે એમ હું પણ કરું છું, ફરક શું છે ?

બાબુ : એટલો જ કે એના હાથમાં રામરોટીના થેલા છે !

રસિક : જોયે રાખો, જે ઝડપથી આ દુનિયા રૂપિયા પાછળ દોડી રહી છે ને ઈની ઝપેટમાં તમે બધાંય નો આવી જાવ ને તો કહેજો મને !

આદમ : (દોડતો આવે છે) ગઢવી, ગઢવી, દીપડો.....

(રસિકના હાથમાંથી લોટો પડે છે અને પૈસા વેરાય છે.)

ગઢવી : દીપડો, ક્યાં ? આદમ : ગામમાં !

મગન : ગામમાં દીપડો !!

આદમ : હા, હું ઘોડાને માલીશ કરતો હતો ત્યારે મેં જોયો. શાસ્ત્રીજીના ઘર બાજુ જાતો હતો.

બાબુ : શાસ્ત્રીજીના ઘર બાજુ !

રસિક : ક્યાંક વેર વાળવા નહીં જાતો હોય ને...

બાબુ : ચાલો, આપણે શાસ્ત્રીજીના ઘેર જઈએ...

મગન : હા હા હાલો, રસિકભાઈ !

રસિક : (વેરાયેલા પૈસા ભેગા કરતાં) જાવ, હું આવું છું.

(ત્રણે જાય છે)

રસિક : આ દીપડા હવે શાંતિથી ધંધા નહીં કરવા દે !

(પાછળની બાજુએથી મિસ્ટર હૅરિ પ્રવેશે છે. રસિક વાંકો વળીને પૈસા ભેગા કરી રહ્યો છે. હૅરિના પગ પાસે પહોંચે છે. એના બૂટને હાથ અડતાં જ ભડકે છે.)

રસિક : (પાછો ફરી ભાગતાં) દીપડો... દીપડો...

હૅરિ : (પાછળથી એના ખભે હાથ મૂકી રોકતાં) રસિકભાઈ, હું છું હૅરિ !

રસિક : શું ફેર પડે છે ! અમારા સારું તો તમે ને દીપડો, બેય સરખા !

(પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે રાતના સમયે ગ્રામજનો વિશ્નુ શાસ્ત્રીના ફળિયામાં દીપડા માટે ચોકીપહેરો ગોઠવી બેઠા છે. ગાયત્રી કીટલી અથવા લોટાથી સહુને સ્ટીલ તથા પિત્તળની રકાબીમાં ચા આપે છે. બધાં ચા પી રહ્યાં છે. થોડે દૂર ગાય બેઠી છે. સહેજ સળવળાટ થાય છે.)

આદમ : દીપડો !

(બધાં ઊભાં થઈ ચારેબાજુ જુએ છે.)

બાબુ : કરીને ચંદાબહેનના ચોરવાળી !

ગાયત્રી : એ ચોરની શું વાત છે, બાબુભાઈ ?

રસિક : ઈ આ મગનના મોઢેથી સાંભળો. મગના, ચંદાબહેનના ચોરની વાત કર.

મગન : સાંભળો ત્યારે, અમારી શેરીમાં ચંદાબહેન રહે છે ઈને ઓળખો છો ને ?!

આદમ : ચંદાબહેન લાઉડસ્પીકર !

મગન : ઈમના મોઢે કોઈ દિ' લાઉડસ્પીકર નો' કહેતો આદમ, નહીંતર બહેરા દાક્તર જેવું થાશે. ગાયત્રીભાભી, તમને ખબર છે કે બહેરા દાક્તરને બહેરાશ કેવી રીતે આવી ?

ગાયત્રી : ના, મને એમ કે એ જનમથી ઓછું સાંભળતા હશે.

મગન : ના, એવું નથી, ઈના મૂળમાં ચંદાબહેન લાઉડસ્પીકર છે. એક વાર ચંદાબહેનને તાવ આઈવો તે ગયાં દાક્તર પાંહે, ત્યારે દાક્તરે નવું નવું દવાખાનું ખોલ્યું તુ' તે ઈમને ચંદાબહેનને ચેક કરતાં કરતાં મોઢામાં ચીપિયો નાખી કીધું, બહેન, આઆઆ કરો, તે ચંદાબહેને એવું આઆઆ કઈરું કે દાક્તરના કાનમાં ધાક પડી ગઈ ! ત્યારથી ઓછું સાંભળે છે. તે ગામવાળા ઈમને બહેરા દાક્તર કહે છે !

બાબુ : મગના, ચોરવાળી વાત કહે. મજા પડશે ને ટાઈમે પાસ થશે.

મગન : આઠેક મહિના પે'લા એક દિ' બપોરે આખી શેરી ચોર ચોર કરતી ભાગી. થયું એવું કે અમરાભાઈ કુંભાર ખરા ને, પૉટરિવાળા, એ રાતપાલીમાં નોકરી કરે. એટલે બપોરે એક વાગે ઈમની સવાર પડે. તે એક વખત ઈ બપોરે પોતાના ઓટલે બેઠા બેઠા દાતણ કરતા'તાઃ તે ઈમને જોયું કે ચંદાબહેનના ઘરમાંથી એક માણહ પેટી લઈને ઝડપથી બા'ર આઈવો ને મંઈડો ભાગવા, વાંહે વાંહે ચંદાબહેને 'એ ઊભો રે; એ ઊભો રે;' એવી બૂમો પાડતાં દોડતાં દોડતાં નીકળ્યાં, આ જોઈને અમરાભાઈને થયું કે ચંદાબહેનના ઘરમાંથી ચોર ચોરી કરીને ભાગે છે, તે ઈ તો ચોર ચોરની બૂમો પાડતા દોઈડા પેટીવાળા વાંહે. ઈમની વાંહે વાંહે આખી શેરી, તે ઈ બધાંય ગામની બા'ર શંકરનું મંદિર છેં ને, ઈની ફરતે પ્રદક્ષિણા ફઈરે રાખે, આગળ આગળ ઓલો પેટીવાળો ને વાંહે વાંહે અમારી શેરી. ઈમાં આ દેકારો સાંભળી મંદિરના બાવાય જાગ્યા, બધાંય આવા અલમસ્ત, તે ઓલા પેટીવાળાનાં તો મારીમારીને છોતરાં કાઢી નાઈખાં, ત્યાં ચંદાબહેન આઈવાં ને મોટેથી બોલ્યા, 'ઊભા રહો મારા રોયાવ, આ ચોર નથી બંગડી વેંચવાવાળો છે ! ભાવમાં રકજક થયેલી એટલે એણે ચાલતી પકડી, મેં પાછો વાળવા બૂમો પાડી એમાં આ બધા ધોડ્યા ! ચોર સમજીને !

ગાયત્રી : બચાડો બંગડીવાળો, અધમૂવો થઈ ગયો હશે !

મગન : ત્યારથી કોઈ બંગડીવાળા શેરીમાં નથી આવતા, ને આવે છે તોય ચંદાબહેનના ઘરકોર નથી જાતા.

(ઘડિયાળમાં ચાર ડંકા પડે છે.)

ગાયત્રી : હું બાપુજી માટે આરતી તૈયાર કરું. (એ અંદર જાય છે.)

રસિક : મગના, ચંદાબહેનને રાંઢવાં વેચવાળાનું કેવું થયેલું !

મગન : ઈમાં તો પોલીસ સોંત આવેલી, મારકીટ પાંહે એક રાંઢવાવાળો ઊભો રહે છે. કૂવામાંથી પાણી સિંચવાનાં રાંઢવાં લઈ, તે શાક લઈને ઈની પાંહેથી નીકળતાં ચંદાબહેનને ઈને પૂઈછું, બેન, રાંઢવું લેવું છે ? તે ચંદાબહેન બોઈલાં, આ મોંઘવારી એટલી વધી છે કે હવે ગળે ફાંહો ખાવા રાંઢવાં જ લેવાં પડશે ! ને પછી ઈમણે મોંઘવારી ઉપર બોલવાનું ચાલુ કઈરું. તે શાકમારકીટના રસ્તા માથે તો જાણે સભા ભરાઈ ગફાર જમાદારને થયું કે મારી જાણ બા'ર સરકાર સામે કોઈક આંદોલન થયું લાગે છે, તે પોલીસની ખટારી બોલાઈવી, જઈને જોયું તો ચંદાબહેન રાંઢવાવેચવાળા હાઈરે વાત કરતા'તા.

(ગોવાભા સ્નાન કરી બહાર આવે છે. બધાં ઊભા થાય છે.)

ગોવાભા : બધા ભેગા થઈને ચોકી કરો છો ?

બાબુ : હા, આદમે તમારા ઘર બાજુ દીપડાને આવતો જોયેલો.

મગન : શાસ્ત્રીજી, ગામ હાઈરે રે' છે તેં ગામની યેં ફરજ ખરી કે નહીં ?

ગોવાભા : જોયું વિશ્નુ, ગામવાળા તને કેટલું માન આપે છે. !

વિશ્નુ : હું કહું છું કે ઉજાગરા કરવાની જરૂર નથી. મારી પાસે તલવાર છે.

ગોવાભા : તલવાર લઈને ફરવું શું આપણને શોભે ? ને તારે દીપડા જ મારવાના છે કે શાસ્ત્રાર્થમાં પણ જીવ પરોવવાનો છે ?

ગાયત્રી : (આરતી સાથે આવે છે.) હું પણ એ જ કહું છું, બાપુજી !

રસિક : ગ ઢ વી, દી પ ડો... (દીપડાનો ઘુરકાટ સંભળાય છે.)

(દીપડો ગાય છે ત્યાં પ્રકટ થાય છે. ગાય અને દીપડો સામસામે છે.)

ગાયત્રી : બાપ રે ! કેટલું ભયાનક પ્રાણી છે ?

રસિક : હમણાં ગાયને ફાડી ખાશે !

મગન : એલા દેકારો કરો, ભાગી જાશે.

(બધાં બૂમાબૂમ કરે છે. પિત્તળની રકાબીઓ ખખડાવે છે. ફેંકે છે. પણ દીપડો જતો નથી. ગાયની સામે બેસી જાય છે. ગાય પણ બેસી જાય છે.)

વિશ્નુ : ગાયત્રી, તલવાર લાવ.

ગોવાભા : (ગાયત્રી પાસેથી આરતી લેતા) તલવારની જરૂર નથી.

(ગોવાભા આરતી સાથે દીપડા તરફ આગળ વધે છે.)

ગોવાભા : હિંસક પશુ આગથી ડરતા હોય છે.

(ગોવાભા ગાય-દીપડા તરફ આગળ વધે છે.)

વિશ્નુ : (ગાયત્રીને) તું તલવાર લઈ આવ ઘરમાંથી.

ગાયત્રી : મારાથી બાપુજીની આજ્ઞા ના ઉથાપાય.

(ગોવાભા આરતી સાથે ગાય અને દીપડા વચ્ચે જાય છે. આરતીની

જ્યોત દીપડા તરફ લંબાવી ભગાડવા કોશિશ કરે છે. દીપડો ડરવાના બદલે આરતીની જ્યોતને જોઈ રહે છે. ત્યાં જ બેસી રહે છે. ગાય પણ દીપડા સામે શાંતિથી બેઠી છે. ગોવાભા હાથમાં આરતી પકડી વિસ્મયથી ઊભા છે. અચાનક એમની આંખ ભરાય છે. એ ગાય અને દીપડા વચ્ચે ઘૂંટણ પર બેસી પડે છે.)

ગોવાભા : આ હું શું કરતો હતો ? આરતીની જ્યોતને આગ સમજી આ પશુને ડરાવવા પ્રયત્ન કરતો હતો ! શું આટલા વર્ષ મેં આ જ કર્યું હશે ? શું હું ધર્મ અને પૂજા-પાઠનો પૂરેપૂરો અર્થ સમજ્યા વિના જ કર્મકાંડમાં અટવાતો રહ્યો ? જેમ પશુથી બચવા મનુષ્ય પોતાના રક્ષણ માટે વિનાશક અગ્નિને હાથમાં લે એમ મેં ધર્મનું આચરણ કર્યું હતું ? અને આજે, આ ગાય અને દીપડાએ મને એ સમજાવ્યું કે આરતીની જ્યોત અને અગ્નિમાં શું તફાવત છે ! ખરેખર આ સૂક્ષ્મ ભેદ સમજવો મુશ્કેલ છે.

હૅરિ : (પ્રવેશ) મને સમાચાર મળ્યા કે (દશ્ય જોઈ) માઈ ગૉડ, ગાય ને દીપડો... મિત્રની જેમ સામસામે બેઠાં છે... આઈ કૅન નૉટ બિલીવ, ઈમ્પૉસિબલ.

વિશ્નુ : (પાસે જઈ) બાપુજી, બાપુજી.

ગોવાભા : જુવો, તમને જોવા માટે દૃષ્ટિ મળી છે, આ ગાય અને દીપડો કેવાં શાંતિથી સામસામાં બેઠાં છે ? આને શું કહીશું ? ધર્મ અને શાસ્ત્રના કયા માપદંડ, કઈ ચાવી આ ભાવનાને સમજવા કામ લાગશે ? મિસ્ટર હૅરિ, તમે આને શું કહેશો ?

હૅરિ : મિરૅકલ, ચમત્કાર. આવી મિત્રતાનું ઉદાહરણ ભાગ્યે જ જોવા મળે. આ તો પ્રકાશનું એ કિરણ છે જે આખા વિશ્વને નવો માર્ગ બતાવે. ગોવાભા, આ કેવી રીતે બન્યું ?

ગોવાભા : જ્ઞાન-વિજ્ઞાન ટૂંકાં પડશે ભાઈ. આપણી દૃષ્ટિએ આ ચમત્કાર છે. પણ આવી તો અનેક ઘટનાઓ ઘટતી હશે. આ પ્રેમનું પ્રાકટ્ય છે. આ જ ધર્મ છે. આ જ ઈશ્વરનું રૂપ છે, આની જ પૂજા-અર્ચના કરાય, આરતી ઉતારાય.

(ગોવાભા ગાય-દીપડાની આરતી ઉતારે છે. સંગીત-પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે પાળિયા પાસે મગન અને આદમ શાંતિથી બેઠા છે.)

મગન : મારું બેટું આંખે જોયું પણ માન્યામાં નથી આવતું !

આદમ : ગોવાભા આરતી કરીને ઘરમાં ગયા તે ગયા, જાણે જન્નત મળી.

મગન : શાસ્ત્રીજીના ફળિયામાં ઈમની સમાધિયે બની, મહાત્મા જીવ હતા.

આદમ : રોજ રાતે શાસ્ત્રીજીના ફળિયામાં દીપડો આવે છે ને સવાર સુધી ગાય પાસે બેસે છે. દુનિયા આખીમાં આના સમાચાર ફેલાયા છે.

મગન : તને ખબર છે ? આજે શાસ્ત્રીજીની ગાયનાં દર્શને મુખ્ય પ્રધાને આવેલા !

આદમ : રાત રોકાયા હોત તો દીપડાનાં ય દર્શન થાત !

બાબુ : (પ્રવેશ) વાહ, કહેવું પડે, આજે તમે પાળિયા માથે નવકૂકરી યે નથી માંડી !

મગન : નવકૂકરી તો આપણાં સહુની માથે મંડાઈ રહી છે, ગઢવી !

આદમ : જોવી હોય રમત તો શાસ્ત્રીજીના ફળિયામાં ચાલો.

મગન : ગાય-દીપડાની ભાઈબંધી જાણે તમાશો બની ગઈ છે.

આદમ : ગઢવી, આપણે તમાશાથી વધીને કાંઈ નથી. ગઢવી, તમે ઈતિહાસનું ગૌરવ જાળવવા મથી રહ્યા છો પણ અહીં જે સામે છે એ ય ભૂંસાઈ રહ્યું છે.

(પ્રકાશ લુપ્ત થાય છે. શાસ્ત્રીના ફળિયામાં પ્રકાશ. ગોવાભાની આરસની સમાધિ બની છે. સ્ત્રીઓ ગાયની પૂજા કરી રહી છે. કૅમરા શૂટિંગ કરી રહ્યા છે. સ્યૂટધારી પત્રકાર મિસ્ટર હૅરિ અને શાસ્ત્રીજી એકસાથે ઊભા છે. પત્રકારના હાથમાં માઈક છે. ગામવાળાં ઊભાં ઊભાં જોઈ રહ્યાં છે.)

પત્રકાર : (ઍન્કરની જેમ) હું ભારતના એ નાનકડા ગામમાં છું જ્યાં ગાય અને દીપડા વચ્ચે મિત્રતા થવાની ચમત્કારિક ઘટના ઘટી છે. આ ઘટના સમગ્ર વિશ્વ માટે પ્રેમના સંદેશા સમાન છે. આપ જોઈ રહ્યા છો કે ગ્રામ સ્ત્રીઓ ગાયની પૂજા કરી રહી છે. આ ગોવિંદ શાસ્ત્રીની સમાધિ છે, ગોવિંદ શાસ્ત્રી પ્રેમ-શાંતિ અને અહિંસાના પૂજારી હતા.

(પત્રકારના હોઠ ફફડી રહ્યા છે.)

બાબુ : (મગન-આદમને) આ તો મારા બેટા આપણું લાઈવ ટેલિકાસ્ટ કરે છે !

આદમ : અફઘાનિસ્તાન અને ઈરાક જેવું !

બાબુ : અને આ હૅરિ શું કરે છે ?

મગન : નવકૂકરી રમે છે.

પત્રકાર : (પ્રવક્તાની જેમ) મારી સાથે છે ગોવિંદ શાસ્ત્રીના પુત્ર વિશ્નુ શાસ્ત્રી જે ગાયની રક્ષાને પોતાનો ધર્મ સમજે છે. આ ગાય અને દીપડાની મિત્રતા જળવાઈ રહે તે માટે શાસ્ત્રીજી પ્રતિબદ્ધ છે. શાસ્ત્રીજી તમારામાં આવી પ્રતિબદ્ધતા કેવી રીતે જન્મી ?

વિશ્નુ : નદીને લોકમાતા અને ગાયને માતા તરીકે પૂજવાની અમારી ધાર્મિક પરંપરા છે. હું આ પરંપરામાં ઊછર્યો છું એટલે આ ભાવના મારા લોહીમાં છે.

પત્રકાર : ગાયના વધને તમે શું માનો છો ?

વિશ્નુ : મહાપાતક !

પત્રકાર : મહાપાતક એટલે શું ?

વિશ્રુ : એવું હીન કૃત્ય જેની કોઈ ક્ષમા ના હોય !

પત્રકાર : થેંક યૂ, આ કાર્યક્રમ હવે આગળ વધી રહ્યો છે. અહીં ફળિયામાં જ રાતના સમયે દીપડો આવે છે અને સૂર્યોદય સુધી શાંતિથી ગાય પાસે બેસે છે. આજે અમે આપને આ રસપ્રદ ઘટનાનું જીવંત પ્રસારણ બતાવીશું અને સાથે સાથે કેટલીક રોમાંચક મુલાકાતો. પ્લીઝ, સ્ટે વિથ અસ.

(કૅમરામૅન કૅમરા ઑફ કરે છે. એક સ્ત્રી પ્રસાદ વહેંચે છે.)

બાબુ : બહેન, પ્રસાદમાં દીપડાનોય ભાગ રાખજો !

સ્ત્રી : દીપડાનો કેમ, ગઢવી ?

બાબુ : આ ચમત્કારમાં એનોય ફાળો ખરો ને !

પત્રકાર : (સિગારેટ પીતાં) શાસ્ત્રીજી, આપણે બીજો એકાદ ઇન્ટર્વ્યૂ કરી લઈએ, ત્યાં સુધીમાં દીપડાનો સમય થઈ જશે.

હૅરિ : આ બાબુભાઈ ગઢવીનો ઇન્ટર્વ્યૂ કરો, એ ફોક આર્ટિસ્ટ છે, અહીંની પરંપરાના જાણકાર. રશિયા અને અમેરિકાના ફોક ફેસ્ટિવલમાં જઈ આવ્યા છે.

પત્રકાર : એમ ! ગઢવી, તૈયાર !

બાબુ : હવે તમે મારી ફિલમ પાડશો !

પત્રકાર : બે સેકન્ડ પછી તમે દુનિયાના છત્રીસ દેશોમાં દેખાશો !

બાબુ : જ્યાં ટેલિવિઝન ચાલુ હોય ત્યાં !

પત્રકાર : રેડી કૅમરા, ગઢવીને માઇક લગાડો.

(કૅમરામૅન બટન જેવડું લેવલ માઇક ગઢવીની શાલ પર લગાડે છે.)

પત્રકાર : (પ્રવક્તાની જેમ) 'માનો ન માનો'માં ફરી તમારું સ્વાગત છે. મારી સાથે બાબુ ગઢવી છે. એ લોક સાહિત્યકાર છે, સંસ્કૃતિ અને ઇતિહાસના જાણકાર છે. બાબુભાઈ, તમે આ ગાય-દીપડાની મિત્રતા જેવી ઘટના ક્યારેય જોઈ-સાંભળી છે ?

બાબુ : અમારા ઇતિહાસમાં તો અનેક આશ્ચર્યજનક ઘટનાઓ પડી છે, મારાભાઈ. પણ એ ઇતિહાસ અમારી પ્રજાને ભુલવાડી દેવાયો છે. ભુલવાડી દેવાઈ છે એ વાત કે અમે સદીઓ સુધી અંગ્રેજોની ગુલામી વેઠી છે, ભુલવાડી દેવાયો છે અઢારસો સત્તાવનનો એ વિપ્લવ જ્યારે અમારા જીવણ અને જમાલ જેવા અનેક શૂરવીરોએ બ્રિટિશ હકૂમતની ઊંઘ હરામ કરી નાખી હતી.

(હૅરિના ઇશારે પત્રકાર વાત વચ્ચેથી કાપે છે.)

બાબુ : (વાત કાપતાં) હું દબાયેલો ઇતિહાસ ઉખેળી રહ્યો છું, કોઈ પ્રજા સો સો વર્ષ સુધી પોતાના ધાર્મિક ભેદભાવો કોરાણે મૂકી સ્વતંત્રતા માટે લડત આપે એ શું અભૂતપૂર્વ ઘટના નથી ? કોઈ પ્રજાના આવા જ્વલંત ઇતિહાસને ચતુરાઈથી એક ભેદરેખા આંકીને ઢાંકી દેવાય એ શું ચમત્કાર નથી ?

પત્રકાર : (હૅરિના ઇશારે પત્રકાર વાત કાપતાં) આભાર, બાબુભાઈ. તો આ હતા બાબુભાઈ ગઢવી. એમની વાતોનું મૂલ્ય છે જ પણ ઇતિહાસમાં જીવવું એ ખતરનાક બાબત છે, મનુષ્યે વર્તમાનના ઉજાસમાંથી ભવિષ્ય તરફ દૃષ્ટિ લંબાવી જોવું જોઈએ કે ત્યાં શું છે ?

મગન : દીપડો !!

(એ જ સમયે દીપડો પ્રવેશે છે. ગાયની સામે બેસે છે. કૅમરામૅન શૂટિંગ કરી રહ્યો છે. પત્રકાર ચાલતો ચાલતો ગાય-દીપડાની વચ્ચે ગોવાભાની જેમ હાથમાં માઇક પકડી ઊભો રહે છે.)

પત્રકાર : ફ્રેન્ડ્ઝ, આ છે આ સદીનું અવિસ્મરણીય દૃશ્ય. શસ્ત્રો અને હિંસાથી ઉભરાતા આ વિશ્વને જાણે ગાય અને દીપડો સંદેશ આપી રહ્યાં છે. પ્રેમ અને મિત્રતાનો સંદેશ. શાંતિ અને સહોપસ્થિતિનો સંદેશ. આ એ દૃશ્ય છે જે જોઈને આપનું હૃદય પ્રેમની ભાવનાથી ઝળહળી ઊઠશે. અમને વિશ્વાસ છે આ જીવનશૈલી નવા વિશ્વનું નિર્માણ કરશે. આ વિશે થોડી જ વારમાં અમે આપને બતાવીશું વિશ્વના મહાનુભાવોનાં મંતવ્ય. પણ એ પહેલાં, આપણે લઈશું એક નાનાકડો કમર્શ્યલ બ્રેક. પ્લીઝ સ્ટે વિથ અસ.

(પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે બાબુ ગઢવી પાળિયા પાસે બેઠો છે.)

બાબુ : (પાળિયાને) મને ખબર છે દોસ્તો, તમે પણ બોલતા હશો કે પ્લીઝ સ્ટે વિથ અસ, સ્ટે વિથ અસ. તમારી જેમ જ દુનિયાભરના સંતો-પયગંબરો-મહાત્માઓ અને શૂરવીરોની પ્રતિમાઓ બોલતી હશે પ્લીઝ સ્ટે વિથ અસ, સ્ટે વિથ અસ, સ્ટે વિથ અસ. પણ એમની પાસે ઊભા રહેવાનો કોઈની પાસે વખત નથી. ક્યારેક એકાએક અચાનક આ પાળિયા, પ્રતિમાઓ, સ્મારકો, આપણો ઉજ્જ્વળ ઇતિહાસ અદૃશ્ય થઈ જશે તો ? જો કે સામે છે એય ક્યાં દેખાય છે ? આ કેવો અંધાપો પ્રકાશ બનીને ફેલાઈ રહ્યો છે !

(એક ફુટબોલ 'ગોલ' એવી બૂમ સાથે પાળિયા પર અફળાય છે. ગાય-દીપડાનાં મહોરા પહેરી રમતવીરો પ્રવેશે છે અને ફુટબોલ રમવા લાગે છે. બાબુ ગઢવી અવાક્ ઊભો છે. શાસ્ત્રીના ઘર પર પ્રકાશ થાય છે. ગાયત્રી પ્રવેશે છે અને ફુટબોલ રમતું ટોળું જોઈ અવાક્ થઈ જાય છે. ગામના ચોરા પાસે મગન રામરોટીના થેલા સાથે સાઇકલ લઈ પ્રવેશે છે. ફુટબોલ એની સાઇકલ સાથે અથડાય છે અને રમતવીરો 'ગોલ' એવી બૂમ પાડે છે. સાઇકલ અને મગન નીચે પડે છે. બાબુ ગઢવી - ગાયત્રી અને મગન એકીસાથે બોલે છે.)

ત્રણે : કોઈ કહેશો અમને કે આ શું ચાલી રહ્યું છે ?

(પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે ચોરા ઉપર ફૅશન શો જેવો રંગીન પ્રકાશ છે. ચોરાથી મંચની આગળના ભાગ સુધી

મૉડેલ્સની કેટવૉક માટે લાલ પાથરણાનો પટ્ટો બિછાવાયેલો છે. તાલિયોના ગડગડાટના ધ્વનિ સાથે ચોરા પર મિસ્ટર હૅરિ અને વિશ્રુ શાસ્ત્રી એકમેકનો હાથ પકડી પ્રવેશે છે. મિસ્ટર હૅરિ સૂટમાં છે અને શાસ્ત્રી પોતાના પરંપરાગત લાલ ધોતિયામાં. શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો છે. ખભે ખેસ છે.)

મિસ્ટર હૅરિ : મિત્રો, અમે વિશ્વમાં શાંતિનો સંદેશ ફેલાવવા ઇચ્છીએ છીએ. અમને પ્રત્યેક સાંસ્કૃતિક પરંપરા માટે સદ્‌ભાવ અને આદર છે. શાસ્ત્રીજી આ નોબલ કૉઝ માટે અમારી સાથે છે એનો અમને આનંદ છે. આજે અહીં એક ફૅશન શોનું આયોજન થયું છે. દુનિયાભરના મૉડેલ્સ આ શોમાં ભાગ લઈ વૈશ્વિક એકતાના મૂલ્યને પ્રકટ કરી રહ્યા છે. અહીં જુદીજુદી દેશ-વિદેશની બનાવટોની જાહેરાત પણ આ મૉડેલ્સ કરશે. સમગ્ર વિશ્વ જાણે છે અમને માત્ર વ્યાપારમાં જ નહીં પણ માનવીય મૂલ્યોમાં પણ રસ છે. માનવતાનો ઉપહાસ અમે ક્યાંય પણ, ક્યારેય નહીં સાંખી લઈએ. વિશ્વભરની પ્રજાઓ નિર્ભયતાથી વિકાસની દિશામાં અગ્રેસર થાય એ જ અમારું ધ્યેય છે જેના માટે અમે સમર્પિત છીએ. થૅંક યૂ....

વિશ્રુ : આપણને સહુને શ્રદ્ધા છે કે મિસ્ટર હૅરિ માનવીય મૂલ્યોની સુરક્ષા માટે કટિબદ્ધ છે. આ ગાય-દીપડાની બંધુતાને એમણે જે મહત્ત્વ આપ્યું છે એનાથી એ સમજી શકાય છે. તો હવે, આ ફૅશન શોનો શુભારંભ થાય છે.

(બંને સાથે સાથે કેટવૉકના લાલ પાથરણા પર ચાલતા ચાલતા મંચના આગળના ભાગ સુધી જાય છે. દર્શકોને નમસ્કારની મુદ્રામાં હાથ જોડે છે. ફોટોગ્રાફરોની ફ્લેશલાઇટ્સના ચમકારા થાય છે. બંને પાથરણાથી થોડે દૂર જઈ ઊભા રહે છે. પાથરણાની આસપાસ ગ્રામજનો ઊભાં છે જેમાં રસિક હાથમાં લોટા સાથે આદમ-મગન તથા ગઢવી સાથે ઊભો છે. બીજી તરફ ગાયત્રી તથા અન્ય સ્ત્રીઓ ઊભી છે. ચોરા પર પાશ્ચાત્ય વસ્ત્રમાં એક સ્ત્રી મૉડેલ મોઢા પર ગાયના મ્હોરા સાથે પ્રવેશે છે, જેના એક હાથમાં ઠંડા પીણાની બૉટલ છે. સાથે પાશ્ચાત્ય પોશાકમાં દીપડાનું મ્હોરું મુખ પર ધારણ કરેલ એક પુરુષ છે. બંને ત્યાંથી કેટવૉક કરતાં કરતાં પાશ્ચાત્ય સંગીત સાથે મંચની આગળના ભાગે આવે છે. પુરુષ મૉડેલ ઝૂકીને ખોબો ધરે છે. ગાય બનેલી સ્ત્રી મૉડેલ મોહક અદામાં બૉટલમાંથી પીણું ખોબામાં નાખવાનો અભિનય કરે છે. તાલિયોનો ધ્વનિ. બંને કેટવૉક કરતાં કરતાં પાછાં જાય છે. આફ્રિકન ડ્રમ્સના સંગીત સાથે પાછું કપલ કેટવૉક કરતું કરતું આવે છે. બંનેનાં વસ્ત્ર નિગ્રો પહેરે તેવાં છે. પ્રેક્ષકો પાસે આવી દીપડો બનેલો પુરુષ ગાય બનેલી સ્ત્રીને સાબુ ભેટ ધરે છે. ગાય શરમાવાનો અભિનય કરે છે. બંને પાછા ફરે છે. અરૅબિયન સંગીત સાથે મોઢા પર બુરખાવાળી ગાયની મૉડેલ તથા આરબના પોશાકમાં દીપડો આવે છે. દીપડો લિપસ્ટિક આપે છે. ગાય બુરખો હટાવી લિપસ્ટિક લગાડવાનો અભિનય કરે છે. દીપડો બુરખો પાડે છે. બંને કેટવૉક કરતાં કરતાં પાછાં ફરે છે. સાચા દીપડાના ઘૂઘવાટ સાથે દીપડો મંચ પર આવે છે. સાથે ગાય છે. બંને કરુણ સંગીત સાથે સહજ ચાલે આગળ વધે છે. એમની પાસે કોઈ પ્રોડક્ટ નથી. મંચના આગળના ભાગે જઈ સામસામાં બેસે છે. મિસ્ટર હૅરિ ગોવાભાની જેમ બેવની વચ્ચે ઊભો રહે છે.)

હૅરિ : તમારી પ્રોડક્ટ ક્યાં છે ? તમે ક્યાંથી આવ્યા છો ?

(દીપડો ઘૂરકે છે. રસિકના હાથમાંથી લોટો પડે છે અને રૂપિયા વેરાય છે એનો ધ્વનિ.)

રસિક : ગઢવી, ઈ સાચો દીપડો છે !

(દીપડો અને ગાય હૅરિ પર હુમલો કરવા પાછાં ફરે છે. હૅરિ ચોરા પર જાય છે. ગાય અને દીપડો પણ ત્યાં જાય છે.)

હૅરિ : બચાવો, બચાવો,

(દીપડો હૅરિને ધક્કો મારે છે. હૅરિ પડી જાય છે.)

હૅરિ : શાસ્ત્રીજી, શાસ્ત્રીજી,

(હૅરિ ત્યાંથી વિંગમાં ભાગે છે. પાછળ ગાય અને દીપડો જાય છે. બીજી તરફની વિંગમાંથી હૅરિ ગોવાભાની સમાધિ પાસે આવે છે.)

હેરી : શાસ્ત્રીજી, બચાવો બચાવો.

(ગાય અને દીપડા બેઉ સ્વરૂપની એક જ આકૃતિ ત્યાં ગોળ ગોળ ફરતી પ્રવેશે છે. કોઈ નૃત્ય જાણનાર નટીને એક તરફ ગાય દેખાય અને બીજી તરફ દીપડો દેખાય. એવા પોશાક તથા મહોરાથી ગાય-દીપડાનું એકાકાર સ્વરૂપ બતાવી શકાય. દીપડો જ્યારે હૅરિ પર તરાપ મારવા જાય છે ત્યારે વિશ્રુ શાસ્ત્રી તલવાર સાથે પ્રવેશે છે. એ દીપડાના સ્વરૂપ પર તલવાર વીંઝે છે, આકૃતિ લથડીને સમાધિ પાસે એવી રીતે પડે છે કે જાણે મરેલી ગાય પડી હોય. વિંગમાંથી ગ્રામજનો 'મહાપાતક', 'મહાપાતક'ના પોકાર સાથે પ્રવેશે છે. સમગ્ર દશ્યને અર્ધ-ચંદ્રાકારે ઘેરે છે. ગોવાભાની સમાધિ પાસે હેરી ઊભો છે. વિશ્રુ શાસ્ત્રી તલવાર નીચી કરી સમાધિની બીજી તરફ ઘૂંટણભેર બેસી જાય છે. સમાધિ પર મરેલી ગાય પડી છે. ગ્રામજનો ધીમાં પગલે ત્યાંથી ચાલ્યાં જાય છે. ચોરા પર દીપડો આવીને બેસે છે. પાળિયા પાસે ગઢવી-મગન અને આદમ ઊભા છે. વિશ્રુ શાસ્ત્રી આંસુથી ખરડાયેલું મુખ ઉપર ઉઠાવે છે.)

વિશ્રુ : (કરુણા-વિવશતાથી) પ્લીઝ, સ્ટે વિથ અસ.

હૅરિ : (કરુણા-વિવશતાથી) પ્લીઝ, સ્ટે વિથ અસ.

(પડદો પડે છે.)

સમાંતર જીવન

મૂ. લેખિકા : સુનીતા દેશપાંડે   અનુવાદ : અરુણા જાડેજા

૧. જેન વેલ્શ અને ટૉમસ કાર્લાઈલ

ફિલિસ રોઝનું પૅરેલલ લાઈવ્ઝ (Parallel lives) નામનું પુસ્તક હાલમાં જ વાંચ્યું. ઓગણીસમી સદીમાં, રાણી વિક્ટોરિયાના કાળના ઈંગ્લન્ડની સમકાલીન પાંચ વ્યક્તિઓના વૈવાહિક જીવનને લગતું આ પુસ્તક 'ફાઈવ વિક્ટોરિયન મેરેજીસ' એવા ઉપશીર્ષકવાળું છે. એ ગાળાના બ્રિટિશ કાયદા, નીતિનિયમ, શિષ્ટાચાર, પરંપરા, સ્ત્રીઓનું સામાજિક સ્થાન વગેરેની પશ્ચાદ્ભૂમિ પર આ લોકોનું જીવન રંગાયેલું હોવાથી આજે તેનું ઐતિહાસિક મહત્ત્વ તો છે જ, પણ સામાજિક પાર્શ્વભૂમિ, વ્યક્તિ-વ્યક્તિના નાતા અને તેનાં સ્વરૂપો, કુટુંબ-વ્યવસ્થા, પતિ-પત્નીના સંબંધો વગેરે બાબતો ઝડપભેર બદલાતી હોવા છતાંય મનુષ્ય સ્વભાવમાં અને વ્યક્તિ-સમાજના સંબંધોમાં ખાસ ફેર પડતો નથી. એ જો નજરે પડે તો તો પછી મોટી મજા જ પડે.



ટોમસ કાર્લાઇલ (૧૭૯૫થી ૧૮૮૧)

લગ્નને લીધે થનારા શારીરિક સંબંધો માટેના કે સાસરી પક્ષના સગાંવહાલાંઓના અનુભવો નવા હોય છે, એમની સાથે આ બે જણાં કેવી રીતે ફવડાવી લે છે એના પર શરૂઆતના ગાળામાં ઘણું બધું અવલંબી રહે છે. એ પછીના કાળમાં શારિરિક ખેંચાણ ટાઢું પડતાં એકબીજાના ક્યા ગુણવિશેષમાં તમે રસ લો છો એના પર સમતુલા જળવાઈ રહે છે. આ બાબતમાંય એ કાળના અને હાલના વૈવાહિક સંબંધોમાં કાંઈ જ ફેર પડ્યો નથી.

કેટલાંક વૈવાહિક જીવન સુખી કહી શકાય તો કેટલાંક દુઃખી. લગ્નસંબંધમાં ઘણી વાર એ બંનેના પ્રત્યક્ષ ઝઘડા ચાલતા જ હોય એવું નથી, મહદંશે તો જે ઘટના પ્રત્યે જોવાના પરસ્પર વિરોધી દૃષ્ટિકોણને લીધે એકબીજાંને ભાગે જુદાજુદા ભોગ આવતા હોય છે. બંનેનેય પોતપોતાનો અહમ્ મહત્ત્વનો લાગવાથી દૃષ્ટિકોણમાં આવો તફાવત ઊભો થાય છે. પણ ક્યારેક ક્યારેક સ્વતંત્ર વ્યક્તિત્વના સુખની કલ્પના એકસરખી જ હોય તો એમનું સહિયારું જીવન પણ સુખી થઈ શકે. કાયદેસર લગ્નવિધિ, પછી છૈયાંછોકરાં અને છેવટે મૃત્યુ અથવા બહુબહુ તો છૂટાછેડા, આવું ચોકઠું એટલે જ વૈવાહિક જીવન એવી વ્યાખ્યા આ લેખિકાને માન્ય નથી. આથી પરસ્પર શરીરસંબંધ ન રાખનારા દંપતીનાં લગ્ન એને અસંભવ કે વિચિત્ર ન લાગતાં વધારે લવચિક લાગે છે. ટૂંકમાં, દરેક લગ્ન એ તો સ્વતંત્ર દૃષ્ટિકોણ વડે રંગાવાયેલા વ્યક્તિગત કથાનક જેવું હોય છે એવું લેખિકાને લાગે છે. એમાં સામ્ય-સ્થાનો તો હોવાનાં જ, પણ વેગળા વહેણ હોવાની શક્યતા વધારે. લેખિકાએ આ અર્થે આ બધાં વૈવાહિક જીવનને 'સમાંતર' કહ્યાં છે. પ્રેમ કરીને પોતે ગોઠવ્યા હોય એવાં કે બીજાંએ ગોઠવી દીધાં. હોય એવાં આ લગ્નસંબંધો આગળ જતાં વણસતાં જાય એનું કારણ એકબીજાં પરનો પ્રેમ જ અદૃશ્ય થઈ જાય છે એવું નથી હોતું. ક્યારેક પ્રેમમાંથી હળવે હળવે પોતીકાપણામાં રૂપાંતર થતું રહીને વૈવાહિક જીવન સમજપૂર્વક ચાલુ રહેતું હોય છે. પણ એ બેમાંથી કમજોર વ્યક્તિને પોતાનું શોષણ થઈ રહ્યાનું ભાન ખૂંચવા લાગે ત્યારે અથવા તો પોતાનામાં કશાયની કમી ન હોવા છતાંય સંસારમાં પોતાને અમથું જ ગૌણસ્થાન મળી રહ્યું છે એવું જ ગૃહીત ધારી લેવામાં આવે, કોઈ જાતનું શ્રેય મળતું નથી એવું થવા લાગે ત્યારે સમતુલા ડગમગે છે.

વૈવાહિક જીવનને લગતું લખવું એટલે બીજાના ખાનગી જીવનમાં ડોકિયાં કરવાં, આ કાંઈ સદભિરુચિનું લક્ષણ નથી, એવું કોઈ પણ કહી શકે. પણ લેખિકાને એવું લાગતું નથી. ઊલટું, લગ્નસંસ્થા તો સમાજજીવનનો એક અવિભાજ્ય ભાગ છે, સ્ત્રી-પુરુષ સંબંધ એ નૈસર્ગિક જરૂરિયાત છે, જેથી તે અધિકતર સુખાવહ અને નિરામય, સુદૃઢ હોવું એ દૃષ્ટિએ તેનો અત્યંત ગંભીરતાથી વસ્તુનિષ્ઠ દૃષ્ટિકોણથી વિચાર થવો જોઈએ, એવો તેનો મત છે.

ઓગણીસમા શતકના પૂર્વાર્ધમાં ઈંગ્લન્ડમાં લગ્નસંબંધી કાયદા ઘણા જ સંકુચિત હતા. પણ ત્યાર બાદ વૈચારિક મંથનમાંથી એ પ્રત્યેના દૃષ્ટિકોણમાં સુધારણા થઈને વાતાવરણ વધારે ચોખ્ખું થતું ગયું. પણ પાછું વીસમી સદીના પૂર્વાર્ધમાં ફ્રૉઈડે સઘળા માનવી-નાતાને એક વિશિષ્ટ ચોકઠામાં બેસાડવાનો દૃષ્ટિકોણ બતાવ્યો. એનું કહેવું (કેટલીય વાર અભ્યાસવા છતાંય) એ જ વેદવાક્ય એમ માનીને એના ભક્તગણોએ માણસ-માણસનાં સુંદર સગાં-સંબંધોનેય

સંશયિત નજરે જોવાની અને શેરાબાજી કરવાની શરૂઆત કરી અને આ સગાંસંબંધોમાં એક નવી સંકુચિતતા લાવવાનો ધંધો કર્યો. માનવસગાઈ પ્રત્યે આવી ચોક્કસ બીબાંઢાળ ભૂમિકામાંથી નિહાળવું આ લેખિકાને મંજૂર નથી.

આ જ વિક્ટોરિયન કાળમાં કેટલાય ઉમદા અને નામદાર માણસો ઈંગ્લન્ડમાં થઈ ગયા. એમાંના કેટલાયનો ઉલ્લેખ આ પુસ્તકમાં પ્રસંગોપાત્ત થયેલો જોવા મળે છે. પણ લેખિકાએ જેન વેલ્શ અને ટૉમસ કાર્લાઈલ, એફી ગ્રે અને જૉન રસ્કિન, હેરિયટ ટેલર અને જૉન સ્ટુઅર્ટ મિલ, કૅથરિન હોગાર્થ અને ચાર્લ્સ ડિકન્સ તથા જ્યોર્જ એલિયટ (એટલે પહેલાની મરિયમ ઈવાન્સ) અને જર્યોજ હેન્રિ લૂઈ આ પાંચ યુગલો જ ચૂંટી કાઢ્યાં છે. આ પાંચેય ઘણા મોટા માણસો. એમનું પોતાનું લખાણ, વિચાર, કલા વગેરેનો આસ્વાદ આપણે આજેય સ્વતંત્રપણે લઈ જ શકીએ. પણ પત્રો, ડાયરીઓ, ટિપ્પણો, કતરણો, સાદી ચિઠ્ઠી-ચપાટીઓય સાચવીને મૂકી રાખવાની પાશ્ચાત્ય પરંપરાને લીધે આગળ જતાં આ બધાંને આધારે સંશોધન કરીને અનેક પુરાવા એકઠા કરીને અનેક દૃષ્ટિકોણમાંથી લખાયેલાં એમનાં ચરિત્રો જ આપણને વાંચવા મળે છે. આજે આટલા સમય બાદ પાંચ યુગલો વિષે ઉપલબ્ધ હોય એવા પ્રકારનાં પુસ્તકોને આધારે ફિલિસ રોઝે આ પુસ્તક લખ્યું છે.

કોઈ પણ કાળે, રાજકીય શું કે સામાજિક ક્ષેત્રે શું, થનારી પ્રત્યેક મહત્ત્વની ઘટના પ્રત્યે જોવાના એ જ કાળના બુદ્ધિમાનોના, વિચારકોના દૃષ્ટિકોણ પરસ્પર વિરોધી જ હોય છે. પરંપરાવાદી અને સુધારણાવાદી, જહાલ અને મવાળ વગેરે. પછી તો જે તે લોકોની વ્યક્તિગતજીવન પ્રત્યે, વિવાહ-સંસ્થા પ્રત્યે, સાહિત્ય પ્રત્યે, ઊલટું દરેક વાત પ્રત્યે જ જોવાની દૃષ્ટિ પણ તેવી જ હોય છે. આ પાંચે જણાંનીય રાજકીય અથવા સામાજિક સુધારણાની બાબતમાં જેવી મતભિન્નતા હતી તેવી જ પોતપોતાના વૈવાહિક જીવન પ્રત્યે જોવાની અને પતિ અથવા તો પ્રિયતમ તરીકે ગણાવાયેલી ભૂમિકામાંય ભિન્નતા જ હતી. ક્વચિત્ પ્રસંગે પોતાના જાહેર મત અને વૈયક્તિક જીવનના પ્રત્યક્ષ આચરણમાંય તફાવત દેખાઈ આવતો. આજે જેમ મહોરાં પાછળના સાચા ચહેરા આપણે ઓળખી કાઢીએ છીએ તેવું જ તે કાળે પણ થતું હતું. આ તો મનુષ્ય સ્વભાવનો જ એક ભાગ છે એવું સમજીને ચાલીએ તો આ ચરિત્ર-નાયકનાયિકાને આપણે ખાસ દોષ પણ આપી શકતા નથી; પણ સામાન્ય લોકોની એટલી પહોંચ હોતી નથી. જેથી પછી જે તે પ્રતિષ્ઠિતોના અનુયાયીઓ સંબંધિત વ્યક્તિઓને દોષ આપવા મંડી પડતા હોય છે. આ જાણે કે આપણાં જ ધરમકરમ છે એવા જોશથી અવાજ ઉઠાવતા હોય છે.

આ પાંચેય યુગલોને ચૂંટતી વખતે લેખિકાએ દુઃખી યુગલો જ વધારે ચૂંટી કાઢ્યાં છે જે દેખાઈ આવે છે. એનું એવું કારણ હોઈ શકે કે 'સુખી કુટુંબો તો આમથી કે તેમથી સરખાં જ' એવું તૉલ્સતૉયનું કહેવું લેખિકાએ માન્ય રાખ્યું હોવાથી એણે આવી પસંદગી કરી છે. આ યુગલો તેણે એક જ બીબામાંથી ઢાળ્યાં નથી. ઉદાહરણાર્થ, ડિકન્સ મિલ સુધારક ધારાના તો કાર્લાઈલ, ડિકન્સ અને રસ્કિન એ બધા તો અલૌકિકની કલ્પનામાં રાચનારા પરંપરાવાદી. એમાંથી કોઈકનાં લગ્નજીવન સુખી કહી શકાય તો વળી કોઈકનાં દુઃખી. કેટલાંક ભરપૂર છૈયાંછોકરાંવાળાં તો કેટલાંક આખો જન્મારો એકબીજાંનો ફક્ત બૌદ્ધિક સંગાથ કરતાં કરતાં, વિષયવાસના કરતાંય કાવ્ય-શાસ્ત્ર વિનોદમાં જ રસ લઈને સંસારમાં બાલ-બચ્ચાંને સ્થાન ન આપનારાં. કોઈકનાં જીવન હંમેશાં અસ્થિર તો કોઈકનાં સંગીન પાયા પર ટટ્ટાર ઊભેલાં.

આ પસંદગી આવી જુદી જુદી હોવાથી આ ચિતારમાં વિવિધતા તો છે જ, પણ આ બધાં લેખકો જ ચૂંટી કાઢ્યાં હોવાથી એમના પોતાના જ હાથના પુષ્કળ પુરાવાય આધારરૂપ છે. લગ્ન નામની સંસ્થા જ જો બાદ કરીએ તો એક વિશિષ્ટ ચોકઠામાં સ્ત્રી-પુરુષોનું મિલન અને સંઘર્ષ એ વિશિષ્ટ કાળના સહિયારા જીવનની પ્રત્યેક ઘટના અંગેની પ્રતિક્રિયાનાં સામ્ય અને ભેદ, સુખ-દુઃખ આ બધી માનવ-રમત જોઈ જ શકાય નહીં. રમત કહીએ એટલે નિયમો આવ્યા, ચોકઠાં આવ્યાં અને રમવું તો છે, પણ આ બંધનની પજવણી નથી જોઈતી. આથી છટકબારી શોધવી અને બૂમબરાડા કરી મૂકવાં, નારાજગી વ્યક્ત કરવાનીય આવે. જે તે રમતભેરુ ને ભાગે આવેલી, પ્રત્યક્ષ ભોગવવી પડેલી સુખદુઃખની અને હારજીતની આ ક્ષણો તો જેનાતેના પૂરતી.

આ મજા માણવા માટે, ખાસ ચાહીને સમય કાઢીને ભેગાં થનારાં પ્રેક્ષકોને આ સામનો પચરંગી જ જોવો ગમતો હોય છે. આવી અનેક રમતનાં સંભારણાં એમની સાંસ્કૃતિક મિરાત હોય છે. સચિન તેંડુલકરની રમત ટી.વી. પર જોનારાં નિશાળિયાં છોકરાંઓને નાનાજીને મોઢેથી બ્રેડમેનની રમતનાં સંભારણાં સાંભળવવામાંય રસ હોય છે જ. એ દૃષ્ટિએ અલૌકિકનાં સંભારણાં આજના જીવવામાં અર્થ આપનારાં પ્રેરણાસ્થાનો જ હોય છે. ફક્ત કયા સ્રોતમાંથી પ્રેરણા લેવી એ જેની તેની અભિરુચિનો ભાગ હોય છે.

*

જેન વેલ્શ અને ટૉમસ કાર્લાઈલ, આ પતિ-પત્ની આમ તો તોલેમોલે સરખાં. જેનના પિતા ડૉ. વેલ્શને પોતાની આ હોંશિયાર દીકરીનું ખૂબ જ કૌતુક હતું. એમણે કામકાજમાંય

એને દીકરા જેવી જ કેળવણી આપી. વાચન અને ઇતર ભાષા વગેરે શીખવ્યાં, વિવાદ વગેરે બાદ પ્રોત્સાહન આપ્યું. ઉંમરના તેરમા વર્ષે જેન વેલ્શે એક નવલકથા લખી. ચૌદમા વર્ષે એક પાંચઅંકી નાટક પણ લખ્યું. તેની ઉંમરના અઢારમા વર્ષે ડૉ. વેલ્શ ગુજરી ગયા ત્યારે એમણે એમની બધી જ સંપત્તિ તેના જ નામે કરી દીધી હતી. લાડકોડમાં ઉછરેલી જેનને મનસ્વીપણે જ વર્તવાની ટેવ હોય એ સ્વાભાવિક જ હતું. કાર્લાઇલ જેવા લેખકના પ્રેમમાં પડતાં પહેલાં તે પોતે જ લેખિકા થવાનાં સ્વપ્ન જોતી હતી.

સુશિક્ષિત, સંસ્કારી, પ્રતિષ્ઠિત, શ્રીમંત ઘરની રૂપવતી અને બુદ્ધિમાન એવી આ એકની એક લાડકી દીકરી જેન, કાર્લાઇલની બુદ્ધિમત્તા પર ઓવારી ગઈ. તે રહેતી હતી એ સ્કૉટલૅન્ડના હૅડિંગ્ટન ગામે ૧૮૨૧માં થોડાક સમય માટે શિક્ષક થઈને આવેલો કાર્લાઇલ તો પ્રથમ દર્શને જ તેના પ્રેમમાં પડ્યો. પોતાની સાથે લગ્ન થાય તે માટેના રામબાણ પ્રયત્નો એ કરતો રહ્યો. પણ પતિ તરીકે એ તેના જોટાનો ન હતો. નોકરીધંધો, સામાજિક પ્રતિષ્ઠા, આર્થિક બળ, એવી વિવાહસંબંધ જોડતી વખતે વિચારમાં લેવાતી અનેક બાબતોમાં એ ઊણો ઊતરતો હતો. આથી એની કેટલીય ઇચ્છા હોય તોય, બંનેની ઓળખાણ થયેથી માંડીને શરૂઆતનાં છ વર્ષો બૌદ્ધિક ચર્ચા, પુસ્તકોની આપ-લે અને અતિશય સુંદર એવા ખાસ્સા પત્રવ્યવહારમાં જ ગયાં. આ કાળમાં તેને લગ્ન માટે અનેક માગાં આવ્યાં હતાં. પણ મનમાં ક્યાંક તો કાર્લાઇલની બુદ્ધિમત્તા અને પ્રતિભાની તુલનામાં પેલા લોકો ઊણા ઊતરી રહ્યા છે એવું જણાતું કે તેને બૌદ્ધિક ખાદ્ય પૂરું પાડવા માટે એના જેટલો શ્રીમંત બીજો કોઈ પણ તેને ક્યાંય દેખાતો નહોતો. એનો ધ્યેયવાદ મનની મોટાઈ વગેરેથી વશ થઈને તેણે મનોમન એનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું. એવી રીતે વિચાર કરવો, પોતાની શબ્દસંપત્તિ અધિક અર્થપૂર્ણ કરતા જવું, આ બધાંમાંથી તે અધિક પ્રગલ્ભ થતી ગઈ.

આ કાળમાં એની સાથે થયેલા પત્રવ્યવહારમાંથી તેના લેખનકૌશલ્યથી કાર્લાઇલ પણ પ્રભાવિત થતો ગયો અને લગ્ન કરીશ તો તેની સાથે જ એવા નિચોડ પર આવ્યો. તેનામાં એને ભવિષ્યકાળની એક વખતની ઘણી મોટી લેખિકા દેખાઈ. તેણે સ્વતંત્રપણે લેખન શરૂ કરવું એવુંય એ સૂચવતો ગયો. તેણે લખવું તે માટે એણે તેની સામે કેટલાક વિષયો પણ મૂક્યા. પણ તેને તો એમ જ થતું કે લેખનમાં આવશ્યક એવી બુદ્ધિમત્તા પોતાનામાં નથી. સાચે તો બુદ્ધિમત્તામાં પોતે ક્યાંય કમ નહોતી. કમી હતી તે ફક્ત આત્મવિશ્વાસની. આથી એની તુલનામાં પોતે કાંઈ જ લખી શકે નહીં એવું મનમાં ધારીને તેણે પત્રો સિવાય બીજું કાંઈ પણ લખી મોકલ્યું નહીં.

૧૮૨૧થી ૧૮૨૬ના ગાળામાં એમનો પ્રત્યક્ષ સહવાસ એવો કાંઈ થયો નહીં. ક્યારેક કોઈ નિમિત્તે એકાદી મુલાકાત થતી. બાકી સંબંધ જોડાતા ગયા તે પત્રવ્યવહારમાંથી.

લગ્ન પહેલાંના આ સમયગાળામાં એમણે એકબીજાંને લખેલા આ પત્રોને પ્રેમપત્રો કહી શકાય નહીં. અદ્ભુત બુદ્ધિમાન અને પ્રતિભાશાળી એવી એ વ્યક્તિઓએ ભાવનાના આવેગમાં એકબીજાંને લખેલા આ પત્રો છે. બંનેના વિચારોમાંની સૂક્ષ્મ આંટીઘૂંટી અતિ ભાવનાપૂર્ણ શૈલીમાં આ પત્રોમાં વ્યક્ત થઈ છે. એ લખાણોનું સાહિત્યિક મહત્ત્વ પણ છે, જે અતિઉત્કૃષ્ટ દરજ્જાનું છે. આ પત્રોમાંથી એવું ચિત્ર દેખાઈ આવે કે પહેલાં તો કાર્લાઇલને લાગે છે કે પોતે પોતાના લેખનથી તેને જીતી શકશે પણ પછી એના ધ્યાનમાં આવ્યું કે જેનને કેળવતા જઈને તેના વિચારો બદલીને જ આ કામ ફાવશે. કાંઈ નહીં તો ચાર કલાક તો અભ્યાસમાં કાઢ એવું એણે તેને કહ્યું તો, તેટલાથી શું વળે, છેવટે કાંઈ નહીં તો આઠ કલાક તો જોઈએ, આ તેનો જવાબ. પછી બહુ બહુ તો છ કલાકની એણે છૂટ આપવી. ખાલી વાચન, વિચાર વગેરેથી કાંઈ વળે નહીં, એમાંથી કાંઈ સર્જન, લખાણ તો નીપજવું જ જોઈએ. નિબંધ, નવલકથા, કાંઈ નહીં તો ભાષાંતરનું તો કામ કરતાં રહેવું એવું તે કહેતો રહેતો. તેનાં જર્મન ભાષાંતરો તપાસવાં, એક જ વિષય પર બેઉએ કવિતા લખવી, જેનના વાચનને દિશા દેખાડવી વગેરેની એણે શરૂઆત કરી. તેને નાટક લખવું ફાવશે એવું એને થતું. પછી નાટકનો વિષય, મુસદ્દો વગેરે નિમિત્તે તેનામાં પ્રેમભાવનાનું નિર્માણ થવા લાગે એવા સૂચક નાટ્યવિષયો એ આપવા લાગ્યો. પણ પોતાને આવું લખવું ફાવે નહીં એ વિશે પ્રગલ્ભ શૈલીમાં જેન એને ફક્ત પત્રો જ પાઠવતી રહી. કાર્લાઇલ સાથે ચાલેલો તેનો પત્રવ્યવહાર એ જ તો તેનું આવશ્યક બૌદ્ધિક ખાદ્ય હતું. ક્યારેક ક્યારેક તેના પત્રનો સૂર પ્રેમનો દેખાય કે કાર્લાઇલ ખૂબ આનંદથી તેને ઉત્સાહમાં આવી જઈને નવો પ્રેમપત્ર પાઠવતો અને પત્રોત્તરમાં તે પાછી એની ગેરસમજ દૂર કરતી. આ પ્રેમ પતિ-પત્નીનો નથી; સખા-સખીનો છે. લગ્ન, સંસાર વગેરેમાં અટવાયાં સિવાય બૌદ્ધિક આપ-લે એ જ પોતાને શ્રેષ્ઠ લાગે છે. એ જ તે ફરીફરીને કહેતી રહેતી. તેના પ્રેમને પત્ર દ્વારા પ્રોત્સાહિત ન કરતાં એણે નવું નવું લખતા રહેવું એવું તે સૂચવતી રહી. પછી પાછો પોતાનાં લખાણોથી તેને પ્રભાવિત કરીને તેનાં હૃદય અને પ્રેમ જીતવા એવી ઊર્મિથી એ લખવા લાગ્યો. આ જ ગાળામાં તેના હાથે 'ફાઉસ્ટ' વિષેનું લખાણ પૂરું થયું.

અને આ જ ગાળામાં ધીમે ધીમે તેના ધ્યાનમાં આવ્યું કે શારીરિક ખેંચાણ, સધ્ધર આર્થિક સ્થિતિ, સામાજિક પ્રતિષ્ઠા વગેરે કશાંય કરતાં બૌદ્ધિક એકરૂપતા વડે જ પોતાનો સંસાર

અધિક સુખમય કરશે. પરિણામે આ છ વર્ષની કાલાવધિ પછી તેણે કાર્લાઇલને હોકારો દીધો. અને આ લગ્નમાં તેની માનો વિરોધ તો હતો જ. પિતાના અવસાન પછી એના માટે રાખેલી અઢળક સંપત્તિનો ત્યાગ કરીને સીતાની જેમ તે રામની પાછળ વનવાસે જવા સજ્જ થઈ. અને યોગાનુયોગ જુઓ કે એક રીતે રાજકન્યા તરીકે શોભનારી જેન વેલ્શના ભાગે અ.સૌ. જેન કાર્લાઇલ થતાં જ શરૂ-શરૂમાં વનવાસ જ આવ્યો.

એમાં થયું એવું કે આ બંનેનાં લગ્ન થતાં પહેલાંનાં છ વર્ષના ગાળામાં છેલ્લે છેલ્લે કાર્લાઇલને સમજાઈ ચૂક્યું હતું કે આ લગ્ન આપણા નસીબમાં નથી તો હવે આપણે શહેરથી દૂર ક્યાંક જઈને ખેતી કરવી જેના પર આપણો ઉદરનિર્વાહ થાય અને આપણા સ્વસ્થ્ય અને લેખન પર જ બધું લક્ષ કેન્દ્રિત કરવું. આ જાણતાં જ જેને તેની પોતાની માલિકીની ખૂબ દૂર એવી, સાવ નજીકના એકાદ ગામથી ઘોડા પર જવામાંય એક કલાક સહેજ થઈ જાય એવી પડતર એસ્ટેટ જેને એને આપી. ત્યાંનું ભાંગ્યું-તૂટ્યું ઘર ગમાણ જેવું જ હતું. એકાદું ઝાડ પણ નજરમાં ન આવે એવો ઉજ્જડ વિસ્તાર બધી જ રીતે અગવડિયો અને વેરાન હતો. જેને કાર્લાઇલને આ જગ્યા ફક્ત મજાક ખાતર સૂચવી હતી, પણ એણે તો સાચેસાચ જ ત્યાં જઈને રહેવાનો નિર્ણય લીધો અને સાવ છેલ્લા પ્રયાસ તરીકે 'આપણે બંને લગ્ન કરીને ત્યાં સંસાર માંડીએ' એવું તેણે કહી જોયું. આ બધું જ અશક્ય અને કષ્ટપ્રદ હતું પણ એની પ્રતિભાને પાંખો ફૂટવા માટે જો આવો વનવાસ જ આવશ્યક હોય તો એની દેખભાળ માટે બીજું કોઈ જ ન હોવાથી એના બૌદ્ધિક સહવાસની ભૂખી જેન લગ્નનું આવાહન સ્વીકારવા તૈયાર થઈ. 'આવા આકરા માથાવાળા માણસ સાથે તારું નહીં નભે' એમ કહીને તેની માએ લગ્નનો વિરોધ કર્યો તો, 'તારા કરતાં આ બાબતમાં તે ઘણો જ જમણો છે' એવો ઊલટો જવાબ આપીને તેણે રીતસરનો બળવો પોકાર્યો. અને આ લગ્ન નક્કી થયાં. આવી રીતે જાણે સીતાદેવી રામરાય પાછળ દંડાકરણ્યમાં ગયાં !

લગ્ન થયાં પછી આ ઉત્તુંગ પ્રતિભાવાન પ્રિયતમનું રૂપાંતર થયું અને લગ્ન પહેલાં જેનમાં દેખાયેલી બધી જ લેખનકલા તે વીસરી ગયો. તેણે આદર્શ ગૃહિણી થવું અને એક વિચારકનો સંસાર સંભાળતા રહીને એને બૌદ્ધિક સંગાથ આપવો એટલી જ જેન પાસેથી એની અપેક્ષા રહેતી.

આ જ માણસે થોડાંક વર્ષો પહેલાં તેને લખ્યું હતું કે ભપકાદાર પોશાક ઠઠારીને મહાલવાની ગરજ તો રાજા રજવાડાને જ હોય. એવા દેખાડાથી તો મૂર્ખાનાં ટોળાં જ ભૂલાં પડતાં હોય છે અને આ પ્રકારનાં મોટાં લોકો જલ્દી જ વિસ્મરણની ખાઈમાં ધકેલાઈ જતાં રહે છે. પણ સાચે અમર થાય છે તે તો મિલ્ટન, સ્ટેલિન જેવા માણસો. કુદરતે કરેલાં ઉત્તુંગ સર્જનો તો આને જ કહેવાય. 'ખુદ પરમેશ્વરે જ સિક્કાછાપ કરીને મોકલેલા આ માણસો જ' સજ્જનોના અંતઃકરણમાં કાયમ માટે અમર થઈ રહેશે.

એની આ પ્રકારની ડાહીડમરી શિખામણથી જ જેન એટલી પ્રભાવિત થઈ હતી કે પોતાનાં લગ્ન વખતે પિયરમાં મામા કે કાકીને મોકલેલા પત્રમાં તેણે લખ્યું હતું કે કાર્લાઇલ ગરીબ છે, દેખાવડો નથી, ઊંચા કૂળનો નથી, અણઘડ છે વગેરે કહેનારા ઘણાં માણસો મળશે. આ જ કાર્લાઇલ આજના સમયનો સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાન જ નહીં, પણ પ્રતિભાસંપન્ન છે. એ જાણનારાં તો બહુ થોડાં. પતિ નામના શબ્દથી મને જે અભિપ્રેત છે તે અર્થ ફક્ત એના મારફતે જ મને પ્રતીત થાય છે. મારા માટેના તેના પ્રેમમાં મને માયાળુ હૂંફ વર્તાય છે. માથું ઊંચું કરીને જેની સામે સગર્વ જોવું અને જેનામાં લીન થવું એવો આ માણસ મને એકાદા દીપસ્તંભ જેવો લાગે છે. બે-ચાર જણાની દૃષ્ટિએ એ સામાન્ય લાગશે, પણ સાચા અર્થે તે અસામાન્ય છે. વિદ્વાન, કવિ, તત્ત્વજ્ઞ, સુજ્ઞ, સભ્ય અને 'ખુદ પરમેશ્વરે જ સિક્કો મારીને મોકલેલો આ માણસ', જેની ભવ્યતાને પામવા માટે આ સામાન્ય દુનિયાનાં વામણાં તોલમાપ ટાંચાં જ પડવાનાં, તમને એ ગમે કે ન ગમે પણ એની મોટાઈ મારા અંતરાત્માએ પૂરેપૂરી જાણી છે.

આવી ભાવનાથી પ્રેરાઈને કાર્લાઇલના ઘરમાં જેન વેલ્શ વધૂ થઈને આવી. વૈવાહિક જીવનનાં શરૂઆતનાં છ વર્ષો એની સાથે નિર્જનવાસમાં અને પછીનાં વીસ વર્ષો લંડનના સાદા મધ્યમવર્ગીય ઘરમાં તેણે સુગૃહિણી તરીકેનો સંસાર શોભાવ્યો. આ યુગલનાં લગ્ન પહેલાંનું ચિત્ર તેમનું લગ્ન થતાં જ સાવ બદલાઈ ગયું. (ક્રમશઃ)

અનુસંધાન] જીવનનો ઉદ્ભવ [પૃ. ૬૮૭ થી

તથા બિનજરૂરી (જુઓ ભાગ-૧ છેલ્લો ફકરો) આવાં પ્રકાશનાં વિશ્લેષણકારીઓ ખોરાકની શૃંખલા સાથે જોડાઈને ઉચ્ચ જીવોને ટકી રહેવાનું બળ પૂરું પાડે છે.

નૈૠત્ય ગ્રીનલૅન્ડમાંથી પૃથ્વી ઉપરના સૌથી જૂના અવસાદીય ખડકો સ્ટીફન મોઝીઝ દ્વારા શોધાયા છે જે ઓછામાં ઓછા ૩.૮૬ અબજ વર્ષ જૂના સંકીર્ણ કોષોની રાસાયણિક અંગુલિમુદ્રા ધરાવે છે. જો આમ હોય તો જીવનનો ઝડપી વિકાસ ૩.૮૬ અબજ કરતાંયે લાખો વર્ષો અગાઉ શરૂ થયો હોવો જોઈએ.

ક્રિસ્ટોફર ચીબા તથા કાર્લ સેગન (કૉર્નેલ વિશ્વવિદ્યાલય)એ એવો અંદાજ બાંધ્યો છે કે કાર્બનિક પદાર્થો પૃથ્વી પરના તથા પૃથ્વીબાહ્ય સ્રોતો દ્વારા જીવન શરૂ કરવા માટે નોંધપાત્ર ફાળો અપાયો છે. (ક્રમશઃ)

સંસ્મરણો

શિક્ષકનું ગૌરવ

દુષ્યન્ત પંડ્યા

કવિ નાનાલાલે રાજકોટની રાજકુમાર કૉલેજમાં રાજકુમારોને ભણાવ્યા હતા અને પછીથી રાજા બની ગયેલા એ રાજકુમારો કવિનું ગૌરવ કરતા. એ જમાનો હતો ઓગણીસમી સદી પૂરી થયા પછીનો અને વીસમી સદીના આરંભનો. ત્યાર પછી નર્મદામાં ઘણાં નીર વહી ગયાં અને, કાલના પ્રવાહ સાથે શિક્ષકનું ગૌરવ ધીમે ધીમે ઘસાતું ગયું. ટ્યૂશનક્લાસ ચલાવતા આજના અનેક શિક્ષકોનું બૅન્ક-બૅલેન્સ ખૂબ ગુરુ થઈ ગયું છે એ ચોક્કસ. વિદ્યાગ્રહણમાં સહાય કરનાર તરીકે એનું ગૌરવ આજે કેટલું રહેવા પામ્યું છે એ તપાસનો વિષય છે. શિક્ષક પાસે ભણી ગયેલાં વિદ્યાર્થીઓ રસ્તામાં શિક્ષક મળે તો કદાચ, મોઢું પણ ફેરવી લેતાં હોય.

મારી પાસે ભણી ગયેલાં મોટા ભાગનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ મારી પ્રત્યે સદ્ભાવની - અને આદરની પણ - લાગણી દાખવે છે. એને હું મારું સદ્ભાગ્ય સમજું છું. પરંતુ, એમાં કશું વિશેષ નથી એમ કોઈ કહે તો તેનો વિરોધ નહીં કરી શકાય. એ તો પરંપરાથી ચાલતું જ આવ્યું છે અને એમાં કશી વિશેષતા નથી એમ જરૂર કહી શકાય.

મારે વાત કરવી છે બે વિશેષ અનુભવોની. એ બેઉ અનુભવો પરદેશોની ધરતી પર થયેલા છે, તદ્દન અણધારી રીતે, તદ્દન અકલ્પ્ય સંજોગોમાં ચિત્તને ખૂબ પ્રસન્નતાથી ભરી દેનારા એ હતા.

:૨:

યુનાઇટેડ સ્ટેટ્સ એડ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઈંડિયા તરફથી ફુલ બ્રાઇટ, ગ્રૅંટ મળતાં, ૧૯૬૫માં, ટીચર એક્સચેન્જ પ્રોગ્રૅમ હેઠળ અમેરિકામાં એક વરસ માટે શિક્ષક તરીકેની કામગીરી માટે જવાનું થયું હતું. અઠવાડિયું લંડન રોકાઈ વૉશિંગ્ટન જવાનું થયું હતું. ત્યાં, ઓરિએન્ટેશન પ્રોગ્રેમમાં ભાગ લેવાનું હતું.

પરંતુ, એ કાર્યક્રમનો આરંભ થાય તેની પહેલાં, ત્યાંના 'મેરિડિયન હાઉસ'માં એવો જ કાર્યક્રમ હતો તેમાં અમે લોકો જતાં હતાં. એ મેરિડિયન હાઉસમાં કેટલીક મહિલાઓ માનદ્ સેવા આપતી. અમેરિકા આવતા વિદેશીઓને અમેરિકન જીવનનાં વિવિધ પાસાંઓનો પરિચય આપવાના કાર્યમાં એ મહિલાઓ વિવિધ રીતે સહાય કરતી. વૉશિંગ્ટન શહેરમાંનાં અને આજુબાજુનાં ઐતિહાસિક સ્થળોની મુલાકાતે મેરિડિયન હાઉસ લઈ જાય ત્યારે એમાંની કોઈક કોઈક મહિલા સાથે જોડાય અને માર્ગદર્શન આપે તથા વિદેશીઓ સાથે હળેભળે. આ એક અગત્યનું કાર્ય હતું. એ મહિલાઓ બીજું જે કાર્ય કરતી તે હતું પોતાને ઘેર આ વિદેશીવૃંદમાંથી એકબે વ્યક્તિઓને પોતાને ઘેર ખાણા માટે નિમંત્રવાનું.

આવું નિમંત્રણ અમને બે સન્નારીઓ તરફથી મળ્યું હતું. પ્રથમ આમંત્રણ આપનાર શ્રીમતી મિકીની કલ્પી ન શકાય તેવી વિશેષતા હતી - એ ત્રેસઠ બાળકોનાં માતા હતાં ! એ ત્રેસઠમાંથી ચાર એમણે પોતે પોતાના પેટમાં સેવેલાં હતાં અને બાકીનાં ઓગણસાઠને દત્તક લઈને, એ દરેક બાળક પુખ્તવયનું - અઢાર વર્ષનું - થાય ત્યાં સુધી એને સાચવી, સમજણ અને સ્નેહ આપી, સંસારસાગરમાં તરતું મૂકી દીધું હતું. એ ઓગણસાઠે ઓગણસાઠ યુવક-યુવતીઓ નાતાલ પ્રસંગે, માતૃદિન નિમિત્તે, શ્રીમતી મિકી અને એમના પતિ કર્નલ મિકીના જન્મદિવસ પ્રસંગે શુભેચ્છાપત્રો પાઠવે અને શક્ય હોય ત્યારે એમને મળવા તથા મોં દેખાડવા પણ આવી જાય.

સાંજના ખાણા - ડિનર - માટેનું બીજું નિમંત્રણ આપનારી બહેન હતી સારા બૉમ્બર્ગ. એ વયમાં પચાસેકની આસપાસની હશે અને વ્યવસાયે નર્સ હતી. એ અપરિણીત હતી અને શ્રીમતી મિકીના બાળઉછેરના વિશાળ અનુભવથી પૂરેપૂરી વંચિત હતી. એની આર્થિક દશા પણ મિકીદંપતીની તુલનાએ સાધારણ હતી. છતાં એનામાં સેવાભાવનાની કમી ન હતી એટલે, આવો નર્સનો વ્યવસાય હોવા છતાં એ મેરિડિયન હાઉસમાં માનદ્ સેવા આપતી અને વિદેશીઓને પોતાને ત્યાં ખાણા માટે નોતરી, એમને યથાશક્તિ ઘરની હૂંફ પૂરી પાડતી. એક વીરાંગનાનું એ કાર્ય પ્રશંસા માગી લે તેવું જ.

મિકીગૃહે વાળુ કર્યા પછી, શ્રીમતી મિકી અમને હોટેલને ઉતારે પાછાં મૂકી ગયાં હતાં. સારાબહેન વૉશિંગ્ટનથી દૂર રહેતાં હતાં. અને અમારી હોટેલ સુધીનો પન્થ લાંબો હતો. જમતાં જમતાં જ એમણે અમને નોટિસ આપી દીધી હતી કે, 'રાતે સ્ત્રીઓ માટે વૉશિંગ્ટનના માર્ગો ભયજનક હોઈ, તમને હું મૂકવા નહીં આવી શકું એ બદલ દિલગીર છું !' જમી થોડી વાર વાતો કર્યા પછી સારાની ચાલીના ભાગરૂપ ઓટલીમાંથી અમે બહાર નીકળ્યાં. સારા અમને મુખ્ય માર્ગના બસ સ્ટૅન્ડ સુધી વળાવવાને પણ આવી. બસસ્ટૉપ પર અમે પંદરેક મિનિટ વાતો કરતાં ઊભાં રહ્યાં પણ, બસ ન આવી. રાત આગળ વધતી હતી અને સારાના વૉશિંગ્ટનના માર્ગો વિશેના કથને અમને પણ જરા ભયભીત કરી મૂક્યાં હતાં.

એવામાં એક ટૅક્સી શહેર તરફ જતી દેખાઈ. એ ખાલી હતી. એનો ચાલક પેસેન્જર શોધતો હતો અને વધારે મોડું થાય તેની પહેલાં હોટેલે પહોંચી જવાની અમારી તાલાવેલીમાં અમે

પણ ટૅક્સીમાં જવા તૈયાર થયાં, ખર્ચ ઘણો વધી જવાનો તે છતાં. મારાં પત્ની પુષ્પા અને હું બંને ટૅક્સીમાં બેઠાં અને વૉશિંગ્ટનના રેલગાડીના સ્ટેશન પાસે આવેલી હૉટેલ પર અમને લઈ જવા તેને સૂચના આપી. ટૅક્સી ચાલવા લાગી. શહેરની બહારનો વિસ્તાર હોવાથી રસ્તો સાવ નિર્જન હતો. અમે ટૅક્સીમાં બેઠાં ત્યારે, ત્યાં આગળની રસ્તા પરની બત્તીના પ્રકાશમાં ટૅક્સીડ્રાઈવરના મુખારવિંદની થોડીક ઝાંખી થઈ હતી. મને લાગતું હતું કે એ ભારતીય મૂળનો છે, પછી વેસ્ટ ઈંડીઝ વાટે ત્યાં આવ્યો હોય, વાયા આફ્રિકા આવ્યો હોય કે, સીધો ભારતથી જ એ ત્યાં ગયો હોય.

ગાડી ચાલુ થયે થોડી વાર થયા પછી મેં પુષ્પાને મારું અનુમાન કહ્યું. અમારી બંનેની વાતો શુદ્ધ ગુજરાતીમાં થતી હતી, તે પણ હાલારી છટા સાથેની ગુજરાતીમાં.

મેં કહ્યું : 'પુષ્પા, આ જણ ગાડી હલાવે છે ઈ લાગે છે આપણી કોરનો ક્યાંકનો.'

'તમને એમ કેમ લાગ્યું !' પુષ્પાએ પૂછ્યું.

'એની શકલ ઉપરથી ને એની ચામડીના રંગ ઉપરથી.'

આમ એની મુખાકૃતિ વિશે થોડી વિગતે વાત કરી. અમારી વાતમાં અમે અંગ્રેજી શબ્દો ટાળતાં હતાં. અમારો લહેકો શુદ્ધ હાલારી હતો. ત્રીસેક મિનિટ વીત્યા પછી અને શ્યામવરણા લોકોથી ઊભરાતાં છીંડાંઓવાળા લાંબા રસ્તાએથી પસાર થયા પછી, અમારી ટૅક્સી જમણી તરફ ફરી અને શાંત રસ્તાની જમણી બાજુએ સ્મિથસોનિયન ઈન્સ્ટિટ્યૂટનાં મકાનોનાં દર્શન થયાં ત્યારે, અમારાં હૃદયના ધબકારા નૉર્મલ થયા. હોટેલના દ્વાર આગળ ઊતરી અમે બિલનું પૂછ્યું તો વિશુદ્ધ હિંદીમાં એ ટૅક્સીચાલક બોલી ઊઠ્યો :

'મૈં ગલત ન સમજા તો, શાયદ આપ દોનોં ઈંડિયામેં ટીચર હૈં ઔર, યહાં પઢાઈ કરાને કે લિયે આયે હૈં, ટીચર કે પાસસે ઔર ગુરુજનો કે પાસ સે પૈસે લિયે નહીં જાતે. આપસે મૈં કુછ કિરાયા નહીં લૂંગા !'

શિક્ષક હોવાનું આ કેટલું મોટું ગૌરવ ! અને પરદેશની માત્ર પૈસાથી જ બધું મપાય છે તે દેશની ધરતી પર ! વળી, કલગીરૂપ તો એ વાત કે, એ ટૅક્સીચાલક અમારા બંનેમાંથી એક્કેયનો વિદ્યાર્થી ન હતો ! અમે તદ્દન અજાણ્યાં હતાં પરંતુ, અમે શિક્ષકો હતાં માટે, એ ભારતીય જવાન અમારી પાસેથી ટૅક્સીભાડું લેવા તૈયાર થતો ન હતો. અમારી હાલારી ગુજરાતીમાંથી એણે અમારે માટે કેટલું સાચું અનુમાન કર્યું હતું !

એ પોતે કોણ હતો ? બિહારના કોઈ ગામડાનો જુવાન. પટણા યુનિવર્સિટીમાંથી સ્નાતક થઈ, વૉશિંગ્ટનમાં આવેલી હાવર્ડ યુનિવર્સિટીમાં એ ઉચ્ચ અભ્યાસ માટે આવ્યો હતો. ઉનાળુ વૅકેશનમાં ટૅક્સી ચલાવી એ ખરચજોગું કમાઈ લેતો હતો. આવા વિદ્યાર્થી પ્રત્યે આદર જ થાય ને ? અમે એને આગ્રહ કરી સમજાવ્યો. સમાધાન એટલું કર્યું કે, ટૅક્સીના ભાડાની પૂરી રકમ અમે એને આપી. ટિપના રિવાજને તોડી એણે ટિપ ના લીધી.

:૩:

બીજો અનુભવ પણ વિદેશનો જ છે પરંતુ, એ અમેરિકાનો નથી, ઈંગ્લન્ડની ધરતી પરનો છે - ના બહુવચન વાપરી કહીશ કે ઈંગ્લન્ડની ધરતી પરના છે.

બ્રિટિશ કાઉન્સિલ તરફથી બર્સરી મળતાં ૧૯૭૬માં જુલાઈમાં લીડ્ઝ યુનિવર્સિટીની ગ્રીષ્મ શાળામાં જવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. ત્યાં જવાનું થયું એના થોડા મહિના પૂર્વે, લંડનના વિવેકાનંદ વેદાન્ત સેંટરના અધ્યક્ષ સ્વામી ભવ્યાનન્દજીને મુંબઈમાં મળવાનું થયું હતું. અર્જુન મહારાજ નામે કરાચીના રામકૃષ્ણ આશ્રમમાં એ બ્રહ્મચારી હતા ત્યારથી એમની સાથે મીઠો સંબંધ. લીડ્ઝ આવવાનું મારે થવાનું છે એમ જાણતાં એ રાજી થયા અને લંડનમાંના એમના સેંટરમાં આવવાનું મને ભાવભીનું નિમંત્રણ આપી મને એ સેંટરનું સરનામું તથા ટેલિફોન નંબર આપ્યાં.

મારે લીડ્ઝ પહોંચવાનું હતું જુલાઈની સાતમી તારીખે, પણ બે-ત્રણ દિવસ લંડનમાંના આ વિવેકાનન્દ કેન્દ્રમાં રહેવાના તથા બે-ત્રણ દિવસ લીડ્ઝ પાસેના હૂબીમાં રહેતા મારા અંગ્રેજી મિત્ર રાલ્ફને ત્યાં રહેવાના આશયથી હું પહેલી જુલાઈની રાતે ૯-૩૦ વાગ્યે લંડન પહોંચ્યો. મુંબઈથી વિમાન ચારેક કલાક મોડું ઊપડ્યું હતું એટલે, આવે કથોરે સમયે ત્યાં પહોંચ્યો હતો. ઉનાળામાં ત્યાંના દિવસો લાંબા હોઈ, સૂર્યાસ્ત થયા પછી તરત જ અમારું વિમાન લાંગર્યું હતું.

બસમાં બેસી શહેરમાં આવી, બ્રિટિશ કાઉન્સિલના કોઈ કાર્યકરની મોટરમાં, લંડન યુનિવર્સિટીના સર જોન ઍડમ્સ છાત્રાલયે હું પહોંચ્યો ત્યારે મધરાત વીતી ગઈ હતી. રાજકારણી, ક્રિકેટર, અભિનેતા કે વેપારી નહીં હોઈ મારી પાસે પરદેશી ચલણ મર્યાદિત હતું. એ છાત્રાલયના બેડ-બ્રેકફાસ્ટનો ચાર્જ ત્યાંની દૃષ્ટિએ ખૂબ રાહતનો હતો પણ મને એ આકરો લાગતો હતો. એકાદ રાત ત્યાં પસાર કર્યા પછી, મેં સ્વામી ભવ્યાનંદને ફોન જોડ્યો.

ફોન સ્વામીજીના શિષ્ય બ્રધર આન્દ્રેએ ઉપાડ્યો. રાલ્ફે ફોન કરી એ સેંટરને મારા આવવાના ખબર આપી દીધા હતા. આન્દ્રે મને કહેઃ 'સ્વામીજી નથી પણ તમે જરૂર આવો.'

સ્વામીજીની ગેરહાજરી અને, એમના આ પરદેશી શિષ્યો - બીજા બ્રધર રિચર્ડ અને અંગ્રેજ છતાં ભારતીય નામધારી બ્રધર જાગનાથ - એટલે મને થોડો હિચકિચાટ થયો પણ એને સૌ મિત્રોએ તરત દૂર કરી દીધો.

મુખ્ય રસ્તાથી થોડે અંદર, શાંત સ્થળે આવેલું એ કેન્દ્ર પ્રસન્નતાથી ભરી દે તેવું હતું અને વિશાળ ઓરડો રહેવા આપ્યો હતો. બાજુમાં જ પ્રસાધન સગવડ હતી. સવાર-બપોર નાસ્તો અને ચા, બે વખત ભોજન, શ્રી રામકૃષ્ણ પરમહંસની છબીવાળું નાનું મંદિર, સુંદર પુસ્તકાલય... લંડનમાં નહીં પણ હૃષીકેશના કોઈ આશ્રમમાં છીએ એવું આપણને લાગે. મને આપેલા ઓરડાના દરવાજાની પાછળ એક ટાઈપ કરેલો કાગળ ચીટકાવેલો. તેમાં સવારના ૬-૦૦ વાગ્યે ધ્યાનથી માંડી, સાંજના ૭-૦૦ વાગ્યે ડિનર અને પછી ૮-૩૦થી ૯-૧૫ સુધી કશાક ધાર્મિક વાચન સુધીની વીગતો હતી. કાર્યક્રમ નીચે લીટી દોરી, એ લીટી નીચેના વાક્યમાં, અતિથિઓને વિનંતી હતી કે, આ બધી સગવડના બદલામાં રોજના બે પાઉંડ આપવા. એ સમયના દરને આધારે, એ મુંબઈ કરતાંયે ક્યાંય સસ્તું હતું.

મારે દુર્ભાગ્યે સ્વામી ભવ્યાનંદજી પૅરિસ ગયા હતા. એમને ના મળાયું પણ એમની ખોટ એમના આ વિદેશી શિષ્યોએ મને જણાવા દીધી નહીં. મને કામમાં સહાય પણ ન કરવા દે, કારણ, 'તમે શિક્ષક છો અને શિક્ષકની સેવા કરવી જોઈએ, એની પાસેથી સેવા લેવાય નહીં. એ ભારતીય પરંપરા છે.' આ ભારતીય પરંપરાનો અમલ ભારતથી આટલે દૂર અને ભારતમાં કદી પગ નહીં મૂકેલો એવા બિનભારતીયો કરે એ કેટલું મોટું આશ્ચર્ય !

પણ મોટું આશ્ચર્ય તો હવે આવવાનું હતું. સેંટરમાં ત્રણ રાત રોકાઈ, રાલ્ફ પાસે જવા માટે હું રવાના થયો ત્યારે, ઓરડાના બારણા પાછળની સૂચનાને આધારે બ્રધર આન્દ્રેને મેં છ પાઉંડ આપવા હાથ લાંબો કર્યો. તો એ તરત જ પાછળ હઠી ગયા અને મને કહે, 'ના, શિક્ષક પાસેથી કશું જ લેવાય નહીં. અમને સ્વામીજીની મનાઈ છે.' મેં આગ્રહ કર્યો તો મને કહે: 'અમને સ્વામીજીની કડક આજ્ઞા છે. આપની પાસેથી એક પેની પણ લીધી તો એ અમને મારી નાખશે !'

એમની હત્યાનું પાતક લેવા માગતો નહીં હોઈ એ છ પાઉંડ મારે પાછા લેવા પડ્યા.

:૪:

લીડ્ઝનો મારો અભ્યાસ પૂરો કરી હું પાછો લંડનના એ વિવેકાનંદ વેદાન્ત સેન્ટરમાં આવ્યો. વિમાન પકડવા આડે બે દહાડા હતા. મારે દુર્ભાગ્યે આ વેળા પણ સ્વામી ભવ્યાનંદજી ત્યાં ન હતા. એ હૉલંડ ગયા હતા.. રાલ્ફને ત્યાંથી એમની સાથે મેં ફોન પર વાત કરી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રાલ્ફ કરાચીમાં હતા ત્યારથી એ રામકૃષ્ણ-વિવેકાનંદ તરફ આકર્ષાયેલા અને કરાચીના રામકૃષ્ણ આશ્રમમાં શનિવાર સાંજથી આવી રવિવાર સાંજ સુધી રોકાયા. ભવ્યાનંદજીને એ ત્યારથી ઓળખતા અને ઈંગ્લન્ડમાં એમને એમના અર્જુન મહારાજને નામે જ બોલાવતા. લંડનના એ સેંટર સાથે પણ રાલ્ફ સંકળાયેલા હતા. લીડ્ઝથી રાલ્ફને ત્યાં હૂબી જઈ હું લંડન આવ્યો હતો.

લંડનની ધમાલથી દૂરના એ પ્રશાંત વાતાવરણમાં હું બે દિવસ રોકાયો. આગલા અનુભવને આધારે હું જાણતો હતો કે મારી પાસેથી એ બ્રહ્મચારીઓ પૈસા લેશે નહીં એટલે, વિમાન પકડવા માટે એ સેંટર છોડતાં પહેલાં, મંદિરમાં જઈ શ્રી રામકૃષ્ણની છબીને પગે લાગી, એ છબી પાસે મેં પાંચ પાઉંડની નોટ ધરી. પગે લાગીને હું બહાર આવી મારો સામાન ટૅક્સીમાં મૂકવામાં પડ્યો'તો, સ્વામીજીની ગેરહાજરીમાં વડા તરીકેની જવાબદારી સંભાળતા બ્રધર જાગનાથ, મંદિરમાં મેં ધરેલી એ નોટ હાથમાં લઈ આવ્યા અને મને પૂછ્યું: 'આ શું છે ?'

'ઠાકુરને ચરણે ધરેલી ભેટ,' હું બોલ્યો.

'ધેન ધિસ ઈઝ પ્રસાદ - આ પ્રસાદ છે'- બોલી એ નોટ એમણે મારા ગજવામાં મૂકી દીધી ! હું ગદ્‌ગદિત થઈ ગયો. પ્રસાદ પાછો ઠેલી શકાય નહીં. શિક્ષક પાસેથી કશું લેવાય નહીં તે સમજી શકાય. પણ એણે ધરેલી ભેટની રકમ એને પ્રસાદના રૂપમાં પરત આપવામાં આવે એ કેવું સદ્‌ભાગ્ય ! શ્રી રામકૃષ્ણદેવની એ તે કેવી મહાન કૃપા !

:૫:

પણ શિક્ષક હોવાનો એક 'લાભ' હજીયે મારે ભાગ્યે લખાયો હતો.

તા.૩૦મી જુલાઈની સાંજે પાંચેક વાગ્યાને સુમારે મેં સેંટર છોડ્યું હતું. હીથરો ઍરપોર્ટ પહોંચી, મારો સામાન ચેક કરાવનાર હું પહેલો પ્રવાસી હતો. મારા ખભા પર લટકતો થેલો કપડાનો નહીં પણ દોરીઓનો ગૂંથેલો હતો એટલે એમાંથી ચોપડીઓ દેખાતી હતી. એ જોઈ, સામાનનું વજન કરનાર ઍર ઇન્ડિયાનો કર્મચારી કહે:'તમે શિક્ષક છો ને ? આઠ રતલ વજન વધારે થાય છે તે માફ.'

આ પુસ્તકોથી વધેલા વજનના પૈસા મારી પાસે ન હતા એટલે મેં એક વિદ્યાર્થી મિત્ર - જગુ - પાસેથી ઉધાર લીધા હતા. જરૂર ન પડે પાછા આપી દેવાની શરત એની સાથે કરી હતી એટલે, સ્ટૅમ્પ ચોંટેલા, એણે આપેલા પોતાનાં નામ સરનામાંવાળા કવરમાં એ પચીસ પાઉંડ મૂકી હું ટપાલ ઑફિસની શોધમાં નીકળ્યો. આભારની ચબરખી લખી, પૈસા

સાથે સાદા કવરમાં મૂકી, એ કવરને પેલા નામ-સરનામાંવાળા કવરમાં મૂક્યું અને કવર બંધ કરી, ટપાલની પેટી શોધવા લાગ્યો. પેટીમાં કાગળ નાખી પાછો ટપાલ ઑફિસને કાઉંટરે આવ્યો તો, જે પોર્ટફોલિયામાં મારાં પાસપોર્ટ અને ટિકિટ રાખેલાં તે ગુમ. ટપાલ ઑફિસે આવતાં પહેલાં રેસ્ટોરાંમાં કૉફી પીવા ગયો હતો ત્યાં, પ્રસાધન કક્ષમાં, પુસ્તકોની દુકાને... એમ જ્યાં જ્યાં ફર્યો હતો ત્યાં ત્યાં બધે ફરી વળ્યો. પોર્ટફોલિયો ક્યાંય નહીં.

ઍર ઈંડિયાના કાઉંટર પર આવ્યો ત્યાં તે સમયે મિ. કામટ નામના મરાઠી ગૃહસ્થ મૅનેજર હતા. વિમાનમાં ખાલી પડેલી જગ્યાનો લાભ લેવા માગતા મુસાફરોના ત્રાસથી એ કંટાળી ગયા હતા. ક્રિકેટર રાંગણેકરને પણ ઊંચે સાદે ના કહેતાં મેં તેમને સાંભળ્યા હતા. એમને મેં મારી ટિકિટ અને મારા પાસપોર્ટ સાથેનો પોર્ટફોલિયો ગુમ થયાની વાત કરી. એ મને કહેઃ 'માસ્ટર સાહેબ, ચિંતા ન કરો. એ મળી જશે - અને ન મળે તો પણ, તમે ટીચર છો અને તમારી ટિકિટ ચેક થઈ ગઈ છે એટલે, એક પેની લીધા વગર તમને હું ડુપ્લિકેટ ટિકિટ આપીશ. પણ... પાસપોર્ટ વગર પ્રવાસ કરવા જઈ શકાશે નહીં !

વધારામાં એણે ભારતના હાઈ કમિશનરની ઑફિસમાં જાણ કરી કે એક ભારતીય શિક્ષકનો પાસપોર્ટ ગુમાઈ ગયો છે. વિવેકાનન્દ વેદાન્ત સેન્ટરમાં મેં મારી પરિસ્થિતિની જાણ કરી અને મોડો પણ પાછો આવીશ એમ મેં કહ્યું. મારાં એક વિદ્યાર્થિની ઊર્મિલા માથુરને પણ જાણ કરી. એ મને મળવા ખૂબ ઉત્સુક હતાં પણ દૂર રહેતાં હોઈ એ હૉલંડ પાર્ક પહોંચી શક્યાં ન હતાં. રાતે લગભગ અગિયાર વાગ્યે હું વેદાન્ત સેંટર પહોંચ્યો. મારા ઓરડામાં દૂધનો ગ્લાસ અને ચાર કેળાં રાખેલાં. બ્રધર આન્દ્રે ખાવાનો મને આગ્રહ કરવા લાગ્યા. મેં વાળુ કર્યું ન હતું પણ ભૂખ જ મરી ગઈ હતી. આન્દ્રેના આગ્રહથી એક કેળું ખાધું ને દૂધ પીધું. તેથી થોડી શાતા થઈ.

પેલા 'પ્રસાદ'ના પાંચ પાઉંડને બાદ કરતાં મારી પાસે ત્રણ પાઉંડની મૂડી હતી અને મારે પાસપોર્ટ કઢાવવાનો હતો. કેટલે દહાડે ને કેટલા ધક્કા પછી એ મળવાનો ? વેદાન્ત સેંટરમાં કેટલા દિવસ પડ્યા રહેવું ? આવા અનેક સવાલો હતા. વળી બીજે દહાડે સવારે વિમાન મુંબઈ પહોંચે ત્યારે મને લેવાને માટે પુષ્પા અને વરદા, મા-દીકરી આવવાનાં હતાં. મને નહીં જોઈ એમને શું થાય ?

પહેલું કામ પુષ્પાને ફોન કરવાનું કર્યું. એને એટલું જ કહ્યું કે, 'હું આજે રવાના થયો નથી.' કારણ કહી એની ચિંતામાં વૃદ્ધિ કરવાનું ટાળ્યું. સવારે ૯-૩૦ને સુમારે ઊર્મિલા આવ્યાં, પોતાની સાથે પૈસા લઈને. એ આવે તેની પહેલાં જેમતેમ નહાવાનું પતાવી, હું હૉલંડ પાર્કના ટ્યૂબ સ્ટેશને પહોંચી ગયો હતો. ત્યાં પાસપોર્ટ સાઈઝના ફોટા પાડવાનું યંત્ર હતું ને તે વીસ પેનીમાં ચાર નકલ આપતું હતું. મારી પાસે કશું જ પરચૂરણ ન હતું એટલે એ પાઉંડની નોટ આપી છાપું ખરીદવા પાછળ થોડા પૈસા બગાડવા પડ્યા ! પછી પેલા યંત્ર સામે ઊભો રહ્યો અને સૂચના મુજબ વીસ પેની નાખ્યા. થોડી વાર સુધી ફોટા ન નીકળ્યા એટલે મને લાગ્યું કે આ યંત્રે પણ મારી મોંઘામૂલી મૂડીમાંથી વીસ પેની ધૂતી લીધી. થોડી વાર પછી ફોટા આવતાં રાહત થઈ. એક રાતમાં મારું વય દસ વર્ષ વધી ગયાનું લાગ્યું. તાણ એટલી હતી. ઊર્મિલા મને પ્રથમ હાઈકમિશનરની ઑફિસે લઈ ગયાં. ત્યાં, પાસપોર્ટ માટેની લાઈનમાં મારી પહેલાંના અરજદારને એ કારકુને કહ્યુંઃ 'યંત્રના ફોટા નહીં ચાલે. સ્ટૂડિઓમાં જઈ ફોટા પડાવી લાવો ?' આ સાંભળી મારા પેટમાં ફાળ પડી. બે કારણસર, સ્ટુડિયોનો ફોટો એટલે કદાચ, એકાદ પાઉંડનો ઘા લાગે અને, ત્રણચાર દિવસ પહેલાં એ મળવાનો સંભવ પણ નહીં.

આમ છતાં, એની પાસે જઈ મેં મારી વાત કરી. એ મને કહે,'તમારે તો ટેમ્પરરી - કામચલાઉ - પાસપોર્ટ જોઈએ છે. એ માટે તમે મિ. ચાવલાને મળો.' એમણે એક પાઉંડ અને થોડાક પેની લઈ મારા યંત્રફોટા સ્વીકારી, મને કામચલાઉ, એક મહિનાનો, પાસપોર્ટ કાઢી આપવા તત્પરતા દેખાડી. 'ક્યારે મળશે ?' મેં પૂછ્યું. 'આજે ચાર વાગ્યે.' મને એમણે જવાબ આપ્યો. ઢીલ જ કરવાની ભારતીય વૃત્તિથી કેટલું વિરુદ્ધનું આ વર્તન ! મારો જીવ અર્ધો હેઠો બેઠો. પછી ત્યાંથી ઊર્મિલા સાથે હું ઍર ઈંડિયાની ઑફિસે ગયો. ત્યાં, પહોળી ઓછી પણ લાંબી વધારે એવી ઑફિસમાં, કાઉંટરથી દૂર, ઊંડે, એક યુવતી બેઠેલી. પાસે આવી એણે વિવેકભરી ભાષામાં પૂછ્યુંઃ 'વૉટ કેન આઈ ડુ ફૉર યુ ?' મેં સંક્ષેપમાં મારી દાસ્તાન કહી અને કામટે મને આપેલી ટિકિટ મેં એને બતાવી. 'તો જેમના ડોક્યુમેન્ટ્સ ખોવાઈ ગયા એ શિક્ષક તમે છો ? સર, વેટ અ કપલ ઑવ્ મિનિટ્સ.' એને બોલે બોલે વિવેક નીતરતો હતો. એ પાછી પોતાને મેજે ગઈ અને, ત્યાં જઈ, એ એક પછી એક ફોનનાં ચકરડાં ઘુમાવતી રહી. ન્યૂ યૉર્ક, પૅરિસ, રોમ, કાહિરો એમ બધી જગ્યાઓએ ફોન કર્યા, પછી તથા, પોતાની પાસેની યાદી બરાબર ચેક કર્યા પછી, એ બેને બદલે બેતાળીસમી મિનિટે આવી મને કહે, 'આવતી કાલે સવારે અગિયાર વાગ્યે ઊપડતી ફ્લાઈટમાં તમારો પાંચમો ચૅન્સ નંબર છે !'

આગલી રાતે ઍરપોર્ટ પર જે ધસારો જોયો હતો તે જોતાં

મને આ પાંચમા નંબરના ચૅન્સથી આશ્વાસન મળે તેમ ન હતું. તો એ યુવતી મને ઉત્સાહ આપતી કહેવા લાગી:'સર, ડૉન્ટ વરી. પહેલા ચાર ચૅન્સના નંબરો તો ફેમિલીના નંબરો છે. એક ટિકિટ કૅન્સલ થશે એટલે તમારો જ નંબર લાગશે !' એના શબ્દે શબ્દમાં હમદર્દી હતી.

મેં પૂછ્યું: 'તમને હું ક્યારે ફોન કરું ?'

'તમારે શા માટે ફોન કરવો જોઈએ ? હું જ તમને ફોન કરીશ. પ્લીઝ, તમારો નંબર આપો ?'

ઊર્મિલાએ પોતાના પતિ, મિ. માથુરની બૅન્કનો ફોન નંબર આપ્યો. જમી, પાસપોર્ટ લઈ ઊર્મિલાને ઘેર જઈ મેં એ શ્રીમતી મલ્હોત્રાને ફોન કર્યો. તો એ મને કહે: 'સર, આઈ હેવ ઑલરેડી ઈન્ફોર્મ્ડ યોર બ્રધર-ઈન લૉ ધૅટ યૉર ટિકિટ ઈઝ કન્ફર્મ્ડ !'

જે ક્યારેય મારી પાસે ભણ્યા નથી તે મારા શિક્ષક હોવાને કારણે એક ફદિયું લીધા વગર, તે સમયને ભાવે, લગભગ સાડાત્રણ હજાર રૂપિયાની ટિકિટ એમ ને એમ આપે છે અને મારે માટે હાઈ કમિશનરની ઑફિસમાં ફોન કરી, બીજા દહાડાનું મારું કામ સરળ બનાવે છે. હાઈ કમિશનરની ઑફિસના મિ. ચાવલા પણ યંત્રના ફોટા સ્વીકારે છે અને મને તરત જ કામચલાઉ પાસપોર્ટ કાઢી આપે છે. અને ઍર ઈંડિયાની કર્મચારી બહેન શ્રીમતી મલ્હોત્રા જાણે મારી પોતાની વિદ્યાર્થિની હોય એ આદરથી મારી પ્રત્યે વ્યવહાર કરે છે અને મારા પ્રવાસનું પાકું કરી આપે છે.

આ બધાં માણસો માટે હું તદ્દન અજાણ્યો માનવી જ હતો. મારા ગૂંથેલા એ થેલામાંનાં પુસ્તકો જોઈ, હીથરો ઍરપોર્ટ પરના ઍર ઈંડિયાનાં કાઉંટર પરના કારકુનની હું શિક્ષક હોવાની અટકળના ઉત્તરમાં મેં 'હા' કહી તેથી, મારા સામાનના વધારાના વજનના ચાર્જમાં મને માફી આપવાથી આરંભાયેલી પરંપરાએ મને કેટલી ઉપાધિમાંથી મુક્ત કર્યો, મને કેટલી ઝડપથી ડુપ્લિકેટ પાસપોર્ટ અપાવરાવ્યો, બીજી ટિકિટ અપાવી અને, માત્ર છત્રીસ કલાક પછીની ફ્લાઈટમાં મારા પ્રવાસનું પાકું કર્યું ! એ સમગ્ર પ્રક્રિયા પાછળ મને શિક્ષકના ગૌરવનાં દર્શન થાય છે અને, શ્રી રામકૃષ્ણ દેવની કૃપાથી એ ગૌરવ મને સાંપડ્યું હતું એમ હું મક્કમપણે માનું છું.

તાજા કલમ તરીકે એક વાત ઉમેરું કે, પહેલી ઑગસ્ટે હીથરો ઍરપોર્ટની ટપાલ ઑફિસમાં તપાસ કરતાં મને મારી મૂળ ટિકિટ અને મૂળ પાસપોર્ટ સાથેનો મારો પોર્ટફોલિયો પણ પાછો મળી ગયો !

એક પ્રવાસ માટે બે પાસપોર્ટ અને બે ટિકિટનો આ કિસ્સો ગિનેસની રેકોર્ડ બુકમાં પણ નહીં હોય ! ☐

લઘુકથા

તાદાત્મ્ય

દુર્ગેશ ઓઝા

એણે બનાવેલી પ્રતિમા એની પ્રતિભાનો ખયાલ આપી જતી હતી. એનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નકશીકામ એનાં ઉન્નત સાધનો અને એની સાધનાની સાક્ષી પૂરતું હતું. આ બંનેનો સમન્વય એક અજબ લયનું આલય સર્જી, જયનું સામ્રાજ્ય સ્થાપી રહ્યો હતો. માની આ અદષ્ટપૂર્વ, પ્રકૃષ્ટ પ્રતિમા પ્રતિ સૌ વિસ્મયની દૃષ્ટિ માંડી રહ્યાં હતાં. ટાઢ, તાપ, સંતાપ... સર્વેની પેલે પાર જઈ કરેલા અમાપ ઉદ્યમનો આ પ્રતાપ હતો. એનો ભાવસભર સ્વભાવ કલા અને કલાકાર વચ્ચેનો ભેદભાવ ભુલાવી અભિન્નતાનો ભાવ જન્માવી રહ્યો.

પરંતુ આજે એણે હેરતની સૂરત પણ સર્જી હતી. મનને ગમે તો ગમે તેને મફતમાં પોતાનું મનગમતું સર્જન આપી દેનારો આ અલગારી જીવ લહેરી લાલો. ઊંચી કિંમતની બોલી બોલી અબોલ પ્રતિમા લેવામાં ઘણાંને રસ હતો. પણ આ કસદાર ધૂની કલાકાર ટસનો મસ નહોતો થતો. એનું અર્થસૂચક મૌન 'વધુ અર્થસૂચક' હતું. ઊંચી કિંમત હજી તેને નીચી લાગતાં તે એને વેચવા જરાય ઊંચોનીચો નહોતો થતો. ધ્રુવ શો નિશ્ચલ એનો નિર્ધાર શું ધારતો હતો એ વાતની ધાર કોઈ કાઢી શકતું નહોતું. શ્રદ્ધાના અખૂટ ઝરણાનું શરણું લઈ એ આનંદમાં તરતો હતો, ઊતરતો હતો.


અંતે એની માગણી ને લાગણી ફળી. એક કદરદાન ભારે ઊંચી કિંમતે એ પ્રતિમાને હસ્તગત કરવા આવ્યો. ને એ કલાકારે હાથ મિલાવી પછી હાથ લાંબો કર્યો ને ધડ દઈને માથું હકારમાં હલાવ્યું. પ્રાણપ્રતિષ્ઠાની અનુભૂતિ કરાવતી પ્રતિમા દ્વારા કલાકાર ઘણી પ્રતિષ્ઠા પામ્યો. અનુપમ પ્રતિમા પર આંખ પડતાં જ લોકોની આંખ જાણે કહી ઊઠતી હતી કે આ પ્રતિમામાં કલાકારે તાણરહિત પ્રાણ પૂર્યા હોય એવું લાગે છે.

કર્મયોગ દ્વારા પ્રાપ્ત ઊંચી કિંમતના ઊંચા વિનિયોગે નિર્જીવ પૂતળા સમા એક સજીવ માણસમાં નવા પ્રાણ પૂર્યા હતા.

આજે એક નિર્જીવ પ્રતિમા કોઈને સજીવન કરી ગઈ હતી.

'સાંઝી'માં કંડારેલી ભક્તિ

ડૉ. થૉમસ પરમાર



શ્રીનાથજીની હવેલી

ભારતીય કલા ધર્મપ્રધાન રહી છે. ઈશ્વર કે ધર્મને કેન્દ્રમાં રાખીને લલિતકલાઓનો વિકાસ ભારતમાં પ્રાચીનકાલથી થયો છે. આથી ભારતીય પરંપરામાં કલાનો એક અર્થ એ કરવામાં આવ્યો છે કે કલા ઈશ્વર પ્રત્યે દોરી જતો માર્ગ છે. લલિતકલામાં હાથ, મસ્તિષ્ક અને હૃદયનો સ્પર્શ હોય છે. હૈદરાબાદમાં છેલ્લી પાંચ-સાત પેઢીથી વસતા વેપારી વૈષ્ણવ કુટુંબનાં શ્રીમતી જયશ્રીબહેન પંકજભાઈ શાહની કાગળ કોતરણીની કલા - સાંઝી -જોતાં કલાની આ વ્યાખ્યા સાચે જ ચરિતાર્થ થતી જોવા મળે છે.

કાગળમાં કોતરીને ગ્રંથો લખવાની પ્રથા ભારતમાં ઘણી જૂની છે. અમદાવાદના ભો.જે. વિદ્યાભવનના સંગ્રહાલયમાં કોતરીને લખેલું એક પૃષ્ઠ સુરક્ષિત છે. આ પ્રકારની કલાનાં પગરણ સૌપ્રથમ વૈષ્ણવ સંપ્રદાયના આશ્રયે થયાં હતાં. ધાર્મિક પ્રસંગો અને વ્યક્તિઓને કેન્દ્રમાં રાખીને કાગળમાં કોતરકામ કરવામાં આવતું. કોતરણી માટે કાગળની અગાઉ કેળનાં પત્તાંનો ઉપયોગ થતો. આ પ્રકારની કલાને વૈષ્ણવ સંપ્રદાયમાં 'સાંઝી'ના નામે ઓળખવામાં આવે છે. અનેક વૈષ્ણવ હવેલીઓમાં સાંઝીની કલા આજે પણ પોષાતી રહી છે. મથુરાના દ્વારકાધીશ મંદિરેથી આ કલાનો પ્રારંભ થયો હોવાનું મનાય છે. સાંઝીનો એક અર્થ ઠાકોરજીના શણગાર અથવા સાંજની આરતી એવો થાય છે. સુરદાસ, કુંભનદાસ, નંદદાસ, કૃષ્ણદાસ વગેરે વૈષ્ણવમાર્ગી કવિઓએ તેમની રચનાઓમાં સાંઝીનાં રસપ્રદ વર્ણનો આલેખ્યાં છે. શ્રીમદ્ ભાગવત્‌ના 'દશમસ્કંધ'માં વર્ણવેલી કૃષ્ણલીલાના અનેક પ્રસંગોને સાંઝીમાં કંડારવામાં આવ્યા છે. ગુજરાતમાં કાગળ-કોતરણી-કલાના ક્ષેત્રે પાટણના સ્વ. રામપ્રસાદ ભૈયાજીનું નામ ઘણું જાણીતું છે. તેમની અનેક કૃતિઓ 'કુમાર'ના જૂના અંકોમાં પ્રસિદ્ધ થઈ હતી. આ કલાના કલાકારો કોતરકામ માટે બ્લેડ, નખ કાપવાની નરણી કે કાતરનો ઉપયોગ કરતા હોય છે.

માત્ર કાતરની મદદ વડે સર્જેલી સાંઝીઓમાં જયશ્રીબહેનની વૈષ્ણવભક્તિનાં દર્શન થાય છે. ૩૦થી ૩૫ વર્ષની સાધના કરીને તેમણે લગભગ ૬૦ જેટલી સાંઝીઓનું સર્જન પૂરા ભક્તિભાવથી કર્યું છે. ૧૯૯૩ના ભાદરવા માસમાં તેમણે તેમની અમૂલ્ય અને કલાના ઉચ્ચતમ અંશો ધરાવતી ૬૦ જેટલી સાંઝી પ્રસિદ્ધ વૈષ્ણવ તીર્થ નાથદ્વારાના શ્રીનાથજીના મંદિરમાં ઠાકોરજીનાં ચરણે અર્પણ કરી દીધી. ૬૦માંથી તેમને સાત-આઠ સાંઝી પ્રસાદી રૂપે પાછી મળી. બાકીની સાંઝી મંદિરે સ્વીકારી લીધી. સ્વીકારાઈ ગયેલી આ સાંઝીના ફોટા પણ તેમની પાસે નથી. ભગવાનને જે અર્પણ કર્યું તે ભગવાનનું એ શ્રદ્ધા તેમણે દર્શાવી. ખૂબ જ ધીરજ, ખંત અને એકાગ્રતા માગી લેતી આ કલા તેમણે કોઈ ગુરુ, તાલીમ કે માર્ગદર્શન વિના જાતે જ હસ્તગત કરી છે. આ કલાની પ્રેરણા તેમને તેમના દાદા



વિવિધ ઋતુઓમાં રાધા-કૃષ્ણલીલા



સોનાની ફ્રેમમાં શ્રી વેંકટેશ્વર

બાલકિશનદાસ પાસેથી નાનપણમાં મળી હતી. તેમના દાદા કાગળમાંથી આકારો કાપીને તેને ચોંટાડીને ઠાકોરજીની પિછવાઈ બનાવતા હતા.

જયશ્રીબહેને ચિત્રકામ, માટીકામ, ભરતગૂંથણ વગેરે કલાનો આધાર લઈને સાંઝીની કલામાં આગવી શૈલી અપનાવી છે. કાગળમાં કોતરકામ ઉપરાંત રંગીન કાપડ, રંગબેરંગી કાચ અને દર્પણના ટુકડા, સોનાના વરખ, લાકડાની સળી વગેરેનો ઉપયોગ કર્યો છે. તેમની સાંઝી સપાટ જણાતી નથી. અન્ય પદાર્થો ચોંટાડેલા હોવાથી તે ઊપસેલી જણાય છે. અર્થાત્ ત્રિપરિમાણીય અસર જોવા મળે છે. તેમની સાંઝી ૯ x ૯ ઈંચથી માંડીને ૩૦ x ૫૦ ફૂટનું માપ ધરાવે છે. કાગળ પર સ્કેચ કર્યા વિના કે રેખા પણ દોર્યા વિના કાતરથી જ તેઓ સીધેસીધા કાગળ પર કાપીને આકાર સર્જે છે. આ કાર્ય ઘણું જ કઠીન છે. હાથીદાંતના શિલ્પકામની અને મુસ્લિમ સ્થાપત્યમાં જોવા મળતી પથ્થરની જાળીઓના જેવી સૂક્ષ્મતા તેમની સાંઝીમાં તરી આવે છે. તેમણે ધાર્મિક અને ઐતિહાસિક પ્રસંગો કે વ્યક્તિઓને વિષયવસ્તુ તરીકે પસંદ કર્યા છે. કાનકુંવરને પુષ્પ અર્પણ કરતી વ્રજનારી, કૃષ્ણના વિરહમાં ઝરૂખા પાસે ઊભી રહીને કૃષ્ણની રાહ જોતી ગોપી, રાગિણી ટોડી, જેસલમેરની વિખ્યાત હવેલી, શ્રીનાથબાવાજીના દરબારનું દૃશ્ય, શ્રીનાથજી, મહિષાસુરમર્દિની, ભગવાન વેંકટેશ્વર વગેરેને વિષય કરતી તેમની આકર્ષક સાંઝીઓ છે. કૃષ્ણલીલા ઉપરાંત પશુ-પક્ષી, વૃક્ષ-વેલી, મહાભારતનો જાણીતો અર્જુન વિષાદયોગ, દેશના વિવિધ



જયશ્રીબહેન

ગ્રામવિસ્તારો, કુદરતનાં સૌમ્ય-રૌદ્ર સ્વરૂપો, સાગર-સરિતા વગેરે વિષયોને પણ તેમણે સાંઝીમાં સ્થાન આપ્યું છે. કલાકાર પોતે પરમ વૈષ્ણવ હોવાથી તેમની સાંઝીમાં કૃષ્ણ-આલેખનનું પ્રાધાન્ય હોય તે સ્વાભાવિક છે. આથી તેમની સાંઝીમાં કાંગડા, બસોલી અને નાથદ્વારાની ચિત્રશૈલીની અસર પણ જોવા મળે છે. કોઈ એક વિશેષ પક્ષીનું આલેખન હોવું એ રાજસ્થાની અને પહાડી ચિત્રકલાની વિશેષતા ગણાય છે. આ પરંપરા જયશ્રીબહેનની સાંઝીમાં પણ જોવા મળે છે. તેમની સાંઝીમાં મોરનું પ્રાધાન્ય જણાય છે. સાંઝીમાં મોરને સ્થાન આપવાની પ્રેરણા તેમને ઉદેપુરના શીશમહેલમાં આલેખિત મોરની પ્રસિદ્ધ કૃતિમાંથી મળી હતી. એટલા માટે તેમણે આ પ્રસિદ્ધ કૃતિને પણ સાંઝીમાં કંડારી છે. આ સાંઝી પૂરી કરતાં તેમને એક વર્ષ થયું હતું. મોરનાં પીછાંની કોતરણીમાં જણાતી સૂક્ષ્મતા અને કોમળતા કલાકારની સાંઝીકલામાં સિદ્ધહસ્તતાનાં દર્શન કરાવે છે. વૅલ્વેટ પેપર પર કરેલ વિનાયકનું આલેખન પણ નયનરમ્ય છે. ભારતીય શિલ્પમાંથી પસંદ કરીને નર્તકીની આકર્ષક સાંઝી બનાવી છે. શ્રીનાથ બાવાજીના દરબારના દૃશ્યને રંગીન કાપડ, કાચ અને દર્પણના ટુકડાથી તથા સોનાના વરખથી બનાવ્યું છે. વેંકટેશ્વર ભગવાનની આકૃતિ સોનાના વરખમાંથી જ બનાવી છે. એક જ કાગળ કોતરીને કે કાપીને બનાવાતી પરંપરાગત સાંઝી કરતાં જયશ્રીબહેનની સાંઝી જુદી પડે છે. તેમણે કોતરકામ કે કાપવાની કલા સાથે ચીપકાવવાની કલાનો પણ આધાર લીધો છે. સ્થાપત્યના આલેખનમાં સ્તંભો, ઘૂમટ, ઝરૂખા વગેરે ભાગો ચીપકાવીને ઉપસાવેલા બનાવ્યા છે. તેથી થ્રી ડીની સ્પષ્ટ અસર જણાય છે. આમ, જયશ્રીબહેને પરંપરાગત સાંઝીની કલામાં નવા પ્રયોગો કરીને સાંઝીની પોતાની આગવી શૈલી નિપજાવી છે.

અત્યાર સુધીમાં જયશ્રીબહેનની સાંઝીનાં ત્રણ પ્રદર્શનો યોજાઈ ગયાં. એપ્રિલ ૧૯૭૭માં હૈદરાબાદના કલાભવનમાં, ૧૯૯૧માં ફરીથી હૈદરાબાદમાં હોટેલ સરોવરમાં અને ૧૯૯૪માં મુંબઈમાં સિમરોઝા આર્ટ ગૅલરીમાં યોજાયું હતું. આ ત્રણે પ્રદર્શને લોકોમાં સાંઝી વિશે ઘણું જ આકર્ષણ ઉપજાવ્યું હતું. □

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

'સ્વીટ' લૅન્ડઃ પ્રકૃતિ, સંસ્કૃતિ, લોકનીતિ

સ્વીસ પ્રદેશમાં પ્રવેશીએ એટલે ત્યાંનાં ઘરો પણ જર્મન ઘરોથી જુદાં તરી આવે. જર્મનીમાં ઘણી યુનિવર્સિટીઓનાં મકાનો પણ બહારથી કિલ્લા જેવાં દેખાય. સ્વીસ ઘરો વધારે નમણાં અને નીચા ઘાટનાં લાગે. જર્મનીમાં ખેતરો પ્રમાણમાં સપાટ જમીન પર, જ્યારે વાઈન યાર્ડ મોટે ભાગે નાના ઢોળાવો પર તૈયાર થયાં છે.

રાત્રે ઍંગલબર્ગ પહોંચ્યાં. ત્યાં ૩૦૦૦ ફુટથી ઊંચે હોટેલ ટૅરેસમાં બે રાત રહેવાનું હતું. બીજે દિવસે સવારે રૂમના ઝરૂખામાંથી બહાર નજર કરી તો દૂર પહાડ પર બરફ પથરાયેલો હતો. આ હોટેલના નીચે આવેલા વિશાળ ભોજનખંડની મોટી કાચની બારીઓમાંથી પણ બ્રેકફાસ્ટ લેતાં લેતાં પહાડો પરની વૃક્ષરાજિ અને બરફથી લીલા સાથે કાબરચીતરા પહાડોનું મનોહર દૃશ્ય માણવા મળે છે. અમારી હોટેલની બહાર લગભગ ૧૬x૧૬ ફુટના સફેદ-કાળા ચોકઠાવાળા ટાઈલ્સનો ચેસબોર્ડ તૈયાર કરાયેલ છે, દરેક ચોકઠા બેએક ફુટ ઊંચા કિંગ-બિશપ-હાથી-પૌન મૂકેલા છે, જે રમનારે બે હાથે ઊંચકીને રમવા પડે, એટલા ભારે છે!

બીજે દિવસે સવારે ઍંગલબર્ગથી લુઝર્નની મુલાકાતે જવાનું હતું. બર્નર ઓબરલૅન્ડ તરીકે જાણીતો આ પ્રદેશ ગ્રામીણ સ્વિત્ઝર્લૅન્ડની બહુરૂપ પ્રકૃતિનો અરીસો છે. લુઝર્નનું વીર અને રમ્ય વ્યક્તિત્વ; આઈગર અને યુંગફ્રૉઉની પર્વતીય-વન્ય શ્વેત-ઘેરી સૃષ્ટિ; આસમાની નીલા સ્ફટિક જળની ભૂમિને ધોતાં સરોવરો; નદીઓથી કંડારાયેલી વિશાળ ખીણ; પન્નારંગી ઢોળાવો પર નાનકડાં ગામઘરો અને રણકતી ઘંટડી સાથે ઢોળાવો પર ચરતી ગાયો - ઓબરલૅન્ડ આ દેશમાં પ્રવાસીઓને સૌથી વધુ આકર્ષતું કૅન્ટોન છે.

લુઝર્ન

લુઝર્ન એટલે સિંહનું નગર. નગરમાં પ્રવેશતાં એક ઊંચા, વિશાળ પહાડમાં બેઠેલો સિંહ કોતરેલો છે. એની આંખમાં આંસુ છે, તેનું મોં પણ શિલ્પીની છીણીએ આબાદ રીતે ઉપસાવ્યું છે. ૧૮મી સદીના છેલ્લા દસકાઓમાં સ્વિસ સૈનિકો ફ્રાન્સના રાજા લૂઈ ૧૬માના અંગરક્ષકો હતા. ફ્રેન્ચ ક્રાન્તિ સમયે લોકોનાં ટોળાંના પ્રહાર સામે રાજાનો બચાવ કરતાં કરતાં વફાદાર સૈનિકોએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી. આવા વીર સૈનિકોની યાદમાં આ સિંહ ઉદાસ બની ગયો હતો. આવા વીરોનું મૂર્તિમંત સ્વરૂપ આવા મુદ્રાસ્થિત સિંહ સિવાય બીજો કોણ હોઈ શકે ? વીરતા અને વફાદારીના ગુણોને પુરસ્કારતા સ્વિસ મૂલ્યનો પણ તે પાષાણબદ્ધ દસ્તાવેજ છે. પાસે જ એક જૂનો ૧૪મી સદીનો છાપરાવાળો લાકડાનો પુલ (કે પલબ્રૂકે બ્રિજ) છે. તેને બંને બાજુ લાકડાનાં કૂંડાંઓ લટકાવેલાં છે. તેમાં રંગીન ફૂલોને આકર્ષક રીતે ઉગાડીને, આ પુલને જોવાલાયક બનાવાયો છે. લુઝર્નના સરોવરમાં ક્રુઝમાં સહેલ લીધી. બંને બાજુએ પહાડો, તેની ઉપર કિલ્લાઓ અને વાઈન યાર્ડ. સ્વચ્છ હવા અને જળના વાયુમંડળને દૃશ્યરમ્ય બનાવે છે.

માઉન્ટ ટિટલીસ - બરફટનલ

બીજે દિવસે ૧૦,૦૦૦ ફુટ ઊંચે આવેલ માઉન્ટ ટિટલીસના શિખર પર જવાનું હતું. ત્યારે પ્રવાસીઓ માટે કુદરતી સૌંદર્ય દુર્ગમ ન રહે તે માટે ખૂબ અદ્યતન પરિવહન વ્યવસ્થાનો અનુભવ થયો. ઊંચા ઢોળાવ પર ઊંચે ચઢતી ટ્રેનની વિશાળ બારીમાંથી અનેકવિધ દૃશ્યો આંખને ભરી દે, તે પહેલાં ઝડપથી બદલાતાં જતાં હતાં. ઉપર આવેલા બીજા સ્ટેશને તે ટ્રેન બદલીને બીજી ટ્રેનમાં બેઠાં. ત્યાંથી ૫,૯૦૪ ફુટ પર ટ્રબ્સી



પથ્થરમાં કોતરેલ ઉદાસ સિંહ, લુઝર્ન સ્વિત્ઝર્લૅન્ડ



માઉન્ટ ટિટલીસ, સ્વિત્ઝર્લૅન્ડઃગ્લેશિયર પર માનવ-આકારો

નામના સ્કીઈંગ કરવાના સ્થળ પર પહોંચ્યા. ત્યાંથી મોટી કેબલ કાર લીધી. તે ૩૬૦° પૂરી ફરતી ફરતી, બહાર સ્નો અને વાદળોનાં શ્વેત ઝળહળતાં દૃશ્યોનાં દર્શન કરાવતી ટિટલીસ શિખર પર પહોંચી. ત્યાં બરફનું ગ્રોટો - નખાકાર, ઝાંખા પ્રકાશવાળો ટનલ-પેસેજ (ગ્રોટો) છે. કુલ બે કેબલ અને એક ફીનીકેબલ દ્વારા શિખર પર પહોંચાડીને ટેક્નોલૉજીને રચનાત્મક રીતે પ્રયોજીને માનવી શું સિદ્ધ કરી શકે છે, તે નાયગરા ધોધ અને સમૃદ્ધસૃષ્ટિની દર્શન કરાવતી મોન્ટેરી (ઉત્તર કૅલિફોર્નિઆ)ની જેમ સ્વિસ લોકોએ પણ અનુભવ કરાવ્યો છે, વિશ્વની આ પહેલી ચારે બાજુ ફરતી કૅબલકાર છે. ત્યાંથી બરફની ઠંડી, થોડી ઝમતી ટનલમાંથી ચાલીને જઈએ એટલે ફ્લાયર નામનો ટિટલીસ ગ્લેશિયર જાણે તપ પછીનું સુફળ પ્રાપ્ત કરવાનો લ્હાવો આપે છે. ત્યાં ઝાંખાં ધુમ્મસ જેવાં વાદળો વચ્ચે, બરફ પર રચાતાં ઝાંખાં દેખાતાં માનવ-આકારો પણ જોયાં. ટનલમાંથી પાછા ફરતાં ઊંચે રેસ્તોરાંની સગવડ માણી. તેની બારીઓની બહારથી બર્નીસ આલ્પ્સના બરફીલા પટ્ટાઓથી કાળા પાષાણ જાણે કુદરત માટે ચટાપટાનું પરિધાન બની રહે છે.

બીજી એક સવારે નાની, રૂપકડી લાલ કોગ વ્હીલ ટ્રેનમાં ઊંચે યુંગફ્રોઉ શિખર પર જવાનું હતું. વચ્ચે કૅબલકારમાં બેસીને, ઊંચે ગયાં. તેના પહેલા સ્ટૅન્ડ પર બીજી ત્રણ ભાષા સાથે હિન્દીમાં સૂચના-બોર્ડ વાંચ્યું. 'कृपया करके यहाँ मत ठहरिये' (અહીં સારા પ્રમાણમાં ભારતીયો આવે છે, તેવું તે સૂચવે છે). ૧૧,૧૩૩ ફૂટ ઊંચે આવેલ યુંગફ્રોઉ યુરોપનું સૌથી ઊંચું રેલવે સ્ટેશન છે, ત્યાં વિશાળ પટ પર પથરાયેલ ગ્લેશિયરો આલ્પ્સની ભવ્યતાનો અનુભવ કરાવે છે. એની ટોચ પર, ખૂબ ઝાંખા લીસા બરફ પર ટનલમાર્ગે ચાલતાં આઈસ પૅલેસ જોવા મળે છે. બરફમાંથી આકારેલાં શિલ્પોનું એ એક વિશિષ્ટ પ્રદર્શન છે. નીચે પાછા ફરીને લાઉટરબ્રુનેન ખીણમાં ગયા. ફીનીકેબલમાં ઉપર ગયાં. પછી ખાસાં એવાં પગથિયાં ચઢીને 'ટ્રુમેલબાખ ફૉલ્સ' જોયા. સામાન્યતઃ ધોધ પહાડ પરથી બહાર નીચે પડે છે. આ ધોધ તો પહાડી પોલાણને કોરીને, તેનાં બાકોરાંઓમાંથી તેની અંદર પડતો હતો ! અને તેના પોલાણમાં ઊભા રહીને અમે જોયું કે તે ખૂબ ગતિથી, ભારે ઘૂઘવાટ સાથે વહેતો હતો. પાણીનો વિપુલ જથ્થો, તેની ગતિ અને ઘૂઘવાટના પડઘા કુદરતી કરિશ્માનો પરચો કરાવતા હતા. ટિટલીસ, યુંગફ્રોઉ અને આ અંતઃ પ્રભાતની ત્રિવેણી એટલે અદ્ભુત રસની સરવાણી !

(ક્રમશઃ)

લઘુકથા

ગાભલાની ભૂખ

સાંકળચંદ જે. પટેલ

બેકાર ગાભલો ભૂખ્યો થયો હતો. તેણે રોટીની તલાશ શરૂ કરી. તે ચાલતો ચાલતો બીઝેડના ઘરમાં આવીને ઊભો રહ્યો. તેણે જોયું. ભૂખી બે બિલાડીઓ ઘરમાંથી ચોરેલા રોટલા માટે ઝૂંટાઝૂંટ કરી રહી હતી. એક મોટી હતી, એક નાની હતી. મોટી રોટલો લઈને દોડી. નાની તેની પાછળ પડી. તેણે મોટીના મુખમાંથી એક ટુકડો રોટલો તોડી લીધો ને તે લઈને ભાગી. એક ખૂણામાં બેસીને તેણે પોતાની ભૂખ થોડીઘણી સંતોષી. મોટી બિલાડી પોતાની પાસે રહેલો રોટલો ખાઈને નાનીની પાસે આવી. પછી બંને ગેલ કરવા લાગી.

ગાભલો ત્યાંથી ચાલ્યો.

નગરના મોટા મંદિરમાં ભગવાનનો જન્મોત્સવ ઉજવાઈ રહ્યો હતો. અન્નકૂટની મીઠાઈઓના ટોપલાઓથી ભગવાન ઢંકાઈ ગયા હતા. મીઠાઈની સુગંધ દૂર-દૂર સુધી ફેલાઈ રહી હતી. ભૂખ્યાં જનોનાં મોઢાંમાંથી પાણી છૂટી રહ્યું હતું.

ગાભલો જેમતેમ કરીને મંદિરમાં ઘૂસી ગયો. એક ટોપલામાંથી થોડી મીઠાઈ લઈને તે ભાગ્યો. મંદિરના પૂજારીઓએ તેને પકડી લીધો. ને પોલીસને હવાલે કરી દીધો. પોલીસ તેને પકડીને ચોકીમાં લઈ ગઈ. તેની પાસેથી મીઠાઈ પડાવી લીધી. ચોકીના પોલીસો વહેંચીને એ મીઠાઈ ખાઈ ગયા. પછી ગાભલાની ધોલાઈ કરી : 'સાલા ! ચોરી કરે છે ને તે પણ પાછી ભગવાનના મંદિરમાંથી ?'

પછી એને હવાલાતમાં પૂરીને કોટડીની હવા ખાતો કરી દીધો. પેલી બે બિલાડીઓ મંદિરમાં જઈ, ભગવાનની સામે ઊભી રહી મંદમંદ હસતી હતી.

(આથમતાં અજવાળાં - ૨૧)

વૅકેશન

ભગીરથ બ્રહ્મભટ્ટ

ત્યારે તો પગે ઘૂઘરા બંધાઈ જતા ને મન મોસાળે પહોંચી જતું. ઉનાળાના વૅકેશનમાં મામા-ફોઈને ત્યાં જઈ ધામા નાખવાના એ દિવસો હવે પૂરા થઈ ગયા છે. હવે તો મામાને ભાણેજિયાંને બોલાવવાની નથી નવરાશ કે નથી ભાણેજિયાંને મામાને ત્યાં જવાનો ઉમળકો. કોઈનેય ત્યાં કારણ વગર જવાનું મન થતું નથી. દિવસો પસાર થાય છે એમ ને એમ. ઉમળકાઓ ઓસરી ગયા છે. પહેલાં તો રાહ જોવાતી ઉનાળાની રજાઓની....! દિવસો ગણાતા ક્યારે વૅકેશન પડશે ? ક્યારે પડશે ? પણ હવે એનું આકર્ષણ ઓછું થઈ ગયું છે, ને એમ ને એમ દિવસો પૂરા થઈ જાય છે.

પરીક્ષાઓમાંથી પરવાર્યા પછી, નકામી પસ્તી ઠેકાણે કરવામાં બેચાર દિવસો જાય છે. પસ્તી વેચાય છે, અને સારી સ્થિતિનાં પુસ્તકોની કિંમત ઉપજાવાય છે. સારા કોર્સ ચાલતા હોય તો તેમાં બાળકોને દાખલ કરવામાં આવે છે. કમ્પ્યૂટરના વર્ગો, સંગીતના વર્ગો, કરાટે વર્ગો, સ્પોકન-ઈંગ્લિશના વર્ગોમાં વિદ્યાર્થીઓ દાખલ થાય છે. અને એમ ઉનાળામાં નવી નિશાળો ઊઘડે છે.

ઉનાળામાં વૅકેશનમાં નિશાળો ભલે બંધ થતી, પણ જીવનની પાઠશાળાઓ ઊઘડતી. આજના સમયમાં જીવનના શિક્ષણની પાઠશાળાઓ બંધ પડી છે, એમાં દાખલ થવાની કોઈનેય કંઈ ઉતાવળ નથી. ઇચ્છા પણ ક્યાં છે ? સગાં-વહાલાંને ત્યાં જવું, મળવું, બેસવું-વિચારવું, વાત કરવી - આ બધી જીવનશિક્ષણની અનોખી તાલીમ છે. આ તાલીમ હવે તો ક્યાં કોઈને લેવી છે ? ક્યાં કોઈનાં લગન-મરણના ટાણે જવું છે ? સ્વજન-સગાંને ઓળખવાં-પારખવાં છે ? અંકૂરો ફૂટતા નથી. રેલો ક્યાં પહોંચે ? ખેતર કોરું જ રહેને ? કોરાકટ્ટ ખેતર જેવાં કોરાં કોરાં હૃદયો સૂનાં થઈ પડ્યાં છે. નણંદને ભાભીનો ભય છે અને ભાભીને નણંદનો. સાસુઓ વહુઓને સદતી નથી, બહાર જવાનું પોષાતું નથી ને ઘરે રહેવાનું ગમતું નથી. મનની ભારઝલ્લી સ્થિતિમાં મોટા ભાગનાં ઘરો મૂંઝાય છે. પોરો ખાતાં જનાવરો હાંફે છે અને એમની કૂખમાં ભૂખ છે છતાંય છાંયડો આરોગી એ વાગોળે છે. ગરમાળો સૌથી વધુ સમૃદ્ધ દેખાય છે. હરખને કારણે એના શરીર ઉપર પીળાં પીળાં તોરણો લટકે છે ! ચંપોય ઝીણું ઝીણું મહેકે છે ને મોગરાનેય કંઈક કહી નાખવાનું મન છે. પણ એ રાત્રે જ બોલતો હોય તેમ લાગે છે. એની નજીક જઈએ તો દિવસેય એની વાત સાંભળી શકાય.

શિક્ષણધામો ઉલેચાઈ ગયાં છે. એમાંય પરીક્ષાના દહાડા પૂરા થયા છે. અને પરીક્ષણની પ્રણાલીઓ પાર પડી ગઈ છે. નવા વર્ષનાં આયોજનો અને ઉપક્રમોની યાદીઓ તૈયાર થઈ રહી છે. શિક્ષણના તાકામાં ને મહિનામાં કાતર મુકાય છે. અને એ તાકાનું કપડું ઠેકાણે રાખી, એક મહિના પછી વેચાવાનું જ છે, એની વેપારીઓને ખાતરી જ છે.

તળાવમાં પડીને નહાવાનો ઉમળકોય રહ્યો નથી. મને તો મોટાઈ વળગી છે કે તળાવે આકર્ષણ ગુમાવ્યું છે કે પછી તળાવનાં જળ નહાવા લાયક રહ્યાં નથી ? સૌથી વધારે સાચું કારણ મને મોટાઈ વળગી છે. મોટાઈ એક રીતે નકામી ચીજ છે, એ મને હવે સમજાય છે.

ઉનાળાની રજાઓમાં કોઈ ખેતર સાદ પાડતાં હોય એમ સંભળાતું નથી. નથી સાંભરતા વાડા કે વાડ... દાદા કે દાદી... ફળિયું કે ઘર... ગામ પણ... એમાંય આત્મીયતા અભડાઈ ગઈ છે. ક્યાંય કશોય ભાવ અખંડ રહેવા પામ્યો નથી. વસૂકવા આવેલ ભેંસ જેવી આપણા સંબંધોની સ્થિતિ છે, તૂટી જવાની સ્થિતિએ એ ટકેલા છે - નામ પૂરતા. ઉનાળાની રજાઓમાં એ વધુ ન વણસે એનો ખયાલ રાખવો પડે છે. ઉનાળુ રજાઓમાં ગામડે તો ઘર સંચતા, શેઢા વાળતા, વાડા વાળતા, ખાતર ભરતા, ઘર સાફ કરતા, બી લાવતા, ઍડ કરતા, સમેલ શણગારતા, બળદોને તાજા કરતા, વાડ-કાંટો કરી ખેતર સજાવતા.... અને આજે નગરમાં આવી ગયા પછી તો નોકરી સિવાયના વખતમાં ઓરડામાં આળોટીએ છીએ, આળસને ઉછેરીએ છીએ અને અણગમાઓનું સેવન કરીએ છીએ. કેરીઓ લાવીએ, અથાણાં નાખીએ ને ખાઈએ, રસ કાઢીએ, પીએ છતાંય આપણે કેમ નીરસ રહેતા હોઈશું ?

ઉનાળાની રજાઓમાં કંઈ ને કંઈ કરવાનાં સપનાં હોય છે, છતાંય કશુંય ન કરવાનું કે કશુંય ન કરી શકવાનું સ્વપ્ન આ ગાળામાં ફળે છે - એ જ આપણી લબ્ધિ ?

ઝારાનું યુદ્ધ

પ્રા. પ્રદ્યુમ્ન ભ. ખાચર

આ જગત ઉપર યુગોથી યુદ્ધો લડાતાં જ રહ્યાં છે અને હજુ લડાતાં જ રહેશે. એટલે જ કોઈ ચિંતકે કહ્યું છે કે જો સમગ્ર દુનિયામાંથી બધાં જ શસ્ત્રોનો નાશ કરી દેવામાં આવે તો પણ માનવ દાંત અને નખથી લડશે.

માનવને જેમ લડાઈ કરવી ગમે છે તેમ લડાઈનો ઇતિહાસ પણ જાણવો ગમે છે. જગતમાં ઘણીબધી લડાઈઓનો રોચક ઇતિહાસ છે, એમ આ કચ્છની પ્રખ્યાત લડાઈ -ઝારાનું યુદ્ધ-નો પણ અનેરો ઇતિહાસ છે.

આ લડાઈ કચ્છમાં વિક્રમ સંવત ૧૮૧૯માં થઈ હતી. કચ્છની ધરતી ઉપર લડાયેલી કચ્છના ઇતિહાસની સીમાચિહ્નરૂપ લડાઈમાં અમુક ભાયાતોના અપવાદને બાદ કરતાં રાજાઓ, રાજપરિવારો અને આમજનતા બધાં સાથે મળીને લડ્યાં હતાં જે મહારાઓ ગોડજી બીજા (ઈ.સ. ૧૭૬૧ થી ૧૭૭૯)ના એકમાત્ર કંકોત્રીના નિમંત્રણે આમજનતા આવી પહોંચી હતી. જો આમજનતા આવા ઉત્સાહથી લડવા આવી ન હોત તો ઝારાની લડાઈ આવી ભયંકર રીતે લડાઈ ન હોત.

ઝારાનો આખો ડુંગર લોહીથી રંગાઈ ગયો હતો. લોકકવિઓ તો એમ કહે છે કે લોહીના પ્રવાહમાં પથરાઓ તણાયા હતા. રક્ત તરસ્યો ઝારો ડુંગર પણ આ લડાઈ પછી તો આ ભયાનક યુદ્ધને જોઈને રડી પડ્યો હશે.

આ લડાઈની ભયંકરતા એવી સર્જાણી કે લડાઈના સમાચાર ઘરે પહોંચાડવા ભાગ્યે જ કોઈ સૈનિક બચ્યો હશે. આ લડાઈ વિશે લોકકવિઓએ અને અન્ય કવિઓએ કચ્છી ભાષામાં અને અંગ્રેજી ભાષામાં પણ કાવ્યો રચ્યાં છે. તેમાંથી આ લડાઈનો વિસ્તૃત ઇતિહાસ જાણવા મળે છે. જેમાં 'કચ્છ જો કુરુક્ષેત્ર ઝારો'ના નામે પુસ્તકમાં આવાં કચ્છી કાવ્યો સંગૃહીત થયેલ છે. આ યુદ્ધમાં બંને પક્ષના મળીને એકાદ લાખ માનવોનાં મોત થયાં હોવાથી ત્યાર પછી 'ઝારો માર્યે જો પાપ' એવા કચ્છમાં વાતેવાતે સોગન ખાવાનું શરૂ થયું હતું.

આ લડાઈ ચાલી માત્ર થોડો સમય પણ તેની ભયંકરતા વધુ હતી. ઝારાડુંગર ઉપર ત્યારે ચારે તરફ અલ્લાહુ અકબર અને હરહર મહાદેવના પ્રચંડ નારા ગુંજી રહ્યા હતા. ક્યારેક ક્યારેક કચ્છી જાડેજા રાજપૂતો વચ્ચે જિએ,રા અને જય આશાપુરાના બુલંદ અવાજો કાઢીને યુદ્ધભૂમિને બળવત્તર અને લશ્કરને જોમવંતુ બનાવી રહ્યા હતા. ઝારાડુંગર ઉપર કુલ ત્રણ લડાઈઓ લડાઈ છે. હવે સૌ પ્રથમ આપણે આ લડાઈને સારી રીતે સમજવા માટે તેમાં ભાગ લેનાર બંને પક્ષો અને પાત્રોનો પણ પરિચય મેળવી લઈએ. આ લડાઈની શરૂઆત કરનાર સિંધનો ગુલામશાહ હતો, જે



કચ્છ રાજ્યની મુદ્રા

સિંધમાં બ્લોચી સાંઈ અહમદ શાહ નામે થઈ ગયેલા એક સમર્થ પુરુષનો વંશજ હતો. તેને કલોરા નામે પણ ઓળખતા હતા. આ વંશનો તે એક વેશ્યાને પેટે જન્મેલો ગુલામશાહ હતો અને જેનો દીવાન ગીધુમલ લોહાણો હતો.

જ્યારે આ ગુલામશાહ કચ્છ ઉપર ચડી આવ્યો ત્યારે કચ્છ-ભૂજની ગાદીએ મહારાઓ ગોડજી બીજા હતા, જે જાડેજા વંશના હતા. આ યુદ્ધમાં ખૂબ જ વીરતાપૂર્વક લડનાર વીર ભીમજી અને વિસોજીનો પણ પરિચય મેળવીએ, જે નરા ગામના ઠાકોર મહેરામણજીના પુત્રો હતા. એક વખત બે પાડા લડતા હતા. ત્યાંથી નીકળી શકાય એવો રસ્તો પણ નહોતો. ત્યારે એક સ્વરૂપવાન કન્યા નીકળી કે તેણે આગળ જવા માટે બંને પાડાનાં શિંગડાં પકડીને એકબાજુ હડસેલી દીધાં. આ દશ્ય મહેરામણજીએ જોયું તો તેને થયું કે આ કન્યાને પેટે જે પુત્ર પાકે તે વતનનો વટ રાખનાર નીવડે. આથી મહેરામણજીએ નોતિયાર સ્ત્રી સાથે લગ્ન કર્યાં અને તેનો પુત્ર ભીમજી થયો અને બીજી નોડે રાણીના પેટે વિસોજી જન્મ્યા હતા. આ બંને ભાઈઓને ગુલામશાહે ફોડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેઓ વતનપ્રેમને કારણે ફૂટ્યા નહોતા.

યુદ્ધનું કારણ : ઝારાની આ મોટી ભયંકર લડાઈનું મુખ્ય કારણ એ હતું કે મહારાઓશ્રી લખપતજી (ઈ.સ. ૧૭૫૨થી ૧૭૬૧) અવસાન પામ્યા ત્યારે યુવરાજ ગોડજી મુન્દ્રા હતા. મહારાઓને તેને ગાદી આપવાની ઇચ્છા ન હતી પણ તેમના એક અનૌરસ પુત્રને ગાદીએ બેસાડવો હતો. પરંતુ જીવણ શેઠની કુનેહ અને ભાયાતોના સંપથી ગોડજીને ગાદી મળી હતી. આથી જ્યારે ઈ.સ. ૧૭૬૧માં ગોડજી બીજા ગાદી પર બેઠા ત્યારે પૂંજો શેઠ જેણે બાલ્યાવસ્થામાં કચ્છના મહારાઓની નોકરી કરી હતી, તેને આશા હતી કે ગોડજી મને દીવાન બનાવશે. પરંતુ ગોડજીએ



મહારાઓશ્રી ગોડજી બીજા (કચ્છ)

પૂંજા શેઠને બદલે જીવણ શેઠને કચ્છ-ભૂજનો દીવાન બનાવ્યો.

આથી પૂંજો શેઠ આ સમયે જૂનાગઢ હતો ત્યાંથી ભૂજ આવવા નીકળ્યો. દીવાન જીવણ શેઠને થયું કે આ પૂંજો જો મહારાઓ ગોડજીને મળશે તો તેને મળેલી દીવાનગીરી ચાલી જશે. આથી દીવાન જીવણ શેઠે ભૂજના દરવાજા પૂંજા માટે બંધ કરી દીધા અને આવવા ન દીધો. આથી પૂંજો શેઠ ખૂબ જ ક્રોધે ભરાયો અને તેને થયું કે 'જે એક સમયે મારો નોકર હતો તેવો જીવણ શેઠ મારી આશાના દીવાનપદે બેસી ગયો અને મારું આવું ભયંકર અપમાન કર્યું.' આથી પૂંજાએ કચ્છને ધમરોળી નાખવા પોતે યુક્તિઓ ઘડવા લાગ્યો. પછી પૂંજા શેઠ કંથકોટ, જાટવાડા ગયો પણ ત્યાં કોઈએ ગોડજીની બીકને લીધે આશ્રય આપ્યો નહીં, આથી તે વીરાવાવ ગયો અને સોઢાઓને આશ્રયે રહ્યો. પછી ત્યાંથી પૂંજા શેઠે ગુલામશાહના દીવાન ગીધુમલ સાથે પત્રવ્યવહાર કરી સિંધના એ ગુલામશાહ ક્લોરા ને કચ્છ ઉપર ચડાઈ કરવા નિમંત્રણ આપ્યું છે. આ સમયે ગુલામશાહની નજર કચ્છ ઉપર જ હતી. તેથી તેને તો જોઈતું હતું ને મળ્યું. આથી તેણે તો પૂંજા શેઠને એક હજાર સોનામહોર અને ૧૦૦ માણસો મોકલી સિંધના હૈદરાબાદ બોલાવી લીધો અને કચ્છની બધી જ વાતો જાણી લીધી.

આમ, ઝારાની લડાઈનું મુખ્ય કારણ આ પૂંજા શેઠને દીવાનપદ ન મળ્યું તેનું વેર વાળવા તેણે આખા કચ્છનું નિકંદન કઢાવ્યું તે હતું.

યુદ્ધનું સ્થળ : આ યુદ્ધ ઝારા નામના ડુંગર ઉપર કચ્છમાં થયું હતું. ઝારાની આથમણી ખીણમાં તથા મોરીભિટ પાસે પાણીનાં ઝરણાં છે, એવાં ઝરણાં આગળના વખતમાં ઘણાં હશે, તેથી જ આ ડુંગરનું નામ ઝારો પડેલું હોવું જોઈએ. આ ડુંગર કચ્છના રણના કિનારે નરા અને ઝુમારાની પાસે આવેલો છે. એક જ માર્ગ વાયવ્ય દિશામાં હતો. એક મત મુજબ નાનાં વૃક્ષોને ઝારા કહે છે, અહીં એવાં ઝારા થતા હોવાથી ઝારા નામ પડ્યું છે. જ્યારે ઝારા ડુંગરથી થોડે દૂર આવેલી જોડા ભિટ્ટ નામની ટેકરી ઉપર ગુલામશાહે પોતાની છાવણી નાખી હતી. ગુલામશાહ પોતાની સાથે ૭૦,૦૦૦નું લશ્કર લાવ્યો હતો.

ઝારાનો ડુંગર નરા ગામથી ૧૪ કિ.મી. જેટલો દૂર છે દૂરથી આ ડુંગરને જોતાં પોતાના બંને પગ ઉપર માથું રાખી કોઈ લાંબો વાઘ શિકાર માટે દબાઈ બેઠો હોય એવો તેનો આકાર છે. ઝારાના ડુંગરની ઉપર સપાટ જગ્યામાં હજુ એક ઓટલો છે જેના ઉપર પેલી ન ફૂટેલી અને પછી ફૂટતાં ફાટી ગયેલી તોપ રાખવામાં આવી છે. આ ઓટાને નારવાળો ઓટલો કહે છે. આ તોપને ત્યાં એવી રીતે ગોઠવવામાં આવી હતી કે ડુંગર પર ચડતા લશ્કરનો ઘાણ કાઢી નાખવા માટે તેનો એક જ ગોળો કાફી થઈ પડે.

જ્યારે સામા પક્ષના કોઈ ગોળા છોડે તો તેનાથી કચ્છી લશ્કરના બંદુકિયાના બચાવ માટે એક લાંબી નાની દીવાલ પણ ચણવામાં આવી હતી. શ્રી દુલેરાય કારાણીને એક સંધાર ભાઈએ એમ જણાવ્યું હતું કે આ ડુંગર ઉપરથી કચ્છી લશ્કરના સૈનિકો બંદુકોને બદલે ડુંગર ઉપર પડેલા મોટા પથ્થરનો ઘા કરે તો સિંધી લશ્કરનો ખાત્મો બોલી જાય તેમ હતું.

યુદ્ધનો સમય : આ લડાઈ ઈ.સ. ૧૭૬૩માં થઈ હતી; આ બાબતની કાવ્યની પંક્તિઓ છે :

માર્ગશીર્ષ અજવાળ પક્ખ અગિયારશ શનિવાર,
સામસામ શૂરા ચડ્યા, સર થૈ ઊગી સવાર.

આ લડાઈમાં કચ્છી લશ્કરનું સેનાપતિપદ સંભાળવા કોઈ તૈયાર નહોતું ત્યારે દીવાન જીવણ શેઠને ખાલસા લશ્કરની અને વીંઝાણના વીર ઠાકોર લખાજીને ભાયાતી વર્ગનું સેનાપતિ-પદ સોંપવામાં આવ્યું હતું.

યુદ્ધના ભાગીદારો : આ યુદ્ધમાં એક મત મુજબ એક લાખ માણસોએ ભાગ લીધો હતો. આ યોદ્ધાઓ પણ તાત્કાલિક એવી રીતે ભેગા થયા હતા કે જેવા સમાચાર મળ્યા કે સિંધનો ગુલામશાહ ક્લોરો કચ્છ ઉપર ચડી આવે છે, ત્યારે તરત જ કચ્છનાં ગામડે ગામડે ઊંટસવાર દ્વારા મહોરછાપ સહિત કેસરી છાંટણાંવાળી કંકોત્રી મોકલવામાં આવી કે યુદ્ધ માટે આવી જાવ (આ કંકોત્રીમાં નીચે મુજબનું લખાણ હતું,'લખાવંત મહારાજાધિરાજ મહારાઓશ્રી, વી. વીંઝાણ શુભસ્થાને સરવે શુભોપમાલાયક ભાઈશ્રી લખાજીની ચી. હોજો. જત બીજું પૂંજાની આડોડાઈથી છારી ઢંઢની પગવાટે સીંધવારો મીર કલોડો ગોલામછા પોતાના લાવલશ્કરથી ચઢી આવે છે. માટે ભાઈયુંના નાતે તમે હીંગોરા, મંધરા, વીગેરા તમામ લાવ લશ્કરને લઈને ટાણે તૈયાર થઈ પરથમ ભૂજ નગરે પોગી આવજો. ત્યાં થટડ મેલાણ ઝારા ઝુમારામાં ભેગું થશે, પરથમ ઈયાં આવજો. લાજ બધાની એક છે. સંવત ૧૮૧૯ના કારતક

સુદિ ૧૨ ગરેઉ વિક્રમાજિત.')

આથી ખેંગાર, સાયબ, રાયબ, હાલા, હોથી, મોકળશી, બુટ્ટા, બરાચ, દેદા, અબડા, આમર, નોડે, નોતિયાર, સમા, સુમરા, સૈયદ, જત, મિયાણા વગેરે વગેરે લાયક જાતિના યોદ્ધાઓ ભેગા થયા. આ સિવાય નરાના ભીમજી તથા વિસોજી નળિયાના ઠાકોર લખધીરજી, અકરીના સંગ્રામજી તથા ઉમરોજી, ગુનેરીના હોથી શિવરાજજી, ગુંદિયાળીના હાલા ઠાકોર અને જોશી મૂળજી લખાણી, સમા ધોધાના હમીરજી તથા મિયાણો પૂનો કક્કલ તથા ઉમર મૌવર વગેરે વગેરેએ ભાગ લીધો હતો. રાઓશ્રીએ નવાનગરથી (જામનગર) જામશ્રી લાખાજી ત્રીજા (ઈ.સ.૧૭૪૩થી ૧૭૬૮)ની મદદ માગી તેથી જામ લાખાજી પોતાના ૪ હજાર ચુનંદા સૈનિકોને લઈને ભૂજ આવ્યો. તેમજ રાયધણપુરની નવલાખ કોરીના ભાડે એક ઘોડે-સવારોની મોટી ટુકડી પણ બોલાવવામાં આવી હતી.

યુદ્ધની મુખ્ય ઘટનાઓ : યુદ્ધની શરૂઆત એવી રીતે થઈ હતી કે સિંધી સૈન્યની છાવણી ડુંગરથી નીચેના ભાગમાં હતી. જ્યારે ત્યાં સિંધી લશ્કર સાંજે આવી પહોંચ્યું અને અચાનક રાત્રે જ ડુંગર ઉપર ચડી કચ્છી લશ્કરના ઊંઘતા સૈનિકો ઉપર આક્રમણ કરી દીધું. તેથી કચ્છી સૈનિકો સફાળા એકાએક જાગી ગયા અને 'દગો દગો' એવા પોકારો કરવા માંડ્યા હતા.

પરંતુ આ સમયે માગશર મહિનાનો શિયાળો સારો એવો જામ્યો હોવાથી ખૂબ જ ઝાકળ પડ્યું હતું. તેથી ઝાકળના અંધારામાં એકબીજા સૈનિકોને ઓળખી શકાતા ન હતા અને અંદરોઅંદર પણ કેટલાય કપાઈ પણ ગયા.

બરાબર આ સમયે કચ્છી સૈન્યના તોપનો ગુલમદાર તોપને જામગરી ચાંપવા ગયો પણ ઝાકળથી તોપ આખીનો દારૂ હવાઈ ગયો હતો અને જામગરી પણ હવાઈ ગઈ હતી, તેથી તોપ ફૂટી નહીં.

આથી ફરી વાર તોપને દારૂ ખાંડીખાંડીને ભરી અને જામગરી ચાંપ્યા ભેગી જ તોપ મોટા ભડાકા સાથે આખી ફાટી પડી અને કચ્છી લશ્કરના અસંખ્ય સૈનિકો દાઝી ગયા અને કચ્છી લશ્કર વધુ ને વધુ હેબતાઈ ગયું અને સિંધી લશ્કર તો આ ઘટનાથી ગેલમાં આવી ગયું. અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબરના નારા લગાવતું ઝપાટાભેર ડુંગર ઉપર ચડી ગયું. આ પછી ખરું યુદ્ધ અંધારામાં પણ જામ્યું.

ઝારાની આ સૌપ્રથમ ભયંકર કતલેઆમ પછી ગુલામશાહ સમજી ગયો કે ભૂજને કબજે કરવું સહેલું નથી. તેથી તે અબડાસા તરફ ત્યાંથી વળી ગયો હતો. રસ્તામાં તેણે કેટલાંક ગામો લૂંટ્યાં અને બાળ્યાં અને દંડ વસૂલ કર્યો. પછી તે સાંધાણ ગામ ગયો. ત્યાંના બધા યુવાનો ઝારામાં કપાઈ ગયા હોવાથી વૃદ્ધોને શૂરાતન ચડ્યું અને પોતાના દૂધમલિયા યુવાનોને કાપી નાખનાર આ ગુલામશાહના સૈન્ય ઉપર એવા તૂટી પડ્યા કે ગુલામશાહને ભાગવું ભારે થઈ પડ્યું હતું.

યુદ્ધના શહીદો : ઝારાની આ લડાઈમાં જે બંને પક્ષના મળીને એક લાખ સૈનિકો મર્યા હોવાનું કહેવાય છે તેમાં કચ્છી સૈન્યના નીચે મુજબના ચુનંદા લડવૈયાઓ મરાયા હતા. તેમાં વીંઝાણના લખાજી આ રણભૂમિમાં સદાને માટે પોઢી ગયો અને નરાના ભીમજી અને વિસાજી યુદ્ધમાં ભારે પરાક્રમ બતાવીને ઈ.સ. ૧૭૬૩ માગશર સુદ ૧૦ ને શુક્રવારે પોઢી ગયા.

આ સિવાય અકરીના સંગ્રામજી અને ઉમરાજી તથા નલિયાના લખધીરજી, ઉધેડીનો લોહાણો આસમલ, સારસ્વત વીર કલ્યાણજી લખાણી, ધંગના હોથી શિવરાજજી, પુનરાજજી, હમીરજી, પુનો કક્કલ, વાગડિયાઓ, સંગોરો, નોતિઆરો, હીંગારાઓ, વગેરે વગેરેનો આ મહાસંગ્રામે ભોગ લઈ જાણે કે ઝારાડુંગરની લોહીતરસી ભૂમિની તરસ લોહીથી જ છીપાવી.

ઝારાની આથમણી ઝરમાં ચોકીદાર દલનામુખી કલ્યાણજી લખાણીનો પાળિયો આવેલો છે, જેના ઉપર સંવત ૧૮૧૯ માગસર સુદ ૧૧ની તિથિ લખેલી છે.

યુદ્ધની ખામીઓ : દરેક યુદ્ધમાં એકાદ પક્ષની કોઈ કોઈ ભૂલને હિસાબે જ હાર થતી હોય છે. આ ભૂલો પાછી શું શું થઈ એ પણ યુદ્ધ પૂર્ણ થયાં પછી જ સમજાતી હોય છે. જો માનવ કે લશ્કરના અધિકારીઓ ભૂતકાળનાં આવાં યુદ્ધોમાં શું શું ભૂલોને હિસાબે હાર્યા હતા તેનો અભ્યાસ કરે તો ઘણો બધો બોધ ઈતિહાસ આપી શકે તેમ છે. પરંતુ ક્યારેક એવું લાગે કે માનવે ઈતિહાસ તરફ જ્યારે જ્યારે આંખ મિંચામણાં કર્યાં ત્યારે જ તે એકની એક જગ્યાએ બીજી વાર ભટકાય છે કે એક એક બનાવ જેવા પ્રસંગોમાં હારે છે કે નાસીપાસ થાય છે. આ યુદ્ધમાં નીચે મુજબની ખામીઓ રહી હતી :

૧. આ યુદ્ધની મુખ્ય ખામી એ રહી ગઈ હતી કે સેનાપતિ જ નબળો પસંદ કરાયો હતો, જે કચ્છી લશ્કરનો સેનાપતિ હતો. તેનામાં મુત્સદ્દીગીરીના ગુણો કે લશ્કરી વ્યૂહકળાથી અજાણ હતો, એવા જીવણ શેઠને સેનાપતિ બનાવ્યો માટે હાર્યા.

૨. આ યુદ્ધ વખતે રાઓશ્રી ગોડજી બીજા હજુ બાલ્યાવસ્થામાં હતા અને હજુ ગાદીએ બેઠા જ હતા, તેથી તેની પરિપક્વ બુદ્ધિ નહીં હોવાને કારણે પણ યુદ્ધમાં સેનાપતિની આવી પસંદગી થઈ હશે.

૩. આ યુદ્ધમાં એ ખામી રહી કે સામાપક્ષનાને દગા-ભરેલી ચાલબાજી રમવા દેવામાં આવી અને કચ્છી સૈન્ય ઓળખી

શક્યું નહીં. મુસ્લિમ લશ્કરો તો આવો દગો યુદ્ધમાં કરે જ છે. તો જાગૃત રહેવાની જરૂરત હતી પણ રાજપૂતી લશ્કર કદાચ એમ માની ઊંઘતું રહ્યું કે આ સૈન્ય સામી છાતીએ જ લડવા આવશે.

૪. ચોથી ખામી એ હતી કે કચ્છના ગામેગામથી યોદ્ધાઓ લડવા તો આવ્યા પણ છતાં અમુક અમુક જાગીરદારોએ આ યુદ્ધથી અળગા રહેવાનું પસંદ કર્યું હતું. જો કે આ ખામી બહુ સાચી ન કહેવાય, કારણ કે મોટે ભાગે તો સિંધી સૈન્યના અચાનક રાત્રિના હુમલાથી અને તોપના ફાટવાથી જ તેઓ જીતી ગયા હતા.

૫. પાંચમી ખામી એ હતી કે ભાયાતી લશ્કરને કુમક મળી ન હતી. તેથી તે લાચાર હતું. એ જ રીતે લશ્કરના રાજપૂત સૈનિકોને અફીણના ઉતારનો સમય હતો, એ સમયે પેલાએ હુમલો કર્યો તેથી આ વગર-કેફના સૈનિકો બહુ લડ્યા નહીં હોય.

૬. છઠ્ઠી ખામી એ રહી ગઈ કે જ્યારે કચ્છી સૈન્યને ખબર જ હતી કે આપણે બધા કૂવા બુરી દીધા છે તો અમુક કૂવામાં ઝેર નાખી દીધું છે. ત્યારે સિંધથી આવેલું ગુલામશાહનું લશ્કર 'પાણી પાણી'ના પોકારો કરે છે. વળી, લશ્કર દૂરથી આવતું હોવાથી થાકીને લોથપોથ થઈ ગયેલું હતું. એવા સમયે કચ્છી લશ્કરે ગુલામશાહના લશ્કર ઉપર જ હુમલો પહેલાં જ કરી દેવાની જરૂરત હતી તો વિજય કચ્છીઓના હાથમાં જ હતો.

એના બદલે આ સમયે ગુલામશાહે જીવણ શેઠ સાથે સમાધાનની ખોટી ખોટી વાતો કરી ત્યારે આ લશ્કરી કૂટનીતિથી અજાણ જીવણ શેઠ તે કૂટનીતિવાળી યુક્તિ સમજી ન શક્યો અને તેનો જીવ લડાઈ ટાળવાના ભ્રમમાં જ રહ્યો અને સમાધાનની ડાહીડાહી વાતમાં આવી ગયો. ત્યારે તો આખરે ગુલામશાહે કચ્છના ઊંઘતા લશ્કરની ઉપર રાત્રે છાપો મારી દીધો હતો.

આ સમયે વીંઝાણના ઠાકોર લખાજીએ સિંધી સૈન્ય ઉપર હુમલો કરવાનું કહ્યું હતું પણ જીવણ શેઠ તે સલાહ માન્યો નહોતો અને જાણે કે તેના ભાગ્યમાં પરાજય લખાયેલો હતો તે સાચું થઈને રહ્યું.

ટૂંકમાં, દુશ્મન ઉપર અયોગ્ય વિશ્વાસ રાખી અસાવધ રહ્યા તે આ યુદ્ધની મોટી ખામી હતી.

યુદ્ધની આશ્ચર્યજનક ઘટનાઓ : આ યુદ્ધમાં ઘણી નવાઈ પમાડે તેવી ઘટનાઓ પણ બની હતી. ઇતિહાસની કલમે તેની નોંધ લેવાઈ છે. આ યુદ્ધમાં કચ્છના હિંદુ-મુસ્લિમો એકસંપથી સામેના મુસ્લિમ સૈન્ય સામે એકદિલીથી લડેલા જોવા મળે છે.

એક લંધા જાતિના સૈનિકે ભાગ લીધો હતો. તે જ્યારે યુદ્ધનું રણમેદાન છોડી ઘેર પાછો આવ્યો ત્યારે આ લંધાની સ્ત્રી લંધીએ પેલાને રણ છોડેલો નામર્દ કહી તેને ઘરમાં જ આવવા દીધો નહોતો.

દરેક યુદ્ધમાં મોટા ભાગે એવું બનતું જ હોય છે કે લશ્કરની મુખ્ય વ્યક્તિ કે સેનાપતિ મરાઈ જતાં બાકીનું લશ્કર નાસી-ભાગી જતું હોય છે જ્યારે અહીં સેનાપતિ મરાયો છતાં, સૈન્યની દરેક વ્યક્તિ જીવના અંત સુધી લડી હતી.

કચ્છની વીરાંગના આઈ નોતિયાર જેના પુત્રો આ યુદ્ધમાં મરાયા તે જોઈને આઈ નોતિયાર પણ યુદ્ધે ચડ્યાં હતાં. જ્યારે આ લડાઈ વખતે યુવતીઓ પોતાના શિયળની બીકના હિસાબે આબરૂ બચાવવા માટે હજારો હિંદુ-મુસ્લિમ યુવતીઓએ કાળા તળાવની પાળે પોતાના દેહનાં બલિદાન તલવારની ધારે આપી દીધાં.

આ યુદ્ધમાં મુસ્લિમો મા આશાપુરાનો ઘંટ લઈ ગયા હતા તે તો પાછો મૂકી ગયા પણ તેના ગુના બદલ બીજો ઘંટ પણ સિંધ જઈ પાછો ભેટ મોકલ્યો હતો.

આ ભયંકર લડાઈનું આખરે સમાધાન થયું. કચ્છી લશ્કરનો ઘણોબધો ભાગ નાશ પામવાથી હવે સશસ્ત્ર સામનો કરવો નિરર્થક હતો. આથી ગુલામશાહ સાથે સમાધાન કરી લેવાનું નક્કી કરવામાં આવ્યું. આ સમયે મહારાણીએ પૂંજા શેઠ ઉપર એક ચાંદીની નાની દાબડીમાં પોતાના માથાનો એક સફેદ વાળ મૂકી તે સાથે એક પત્ર મોકલ્યો જેમાં પૂંજા શેઠને આગ્રહ ભરેલી વિનંતી કરી હતી કે 'મારી આ આખરી ઉંમરમાં હવે તો મારી અને મારા કુટુંબની આ પ્રમાણે ફજેતી થાય છે તે ઠીક નથી માટે ગુલામશાહ સાથે સમાધાન કરવા કંઈક પ્રયત્ન કરો.' આ સાથે મહારાઓશ્રીનો પણ એકરાર મોકલવામાં આવ્યો. તેમાં તેમણે કબૂલ કર્યું કે 'મેં પૂંજા શેઠ તરફ અયોગ્ય વર્તન કર્યું છે અને આ બધાં કારસ્તાનો માટે જીવણ શેઠ જ જવાબદાર છે અને પૂંજા હું તને તારું દીવાનપદ પણ આપીશ અને તું જો ગુલામશાહ સાથે સમાધાન કરીશ તો હું તે મંજૂર રાખીશ.'

જ્યારે આ બાજુ પૂંજા શેઠે ઝારાનો ઘોર ઘમસાણ વળેલો જોયો અને પોતાના કચ્છી બાંધવોને મરેલા જોયા તેથી તેનું હૃદય પીગળી ઊઠ્યું :

> પૂંજે ઝારે તે ફિરી, ડિઠેં ઘોર ઘમસાણ,
> ડિઠેં મોઆ ભાવર જેંડ, ઉનું થ્યો અરમાન.
> પુંજે જીવણ કે ડિઠેં પટ તે પેઅલ ચાટ
> દીવાન થ્યે પણ ના બુજ્યેં, રાજ રમતજા પાઠ.
> હિકડી તોંજે મનમેં, ઘડણ મુંજો ઘાટ

એમાં મહારાણીની આ ચિઠ્ઠી જાસૂસે આપી ને તેને મનમાં થયું કે એક ઉંદર માટે મેં આખી કાલર બાળી મૂકી. કિશોરવયના

લખપતજીએ મારા બાપનું (પૂંજાનું) ખૂન કર્યું પણ મેં તો આ યુદ્ધ લડાવી આખા દેશનું ખૂન કર્યું. આમ, પૂંજો જે મારતાં ભૂલ્યો પણ તેણે હારી જાણ્યું અને પોતાની છેલ્લી બાજી સુધારી લીધી.

આથી પૂંજા શેઠે ગુલામશાહ સાથે સમાધાનની વાત કરી ત્યારે ગુલામશાહને પણ સમાધાનમાં જ રસ હતો; કારણ કે સિંધનું રાજ્ય ત્યાં રેઢું હતું, ત્યાં તેનો ભાઈ ગુલામનબી શાહ ભયંકર અને મહત્ત્વાકાંક્ષી હરીફ હતો. આથી તરત જ સમાધાન કરી લીધું.

આખરે સમાધાનમાં એમ નક્કી થયું કે તેને થયેલ લશ્કરી ખર્ચ ભરપાઈ કરી દેવામાં આવશે. પછી કચ્છની કુંવરી ગુલામશાહને પરણાવવામાં આવશે. તેના બદલામાં ત્યાં સુધી પૂંજા શેઠનો પુત્ર દેવજી શેઠને ગુલામશાહે ઓળમાં લઈ ગયો.

પછી તો થોડા સમય પછી મહારાઓ ગોડજીને પૂંજો શેઠ કુંવરી પરણાવવાનું વારેવારે યાદ દેવરાવતાં મહારાઓ ક્રોધે ભરાયા. તેથી ઈ.સ. ૧૭૬૫માં પૂંજાને જેલમાં લોખંડની બેડીઓ પહેરાવી પૂરી દીધો અને તેને પોતે પોતાના હાથે ઝેરનો પ્યાલો આપી તે ઝેર પી જવાની ફરજ પાડી.

હવે પૂંજો શેઠ મૃત્યુ પામતાં ગુલામશાહ ફરી કચ્છ ઉપર ચડી આવ્યો. ત્યારે મહારાઓએ રાજકુંવરીને બદલે ભાયાતની કુંવરી પરણાવીએ છીએ એમ કહીને રાઓશ્રીએ ખાખરના જાડેજાની રખાતની દીકરી ગુલામશાહને પરણાવીને ઈ.સ. ૧૭૬૫માં પાછો વાળ્યો. તે પછી પૂંજા શેઠનો દીકરો દેવજી શેઠ સિંધમાં ઓળમાં ગયો હતો તે છૂટો થયો. આખરે ગુલામશાહ પણ ઈ.સ. ૧૭૭૨માં મૃત્યુ પામ્યો અને ઈ.સ. ૧૭૭૯માં મહારાઓ ગોડજી બીજા પણ મૃત્યુ પામ્યા.

આ રીતે ઝારાની લડાઈ પૂર્ણ થઈ અને તેનાં પાત્રો પણ પોતપોતાના રસ્તે ચાલ્યાં ગયાં. પરંતુ ઝારાની લડાઈની વાતો ઇતિહાસને પાને અને લોકકવિઓના મુખે આજે પણ રમતી જોવા મળે છે.

છેલ્લે છેલ્લે ઝારાની લડાઈ સાથે જોડાયેલી બે વાતો લોકમાનસમાં ખોટી ભરાઈ ગઈ હતી તેની ચર્ચા કરી આ વિષયને પૂર્ણ કરીએ.


કચ્છનાં લોકો ઘણાંબધાં વર્ષો સુધી એમ માનતા હતા કે ગુલામશાહે સિંધમાં પહોંચી કચ્છ સાથે વેર વાળવા સિંધુ નદીની એક શાખા લખપત તાલુકામાં થઈને વહેતી હતી, તે શાખાના વહેણને માટીનો બંધ બાંધી તેણે ફેરવી નાખી. આ પાણીથી કચ્છમાં જે પાક પાકતો તેનું કચ્છ રાજ્યને દર વર્ષે આઠ લાખ કોરીનું નુકસાન થયું. જોકે આવું ખરેખર કચ્છને નુકસાન થયું હતું કે કેમ તે અત્યારે કહેવું શક્ય નથી; કારણ કે તેણે જે બાંધકામ કર્યું હતું તે ઈ.સ. ૧૮૧૯ના ધરતીકંપમાં નાશ પામ્યું હશે. અથવા તો ઈ.સ. ૧૮૧૯ના ધરતીકંપ પછી જે અલ્લાબંધ બંધાયો તે વાતને જ લોકમાનસે આ ઝારાના યુદ્ધની વાત સાથે જોડી દીધેલ બતાવી છે.

બીજું એમ કહેવાય છે કે ઝારો ડુંગર આખો લોહીથી તરબોળ બનેલો અને લોહી પી જે વનસ્પતિ ઊગી છે તે મીઠો ગૂગળ. જે ઝાડના થડમાં કાપો પાડવાથી તેમાંથી જે રસ પડે તેને બીજે દિવસે ઉખેડી લેવામાં આવે છે. આ મીઠો ગૂગળ છે, એમ પણ કહે છે. આ ઝાડને માનવરુધિરના ખાતરની જરૂર હોય છે, એવી માન્યતા લોકો ધરાવે છે. □

[સૌરાષ્ટ્ર કચ્છ ઇતિહાસ પરિષદના ૧૩મા જ્ઞાનસત્રમાં ભૂજોડી (ભૂજ) ખાતે વંચાયેલ નિબંધ]

ચેસ-કૉર્નર : કોયડો- ૩૨

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.

(White to play and mate in two)

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ka6,Qb5,Re1,Rh5,Nd3,Bf2**

કાળાં : **Ke4, Qe2, Nd2, Nb6, Bd6, Pf3, f4, d7,c5**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail - shaharpi@ hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ ડિસેમ્બર ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ઑગસ્ટ ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડા નં. ૩૦ નો ઉકેલ :

(૧) **Key move Be2**છે.

જો...... Kh5 or h6	(2) Qg5 #
જો...... Kf5	(2) Nh4 #
જો...... Bf7	(2) Qg5 #
જો...... B ગમે ત્યાં	(2) QxNg7 #
જો...... Nf5	(2) Ne5 #
જો...... N ગમે ત્યાં	(2) Nh4 #

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૭ વાચકો તરફથી મળેલ છે જે પૈકી ૬ વાચકમિત્રોના ઉકેલ સાચા છે. પ્રો. રાવ જણાવે છે કે શિખાઉ ચેસરસિકો માટે કોયડો અઘરો છે પણ ચેસના અભ્યાસી માટે પડકારરૂપ છે અને તેથી મજાનો છે. વેરાવળના ગૌરાંગ જોશીએ **Zugzwang** ચાલ વિશે લખ્યું છે જે અંગે ભવિષ્યમાં લખવાનો પ્રયત્ન કરીશું. રાજકોટના હર્ષદ દવેએ ઘણાં સૂચનો કરેલાં છે; તે પૈકી ચેસની એક રમત એ હવે પછીના અંકમાં આપવા પ્રયત્ન કરીશું.

સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) પ્રો. એ.આર.રાવ, (૨) ઝેડ.એલ.ઝાલાવાડિયા, (૩) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૪) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર), (૫) ગૌરાંગ જોશી (વેરાવળ), (૬) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા).

વાચકોની ફરિયાદ છે કે ચેસના કોયડામાં મહિલાઓ રસ લેતી જણાતી નથી. આ સંદર્ભમાં આનંદદાયક સમાચાર છે કે આંધ્રપ્રદેશની કુ. કોનેરુ હમ્પીએ સૌથી નાની વયે ગ્રાંડ માસ્ટરનો ખિતાબ થોડા વખત પહેલાં હાંસલ કરેલ છે. તેમજ તાજેતરમાં કોલકાતાની નિશા મોહોતાએ મહિલા ગ્રાંડ માસ્ટરનો ખિતાબ હાંસલ કરેલ છે.

- અર્પી શાહ

જાણીતા માણસની અજાણી વાતો

ધર્મેન્દ્ર મ. માસ્તર

ઈ.સ. ૧૯૬૨-૬૩ના અરસાની આ વાત છે. ત્યારે હું નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામગીરી બજાવતો હતો. ત્યારે એક વાર સરદાર પટેલ યુનિવર્સિટીના કોઈ કાર્ય નિમિત્તે મારે વલ્લભ વિદ્યાનગર જવાનું થયેલું. કામ આટોપી પાછા ફરવા માટે ત્યાંના બસમથકે બસની રાહ જોઈ રહ્યો હતો.

એવામાં એક મોટરગાડી આવી અને મારી પાસે ઊભી રહી. અંદર બેઠેલા માનનીય બાબુભાઈ જશભાઈ પટેલે મને બોલાવીને નડિયાદ જવા માટે ગાડીમાં બેસી જવા કહ્યું, કેમ કે તેઓ પણ નડિયાદ જ જતા હતા. તેઓ ત્યારે મને યાદ છે ત્યાં સુધી સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ હતા.

એમના કહેવાથી હું તો તેમની સાથે મોટરગાડીમાં સહેજ સંકોચ સાથે બેસી ગયો. તેઓ જ ગાડી હંકારતા હતા. ત્યારે તેઓ અમારી કૉલેજના સંચાલક મંડળના અધ્યક્ષ પણ હતા. ગાડી ચલાવતાં ચલાવતાં તેમણે તો કવિ પ્રેમાનંદનાં એક પછી એક આખ્યાનો કંઠાગ્ર રીતે સંભળાવવા માંડ્યાં. હું તો ચકિત જ થઈ ગયો, તેમની સાહિત્યપ્રીતિ જોઈ-આસ્વાદીને.

એ બીજે પ્રસંગે અમારી કૉલેજના આચાર્ય ડૉ. શ્રી રામચંદ્ર પંડ્યાને પીએચ.ડી થવા બદલ સન્માનવાના હતા. તેમને 'કવિ કાલિદાસની કૃતિઓના ગુજરાતી અનુવાદો' વિષય પરના મહાનિબંધ બદલ એ ઉપાધિ મળી હતી. એ સન્માન-સમારંભના પ્રમુખ હતા માનનીય બાબુભાઈ જ. પટેલ. સમારંભમાં બધાંનું વક્તવ્ય થઈ ગયાં પછી પ્રમુખ તરીકે કરેલા એમના ભાષણમાં એમણે જે છટાથી કવિ કાલિદાસની જુદી જુદી સંસ્કૃત નાટ્ય-કાવ્યકૃતિઓના શ્લોક લલકાર્યા તે સાંભળીને શ્રોતાઓ મુગ્ધ ને છક થઈ ગયાં. એક કુશળ રાજનીતિજ્ઞ આગેવાનનું કેવું પાંડિત્ય ! વિરલ જ જોવા મળે એવી સાહિત્યપ્રીતિ અજબની !


એકાગ્રતા
(CONCENTRATION)

— અરવિંદ ગજ્જર —

ધ્યાન (Attention) :

બાહ્ય જગત વિશેનું જ્ઞાન આપણે જ્ઞાનેન્દ્રિયો દ્વારા મેળવીએ છીએ. જ્ઞાનેન્દ્રિયો તેમને મળતી સંવેદનાઓને સંદેશારૂપે જ્ઞાનતંતુઓ મારફત મગજને પહોંચાડે છે. મગજમાં આ સંદેશાઓ પર પ્રક્રિયા થાય છે, જેના પરિણામે આપણને જ્ઞાનેન્દ્રિયોની સંવેદનાની જાણ થાય છે. મગજમાં થતી આ પ્રક્રિયાને પ્રત્યક્ષીકરણ કહે છે. જ્ઞાનેન્દ્રિયોએ સંવેદના પ્રાપ્ત ન કરી હોય તેવી બાબતથી આપણે અજાણ હોઈએ તે તો સાદી સીધી વાત છે; પરંતુ જ્ઞાનેન્દ્રિયોને સંવેદના મળેલ હોય અને તેમના સંદેશાઓ પર મગજમાં પ્રક્રિયા ન થાય તો તેવી બાબતોથી પણ આપણે અજાણ રહીએ છીએ. ઉદાહરણ તરીકે તમારા ખિસ્સામાંથી 'મનિપર્સ' ખેંચાઈ છે ત્યારે જ્ઞાનેન્દ્રિયોએ સંદેશા મોકલ્યા હોય છે, પરંતુ મગજ બીજા કાર્યમાં મગ્ન હોવાથી આ સંદેશાઓ પર પ્રક્રિયા થતી નથી અને તમને 'મનિપર્સ' ક્યારે કોણ ખેંચી ગયું તેની જાણ થતી નથી. સાદી વ્યવહારની ભાષામાં જે બાબતનું પ્રત્યક્ષીકરણ થાય છે તે બાબત પ્રત્યે આપણું ધ્યાન છે તેમ કહેવાય છે.

ઘણી વખત બાજુમાં ઊભેલી વ્યક્તિઓ વાતચીત કરતી હતી એટલી આપણને જાણ હોય છે, પરંતુ તેમણે શી વાતચીત કરી તે જાણ હોતી નથી. મગજમાં એકસાથે અનેક બાબતોનું પ્રત્યક્ષીકરણ થાય છે, પરંતુ આ દરેક બાબતનું એકસરખી સ્પષ્ટતાથી પ્રત્યક્ષીકરણ થતું નથી. જે બાબતનું સ્પષ્ટ પ્રત્યક્ષીકરણ થાય છે તે બાબત ધ્યાન પર કેન્દ્રસ્થાને છે તેમ કહેવાય અને બીજી અસ્પષ્ટ પ્રત્યક્ષીકરણ થતી બાબતો વિકેન્દ્રિત ધ્યાન પર છે તેમ કહેવાય. કોઈ એક ક્ષણે ધ્યાનના કેન્દ્રસ્થાને એક અને એક જ બાબત હોય છે. જ્યારે વિકેન્દ્રિત સ્થાને એકથી વધુ બાબતો સમાવિષ્ટ થતી હોય છે. સાદી ભાષામાં કહીએ તો સામાન્ય વ્યવહારમાં આપણે એકસાથે અનેક બાબતો પ્રત્યે ધ્યાન આપીએ છીએ, પરંતુ અલગ અલગ બાબતો પ્રત્યે ધ્યાનની તીવ્રતા અલગ અલગ હોય છે. અત્રે દર્શાવેલ કાલ્પનિક ચિત્ર કોઈ એક ક્ષણ માટેનું છે. બીજી જ ક્ષણે જે બાબત ધ્યાનના કેન્દ્રસ્થાને છે તે વિકેન્દ્રિત સ્થાને અથવા ધ્યાન બહાર જતી રહે છે અને વિકેન્દ્રિત સ્થાને રહેલ બાબતોમાંથી કોઈક સ્થિર રહે છે તો કોઈક કેન્દ્રસ્થાને આવી જાય છે, અથવા ધ્યાનબહાર જતી રહે છે. ધ્યાનબહાર રહેલ બાબતોમાંથી કોઈક ધ્યાનના કેન્દ્ર સ્થાને આવી જાય છે અથવા વિકેન્દ્રિત ધ્યાન પર આવે છે. ધ્યાન પરની બાબતોની સ્થિતિમાં ક્ષણે ક્ષણે ફેરફાર થવાનું નિરંતર ચાલ્યા જ કરે છે. આપણે એવો ખયાલ ધરાવીએ છીએ કે આપણે એક ધ્યાનથી એટલે કે ધ્યાનના કેન્દ્રસ્થાને એક જ બાબતને સ્થિર રાખીને ઘણો લાંબો સમય કામ કરી શકીએ છીએ. માહિતી મેળવીને અભ્યાસ કરશો તો જણાશે કે આ ખયાલ તદ્દન ખોટો છે. સામાન્ય સંજોગોમાં સામાન્ય વ્યક્તિ એક સેકન્ડ જેટલા સમય સુધી પણ ધ્યાન સ્થિર રાખી શકતી નથી. એટલે કે ધ્યાનના કેન્દ્રસ્થાન પર કોઈ એક બાબત એક સેકન્ડ જેટલા સમય સુધી સ્થિર રહેતી નથી. આ કુદરતી ગોઠવણ છે અને વ્યવહારમાં આપણા માટે આ ગોઠવણ જરૂરી પણ છે. તમે દીવાનખંડમાં એક પ્રવૃત્તિ કરતા હો ત્યારે રસોઈઘરમાંથી દાઝતી રસોઈની ગંધ ન આવે તો ચાલે ખરું ? જેમ ચલચિત્રમાં છબી ઝડપથી બદલાય છે એટલે આપણને સાતત્યનો ભાસ થાય છે તેમ જ્યારે આપણે ધ્યાનના કેન્દ્રસ્થાને કોઈ એક બાબતને સ્થિર રાખવાની કોશિશ કરીએ છીએ ત્યારે મૂળ બાબતને હટાવીને બીજી બાબત કેન્દ્રસ્થાને દાખલ થાય છે. પરંતુ આ બીજી બાબતને હટાવીને મૂળ બાબત એટલી ઝડપથી પાછી કેન્દ્રસ્થાને આવી જાય છે કે આપણને ધ્યાનના સાતત્યનો ભાસ થાય છે.



એકાગ્રતા વિશે સમજ

આપણે જોયું કે જુદીજુદી ક્ષણે જુદી જુદી બાબતો પ્રત્યેની વ્યક્તિની ધ્યાનની તીવ્રતા અલગ અલગ હોય છે. જે બાબત

પ્રત્યે ધ્યાનની તીવ્રતાની માત્રા શૂન્ય છે તે બાબત ધ્યાનબહાર રહે છે. ધ્યાનની અલ્પ માત્રા ધરાવતી બાબતો વિકેન્દ્રિત ધ્યાન પર સ્થાન પામે છે. જેમ જેમ બાબત પ્રત્યેની ધ્યાનની તીવ્રતા વધતી જાય છે તેમતેમ બાબતોનું સ્થાન ધ્યાનના કેન્દ્રની નજીક થાય છે અને બાબતના પ્રત્યક્ષીકરણમાં સ્પષ્ટતા વધતી જાય છે. ધ્યાનની તીવ્રતાની એક માત્રા એવી હોય છે જ્યારે બાબત ધ્યાનના કેન્દ્રસ્થાને સ્થાન પામે છે. આ સ્થિતિથી પણ આગળ ધ્યાનની તીવ્રતાની માત્રા વધે તો શું થાય ? બાબત ધ્યાનના કેન્દ્રસ્થાને સ્થાન પામે એ તબક્કાથી પણ આગળ ધ્યાનની તીવ્રતાની માત્રા જેમજેમ વધતી જાય તેમતેમ વિકેન્દ્રિત ધ્યાન પર રહેલ બાબતોની સંખ્યા ઘટતી જાય છે અને એક તબક્કો એવો હોય છે જ્યારે વિકેન્દ્રિત ધ્યાન પર કશું રહેતું નથી. આ સ્થિતિને એકધ્યાનની અથવા એકાગ્રતાની સ્થિતિ કહેવાય.

તમને અનુભવ હશે કે એક ખંડમાં બેસીને એક ધ્યાનથી વાચન કરી રહ્યા હો ત્યારે કોઈ સમયે ખંડબહાર ઉદ્‌ભવતો નાનો સરખો અવાજ પણ તમને ખલેલ પહોંચાડે છે, જ્યારે કોઈ સમયે ખંડબહારનો નહિ પરંતુ ખંડની અંદર જો કોઈ અવાજ થાય તો તમારું ધ્યાન ભંગ થાય છે. કોઈ સમયે એવું બને છે કે ખંડનું ઠાલું વાસેલું બારણું ખોલીને તમારો મિત્ર તમારી પાછળ આવીને ઊભો રહે છે તો પણ તમારું ધ્યાન ભંગ થતું નથી. જ્યારે તે તમારા ખભા પર હાથ મૂકે છે ત્યારે તમે ઝબકી જાઓ છો અને ઊંઘમાંથી અચાનક જાગ્યા તેવો અનુભવ કરો છો. આ ઉપરથી આપણે તારવણી કરી શકીએ કે એકાગ્રતાની સ્થિતિમાં પણ દરેક ક્ષણે ધ્યાનની તીવ્રતાની માત્રા એકસરખી હોતી નથી. એકાગ્રતાની સ્થિતિમાં ધ્યાનની તીવ્રતાની માત્રા જેમ વધારે તેમ ધ્યાનભંગ કરવા માટે વધારે સામર્થ્યવાળા પરિબળની જરૂર પડે છે. એકાગ્રતાની સ્થિતિમાં વ્યક્તિના ધ્યાનના કેન્દ્રસ્થાને રહેલ બાબત અચૂક બદલાતી રહે છે. પરંતુ એક બાબત પ્રત્યે જે તીવ્રતાથી ધ્યાન અપાતું હોય છે એ જ તીવ્રતાથી બીજી બાબત પ્રત્યે ધ્યાન અપાય છે એટલે ધ્યાનના વિકેન્દ્રિત સ્થાને શૂન્યાવકાશ રહે છે. એકાગ્રતાની સ્થિતિમાં ધ્યાનના કેન્દ્રસ્થાને રહેલ બાબત સીધી ધ્યાનબહાર જતી રહે છે અને ધ્યાનબહારની બાબત સીધી કેન્દ્રસ્થાને આવી જાય છે. એકાગ્રતાની સ્થિતિમાં ધ્યાનના કેન્દ્રસ્થાને રહેલ બાબત પ્રત્યેની ધ્યાનની તીવ્રતા એટલી ઓછી થાય કે જેથી ધ્યાનના વિકેન્દ્રિત સ્થાને બીજી બાબતો સ્થાન પામે છે ત્યારે ધ્યાનભંગ થયું કહેવાય.

ધ્યાનની તીવ્રતાનું મહત્વ

તમારા મિત્રે સાઈકલના તાળાની ચાવી માગી અને તમે ઓરડાના તાળાની ચાવી આપી. આ બાબત શું સૂચવે છે ? પાસે-પાસે પડેલી બે લગભગ સરખી ચાવીઓમાંથી એકની પસંદગી કરવા પ્રત્યે તમારા ધ્યાનની તીવ્રતા એટલી ઓછી હતી કે તમે ભેદ પારખી ન શક્યા અને ભૂલ કરી. ધ્યાનની તીવ્રતા થોડી વધારે હોત તો આ ભૂલ ન થાત. ભૂલ ન થાય એ સપાટીથી પણ વધારે ધ્યાનની તીવ્રતાથી ચાવીની પસંદગી કરી હોત તો શો ફરક પડત ? બે ચાવીઓ વચ્ચેનો દરેક ભેદ તમારા ધ્યાન પર આવ્યો હોત અને યાદ રહી ગયો હોત તો પણ વધારે ધ્યાનની તીવ્રતાને કારણે પસંદગીની ક્રિયાના પરિણામમાં 'ભૂલ ન થાત' એથી વિશેષ કોઈ ફાયદો ન હતો. વ્યવહારમાં રોજિંદા જીવનની મોટા ભાગની પ્રવૃત્તિઓ એવી છે જેમાં જરૂર કરતાં વધારે ધ્યાનની તીવ્રતાથી ફાયદો નથી થતો, પરંતુ અડચણ ઊભી થાય તેવી શક્યતા રહે છે. એક બાબત તરફ ધ્યાનની તીવ્રતા વધારે હોય ત્યારે બીજી બાબતોને ધ્યાન પર આવવા માટે વધારે સામર્થ્યવાળા પરિબળની જરૂર પડે છે. તમે વાહન ચલાવતા હો ત્યારે રસ્તાની આગળના ભાગે આવેલ બાબતો પ્રત્યે અથવા મગજમાં ચાલી રહેલા વિચારો પ્રત્યે તમારા ધ્યાનની તીવ્રતા ખૂબ ઊંચી હોય તો પાછળ આવતા વાહનના હૉર્નનો દોઢ કિલોમીટર દૂરથી સંભળાય તેવો મોટો અવાજ તમને ન સંભળાય, જે ઇચ્છવાયોગ્ય સ્થિતિ નથી.

વિચારવાની અને યાદ કરવાની પ્રવૃત્તિ, જ્ઞાન મેળવીને તેની તુલના કરવાની તથા એક જ્ઞાનને બીજા સાથે સાંકળવાની પ્રવૃત્તિ, સમસ્યાને સમજવાની અને તેનો ઉકેલ શોધવાની પ્રવૃત્તિ, છે અથવા નથી તેવા વિચાર અથવા વસ્તુને કલ્પનામાં લાવી તેના પર પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિ, આ અને આવી બધી જ માનસિક પ્રવૃત્તિઓમાં ધ્યાનની તીવ્રતા જેમ વધારે તેમ વધારે સાચું પરિણામ પ્રાપ્ત થાય છે અને સમપ્રમાણનો આ સંબંધ ધ્યાનની તીવ્રતાની ગમે તેટલી ઊંચી સપાટીએ પણ જળવાઈ રહે છે.

બુદ્ધિ અને જ્ઞાનપ્રાપ્તિ વચ્ચે પ્રસ્થાપિત થયેલ સહસંબંધાંક પરથી કહી શકાય કે વ્યક્તિની જ્ઞાનપ્રાપ્તિ ૪૦% બુદ્ધિ પર આધાર રાખે છે, જ્યારે ૬૦% બુદ્ધિ સિવાયની બાબતો પર આધાર રાખે છે. બુદ્ધિ સિવાયની બાબતોમાં ધ્યાનની તીવ્રતા મુખ્ય હિસ્સો ધરાવે છે. ઊંચી બુદ્ધિ પ્રતિભાવાળી વ્યક્તિઓ એકાગ્રતાથી એટલે કે ઊંચી ધ્યાનની તીવ્રતાથી કાર્ય કરવાની ટેવવાળી માલૂમ પડેલ છે. મનોવૈજ્ઞાનિક લાઝારૂસના પ્રયોગોમાં માલૂમ પડેલ છે કે ફક્ત ઊંચો બુદ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં સામાન્ય બુદ્ધિઆંક ધરાવતા પરંતુ સાથોસાથ રુચિ અને તેને કારણે ઊંચી ધ્યાનની તીવ્રતાથી પ્રવૃત્તિ કરતાં વિદ્યાર્થીઓ રચનાત્મક સિદ્ધિઓ મેળવવામાં આગળ નીકળી જાય છે. ફ્રેન્જસેને તેના શૈક્ષણિક મનોવિજ્ઞાનના પુસ્તકમાં જણાવેલ છે કે વર્ગખંડમાં રુચિ અને તેના કારણે નિરૂપાતી એકાગ્રતા અધ્યયનમાં પ્રભુત્વ ધરાવતું પરિબળ છે.

એક બહુ જાણીતી વાત છે કે પૂરા જીવનકાળ દરમિયાન

આપણે આપણી સમગ્ર મગજશક્તિનો દસમો ભાગ પણ ઉપયોગમાં લઈ શકતા નથી. કારણ એક જ છે, આપણાં મન અને મગજ પર આપણો અંકુશ નથી. એકાગ્રતાની સ્થિતિમાં જેમજેમ ધ્યાનની તીવ્રતા વધતી જાય તેમતેમ મગજ અને તેનું કાર્યબળ વધુ અને વધુ આપણા અંકુશમાં આવતું જાય છે. સ્વામી વિવેકાનંદ એક નજર ફેરવી આખું પૃષ્ઠ યાદ રાખી લેતા એ જાદુ એકાગ્રતાની સ્થિતિમાં ઊંચી ધ્યાનની તીવ્રતાને કારણે છે.

વલ્લભ અને વિઠ્ઠલ બે મજૂરો એક દુકાનેથી બીજી દુકાને કોથળીઓ ખસેડે છે. બંને એક કલાક કામ કરે છે અને સરખા અંતરના સરખા ફેરા લગાવે છે. હવે જો વલ્લભે ખસેડેલ દરેક કોથળી દસ કિલો વજનની અને વિઠ્ઠલે ખસેડેલ દરેક કોથળી વીસ કિલો વજનની હોય તો બંનેએ સરખું કામ કર્યું ગણાય ? ના. બંનેએ સરખો સમય કામ કર્યું છે છતાં વિઠ્ઠલે વલ્લભ કરતાં બમણી મહેનત કરી છે તેમ કહેવાય. બરોબર આ જ રીતે સરખો સમય અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓમાંથી જેની ધ્યાનની તીવ્રતા પહેલા કરતાં બમણી હોય છે તેણે બમણી મહેનત કરી ગણાય. મહેનતનું મૂલ્ય શોધવા માટે સમયની સાથોસાથ વજન અથવા બળના મૂલ્યને લક્ષમાં લેવાનું જરૂરી બને છે.

અભ્યાસમાં ઓછી મહેનતથી વધુ પ્રાપ્તિ અને વધુ મહેનતથી ઓછી પ્રાપ્તિ હાંસલ કરતા વિદ્યાર્થીઓ માલૂમ પડે છે ત્યારે આપણે મહેનતને અભ્યાસ માટે પસાર કરેલ સમય સાથે સાંકળીએ છીએ પરંતુ આ સમય દરમ્યાન વિદ્યાર્થીએ સરેરાશ ધ્યાનની જે તીવ્રતા જાળવેલ હોય તેને લક્ષમાં લેવાનું ચૂકી જઈએ છીએ. પુસ્તક હાથમાં હોય અને નજર પુસ્તક પર હોય પરંતુ જેટલો સમય મગજ માધુરી દીક્ષિત અથવા અમિતાભ બચ્ચનના વિચારોમાં ખોવાયેલું હોય તેટલા સમયને મહેનતની ગણતરી વખતે કઈ રીતે ઉમેરી શકાય ?

અભ્યાસમાં કરેલ મહેનત = સરેરાશ ધ્યાનની તીવ્રતા x અભ્યાસ માટે પસાર કરેલ સમય

ધ્યાનની તીવ્રતાને લક્ષમાં લઈએ ત્યારે અભ્યાસમાં કરેલ મહેનત, સમય અને સરેરાશ ધ્યાનની તીવ્રતાના ગુણાંકથી મળશે અને વિદ્યાર્થીની પ્રાપ્તિ અથવા સિદ્ધિ હંમેશાં આ મહેનતના સમપ્રમાણમાં હશે. અભ્યાસમાં આવતી બાબતો ધ્યાનના કેન્દ્ર-સ્થાને રહે તે માટે જરૂરી ધ્યાનની તીવ્રતા અધ્યયન માટેની લઘુતમ આવશ્યકતા છે. એકાગ્રતાથી અભ્યાસ કરવાની ટેવ જેમને કુદરતી બક્ષિશ નથી તેઓ મહેનત થકી એકાએક નહિ તો ધીરે ધીરે પણ કેળવી શકે છે.

ક્રિકેટ મૅચ ચાલતી હોય ત્યારે અઢાર કૅમેરાઓ જુદાજુદા સ્થળેથી સતત દશ્યો ઝડપતાં હોય તો સ્ટેડિઅમમાં રાખેલ અઢાર પરદાઓ પર યંત્ર વડે આ દશ્યો દેખાતાં હોય છે. યંત્ર પર એક હારમાં અઢાર ચાંપો આપેલ હોય છે, જેમાંથી જે નંબરની ચાંપ દબાવો તે નંબરના કૅમેરાના દશ્યોનું ટેલિવિઝન-પ્રસારણ દર્શકો માટે થાય છે. એક સંચાલક યથાયોગ્ય ચાંપોની અદલબદલ કરતો રહે છે. અને 'ઍક્શન રિપ્લે' પણ કરે છે. બરોબર આ જ પ્રમાણે મગજમાં પ્રત્યક્ષીકરણ કરવા માટે બાબતોની પસંદગી અને ફેરબદલી થતી રહે છે. જેવી રીતે કૅમરા દ્વારા દશ્ય 'ટેલિ' અથવા 'બ્રૉડ' થાય છે તેમ બાબતો પ્રત્યેની ધ્યાનની તીવ્રતાની વધઘટ થતી રહે છે. મગજમાં આ બધી ક્રિયાઓ પર છેવટનો અંકુશ આપણે જેને મન કહીએ છીએ તેની પાસે છે. મન વિશે વિગતવાર સમજ હવે પછી મેળવીશું. □

લઘુકથા

હાર્ટલેસ

કલ્પના જિતેન્દ્ર

નવનીતરાયના માથામાં દીકરાના શબ્દો ઘૂમરાતા હતા : 'તમે તો હાર્ટલેસ છો !'

અરે ! વાત શું ?.... આમ જોઈએ તો ખાસ મોટી નહિ.

સ્કૂટી માટે દીકરાએ રૂપિયા પિસ્તાળીશ હજારની માગણી કરી. તેને પ્રેમથી સમજાવ્યો, 'હજુ તું કૉલેજમાં છે. કમાતો થાય કે તરત જ તને લાવી આપીશ.'

'કમાતો થઈશ પછી હું જ નહિ લઈ લઉં ?.... પછી મારે તમારી શું જરૂર ?'

નવનીતરાયના માથામાં જાણે હથોડો વાગ્યો !

.....'મારે તો અત્યારે જ જોઈએ. મારા બધા મિત્રોના પપ્પા લાવી આપે છે. એક તમે જ કશું નથી લાવી આપતા !.... તમે તો કેવા છો ?.... હાર્ટલેસ !.... તમે તો હાર્ટલેસ છો !'

પથારીમાં સૂતા સૂતા એમને કેટલું ય યાદ આવી ગયું : કેટકેટલી બાધા-આખડી પછી દીકરાનો જન્મ ! કેટકેટલાં-લાડકોડ ! લોહી-પાણી એક કરી કરેલો ઉછેર ! કારણ માતા તો જન્મ આપતાં જ મૃત્યુ પામી ! ચાળીશ વર્ષની ભરયુવાનીમાં પત્ની મૃત્યુ પામી છતાં ય માત્ર દીકરા ખાતર જ વિધૂરાવસ્થા ભોગવી ! દીકરાની મા બનીને ઉછેર કર્યો ! .... એ જ દીકરો આજે કહે છે : 'તમે તો હાર્ટલેસ છો.'

.... ને વહેલી સવારે નવનીતરાયને છાતીમાં સણકો ઊપડ્યો ને જોરદાર હાર્ટઍટેક આવ્યો ! હૉસ્પિટલ પહોંચતા સુધીમાં તો હાર્ટફેલ થઈ ગયું.

ધ્યાનકથા

ગાંડા માણસો - ૧

બહાદુરભાઈ જ. વાંક

[માણસના ચેતન-અર્ધચેતન-અચેતન મનમાં ચાલતી ગતિવિધિઓને - તેના સૂક્ષ્મ વ્યાપારોને અભિવ્યક્ત-ઉદ્‌ઘટિત કરવા પરત્વે મેં આ ધ્યાનકથાઓમાં મારું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અચેતનનો અંધકાર જેટલો રહસ્યમય છે, તેટલો જ રહસ્યમય છે ખુલ્લો તડકો ! ધ્યાન ઉભયને એકમેકમાં ઓગાળી નાખે છે. આ સંદર્ભમાં મારા ગુરુએ કહેલા શબ્દો અહીં ટાંક્યા વગર રહી શકતો નથી - ધ્યાનની આંખ જેટલું એ બહાર જોઈ શકે છે, એથી સહસ્રગણું ભીતર જોઈ શકે છે !! - લેખક]

શહેરના જાહેર ઉદ્યાનમાં ખૂણામાં બાંકડા ઉપર એક માણસ એવી રીતે બેઠો હતો, જાણે ઉદ્યાનમાં એકમાત્ર એકલો જ કેમ ન બેઠો હોય ! એ મંદ મંદ તો ક્યારેક ક્યારેક ખડખડાટ પણ હસી પડતો હતો. તો ક્યારેક સ્ટેજ ઉપરથી વ્યાખ્યાન આપી રહ્યો હોય એમ બંને હાથને આગળ-પાછળ કરી કશુંક ગણગણવા માંડતો ! પછી પોતાની વાતને પુષ્ટિ આપતો હોય એમ હકારમાં પોતાનું માથું ઊંચું-નીચું કરતાંકને ધીમેધીમે ન સમજાય એવા અવાજમાં કશોક લવારો કરવામાં વ્યસ્ત થઈ જતો હતો.

આ માણસની બરાબર સામે જ જરા દૂર બેઠેલો બીજો એક માણસ આ બધો તાલ એકચિત્તે રસપૂર્વક જોવામાં એવો મગ્ન થઈ ગયો હતો કે ઉદ્યાનમાં એ બે સિવાય જાણે બીજા કોઈની હાજરી જ કેમ ન હોય ! સામે બેઠેલા માણસની ચેષ્ટાઓને આશ્ચર્યથી જોતાંજોતાં કેટલાય પ્રશ્નોએ એના ચિત્તનો પણ કબજો લઈ લીધો હતો - એકલો એકલો કેમ હસતો હશે ? શું એ માણસ ગાંડો તો નહીં હોય ને ? - ને તે ઊભો થઈને પેલા માણસ પાસે આવ્યો. ધીમેથી તેને પૂછ્યું : 'તમારું નામ ?'

પોતાની બધી જ ચેષ્ટાઓને સંકેલી લેતાં એ માણસે જવાબ આપ્યો : 'મનસુખલાલ. કેમ કંઈ મારું કામ પડ્યું છે ? તમારી ઓળખાણ ?'

'મારું નામ દિલસુખલાલ છે. માઠું ન લગાડો તો એક પ્રશ્ન પૂછવો છે.'

'મને વળી તમારે શું પૂછવું છે ?' આશ્ચર્ય સાથે મનસુખલાલે સામું પૂછ્યું

'બીજું તો કંઈ નહીં, પણ તમે એકલા એકલા કેમ હસતા હતા, ને શું વાતો કરતા હતા ?'

કોઈએ જાણે પોતાની પાસેથી કિંમતી વસ્તુ ઝૂંટવી લીધી હોય તેમ મનસુખલાલ થોડા વ્યગ્ર બની ગયા. સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતા તેઓ બોલ્યા : 'ના... રે... ના... હું તો કાંઈ એકલો એકલો વાતો કરતો નથી કે હસતો નથી... હું થોડો ગાંડો થઈ ગયો છું તે... ?'

'આમાં તમારે વ્યગ્ર થવાનું કોઈ કારણ નથી. તમારી ચેષ્ટાઓ જોઈને હું પણ એકલો એકલો હસવા માંડેલો, ને એકલો એકલો વાતો કરવા... ને આથી મને પણ આજે મજા પડી ગઈ !'

'તમે ક્યાંક ગાંડા તો નથી થઈ ગયાને ?' મનસુખલાલે પૂછ્યું.

'મિત્ર, તમેય કમાલ છો !. જે પ્રશ્ન હું તમને પૂછવા માગતો હતો તે પ્રશ્ન તમે મને પૂછી લીધો...'

'એટલે શું હું તમને ગાંડો લાગું છું ?' પાછું મનસુખલાલે પૂછ્યું.

'તમે તમારી રીતે જ એ સમજી લો ને ? મારે તમને શા માટે ઠેસ પહોંચાડવી જોઈએ ?' દિલસુખલાલ બોલ્યા.

'મિત્ર, તમે તમારું કામ કરો. હું તમારી સાથે વાત કરવા માગતો નથી.' મનસુખલાલે પોતાની નારાજગી વ્યક્ત કરી.

'વાત તો હું ય કરવા માગતો નહોતો, પણ આ બધું ય એકમાત્ર તમારી પ્રેરણાથી જ...' દિલસુખલાલે કહ્યું.

વાતનો મર્મ પામી જતા હોય એમ મનસુખલાલે સામો પ્રહાર કર્યો : 'તમારું ઠેકાણે લાગતું નથી !'

'મારું કે તમારું ?' દિલસુખલાલે સામો ઘા કર્યો. ને એકમેકને ગાંડા માની લેવાની બાબતે બંને વચ્ચે જીભાજોડી શરૂ થઈ.

અચાનક ત્યાંથી એક માણસ પસાર થયો. ને બંને વચ્ચેનો ઝઘડો જોવામાં એને મજા પડી જતી હોય તેમ તે ત્યાં ઊભો રહી ગયો. બંનેને અરસપરસ ઝઘડવા અંગેનાં કારણની તેણે પૃચ્છા કરી.

વારાફરતી બંનેએ પોતપોતાની વાત એને કહી સંભળાવી. એટલે એ બંનેને સલાહ આપતાં બોલ્યો : 'તમારું ઉભયનું વર્તન મને 'ઍબનૉર્મલ' લાગ્યું છે. એટલે તમારે બંનેએ માનસિક સારવાર લેવાની જરૂર છે.'

'અમને વળી આવી સલાહ આપવાવાળા તમે કોણ ?' મનસુખલાલ અને દિલસુખલાલ પોતાનો ઝઘડો ભૂલી જઈને એ અજાણ્યા માણસ સાથે જીભાજોડી કરવામાં પડી ગયા.

'મિત્રો, જરા સંભાળીને વાત કરો. હું કોઈ હાલી-મવાલી માણસ નથી સમજ્યા ને ? જરા ઊંડા ઊતરીને વિચારી જોજો મારી સલાહ ઉપર.'

'એ તો કહો કે તમે કોણ છો ?'

'હું છું માનસિક રોગોનો ડૉક્ટર. ને એટલે જ મેં તમને સલાહ આપેલી.'

'તમે ગાંડા એટલે અમેય ગાંડા એમને ?' બંનેએ રોષ સાથે ડૉક્ટરને પૂછ્યું, ને જરા રહી ઉમેર્યું : 'કહેવાય છે કે ગાંડાઓના

(અનુસંધાન પૃ. ૭૨૩)

લોપા

અરુણ પારેખ

રૂમમાં છવાયેલા અંધકારના અશરીરી દેહને એ આંખો વડે સ્પર્શી રહ્યો. એના ચહેરામાં ફક્ત આંખોનું જ અસ્તિત્વ શિરમોર હતું. તમે ચહેરા પર દૃષ્ટિ કરો અને તમને આંખો જ પ્રથમ દેખાય. પછી આંખો છે એટલે નાક-કાન-મોં હશે એવા તર્કના આધારે તમે આખો ચહેરો જોઈ શકો ખરાં. છતાં પણ તમે આખો ચહેરો જુઓ જ છો એવો વિશ્વાસ કેળવી શકો નહીં.

આમ છેલ્લાં પાંચ-પાંચ વર્ષથી એ અંધારના અશરીરી દેહને આંખો વડે સ્પર્શ્યા કરે છે. એ જીવે છે - અસ્તિત્વ પર ગમગીનીની ચાદર ઓઢીને. ક્યારેય આક્રંદ નથી કરતો. લોપાના મૃત્યુ પર દુઃખની સીમાઓ વિસ્તરી ગઈ છે. આક્રંદને અતિક્રમી ગઈ છે. દુઃખની ચીસો હૃદયની દીવાલો પર પડઘાય છે. રડી ન શકવાથી થતી વેદના તે તીવ્ર રીતે અનુભવે છે. આજકાલ કરતાં પાંચ વર્ષથી અને છતાં એ રડી નથી શકતો.

લોપા ચાલી ગઈ ! આજથી બરાબર પાંચ વર્ષ પહેલાં નિશાળે ગઈ ત્યારે એને શું ખબર કે આ એનું છેલ્લું જ દર્શન હશે ! એનો નાજુક હાથ હવામાં ઊંચો થયેલો 'આવજો' કહેવા, અને એના નાજુક હાથ વડે હવામાં જન્મેલા તરંગો છેક આંખોને સ્પર્શેલા. ને આંખોએ સ્પર્શથી હવામાં 'તરંગાતા' આવજોને ઓળખ્યો હતો. દૃષ્ટિની મર્યાદા ચાતરી ગઈ ત્યાં સુધી તેણે બારણામાં ઊભા રહીને જતી લોપાને જોઈ હતી. અને એ લોપા કદી પાછી જ નહોતી ફરી. પાછું ફર્યું હતું લોપાનું શબ. અને ત્યારથી એની આંખમાંથી કદી અશ્રુ ખર્યાં જ નથી.

વેદનાની આગમાં આંખોમાંનો જીવનરસ સળગ્યો હતો. અને આંસુ વરાળ બની ઊડી ગયાં હતાં. બરાબર દસ વર્ષ પહેલાં પત્ની ટૂંકી માંદગીમાં સાથ છોડી ગઈ હતી, ત્યારે એ જીવી ગયો હતો બાળકીને સહારો આપવા ને પછી ધીરે ધીરે એને ખબર ન પડે એ રીતે બાળકી જ એનો સહારો બની ગઈ હતી. એની કાલીઘેલી ભાષામાં એ બોલતી ને ઘરને મધુર રવથી ભરી દેતી. શરૂશરૂમાં એ રવ ખળખળ વહેતા ઝરણા જેવો હતો. પછી ધીમેધીમે એ કલકલ વહેતી નદીના નિનાદ સમો બની ગયો હતો. એ લોપામય બની ગયો હતો. અને લોપા પણ એનામય હતી એવું એને લાગતું હતું; કારણ કે એ મમ્મીને યાદ કરતી નહોતી ને 'ડૅડિ, ડૅડિ' કહેતાં એની જીભ સૂકાતી ન હતી.

પણ નિશાળેથી આવી એક દિવસ લોપાએ પૂછ્યું હતું, 'ડૅડિ, મારી મમ્મી ક્યાં ગઈ ?' અને ત્યારે એ ચોંકી ગયો હતો. ત્યારે શું લોપા પૂરેપૂરી એનામય નહોતી બની ? ઊગતા બાળકનું કુતૂહલ પાંખો ફફડાવી રહ્યું હતું. એણે ક્ષિતિજ તરફ આંગળી ચીંધીને કહ્યું હતું, 'દૂર દૂર આકાશમાં'. ને પછી ક્યારેક એકલી પડતી ત્યારે લોપા ક્ષિતિજને ભેદવા મથતી હોય એમ પોતાની નાનકડી આંખોને અપલકપણે ક્ષિતિજની ધાર પર ટેકવી રાખતી. ને હવે લોપાના ગયા બાદ એ ક્ષિતિજ પર મીટ માંડીને બેસી રહે છે. ક્યારેક ક્યારેક એને થાય છે કે એણે ખોટું કર્યું. - લોપાને રસ્તો બતાવી દીધો એ.

કયારેક એની દૃષ્ટિ ક્ષિતિજને ભેદી નાખે છે. અને ક્ષિતિજનો પાતળો પડદો તૂટી જતાં સામે પારનો અજાણ્યો પ્રદેશ લહેરાય છે. લોપાનું મોં ખૂલે છે ને એની ધવલ દંતપંક્તિઓ હસી ઊઠે છે. આજુબાજુ લીલું લીલું ઘાસ લહેરાય છે ને ભૂરાં ભૂરાં વાદળ જેવી પરીઓ સાથે સંતાકૂકડી રમતાં ટેકરીઓના ઢોળાવ પર એ ચડ-ઊતર કરે છે. ત્યારે એના પગનું નર્તન, એની ચાલનું લાસ્ય મનમોહક બની જાય છે. એને થાય છે કે હમણાં લોપા એનો નાજુક હાથ હવામાં હલાવી 'આવજો' કહેશે, ને હવામાં તરંગાતું 'આવજો' એની આંખને સ્પર્શી જશે. પણ લોપા 'આવજો' કહેતી નથી.... ને એ તૂટેલો પડદો ફરી સંધાઈ જાય છે. ને પછી સામે પારનો પ્રદેશ દેખાતો નથી. લોપા 'આવજો' કહ્યા વગર ચાલી જાય છે ને રૂમની દીવાલોમાંથી નિબિડ અંધકાર ફૂટીને આખી રૂમને આવરી લે છે. ને પછી એ અંધકારના અશરીરી દેહને આંખો વડે સ્પર્શ્યા કરે છે ! □

અનુસંધાન] ગાંડા માણસો-૧ [પૃ. ૭૨૨ થી

ડૉક્ટર ગાંડા જ...'

કંઈ જ જવાબ ન આપતા, બડબડાટ કરતા ડૉક્ટરે ત્યાંથી ચાલતી પકડી.

પાછા મનસુખલાલ અને દિલસુખલાલ પોતપોતાની જગ્યાએ બાંકડા ઉપર ચૂપચાપ બેસી ગયા. બંને સાવ મૌન... બસ એકમેક સામે ટગર ટગર જોયા કરે. ઉભયની બીજી કોઈ ચેષ્ટા નહીં. હા, બંને શૂનમૂન બની ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગયા હતા ખરા.

ત્યાં અચાનક દિલસુખલાલ ઊભા થયા ને ઊભા થઈને મનસુખલાલ પાસે આવ્યા, ને મર્મમાં પૂછ્યું : 'એ ડૉક્ટરે આપણા બેમાંથી કોને માનસિક સારવાર લેવાની સલાહ આપી હોય એમ તમને લાગે છે ?'


મનસુખલાલ બોલ્યા : 'મને નહીં, તમને જ સલાહ આપેલી !'

'વળી પાછી તમે ગેરસમજ કરીને ?'

ને મનસુખલાલ નારાજગી સાથે બોલી ઊઠ્યા : 'વારે વારે ગેરસમજ તો તમે જ કરો છો, સમજી ગયા ને !'

□ □

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

મંગળવાર ૨૮મી માર્ચ ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

રાજકારણ વિશે લખવાનું મને મન તો ઘણું છે પણ આજે તો મારે તને બીજા ઘણાબધા સમાચાર આપવાના છે. પહેલું તો મમ્મીએ મને પીટર પાસે જવાની લગભગ ના જ પાડી દીધી છે. બીજું, પીટરે માર્ગટને પણ ઉપર આવવા કહ્યું છે. હવે એણે વિવેકખાતર કહ્યું છે કે ખરેખર કહ્યું છે એની ખબર નથી. ત્રીજી વાત, મેં પપ્પાને જ પૂછ્યું કે શું મારે શ્રીમતી વૅનડાનને આવતી ઈર્ષ્યા તરફ ધ્યાન આપવું જોઈએ. ને એમનો જવાબ હતો એવું જરૂરી નથી.

હવે મારે શું કરવું ? મમ્મી ગુસ્સે થઈ છે. એમની જરાય ઇચ્છા નથી કે હું ઉપર જાઉં. એમના કહેવા પ્રમાણે પેલા ડસેલસાહેબવાળા રૂમમાં મારે સીધા જઈને ભણવા બેસી જવું જોઈએ. કદાચ એમને જ ઈર્ષ્યા આવતી હશે. અમે મળીએ એનો પપ્પાને વાંધો નથી. ઊલટાનું એ તો ખુશ છે કે મને ને પીટરને એકબીજાં સાથે આટલું બધું બને છે. માર્ગટને પણ પીટર સારો લાગે છે. એને કદાચ લાગતું હશે કે બે જણાં વચ્ચે જેવી વાતો થાય એવી ત્રણ વચ્ચે ન થઈ શકે.

ઉપરથી મમ્મી ધારે છે કે પીટર મને ચાહે છે. ખરેખર તો મારી એવી ઇચ્છા છે કે મમ્મીની ધારણા સાચી ઠરે. એમ જો થાય તો અમે બંને એક જ કક્ષાએ આવી જઈએ. ને પછી એકબીજાંને ઓળખવાં સહેલાં થઈ પડે. મમ્મીનો દાવો છે કે પીટર મારી તરફ જોયા કરે છે. હા, અમે એકબીજાં સામે ઇશારા કરીએ છીએ ખરાં, હવે એને મારા ગાલમાં પડતાં ખંજન જોવાં ગમતાં હોય તો એ કાંઈ મારો વાંક છે ?

મારી હાલત કફોડી થઈ ગઈ છે. હું કરું છું એ મમ્મીને પસંદ નથી અને એમની વાત મને પસંદ નથી. મમ્મીને મારા પ્રત્યે લાગણી ને પ્રેમ છે એટલે આ વાતે દુઃખી થાય છે જ્યારે હું મમ્મીની એટલી બધી પરવા કરતી નથી એટલે હું દુઃખી થતી નથી.

જ્યાં સુધી પીટરનો સવાલ છે.... એને છોડવો શક્ય નથી. મને એ ખૂબ ગમે છે. અમારી વચ્ચે મિત્રતા ખીલે એમાં આ વડીલોએ શું કામ વચ્ચે પડવું જોઈએ ? મારામાં ઉભરાતી લાગણીને હું છુપાવી શકું છું એટલે હું એની કેવી ઘેલી છું એની એને ખબર નથી. શું ક્યારેક તો એ બોલશે ને ? સ્વપ્નામાં પીટલનો ગાલનો અનુભવેલો સુંવાળો સ્પર્શ, ખરેખર અનુભવવા મળશે ? અરે પીટલ ને પીટર બંને એકાકાર થઈ ગયા છે ! હે ભગવાન, આ વિટંબણાનો અંત ક્યારે આવશે ? પણ ખરેખર આ વિટંબણામાં પણ એક આનંદ છે. જેટલી વિટંબણા ઝાઝી એટલો અંત પણ વધુ મધુર લાગશે. હાથ પર માથું ટેકવીને આંખો મીંચી દેતો પીટર એક નાનકડા બાળક સમો નિર્દોષ લાગે છે તો બિલાડી સાથે ગેલ કરતો પીટર કેટલો પ્રેમાળ લાગે છે. વજનદાર વસ્તુને ઉપાડી જતો હોય ત્યારે એક કદાવર પુરુષ લાગે છે તો ચોરને શોધવા અંધારામાં રસ્તો કાઢતો પીટર બહાદુર લાગે છે, અને કફોડી હાલતમાં ફસાઈ જાય ત્યારે પીટર વહાલો વહાલો લાગે છે. હું એને કાંઈ શિખવાડું એના કરતાં એ જ મને કશુંક સમજાવે એવું મને બહુ ગમે. મને તો એ મારા કરતાં બધી બાબતે ચડિયાતો હોય તો તો ખૂબ જ ગમે.

અમારે અમારી મમ્મીઓ તરફ શું કામ ધ્યાન આપવું ? પણ પીટર કાંક તો બોલે ?

પપ્પાનું હંમેશનું કહેવું છે કે હું આત્મકેન્દ્રી છું. પણ એવું નથી. મને મારા માટે કોઈ બે શબ્દો સારા બોલે એ માટે વલખાં મારું છું. મને કોઈએ ક્યારેય કહ્યું નથી કે હું સુંદર છું. સિવાય કે સ્કૂલમાં એક છોકરાએ કહ્યું હતું કે તું હસે છે ત્યારે સુંદર દેખાય છે. કાલે પીટરે પણ મને એમ જ કહ્યું : ગમ્મત ખાતર, એ વાત સાંભળ:

મને ઘણી વાર પીટર હસવા કહે છે. મને એનું આશ્ચર્ય થતું હતું. કાલે તો મેં એને એનું કારણ પૂછ્યું.

'કારણ કે તારા ગાલમાં ખંજન પડે છે. હેં, તું આ ખંજન કેવી રીતે પાડે છે ?'

'એ તો જન્મથી જ પડે છે. જો મારી ચિબુક ઉપર પણ ખંજન પડે છે. બસ સૌંદર્યની આ એકમાત્ર નિશાની મારી પાસે છે.'

'ના રે, એ સાચું નથી.'

'હા, હા, સાચું જ છે. હું સુંદર તો નથી જ. પહેલાંય નહોતી અને હવે થવાનીય નથી !'

'હું માનવા તૈયાર નથી. તું સુંદર છો.'

'ના, નથી.'

'હું કહું છું ને કે તું સુંદર છે એટલે તારે મારી વાત માનવી જ પડશે.'

વળતામાં અલબત્ત મેં પણ એને એમ જ કહ્યું.

લિ. ઍન.મે.ફ્રેંક

બુધવાર ૨૯મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

લંડનથી આવતા ડચ પ્રસારણમાં કેબિનેટ મંત્રી શ્રી બોલ્કેસ્ટાઇનનું ભાષણ હતું. એમણે એ જાહેર કર્યું કે યુદ્ધ પૂરું થયા પછી યુદ્ધ દરમ્યાન લખાયેલી ડાયરી, પત્રો વગેરેનો સંગ્રહ છાપવામાં આવશે. અને અલબત્ત, અહીં બધાં જ મારી ડાયરી પર તૂટી પડ્યાં. અરે, ગુપ્ત નિવાસ ઉપર હું એક નવલકથા લખું તો એમાં કેટલાં બધાંને રસ પડે નહિ ? શીર્ષક પરથી બધાંને એ કોઈ રહસ્યકથા જ લાગશે.

પણ સાચે જ, આજથી દસ વરસ પછી અમે અહીં કેમ રહેતાં હતાં, શું ખાતાં હતાં, એક યહૂદી તરીકે અમારા વિચારો કેવા હતા એ જાણવું લોકોને જરૂર ગમશે. અહીંના અમારા રોજિંદા વ્યવહાર વિશે મેં તને ઘણી બધી વાતો લખી છે પણ છતાંય ખરા અર્થમાં તને બહુ થોડી ખબર છે. હવાઈ હુમલાઓ ચાલુ હોય એ દરમ્યાન સ્ત્રી-વર્ગમાં કેવી ગભરાટની લાગણી પ્રસરી જાય છે એ તને ક્યાં ખબર છે. જો ને ગયા જ રવિવારે ઇમ્યૂડેન ઉપર ૩૫૦ વિમાનોએ એકસાથે સાડા પાંચસો ટન બૉમ્બ મારો કર્યો ત્યારે ઘાસનું તરણું કાંપે એમ આખાં ને આખાં મકાનો કાંપતાં હતાં. તને એનીય જાણ નથી કે અહીં કેટલાય રોગચાળાઓ ફેલાયેલા છે.

તને આવી વાતોની ખબર નથી. અને હું કહેવા બેસું તો આખો દિવસ બીજું કાંઈ કામ જ ન થાય. અહીં ખાદ્ય-સામગ્રી અને શાકભાજી માટે લાંબી લાઇનો લાગે છે. ડૉક્ટરોએ વિઝિટ પર જવાનું બંધ કર્યું છે, કારણ કે રસ્તા પર પોતાનું વાહન પાર્ક કરીને પીઠ ફેરવે ત્યાં સુધીમાં તો વાહન ચોરાઈ ગયું હોય. ચોરી અને લૂંટફાટ તો એટલી હદે વધી ગયાં છે કે તમને વિચાર થાય કે ડચ પ્રજાને અચાનક થઈ શું ગયું છે કે હાથચાલાકી આટલી વધી ગઈ ? આઠ-દસ વર્ષનાં બાળકો પણ ઘરની બારીના કાચ ફોડીને જે હાથ લાગે તે ચોરી જાય. લોકો ઘરને પાંચ મિનિટ માટે પણ રેઢું મૂકવા તૈયાર નથી કારણ કે શક્ય છે કે પાછા આવીને જોશે તો ઘરનો બધો સામાન સફાચટ. રોજ રોજ છાપાંમાં ચોરાયેલાં ટાઇપરાઇટરો, પર્શિયન ગાલિચા, ઇલેક્ટ્રિક ઘડિયાળો, કપડાં વગેરે પાછું આપનારને ઇનામ એવી જાહેરખબરો આવે છે. રસ્તાને નાકે નાકે રહેતી ઇલેક્ટ્રિક ઘડિયાળો ઉતારી લેવામાં આવી છે. સાર્વજનિક ફોન તો એના વાયરો સાથે ચોરાઈ ગયા છે.

ડચ પ્રજાની માનસિક હાલત કેવી રીતે સારી હોય ? બધે જ ભૂખમરો છે. કોફી સિવાય અઠવાડિયા માટે મળતું રેશન જેમ તેમ બે દિવસ ચાલે છે. બ્રિટિશ કુમક તો કોણ જાણે ક્યારે આવશે. પુરુષોને જર્મની તરફ રવાના કરી દેવાય છે. માંદાં દુબળાં બાળકો ફરે છે. શરીર ઘસાયેલાં ફાટેલાં કપડે ઢંકાયાં છે તો પગમાં ઘસાયેલા જોડા છે. કાળા બજારમાં સાડા સાત ગિલ્ડર આપો તો નવા જોડા મળે અને જો કોઈ મોચી જોડા સાંધવા તૈયાર થાય તો પણ ચારેક મહિના સુધી સાંધીને મળે એવી કોઈ શક્યતા જ નથી અને કોને ખબર ત્યાં સુધી એ બચશે કે પછી ચોરાઈ જશે.

આમાં કાંક સાચું હોય તો એટલું જ છે કે જેમ જેમ ખાધા-ખોરાકી ઓછી થતી જાય છે ને સાથે સાથે કાયદાઓ વધારે કડક થતા જાય છે તેમ તેમ સરકારી કચેરી પરના હુમલાઓ પણ વધતા જાય છે. ખાધા-ખોરાકી પુરવઠાની કચેરીવાળાઓ, પોલીસ અને બાકી અધિકારીઓ ક્યાં તો લોકોને મદદ કરે છે અને નહિ તો એમને સીધા જેલમાં પૂરી દે છે. એટલું સારું છે કે અવળી બાજુએ ચડેલા લોકો થોડા છે.

લિ. ઍન

શુક્રવાર ૩૧મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

હજી પણ ઠંડી પ્રમાણમાં ઘણી છે. અને છતાંય અહીં એવાં પણ લોકો છે જેમની પાસે મહિનો થયો કોલસા વિના જ જીવે છે. કેટલી દયાજનક પરિસ્થિતિ હશે નહિ ? રશિયન ફોજની પ્રગતિ સારી છે એટલે બધે જ આશાનું મોજું ફરી વળ્યું છે. રાજકીય પરિસ્થિતિ વિશે હું તને ખાસ કાંઈ લખતી નથી પણ રશિયન ફોજની હાલચાલ વિશે થોડો ખયાલ મારે તને આપવો જ જોઈએ. રશિયન પોલેન્ડની સરહદે અને રૂમાનિયામાં પ્રટ નદી સુધી પહોંચી ગયા છે. ઑડેસા સુધી પહોંચ્યા છે અને ટર્નોપોલને ઘેરી લીધું છે. અમે રોજ રાતે સ્ટાલીન ક્યા હુકમો છોડે છે એની રાહ જોઈએ છીએ.

આની ખુશાલીમાં મૉસ્કોમાં તોપની સલામીઓ એટલી બધી વાર અપાય છે કે આખું શહેર ધમધમી ઊઠતું હશે. કદાચ એમને એવો ભાસ કરવો હશે કે યુદ્ધ ક્યાંક નજીકમાં જ ચાલી રહ્યું છે કે પછી બીજી રીતે એમને આનંદ વ્યક્ત કરતાં જ નહિ આવડતું હોય શી ખબર !

જર્મન લશ્કરે હંગેરીને કબજે કર્યું છે. ત્યાં વસતા લાખો યહૂદીઓની હાલત બહુ ખરાબ છે.

બાકી ખાસ કાંઈ સમાચાર નથી. આજે શ્રી વૅનડાનનો જન્મદિવસ છે. એ નિમિત્તે તેમને બે પેકેટ તમાકુ, પત્ની તરફથી ખાસ બચાવેલી કૉફી, લેમન-પંચ કૂગ્લર તરફથી, સારડીન મીપ

તરફથી, અમારા તરફ઼ે યુ-દ-કલોન, થોડાંક લિલાક અને ટ્યૂલીપનાં ફૂલો ભેટ મળ્યાં છે. મહત્ત્વની ભેટ હતી રાસ્પબેરી-કેક. માખણના અભાવે રેશનના લોટની બનાવેલી કેક ચીકણી હતી પણ બાકી સ્વાદિષ્ટ હતી.

પીટર અને મારી ચર્ચા જરાક વિસારે પડી છે. આજે રાતે તો પીટર મને બોલાવવા આવવાનો છે. પીટરને આવું બધું કરવું ફાવતું નથી એ જોતાં આ પ્રયત્ન સારો કહેવાય એવું તને નથી લાગતું ? અમારી દોસ્તી ઘણી જામી છે. ઘણો બધો વખત અમે સાથે હોઈએ છીએ અને જાતજાતના વિષયો પર વાતો કરીએ છીએ. અને અમુક પ્રકારની નાજુક વાતો કરતાં પણ હું ખમચાતી નથી એનું મને સારું લાગે છે. આવું કાંઈ બીજા છોકરાઓ સાથે કરવું શક્ય જ નથી.

હવે અહીંનું જીવન સુસહ્ય બની ગયું છે. ભગવાન મને ભૂલ્યો નથી અને કદી પણ ભૂલશે નહિ.

લિ. ઍન.મે.ફ્રેંક

શનિવાર ૧લી એપ્રિલ ૧૯૪૪

મારી પ્રિયતમ કિટી,

અને છતાંય મને જરાય ગોઠતું નથી. તું સમજી ગઈને હું શેની વાત કરું છું તે ? એના એક ચુંબનની કેટલી રાહ જોઉં છું ? કેટલી વાર લગાડે છે ? મને શું ફક્ત એક મિત્ર જ સમજે છે ? એનાથી વિશેષ કાંઈ જ નહિ ?

તું જાણે છે અને હું પણ જાણું છું કે મારી સહનશક્તિ ઘણી છે. મને સતાવતી ચિંતાઓ વિશે મેં કોઈને ક્યારેય વાત કરી નથી. હું માવડિયણ પણ નથી. અને છતાં મને મન થાય છે એના ખભે માથું ઢાળીને પડ્યા રહેવાનું.

પીટરનું પેલું સપનું કેમે કરી ભૂલાતું નથી. કેટલું મધુર સ્વપ્ન ! એનેય આવું કાંક થતું હશે ? મારી તરફ પ્રેમ વ્યક્ત કરતાં એ શરમાય છે ? શા માટે એ મારું સાંનિધ્ય ઝંખે છે ? કેમ કાંઈ જ બોલતો નથી ?

ઘણું થયું. મારે શાંત થઈ જવું જોઈએ. ફરી એક વાર કઠણ થવું છે. ધીરજ રાખીશ તો ઘીના ઠામમાં ઘી પડી રહેશે. પણ - એ જ તો તકલીફ છે - એવું જ લાગે છે જાણે હું જ એની પાછળ પડી હોઉં. હું જ હંમેશાં ઉપર જાઉં છું, એ નીચે આવતો નથી. પણ એનું કારણ અમારા રૂમ છે. અને નીચે મને શું વાંધો છે એ એ સમજે છે. એમ તો હું ધારું છું એથી જરા વધારે જ સમજણો હશે એ.

લિ. ઍન.મે.ફ્રેંક

સોમવાર ૩જી એપ્રિલ ૧૯૪૪

મારી વહાલી કિટી,

મારી હંમેશની ટેવ પ્રમાણે પત્ર ન લખતાં આજે તને હું અમારા ખાધાખોરાકી વિશે પત્ર લખવાની છું. કેમ કે આ સમસ્યા કેવળ ગુપ્ત નિવાસ કે હૉલેન્ડ પૂરતી જ જટીલ નથી રહી પણ આખા યુરોપને માટે મહત્ત્વની બની ગઈ છે.

અમારા એકવીસ વરસના રહેણાક દરમ્યાન અમે ઘણી બધી જાતના વાનગી-ચક્રોમાંથી પસાર થયાં છીએ. મારો કહેવાનો અર્થ તું આગળ વાંચીશ એટલે તને સમજાશે. એક વાનગી-ચક્ર એટલે એક સમયગાળો જે દરમ્યાન અમે કોઈ એક જ વાનગી કે કોઈ એક જ શાક ખાતાં હોઈએ. ઘણા બધા દિવસ અમે એન્ડાઈવ[૧] એટલે ફક્ત એન્ડાઈવ જ ખાતાં હતાં, માટીવાળું એન્ડાઈવ ને માટી વગરનું એન્ડાઈવ, બટાકાના છૂંદામાં એન્ડાઈવ, કે એન્ડાઈવ-બટાકાનાં વડાં, પછી વારો આવ્યો પાલકનો, પછી કહોલરાબી[૨] એના પછી સાલ્સીફાય[૩], કાકડી, ટમેટાં, કોબીજ વગેરે વગેરે વગેરે.

સવાર, બપોર ને સાંજ જમવામાં જ એકનું એક જ શાક હોય તો જમવાની ખાસ કાંઈ મજા ન આવે. પણ જ્યારે કકડીને ભૂખ લાગી હોય ત્યારે ભાવે ન ભાવે ભૂલી જવાય. પણ હમણાં તો આનંદ છે કારણ કે શાકભાજી મળતાં જ નથી.

આજકાલ જમવામાં વાનગીઓનો અઠવાડિક ક્રમ આવો છે. ચોળા, વટાણાનો સૂપ, ડમ્પલિંગ[૪]ને બટાકા, બટાકાનું કુગલ[૫], અને ભગવાનની કૃપાથી ટર્નિપ ને સડેલાં ગાજર અને પછી ફરી એક વાર ચોળા. બ્રેડની તંગી છે એટલે ત્રણે વખત ખાવામાં બટાકા લઈએ છીએ. બ્રેકફાસ્ટમાં અમે એ જરાક તળીને ખાઈએ છીએ. સૂપ માટે ચોળા કે બટાકા કે તૈયાર સૂપનાં વેજીટેબલ કે ચીકનવાળાં પેકેટ કે ચોળાના સૂપનાં પેકેટ વાપરીએ છીએ. બ્રેડ સીખ્ખે બધી જ વાનગીમાં ચોળા વપરાય છે. રાત્રે જમવામાં તૈયાર રસ્સા સાથે બટાકા હોય છે. હજી પણ બીટનું કચુંબર ખાવા મળે છે એનો આનંદ છે. ડમ્પલિંગ વિશે એક વાત કહેવી જ પડશે કે એ અમે રેશનના લોટથી બનાવીએ છીએ. પાણી અને યીસ્ટ નાખીને, એટલે એ એવાં તો ચીકણાં અને ઢેચા જેવાં બને છે કે જમીને તમને થાય કે પેટમાં પથરા જ ભર્યા છે. ખેર !

જમવામાં ભાવતી એક વાનગી અઠવાડિયે એક વાર મળે છે. એ છે લીવર સોસેજની એક ચકતી અને સાથે માખણ વિનાની બ્રેડ પર લગાડવા મળતું જૅમ. અને એમ છતાં અમે જીવીએ છીએ અને ઘણી બધી વાર વાનગીઓ અમને સ્વાદિષ્ટ પણ લાગે છે.

(ક્રમશઃ)

---

૧. એક શાકઃ એનાં પાંદડાંનું કચુંબર બનાવે છે ; ૨. એક શાકભાજી; ૩. યુરોપમાં ઊગતું કંદમૂળ ; ૪. ઢોકળી જેવી વાનગી ; ૫. એક વાનગી.

લિ. ઍન.મે.ફ્રેંક

મહાબલીપુરમ્

ડૉ. પ્રિયબાળા શાહ

આ સ્થળ ખડક-સ્થાપત્ય તેમજ શિલ્પ અને બાંધકામ કરેલા સ્થાપત્યનું અવર્ણનીય સમુદ્રકિનારાનું સ્થળ છે.

બસમાંથી ઊતરતાં જ સામે એક અદ્ભુત દૃશ્ય જોવા મળ્યું. મંદિરના કોટ ઉપર નાનીનાની વાછરડીઓ ખૂબ સરસ અને શિસ્તબદ્ધ રીતે બેઠેલી હતી. ત્યાંથી થોડે દૂર બે વાનરો તેમનાં બચ્ચાં સાથે બેઠેલા હતા. તેમના સ્વભાવ પ્રમાણે એક વાનર બીજા વાનરના શરીરમાંથી 'જૂ' જેવું કાંઈક વીણીવીણીને કાઢતો હતો. તેમની પાસે તેમનું વાનરબાળ શાંતિથી બેઠેલું હતું. ઘડીભર થયું કે આ પશુઓને માનવના અવાજની કે મોટરોના અવાજની પણ બીક નહીં લાગતી હોય ! કદાચ આ પશુઓ (વાનરવૃંદ અને ગાવલડીઓ) અહીંના વાતાવરણ સાથે એવાં ઓતપ્રોત થઈ ગયાં હશે કે તેમનામાં 'ડર' જેવો શબ્દ જ નહીં હોય ! છતાં સ્વાભાવિક રીતે જ તેની પાસે જઈને જોયું તો આ બધાં શિલ્પ આબેહૂબ કંડારાયેલાં હતાં. આવા શિલ્પકલાના શ્રેષ્ઠ નમૂનાઓ ફરી ફરીને જોવાનું મન થાય !!

આ સ્થળ તે મામલ્લપુરમ્. એક વખત સાતમા સૈકામાં પલ્લવોનું ખ્યાતનામ બંદર હતું. અહીં ખડક કોરીને બનાવેલા રથ અને મંડપો હતા તેવી જ રીતે ચણતરકામથી મંદિરોની ઇમારતો ઊભી કરેલી હતી. મામલ્લપુરમ્ (મહાબલીપુરમ્) ચેન્નાઈથી ૫૯ કિ.મી.ના અંતરે આવેલું છે. પ્રાકૃતિક સૌંદર્ય અને સાગર નજીક હોવાથી તેની શોભા તથા પ્રાચીન શિલ્પ સ્થાપત્ય અનેક મુસાફરોને આકર્ષે છે.

ત્યાંનો રાજા નૃસિંહ વર્મા -૧ (ઈ.સ. ૬૩૦-૬૭૦)



ખડકમાંથી કોરેલા રથનો સામાન્ય દેખાવ

મામલ્લ કે મહામલ્લના નામે જાણીતો હતો. પોતાના નામ ઉપરથી શહેરનું નામ મામલ્લપુરમ્ અને તેમાંથી અર્વાચીન નામ મહાબલીપુરમ્ થયું.

સૌપ્રથમ આ સ્મારકો-ઈમારતો તરફ પાશ્ચાત્ય મુસાફરોમાંથી એક ઈટાલીઅનનું ધ્યાન ખેંચાયું, તે પણ સત્તરમા સૈકામાં. પ્રાચીન યુરોપીઅન મુસાફરો કે જે ભારતમાં આવ્યા હતા તેમણે કોણાર્કનું સૂર્યમંદિર બ્લૅક પૅગોડા અને અહીંના દરિયા-કિનારાના રથ અને મંદિરોને સાત પૅગોડા તરીકે ઓળખાવ્યા. આ ઉપરાંત પણ બીજી ઘણી ઈમારતો દરિયાકિનારે તૈયાર થઈ, પરંતુ તેને સમુદ્ર ગળી ગયો.

મહાબલીપુરમ્ની આ ઈમારતો દક્ષિણ ભારતના પલ્લવોના રાજ્યકાળ દરમ્યાન આકાર પામી છે. આ સુંદર ઈમારતો સમુદ્રસૌંદર્યને લીધે વધુ રમણીય લાગે છે.

દરિયાકિનારાનાં આ પાંચ મંદિરો રથ અને મંડપના નામથી જાણીતાં છે. આ ઈમારતો એક જ ખડકમાંથી કોરી કાઢેલી છે. રથ તરીકે જાણીતાં આ મંદિરોની રચના બૌદ્ધ વિહારો અને ચૈત્યોને મળતી આવે છે. આ મંદિરોનું નામાભિધાન મહાભારતનાં જાણીતાં પાત્રો- પાંચ પાંડવોનાં નામથી થયેલું છે. નરસિંહવર્મન્ પહેલાના રાજ્યકાળ દરમ્યાન તૈયાર થયેલી આ ઈમારતો ભારતભરમાં સૌપ્રથમ છે. જો કે આ બધાં શિવમંદિરો છે. ભીમ, ગણેશ અને સહદેવના રથો લંબચોરસ ઘાટના અર્થાત્ ચૈત્યગૃહોને મળતા આવે છે. આ રથ બેથી ત્રણ માળ જેટલા ઊંચા છે. તેને નળાકાર છાપરું છે. પરંતુ દ્રૌપદી રથની રચના બધા રથો કરતાં જુદી છે. તેનો દેખાવ ઝૂંપડીને મળતો આવે છે. આ રથ-મંદિર માત્ર ગર્ભગૃહનું બનેલું છે. તેમાં દુર્ગાની ઊભેલી મૂર્તિ ચારભુજાવાળી છે.

આ બધા રથોમાં સૌથી મોટો રથ ધર્મરાજ રથ તરીકે જાણીતો છે. તેના ઉપલા માળે જવા માટે સીડી છે. ઉપરની ચારે બાજુની દીવાલો પર દેવદેવીઓ અને ગંધર્વો તથા અપ્સરાઓની મૂર્તિઓ નજરે પડે છે, અંદરના ગોખોમાં શિવ-પાર્વતી, કાર્તિક સ્વામી, શિવની ચરણરજ લેતો વામન વગેરેનાં શિલ્પો છે. ઉપરાંત હરિહર, બ્રહ્મા અને સ્કન્દ, ચાર ભુજાળા શિવ તેમજ નરસિંહ-વર્મનનું પોતાનું બાવલું છે. આ રથોનું આકર્ષક તત્ત્વ તે આસનસ્થ સિંહકુંભોથી શોભતા સ્તંભો છે. અહીંના મંડપોમાં વિષ્ણુની વરાહ, વામન અવતાર, મહિષાસુરમર્દિની વગેરેનાં ઉત્કૃષ્ટ શિલ્પો તથા રાજા અને તેની પત્નીઓ સાથેનાં યુગલશિલ્પો શિલ્પ અને સ્થાપત્ય વચ્ચેની સંવાદિતા પ્રકટાવે છે. આ ઉપરાંત અર્ધનારીશ્વર તે પલ્લવ શૈલીનો શ્રેષ્ઠ નમૂનો છે. ચાર ભુજાળા શિવ ગંગાધર તરીકે વ્યક્ત થાય છે. ત્યાર બાદ, વિષ્ણુની મૂર્તિ આવે છે જેના ઉપરના બે હાથમાં ચક્ર અને શંખ છે અને નીચેના બે હાથ પોતાના વાહન ગરુડ ઉપર ટેકવેલા છે. નરસિંહવર્મન્ પહેલાના શિલ્પ ઉપર ગ્રંથલિપિમાં તે સમયનો ઉલ્લેખ છે, જેમાં તેને શ્રીમેઘ અને



ગંગાવતરણ મંદિર : મામલ્લપુરમ્, સાતમો સૈકો



પલ્લવ શૈલીના સ્તંભોની ખાસિયત આસનસ્થ સિંહકુંભો



દ્રૌપદીરથ, મામલ્લપુરમ્ (મહાબલીપુરમ્)

ત્રૈલોક્ય - વર્ધનવિધિ તરીકે ઓળખાવ્યો છે.

ગંગાધર શિવના ઉપરના જમણા હાથમાં રુદ્રાક્ષ માળા છે અને તેમની ડાબી બાજુએ ગંગાની મૂર્તિ છે તેની ગંગાધર શિવ પૂજા કરે છે.

ચાર ભુજાળા શિવનો એક હાથ અર્જુનના ખભા ઉપર ટેકવેલો છે. શિવ પોતે તેને પાશુપત શસ્ત્ર આપે છે. બીજી તકતીમાં શિવ ભરતમુનિને નૃત્યનું જ્ઞાન આપે છે. તેના એક હાથમાં પુસ્તક છે પણ હાર કે શસ્ત્ર નથી. બીજી તકતી ચાર ભુજાળા શિવ ભરત કે તંડુની સાથે નૃત્યમાં તલ્લીન છે. છેલ્લી તકતીમાં ચારહાથવાળા શિવ વીણાધર-દક્ષિણામૂર્તિ તરીકે રજૂ થયેલા છે.

ધર્મરાજ પછી ભીમરથ અને અર્જુનરથ છે. અર્જુનરથ ધર્મરાજની પ્રતિકૃતિ જેવો છે. તેના મધ્યમાં શિવ નંદીને ટેકવી ઊભેલા છે. ઇન્દ્ર ઐરાવત ઉપર અને વિષ્ણુ ગરુડ ઉપર છે. ઉપરાંત મિથુન શિલ્પો ઉપરના માળમાં વ્યક્ત કરેલાં છે. દ્વારપાલો સુદૃઢ શરીરમાં બતાવેલા છે. ગણેશરથ મુખ્યત્વે શિવને રજૂ કરવા માટે જણાય છે. આ રથની પાછળના ભાગમાં સૂતેલા નંદીનું શિલ્પ છે જે અદ્ભુત છે. આ ઉપરાંત નકુલ-સહદેવરથ છે તેમાં શિલ્પની વિશેષતા જણાતી નથી. આ પાંચ રથો અને મંડપોની પાસે સરસ મજાના હાથીઓનું વૃંદ છે. તેમાં બાળહાથી વગેરે જોઈને એમ જ લાગે કે ખેતરમાં હાથીઓ ફરતા હશે. નિર્જીવ શિલ્પો સજીવ જેવાં આબેહૂબ જણાય છે જે શિલ્પકલાનો અદ્ભુત ખજાનો છે !

દરિયાકિનારાનું મંદિર ખૂબ આકર્ષક અને અદ્ભુત છે. તે સમુદ્ર સન્મુખ છે. આ મંદિરની સામે કૃષ્ણમંડપ અને અર્જુનની તપ કરતી શિલ્પાકૃતિઓ ધ્યાન ખેંચે તેવી છે. આ મંદિરમાં વિષ્ણુ ભગવાન શેષની શય્યામાં આરામ કરે છે. પગ પાસે લક્ષ્મીજીની પ્રતિમા છે. આ મંદિર ખડકમાંથી કોરેલું નથી પણ બાંધકામ કરેલું છે. આ મંદિર નરસિંહ વર્મા પહેલો કે જે રાજસિંહ પણ કહેવાતો હતો તેણે ઈ.સ. ૬૯૦-૭૧૫માં બંધાવ્યું હતું. રાજસિંહનું કાંજીવરમ્‌માં બંધાવેલું કૈલાસ-નાથ મંદિર આ પ્રકારનાં મંદિરોમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.

પ્રણાલિકા પ્રમાણે અહીં સાત પૅગોડા હતા. જે મહાબલી-પુરમ્‌ની શોભા ગણાતી. જો કે આ સાત પૅગોડામાંથી માત્ર એક જ અત્યારે અસ્તિત્વમાં છે. એક સિવાયના બધા પૅગોડા દરિયામાં ડૂબી ગયા. ઓટના સમયે કોઈકોઈ વખત ડૂબી ગયેલા પૅગોડાની ટોચ દેખાય છે. આ સંબંધી એક પુરાણકથા એવી છે કે અહીં રાજાએ અપ્સરાની મહેરબાનીથી સ્વર્ગમાં ઇન્દ્રના દરબારની મુલાકાત લીધી અને ત્યાંથી પાછા ફરી પોતાના શહેરને ઇન્દ્રપુરી કરતાં વધારે સુંદર બનાવવાની પ્રતિજ્ઞા કરી. આથી ઇન્દ્રને ઈર્ષા આવી. તેણે ઝંઝાવાત સાથે સમુદ્રને આગળ વધવાની ફરજ પાડી. પરિણામે શહેર તથા તે પૅગોડા ડૂબી ગયાં. જો કે આ કથાને કોઈ આધાર નથી, છતાં એટલું સત્ય છે કે દરિયાકિનારો શિલ્પાકૃતિઓથી અંકિત પથ્થરોથી છવાયેલો નજરે પડે છે. આ તો પૅગોડાના નાશ વિશેની આડવાત થઈ.

આપણે કિનારાના મંદિર વિશે તામિલમાં લખાયેલો શિલાલેખ જોઈએ. તેમાં આ મંદિરને જલશયન મંદિર તરીકે ઓળખાવાયું છે. કિનારાનું મંદિર સૂર્યાસ્ત વખતે ખૂબ રળિયામણું જ લાગે છે. જો કે દિવસ દરમ્યાન પણ મંદિર આકર્ષક જણાય

છે. ભરતી વખતે દરિયાની છોળો મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશે છે ત્યારે સાચે જ ભગવાન સમુદ્રમાં શેષશય્યા પર પોઢેલા હોય એમ લાગે છે. આ મંદિર જાણે દરિયાનાં મોજાંમાં પગ મૂકીને ઊભેલું હોય એમ જણાય છે. તેની બીજી બાજુમાં સભાગૃહમાં દુર્ગા પોતાના સિંહ પર બેઠેલાં છે. તેમના પગ પાસે મસ્તક વગરનો મહિષ છે. શિવનો વૃષભ શાંતિથી રખેવાળી કરતો બેઠેલો છે. અહીંના વિશાળ પટાંગણની દીવાલ ઉપર નાનકડી ગાવલડી શિસ્તબદ્ધ રીતે બેઠેલી છે.

અહીંની ગુફા નં.૪ને કૃષ્ણમંડપ તરીકે ઓળખાવે છે. તેમાં કૃષ્ણના જીવનના કેટલાક પ્રસંગો સુંદર રીતે કંડારેલા નજરે પડે છે. જેમ કે ગોવર્ધન પર્વત ઊંચકતા કૃષ્ણ, ગોપગોપીઓનું ઇન્દ્રએ મોકલેલા ભયંકર વરસાદથી રક્ષણ કરે છે. ગોવર્ધન પર્વતના એક છેડે સિંહવૃંદ તથા બીજે છેડે આરામ કરતા વૃષભનું શિલ્પાંકન છે. આ ઉપરાંત ગાય દોહતા કૃષ્ણ, ગાય તેના વાછરડાને વહાલથી ચાટે છે. ગોપીઓ દૂધ લેવા માટે વાસણો લઈને ઊભી છે. ગાયોનું વૃંદ કૃષ્ણની ડાબી બાજુએ જણાય છે.

બીજી ગુફામાં અર્જુનને તપ કરતો બતાવેલો છે. ભારતીય શિલ્પકલામાં આ પ્રસંગ અદ્‌ભુત રીતે કંડારેલો છે. તેમાં દેવો, દેવીઓ, ચંદ્ર, સૂર્ય, કિન્નરો, સિદ્ધ પુરુષો, ગંધર્વો, અપ્સરા વગેરે જણાય છે. ડાબા પગ ઉપર ઊભેલા તપ કરતા ઋષિ પોતાની શારીરિક ઇન્દ્રિયનું દમન કરતા જણાય છે. આ દૃશ્યની જમણી બાજુએ ચતુર્ભુજ શિવ છે. તેમના એક હાથમાં ત્રિશૂલ છે તેમની સાથે તેમના ગણો નજરે પડે છે. આવા સ્વર્ગીય સુંદર દૃશ્યની સાથે શિકારીઓ, સાધુઓ અને તેમના શિષ્યો ઉપરાંત જંગલી પશુઓ જેવા કે સિંહ, વાઘ, હાથી, ભૂંડ વગેરે નજરે પડે છે. હાથીઓનું ઝુંડ કુદરતને અનુરૂપ જણાય છે. આ ઉપરાંત નાગનાગિણી વગેરે અહીંના પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કરે છે.

વિષ્ણુના મંદિરની બાજુમાં સાધુઓ ધ્યાનમુદ્રામાં જણાય છે. તેની નીચેના ભાગમાં ભક્તો છે. એક ઘડામાં પાણી ભરીને ખભા ઉપર મૂકીને ભીનાં વસ્ત્રમાં એક ભક્ત ઊભેલો નજરે પડે છે. આ સમગ્ર દૃશ્યનું શિલ્પાંકન ખૂબ ઝીણવટથી વ્યક્ત કરેલું છે, જેમાં નદીનું પર્વત ઉપરથી થતું અવતરણ સ્પષ્ટ થાય છે. સાધુઓના આશ્રમ પાસે હરણાંઓ નિર્ભય રીતે સિંહની સમીપ જણાય છે. નાગનો પાણી સાથેનો સંબંધ, તેની સાથે મંદિર, સાધુઓનું નિવાસસ્થાન તેમજ જળની પાસે જ ધાર્મિક વિધિ થઈ શકે તે બતાવ્યું છે. અહીં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પહાડની આ તિરાડનો ઉપયોગ નદીનું અવતરણ અને તેની પાસેની જરૂરી સૃષ્ટિ બહુ સરસ રીતે વ્યક્ત કરી છે.

આપણે જોઈ ગયા કે અર્જુનનું તપ તે મહાભારતની કથાનો પ્રસંગ છે જેમાં અર્જુન શિવ પાસેથી પાશુપત શસ્ત્ર મેળવવા તપ કરી રહ્યો છે. આ પ્રસંગને છઠ્ઠા સૈકાના સંસ્કૃત કવિ ભારવિએ પોતાની કૃતિ 'કિરાતાર્જુનીય'માં લીધેલો છે. જો કે મહાબલીપુરમ્‌માં અર્જુન અને છદ્મ વેશમાં શિવને શિકારી તરીકે શિલ્પમાં બતાવેલા નથી. પણ કેટલાંકના મતે ભગીરથના તપનેકારણે શિવે તેને જરૂરી વરદાન ગંગાને મુક્ત કરવાનું આપ્યું છે. આ જ પ્રસંગને દેવોના આનંદ સાથે ગંગાનું અવતરણ પહાડની કરાડમાં બતાવેલું છે.


દરિયાકિનારાનું મંદિર (જલશયન મંદિર) જેની દીવાલ પર નંદી વ્યવસ્થિત બેઠેલા જણાય છે.

ગણેશરથ અને અર્જુનનું તપ કરતી ગુફા વરાહમંડપથી જાણીતી છે તેને માટે શિલ્પમાં બે દ્વારપાળ સુદૃઢ છે. એક દૃશ્યમાં પૃથ્વીને દરિયામાંથી બહાર કાઢે છે. બીજામાં ગજલક્ષ્મી કમળ ઉપર બિરાજમાન છે અને બંને બાજુએ હાથીઓ તેમને સ્નાન કરાવે છે. અહીં દુર્ગાને ચારભુજામાં બતાવ્યાં છે. બલિ ઉપર ત્રિવિક્રમનું પ્રભુત્વ જણાય છે.

કૃષ્ણમંડપની સામેની બાજુએ અથવા થોડે દૂર બાલીપીઠ અને ધ્વજસ્તંભ માટેની બેસણી છે. ત્યાં કેટલાંક શિલ્પો વેરણ-છેરણ પડેલાં છે. તેમાં ધ્યાન ખેંચે તેવાં શિલ્પોમાં બેઠેલા શિવ ત્રિપુરાન્તક વિષ્ણુની જોડે અને બીજું શિલ્પ દક્ષિણામૂર્તિ છે જે વર્તુલાકાર સ્તંભની ચારે બાજુએ જણાય છે. બહારની દીવાલો ઉપર ચોળ કે તામિલમાં લેખ છે, જેમાં આ જલશયન અથવા ક્ષત્રિયસિંહ પલ્લવેશ્વરની નોંધ છે. મંદિરના સાન્નિધ્યમાં પશ્ચિમ તરફ એક મોટું શિલ્પ છે, જેમાં દુર્ગા સિંહ ઉપર બિરાજેલાં છે. તેના પગની નીચે મસ્તક વગરનું આડું પડેલું હરણ છે.

ભારતીય કલા અને સ્થાપત્યના ઇતિહાસમાં રથ-સ્થાપત્ય વિશિષ્ટ સ્થાન ભોગવે છે. સ્થાપત્યનાં ભરપૂર લક્ષણોને હાનિરૂપ ન થાય તેવી રીતે શિલ્પકલાએ સ્થાપત્યને વધારે શોભાવ્યું છે. આ રીતે દક્ષિણ ભારતની ઇમારતોમાં શિલ્પ અને સ્થાપત્ય બંને અવિભાજ્ય લક્ષણો બની રહ્યાં. તદુપરાંત આ લક્ષણો બૃહદ્‌ભારતમાં ઇન્ડોનેશિયાના ટાપુઓમાં સારા પ્રમાણમાં વિકાસ પામ્યાં અને ત્યાંની સ્મારક-ઇમારતોમાં પણ તે મહત્ત્વનાં લક્ષણરૂપ બની રહ્યાં. ❐

ફિલ્માકાશ-૩૩

'સ્ટ્રીટ સિંગર' ભારતની પહેલી મ્યૂઝિકલ ફિલ્મ !

રજનીકુમાર પંડ્યા

અગાઉના ગાળામાં છેલ્લાં પાંચ વર્ષોમાં વર્ષવાર બનેલી હિંદી ફિલ્મોની સંખ્યા દરેક વખતે સો ઉપર થતી હતી. ૧૯૩૮માં પહેલી જ વાર આંકડો સોની નીચે ગયો. માત્ર ૮૮ ફિલ્મો જ. આખા ભારતના હિંદીભાષી ફિલ્મઉદ્યોગને લક્ષમાં લેતાં આ આંકડો નિઃશંકપણે નબળો જ ગણાય. એમાં પણ, ન્યૂ થીએટર્સની માત્ર પાંચ, જો કે એમણે પોતાની સંખ્યાની સરેરાશ જાળવી રાખી હતી પણ સમગ્ર પ્રદાનમાં એમનો ફાળો, એમની પાસેથી અપેક્ષા હોય તેના કરતાં ચોક્કસ ઓછો જ ગણાય. પ્રભાતની પણ આ વર્ષમાં માત્ર બે જ, તો બૉમ્બે ટૉકિઝ જેવા નામાંકિત બૅનરની પણ માત્ર બે. બીજા મધ્યમ કક્ષાના અને નવા પ્રોડ્યૂસરોની ફિલ્મો જ વધારે હતી. આમ, ગુણવત્તાની દૃષ્ટિએ એ વર્ષ એકંદરે નબળું ગણાય.

મારા આ નિદાનનો ઘણા જાણકારો વિરોધ કરશે તેની મને ખબર છે. પણ મારી વાત બીજાં વર્ષોની સરખામણીએ સમજવા કોશિશ કરશે તો સાચી જણાશે, તો ય એમની વાત એ રીતે સાચી કે ૧૯૩૮માં ન્યૂ થીએટર્સનાં અને બૉમ્બે ટૉકિઝનાં યાદગાર ચિત્રો આવ્યાં. ન્યૂ થીએટર્સ તરફથી 'ધરતીમાતા', 'અભાગિન' અને 'અધિકાર' મળી અને સૌથી યાદગાર મળી તે 'સ્ટ્રીટ સિંગર'. 'ધરતીમાતા' તો ઘણી સફળ નીવડી પણ 'સ્ટ્રીટ સિંગર' ન્યૂ થિએટર્સના દાવા પ્રમાણે ભારતની પ્રથમ સાંગીતિક ફિલ્મ કહેવાય. સંગીતનું એમાં એક હાડમાંસના બનેલા માનવ-હિરોનું હોય તેવું સ્થાન હતું. એમાં ય સાયગલ દ્વારા 'બાબુલ મોરા'નું ગાન ઑલટાઈમ ગ્રેટ ગણાય છે. અને શાસ્ત્રીયગાનના લોકો-પભોગ્ય પ્રયોગ તરીકે એનું મૂલ્ય ચિરંતન છે. દિગ્દર્શન ફણી મજુમદારની પણ એ યશકલગી સમાન ગણાય છે અને સંગીતકાર આર.સી.બોરાલ માટે પણ. પણ ફણીદા માટે આ વિશેષ સિદ્ધિ ગણાય, કારણ કે દિગ્દર્શક તરીકે તેમની આ પ્રથમ જ ફિલ્મ હતી. ન્યૂ થિએટર્સ સાથે તેમનું ગઠબંધન અલબત્ત જૂનું હતું. ઈ.૧૯૧૨માં ફરીદપુર (હવે બાંગ્લાદેશ)માં જન્મેલા ફણીદા ૧૯૩૦માં કારમાઈકલ કૉલેજમાંથી સ્નાતક થયા પછી શરૂઆતમાં અન્યત્ર માત્ર ટાઈપિસ્ટની કામગીરી બજાવતા હતા, અને તે પછી પી.સી.બરુઆએ તેમની વગથી એમને સ્ટેનોગ્રાફર તરીકે નિમણૂક



સાયગલ અને કાનનબાલા 'સ્ટ્રીટ સિંગર'માં

ન્યૂ થીએટર્સમાં જ અપાવી. પાછળથી તેમનામાં હીર વરતાતાં 'મુક્તિ' (૧૯૩૭)ની પટકથા લખવાનું કામ સોંપ્યું, જે તેમણે સારી રીતે નિભાવ્યું, કારણ કે આ અગાઉ તેમણે 'મહોબ્બત કી કસૌટી'(રૂપલેખા) ૧૯૩૪, 'દેવદાસ' (૧૯૩૫) 'મંઝીલ' (૧૯૩૬), માયા (૧૯૩૬)માં સ્ક્રિપ્ટ ટાઈપિંગમાં ઘણી મદદ કરી હતી. ૧૯૩૮ની ફિલ્મ 'અભાગિન'માં પણ તેમણે શેનારિઓ લખવામાં અને દિગ્દર્શન કરવામાં સહાયક તરીકે કામગીરી બજાવી હતી. પી.સી.બરુઆને તેમના કામથી ઘણો સંતોષ થયો અને તેમણે જોયું કે આ યુવાન દિગ્દર્શનની માત્ર ધગશ જ નહીં, સૂઝ પણ ધરાવે છે. આથી 'સ્ટ્રીટ સિંગર'નું દિગ્દર્શન પણ તેમને જ સોંપવાનો નિર્ણય લેવાયો. એનું હિંદી વર્ઝન 'સાથી' નામે થયું હતું. ફણી મઝુમદારે એક ઈન્ટર્વ્યૂમાં કહ્યું હતું, 'હું પી.સી.બરુઆથી ભારે પ્રભાવિત છું. તેમણે મને ઈન્ટર્વ્યૂમાં મારી સ્ટેનોટાઈપિસ્ટ તરીકેની સ્પીડ મિનિટના ૧૪૫થી ૧૫૫ શબ્દો જોઈને પાસ કર્યો, પણ પહેલપહેલું કામ મળ્યું તે તેમણે લખેલી એક સ્ક્રિપ્ટ ટાઈપ કરવાનું. આમ ચામાં જેમ ખાંડ મળે તેમ મને કામમાં જ તાલીમ મળી અને સ્ક્રિપ્ટલેખન ભણી હું આકર્ષાયો.'

ફણીદાની ફિલ્મ 'સ્ટ્રીટ સિંગર'ની વાર્તા પણ ફણીદાની જ હતી. પણ એ વાર્તાની રૂપરેખા આપતાં પહેલાં એક આડવાત કરી દેવી એટલા માટે જરૂરી જણાય છે કે એ વાતથી એ નક્કી થાય છે કે ન્યૂ થીએટર્સની પરંપરાના બીજા કલાધરોની માફક

એમને પણ પારખું દૃષ્ટિ સાંપડી હતી. આ વસ્તુ સમજાવું તો તેમની ફિલ્મોને મળેલી સફળતાનું રહસ્ય આપોઆપ મળી આવશે.

૧૯૪૦ના પ્રારંભમાં પંજાબની લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં અધ્યાપનનું કાર્ય કરતા ચેતન આનંદ સાથે એમનો પરિચય થયો ત્યારે એકબે નાટકોમાં કામ કરી ચૂકેલા પોતાના દેખાવડા નાનાભાઈ દેવદત્ત આનંદને હિરો તરીકે લઈને એક ફિલ્મ ફણીદા બનાવશે તો તેની વાર્તા વગેરે બધી વાતો પોતે સંભાળી લેશે એવી દરખાસ્ત ચેતન આનંદે કરી હતી. દેવઆનંદ એ વખતે સાવ મુગ્ધ છોકરડા જેવા યુવાન હતા અને ફિલ્મોમાં કામ કરવા અત્યંત આતુર હતા. પણ એમની ઉંમર એમને બહુ કોમળ લાગી એટલે ચેતન આનંદ જેવા એ વખતના સફળ વાર્તાકાર-નાટ્યકારની વાર્તા જતી કરવાનું જોખમ લઈને પણ એમણે દેવઆનંદને તક આપવાની વાત કબૂલ ના રાખી, ઊલટાનું એમણે ચેતનને પોતાને જ એ મુખ્ય પાત્ર ભજવવાની દરખાસ્ત કરી અને એ ફિલ્મ બની તે 'રાજકુમાર'. જો કે આ ફિલ્મ નગણ્ય ગણવાનું એટલા માટે બને છે કે હરમંદિરસિંગ 'હમરાઝ'ના ગીતકોશમાં કે બીજી કોઈ ફિલ્મ ઈંડેક્સમાં એનો ક્યાંય ઉલ્લેખ સુધ્ધાં નથી જ્યારે શ્રી અલિભાઈ દ્વારા સંસ્થાપિત મુંબઈની મશહૂર, વિશ્વસનીય સિનેસોસાયટીના ફણીદા વિષેના સૂવેનિરમાં પત્રકાર વિક્રમસિંગ (અભિનેતા કે.એન.સિંગના ભાઈ)ના ૧૯૯૧ના 'ઇન્ડિયન એક્સપ્રેસ'માંથી ઉદ્ધૃત કરાયેલા લેખમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેમણે તો એમ પણ લખ્યું છે કે ફણીદાની બીજી એવી ત્રણ-ચાર ફિલ્મો છે કે જે ફિલ્મ કોશોમાં ક્યાંય ઉલ્લેખ પામી નથી.

ફણીદા ૧૯૯૪માં અવસાન પામ્યા ત્યારે તેમની વય બ્યાસી વર્ષની હતી. તેઓ અપરિણીત રહેવા માગતા હતા પણ તેત્રીસ વર્ષની ઉંમરે તેઓ પોતાની દિગ્દર્શિત ફિલ્મ 'દેવદાસી' (ન્યૂ મહારાષ્ટ્ર, પ્રોડક્શન્સ) બૉમ્બેની હિરોઇન મોનિકા દેસાઈના પ્રેમમાં પડ્યા અને પરણી ગયા. એની પાછળની નાટ્યતત્ત્વથી ભરપૂર કહાણી એવી છે કે મોનિકા તેમને મળવા માટે કારમાં જ પૂરપાટ આવતાં હતાં ત્યાં તેમને ભયંકર માર્ગ અકસ્માત થયો ને તેઓ કોમામાં સરી પડ્યાં. ફણીદાએ તેમની લાંબો સમય ચાકરી કરી, અને જ્યારે તેઓ હોશમાં અવ્યાં ત્યારે લગ્ન કર્યાં.

મોટી ઉંમરે પણ ફણીદા કાર્યરત રહ્યા હતા. રામાનંદ સાગરની અત્યંત વિખ્યાત ટી.વી. ધારાવાહી 'રામાયણ' માટે તેમણે 'રામાયણ' પર સારું એવું સંશોધનકાર્ય કર્યું અને એ રીતે 'રામાયણ'ના નિર્માણના પણ યશોભાગી બન્યા. અભિનેત્રી સાધનાના પતિ આર.કે.નય્યરની એક ટી.વી.સીરિઅલના બાવન એપિસોડ્સનું લેખન પણ કર્યું હતું.

ખેર, 'સાદગી તે જ શ્રેષ્ઠતા'ના સૂત્રમાં માનતા ફણી મઝુમદારના જીવનની આછી રૂપરેખા જાણ્યા પછી ફરી આપણે ૧૯૩૮ની ફિલ્મ 'સ્ટ્રીટ સિંગર' પર આવીએ તો એક વાત તરત ઊડીને આંખે વળગે છે કે એ વાર્તાના થોડા અંશની ઝલક પાછળથી કે.એ.અબ્બાસે લાઘવપૂર્વક 'મેરા નામ જોકર'માં બતાવી હતી. સ્ત્રી-પુરુષ બંને સમાજના સાવ કંગાળ વર્ગમાંથી આવતાં હોય, બંનેના કંઠ અને સમજ પણ સારાં હોય, બંને સાથે જ શેરીમાં હાર્મોનિયમ વગાડી વગાડીને આજીવિકા ચલાવતાં હોય, પણ કાળક્રમે ઉંમર વધતાં સ્ત્રીને (માત્ર એના સ્ત્રી હોવાના કારણે, એવો ફિલ્મનો ધ્વનિ છે.) તક ઉપર તક મળતી જાય છે અને એ ઝડપથી સફળતા ભણી દોટ મૂકે છે. એમાં પુરુષ ગાયક પછાડી રહી જાય છે. અને વિચ્છેદ અનુભવે છે. અને ખરેખર સ્ત્રીગાયિકા તેની ઉપેક્ષા પણ કરે છે ને કીર્તિની ચમકદમકથી અંજાઈને પુરુષ ગાયકને મળવાનું પણ ટાળે છે. જો કે અંતે તો આ ફિલ્મનો અંત પણ સુખ-સમાધાન ભર્યો છે. ગાયિકાને પોતાની ભૂલ સમજાય છે અને ફરી બંને એક થાય છે. 'સ્ટ્રીટ સિંગર'ની હિંદી આવૃત્તિમાં આ દૃશ્ય પ્રતીકાત્મક રીતે દેખાડાયું છે - દરિયાઈ ઝંઝાવાતમાં ફસાયેલી નૌકા ફરી સલામત રીતે કિનારે નાંગરે છે અને એ વખતે સાયગલનું અમરગીત 'બાબુલ મોરા નૈહર છૂટો જાય' પડદા ઉપર રેલાય છે.

આ ગીતની પછવાડે પણ અનેક કથાઓ છુપાયેલી છે. પહેલી તો એ ગીતના શબ્દોમાં ધરબાઈ ગયેલા, એકરસ થઈ ગયેલા દર્દની છે. એ દર્દ ક્યાંથી આવ્યું ?

જગમોહન 'સૂરસાગર' તો તા. ૩જી સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ ચાલ્યા ગયા. પણ છેલ્લે જુલાઈમાં તેમને ત્યાં હું એમને મળવા ગયો ત્યારે ક્ષીણ અવાજે પણ એમણે આ ગીત યાદ કર્યું. એ વખતે તો એ બહુ બીમાર હતા, પણ જ્યારે મારે ત્યાં અહીં અમદાવાદમાં એકાદ વર્ષ રહ્યા ત્યારે અઠવાડિયામાં એક વાર આ ગીત ગાવાનો તેમનો નિયમ હતો. 'સ્ટ્રીટ સિંગર'નાં બધાં જ ગીતો એ વખતના નામી ગીતકાર 'આરઝુ' લખનવીનાં હતાં પણ એકમાત્ર આ ગાનના શબ્દો પારંપારિક હતા, જે લખનઊના છેલ્લા અને કલારસિક, બલકે ખુદ કલાકાર એવા નવાબ વાજિદઅલી શાહના લખેલા હતા તેવી તેમણે માહિતી આપી. અંગ્રજોએ આ દેશમાં પગદંડો જમાવ્યો અને એક પછી એક પ્રદેશ તાબા હેઠળ લેવા માંડ્યા. રાજા-રજવાડાં નવાબોને છળકપટથી તેમની ગાદી પરથી ઉઠાડી મૂકવામાં આવતા હતા. એમાં નવાબ વાજિદઅલી શાહનો વારો પણ ચડી ગયો. એ સંમત પણ થયા, પણ તેમને ચિંતા તો પાછળ વલવલતી ત્રણસો બેગમોની હતી, તેઓ ક્યાં જશે ? છેવટે બ્રિટિશ સૂબાએ એનો ઉકેલ કાઢ્યો. ગંગાકિનારે એક બજરો (વિશાળ નૌકા) મંગાવવામાં આવ્યો. નવાબના ઠાઠમાઠને છાજે તે રીતે શણગારેલી પાલખી (ડોલી) આવી ગઈ, એમાં પગ દેતાંવેંત નવાબના કવિહૃદયમાંથી શબ્દો

સરી પડ્યા : 'બાબુલ મોરા નૈહર છૂટો જાય, ચાર કહાર મિલે મેરી ડોલીયા સજાયે, મેરા અપના બેગાના છૂટો જાય.'

મતલબ કે પૈતૃક ઘર (વારસો) છોડી જવું પડે છે - ને ચાર ભોઈ લોકોએ ડોલી ઊંચકી છે. આમ જુઓ તો આ વર્ણન મૃત્યુના વખતનું પણ છે. એમાં પણ ચાર ડાઘુઓ નનામી ઊંચકીને જાય છે. એમ આ ગીતનો પ્રત્યેક શબ્દ એ ભાવ સાથે સામંજસ્ય ધરાવે છે.

'અંગના તે પરબત ભયા, ઔર દહેરી ભઈ વિદેશ
લે બાબુલ આપનો, મૈં ચલી પિયા કે દેશ.'

આ પંક્તિમાં તો ચીરવિયોગનું મર્મભેદી વર્ણન છે.

જગમોહનદાદાએ બીજી રસિક વાત પણ આ ગીત વિષે કરી હતી. અને તે એ કે તેઓ લખનઊના શ્રી શંભુમહારાજ, (જેઓ આમ તો વિખ્યાત નર્તક હતા) પાસે ઠુમરીનું ગાન શીખવા જતા હતા. આ એક ચીજ શીખતાં તેઓને બે માસ ઉપરાંત સમય થયો ! મતલબ કે ગુરુએ જ એટલી વાર લગાડી, જ્યારે એક દિવસ જગમોહનદાદા શંભુમહારાજને ત્યાં ગયા ત્યારે જોયું તો શંભુમહારાજ સામે એક સદ્‌ગૃહસ્થ બેઠા હતા, ને તે પણ આ જ ગીત શીખવા. પણ નવાઈ તો જગમોહનદાદાને ત્યારે લાગી કે જ્યારે એ સજ્જન ચાર દિવસમાં શીખીને રવાના થઈ ગયા જ્યારે ગુરુ હજુ પોતાને આ શીખવવામાં બહુ ચિકાશ કરી રહ્યા હતા. જગમોહનદાદા નારાજ થયા. ગુરુ પાસે કચવાટ વ્યક્ત કર્યો ત્યારે ગુરુએ પ્રેમથી એમના ખભે હાથ મૂકીને કહ્યું કે, 'અરે ભાઈ, એમને તો એ ગીત ફિલ્મમાં ગાવાનું હતું.'

જગમોહનદાદાના આશ્ચર્યની સીમા ના રહી. તેમણે પૂછ્યું: 'કોણ હતા એ સજ્જન ?'

જવાબ મળ્યો : 'કુંદનલાલ સાયગલ.'

એ વખતે ફિલ્મ માટે પણ પર્ફેક્ટ ગાયન શીખવા માટે ઉસ્તાદ પાસે જવું પડે (મ્યૂઝિક ડિરેક્ટર ના શીખવી દે.) અને એ જ ગીત પદ્ધતિસરનું શાસ્ત્રીય રીતે ગાતાં શીખવાનું હોય તો દિવસો પણ લાગે તે વાત જગમોહનદાદાને સમજાઈ, પણ કુંદનલાલ સાયગલ માટે માન વધી ગયું કે જેણે પોતાની પ્રતિભાને બળે ખંતથી આ ગીત આટલી જલદી ને ત્રણ જ મિનિટમાં ગવાય તે રીતે આત્મસાત્ કરી લીધું ! એ અમર ગીતને અમરતાના બીજપ્રક્ષેપના સાક્ષી જગમોહનદા હતા. (ક્રમશઃ)

નોંધ : મારા લેખના અનુસંધાને 'કુમાર'માં પ્રકટ થયેલા પત્રોના ઉત્તરમાં જણાવવાનું :

૧. ફિલ્મસંગીતના ઇતિહાસકાર અને રસજ્ઞ એવા શ્રી અરવિંદ પટેલ (ધોરાજી) જણાવે છે કે ૧૯૩૭ની ફિલ્મ 'જાગીરદાર'ની વાતો પરથી જ ૧૯૬૯ની ફિલ્મ 'એક ફૂલ દો માલી' બનાવવામાં આવી હતી. આ વિશેષ જાણકારી બદલ તેમનો આભારી છું.

૨. શ્રી ડી.જી.ઠક્કર અને શ્રી પ્રશાંત ડી. જણાવે છે કે ફિલ્મ 'ગુંજ ઊઠી શહનાઈ' વિજય ભટ્ટના પ્રકાશ પિકચર્સની હતી નહીં કે વ્હી. શાંતારામની. મારી શરતચૂક પર ધ્યાન દોરવા બદલ,તેમનો આભાર. - લેખક

પ્રસંગોપાત

સગડીની કાકડી-એક જીવનિકા

ડૉ. કનક રાવળ

જ્યારે કોઈ આદર્શ રીતભાત વિષે વાત કરે ત્યારે મને મારા સ્વર્ગસ્થ ફઈ યાદ આવે. સાદાઈ અને કરકસરનાં તે જીવંત ઉદાહરણ હતાં. તેમનું લગ્ન તેમના જમાનાના રૂઢિરિવાજ પ્રમાણે કન્યાકાળમાં હતાં ત્યારે જ થઈ ગયું હતું. લગ્નજીવનના શરૂઆતના થોડાક માસમાં જ સાસરિયાંના કંકાસોથી મન અને તનનો ત્રાસ પામતાં તેમના સુંદર લગ્નજીવનનાં સ્વપ્નો આથમી ગયાં. નાછૂટકે વડીલો તેમને ઘેર પાછાં લઈ આવ્યાં. બસ, તે જ તેમની સ્વશુરઘરની કાયમી અલવિદા બની ગઈ. બાકીનું જીવન તેમણે અપરિણિત કુમારીની જેમ પિતૃછાયામાં વ્યતીત કર્યું. પણ કેવું ભવ્ય જીવન ? પોતાના આંતરિક સંતાપ પર ટોપલો ઢાંકી તેમણે સ્ત્રી અને બાળશિક્ષણની પ્રવૃત્તિઓમાં જ મન પરોવ્યું.

ઘરના વડીલ તરીકે અમે સૌ તેમને બાફઈથી સંબોધતાં. તેમનું નામ તો નર્મદાબહેન હતું, પણ કુટુંબીજનો અને સમાજે તેમને બાફૈ, તરીકે જ જાણ્યાં. ઊગતી યુવાનીમાં જ ગાંધીજીની અસર બાફૈ પર પડી. જિંદગીભર તેમણે સફેદ ખાદી-વસ્ત્રો જ ધારણ કર્યાં. મેં તેમને ક્યારેય મિલની રંગીન ભાતવાળી સાડીમાં નહોતાં જોયાં. બાફૈ રોજ રૂ કાંતે. વણકર પાસે તેમાંથી કાપડ વણાવે. તે ખાદીમાંથી પોતે જ પોતાનાં કપડાં સીવે.

એક ખાદીની સાડી કેટલાં વર્ષો ચાલે અને કેવાં પરિવર્તનો પામે તે એક અજબની વાત છે. સોડાખારના સાબુ અને ધોકાની ધોલાઈ તળે ખાદીની સાડીને મૂંગે મોઢે જ સહન કરવું પડતું તેનો ખયાલ માત્ર ભારતની કેટલીક ત્યક્તા અને નોધારી નારીઓને જ આવે. સાડી અને નારીનાં જીવન સરખાં ટૂંકાઈ જાય.

નવીનકોર ખાદીની સાડી પણ બેત્રણ વર્ષોમાં બિસ્માર થવા માંડે. શરૂઆતમાં તુનાઈ અને પછી થીંગડાંથી તેની કોરો સીવી પોતાના માટે અને કુટુંબીજનો માટે ટુવાલ બનાવે. વળી, ટુવાલો પણ બેહાલ બને. તુર્ત જ તેમનું સ્વરૂપ નાના હાથરૂમાલોમાં બદલાય. જતે દહાડે હાથરૂમાલો ઘર સાફ કરવાના ફટકા અને ભીની જમીન ચોખ્ખી કરવાનાં પોતાં બને. તમે માનો છો કે વાત અહીંથી અટકી ? ના રે ના. ત્રણ વર્ષ પહેલાંની સફેદ બાસ્તા જેવી સાડીની દશા હવે વૃદ્ધાના જીર્ણ વાળોની લટોમાં આવી ગઈ હોવા છતાં તેની ઉપયોગિતા નષ્ટ નથી થતી. બાફૈ આ બધા લીરા સાચવી રાખે. નિરાંતે ધીરજ અને ખંતથી જર્જરિત વીંટાઓને આમળી તેમાંથી ખેંચેલા દોરાઓથી બાંધી નાની નાની કાકડીઓ

(અનુસંધાન પૃ. ૭૩૫)

'કલમ'-સંહિતા

રિદ્ધિ દેસાઈ

કુટુંબમાં ધીમે ધીમે દેરાણીનો પ્રભાવ વધવા માંડે ને જેઠાણીજી ચિંતિત થઈ જાય એમ એક વાર સરસ્વતીજી ચિંતિત થઈ ગયેલાં. ટેન્શનાવસ્થામાં હંસને બદલે ભૂલમાં બગલા પર બેસી ગયેલાં અને વીણાને બદલે ભૂલમાં ગિટાર વગાડવા માંડ્યાં હતાં. બ્રહ્માજી સમક્ષ નિવેદન કરતાં એમણે કહ્યું : 'આ ઘોર કળિયુગમાં પામર પૃથ્વીવાસીઓ લક્ષ્મીજીને રીઝવવામાં મને સાવ કોરાણે મૂકી દે એ પહેલાં આપ એવી કોઈ વસ્તુનું સર્જન કરો, જે થકી મારું ત્યાં માહાત્મ્ય જળવાઈ રહે.' પત્નીનું નિવેદન એ આડકતરો આદેશ જ હોય છે, એ વાત બ્રહ્માજી એમણે સર્જેલા મનુષ્યના દામ્પત્યજીવનને જોઈને શીખ્યા હતા એટલે કંઈ પણ અઘટિત ઘટે એ પહેલાં બ્રહ્માજીએ એમની તર્જનીમાંથી એક લંબ-કૃશ શય(વસ્તુ)નું સર્જન કર્યું. કૈંકનાં શિર કલમ કરાવી નાખે એવો એનો કડક સત્યવાદી સ્વભાવ જોતાં બ્રહ્માજીએ એને 'કલમ' નામ આપ્યું. પૃથ્વી પર આવતાંની સાથે જ એણે નરના હૃદયની સાવ પાસે-ખિસ્સામાં (જે સ્થાન પર માત્ર એની સ્ત્રીનો જ અધિકાર ગણાતો, ત્યાં) સ્થાન પ્રાપ્ત કરી લીધું.

હમણાં થોડા સમય પર એક પરિચિત સત્યાગ્રહીએ (એમની બેધડક સત્ય વદવાની હિંમતને કારણે અહીં આપણે એમને 'સત્યાગ્રહી' તરીકે સંબોધીશું) વાતવાતમાં મને કહ્યું હતું કે બહાર જતી વેળાએ વાઈફને સાથે લઈ જવાનું ભૂલી જવાય તો એક વાર ચાલે પણ કલમ ભૂલી જઈએ એટલે ઉપાધિ ! આહ ! એમનો કલમ પ્રત્યેનો લગાવ જોઈને હું તો ગદ્‌ગદ થઈ ગયેલી. સાચા અક્ષરો હજી આ પૃથ્વી પર હયાત છે, એ નિહાળીને હું તો ધન્ય ધન્ય થઈ ગયેલી. પરંતુ એમની સાથે એમનાં પત્ની પણ હોવાથી મારે સૌજન્ય ખાતર એમનાં પત્નીનો પક્ષ લેતાં કહેવું પડ્યું : 'ભાઈ, પત્ની પહેલી યાદ રહેવી જોઈએ. કલમ ભૂલી જવાય તેથી શું ?'

'તેથી શું ?' - તે ઊકળ્યા અને ઊછળ્યા. 'અરે ! અડધે રસ્તે કાનમાં વલૂર ઊપડે ત્યારે ? માથામાં ટોલાં રાસડા રમતા હોય એવી ચળ ઊઠે ત્યારે ? બરડામાં જ્યાં હાથેય ન પહોંચી શકે ત્યાં ખંજવાળ આવે ત્યારે ? ખંજવાળ કંઈ કહીને નથી આવતી. વણનોતર્યા મહેમાનની પેઠે ગમે ત્યારે આવીને આપણને મુસીબતમાં નાખી દે છે ! એમની દલીલ સાંભળીને મને મૂર્છા આવતાં આવતાં રહી ગઈ. બ્રહ્માજીએ મનુષ્યોને એમનું 'અભૂતપૂર્વ સર્જન' શીદને કહ્યા હશે એ વાત મને સારી પેઠે સમજાઈ ગઈ.

કલમને સાક્ષરતા સાથે સાંકળી લેવા આપણે એક યુગથી ટેવાયેલા છીએ. આપણા પ્રજાવત્સલ સંસદસભ્યોએ સંસદમાં ખેલાતા સુખ્યાત 'સંગ્રામ' વેળાએ અન્ય અસ્ત્રશસ્ત્રોની પેઠે કલમનાય એકમેક પર છૂટા ઘા કરીને આપણો ઉપર્યુક્ત ભ્રમ ભાંગવા યથાશક્તિ પ્રયાસ કર્યો છે. કલમ માત્ર કાગળ પર જ ખેડાણ કરી શકે છે એવું નથી ! એ મનુષ્યના ગાલ, આંખ, નાક, ગળું કે અન્ય અંગો પર પણ ધાર્યું પરિણામ આપી શકે છે ! એવું એમનું આગવું સંશોધન છે. હવે તો અંગૂઠાછાપ નેતાઓય સંસદમાં ખોલીમાં ખંજર રાખે એમ - ખિસ્સામાં કલમ રાખીને ફરતા થઈ ગયા છે. અમે સાંભળ્યું છે કે બિહાર અને ઉત્તરપ્રદેશના ઘણાખરા અંગૂઠાછાપ નેતાઓની પત્ની એમની કલમનો (કલમના પાછલા ભાગ વડે) કપાળમાં કંકુચાંદલો કરવા ઉપયોગ કરે છે. આપણી કેટલીક રાજકીય મહિલાઓનુંય આ ક્ષેત્રે આગવું પ્રદાન છે. હમણાં થોડા સમય પર એક પત્રકારબંધુએ શિક્ષણખાતાના એક ઉચ્ચ અધિકારીને, વ્હિસ્કીમાં સોડા નાખીને કલમ વડે હલાવતાં એમની સગ્ગી આંખે નિહાળ્યા હતા. ચિંતનશિરોમણિ કે રિદ્ધિજીએ યથાર્થ જ કહ્યું છે કે અયોગ્ય વ્યક્તિના હાથમાં કલમ વાંદરાના હાથમાં વીણા જેવી લાગે છે !

એક સુંદર સ્ત્રી પેઠે સુંદર કલમ પર પણ યદિ દૃષ્ટિ ઠરે તો એ પ્રાકૃતિક વાત ગણાય, 'વિકૃતિક' (વ્યાકરણને નવા આયામોની ઘણી જરૂર છે.) નહીં. ઊલટાના એવા મનુષ્યો વિરસ ગણાયા ! જગતની આટઆટલી મોહમયી લોભામણી, સુંદર વસ્તુઓ પરથી હટીને જેનું ચિત્ત કલમ પરત્વે ચોંટ્યું છે એના જીવતરને ધન્ય છે ! એક સાચો સાક્ષર યદિ અન્યની કલમ પર કુદૃષ્ટિ કરી બેસે તોય એને હક્ક છે ! કલમ એના અયોગ્ય માલિક પાસે રહે એના કરતાં તો એ ઉચિત ઉઠાવગીર પાસે જ વધુ શોભે ! તેથી જ... અન્યની કલમ ઉપાડી લેવા બાબતે કલમસંહિતામાં એકેય કલમ નથી.

એક વાર મારે ઘેર એક વિદ્વાન પધાર્યા હતા, મારા ઘરના ટેબલ પર પેનથી ખીચોખીચ ભરેલું પેન-સ્ટૅન્ડ જોઈને તેઓ મારાથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયેલા. અત્યંત અહોભાવપૂર્વક એમણે મને કહેલું : 'આપનો સમૃદ્ધ કલમવૈભવ જોઈને હું અપાર આનંદની લાગણી અનુભવી રહ્યો છું. એ આપની સાક્ષરતા અને વિદ્યાપ્રેમ સૂચવે છે. આખરે જ્ઞાતિ તો તુંબડા- આય મીન લેખકની જ ને ! વાહ ! આટલી બધી કલમો ? કહેવું પડે ! શું બધી જ આપની છે ?' એમના પ્રશ્નનો એકદમ નિખાલસ ઉત્તર આપતાં મેં કહ્યું : 'અમુક સમય પહેલાં એ મારી ન હતી, પણ હવે આ મારી જ છે !' મારો જવાબ સાંભળતાવેંત એમના ચહેરા પરથી વસંત અદૃશ્ય થઈ ગઈ ને એને સ્થાને પાનખર બેઠી હોય એવું લાગ્યું. એમનું અસુંદર મોં વધુ અસુંદર બન્યું. દુનિયાના સૌથી

રીઢા ગુનેગાર સામે જોતા હોય એટલા તિરસ્કારપૂર્વક મારી સામે જોતાં એમણે કહ્યું : 'પણ આટલી બધી કલમો.... ?' ('તે ઉઠાવાતી હશે ?' ને એમણે અધ્યાહાર રાખેલું.)

સદરહુ સદ્‌ગૃહસ્થ મને એક અઠંગ ઉઠાવગીર સમજી બેસે એ પૂર્વે મારે ફોડ પાડવો પડ્યો - 'ના, ના ! ઈરાદાપૂર્વક નથી લીધી ! વાત એમ છે કે બહાર જતી વેળાએ હું અક્સર પેન લઈ જવાનું ભૂલી જાઉં છું એટલે છાશવારે જાહેર જનતા પાસે પેન માગવાના મંગળ પ્રસંગો ઊભા થાય છે. આંગણે ચાર-પાંચ વાર કૂતરું બેઠું હોય તો એના પ્રત્યેય મમતા બંધાઈ જાય એવા મમતાળું સ્વભાવને લઈને લખતાં લખતાં થોડી વારમાં તો પેન પ્રત્યે એવી માયા બંધાઈ જાય છે કે અસીમ આત્મીયભાવ અનુભવતાં હું એ એના માલિકને પાછી આપવી વિસરી જાઉં છું. (લિખતે લિખતે લવ હો જાયે !) તો વળી ક્યારેક નસીબયોગે સામેવાળો મારી પાસે એ પાછી માગવાનું ભૂલી જાય છે. આવા કૈંક અદ્‌ભુત પ્રસંગોનાં આ સુખદ સ્મૃતિચિહ્નો છે ! - પેન-સ્ટૅન્ડને હાથમાં લઈને અત્યંત વાત્સલ્યપૂર્વક રમાડતાં રમાડતાં મેં કહ્યું.

પરંતુ મારી આ 'કલમ'સંહિતાથી પ્રભાવિત થવાને બદલે એમણે મારા પેન-સ્ટૅન્ડ તરફ અત્યંત જુગુપ્સાભર્યો દૃષ્ટિપાત કર્યો એટલે મારે એમને એક નાના બાળકની જેમ સમજાવવા પડ્યા કે ભાઈ, કલમ એ તો એક શૈક્ષણિક સંપત્તિ કહેવાય ! એની પર અધિકારભાવ રાખવો ખોટો છે. પાડોશીના સુંદર મઝાના ભૂલકાને રમાડવા માગીએ એમ કોઈનીય પાસે પેન પણ નિઃસંકોચપણે માગી શકાય. પૃથ્વીપટ પર વિહરતા સાક્ષરો પાસે ઉચિત સમયે પેન ન હોવાના કારણસર ન જાણે કેટકેટલી બેનમૂન કૃતિઓ બાળમરણને વરી હશે ! આપણે ત્યાં 'હૅમ્લેટ', 'પૅરેડાઇઝ લૉસ્ટ', 'વૉર એન્ડ પીસો', 'ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી'-ઓ કે 'ડોન કિહોટે'ઓ રચાયાં નથી, એનું આ જ કારણ ! સાક્ષર બાપુડો પરસેવે નીતરતો, રાશનનીસ ઘાસલેટની કે સુલભ શૌચાલયોની લાઈનમાં ઊભી હોય તો એવા સ્થળે એ કોઈની પાસે પેન માગતાં ખચકાય એ સ્વાભાવિક છે.

તેથી જ ! તેથી જ ભન્તે ! પ્રભુને પ્રસાદ ધરાવતા હોઈએ એટલી શ્રદ્ધાપૂર્વક લઘરવઘર આય મીન સાક્ષર જેવા દેખાતા મનુષ્યોને અતિઉત્સાહપૂર્વક પેન ધરવી જોઈએ. એટલું જ નહીં જરૂર પડ્યે સાક્ષર કોઈની પેન ઊઠાવી પણ લે, તો એને પેનનું 'હરણ' નહીં બલ્કે 'ગ્રહણ' કહેવું જ ઉચિત ગણાય. આમેય પેન ગુમ થઈ જવાના કારણસર મેં આજપર્યંત કોઈને શોક કે રુદન કરતાં જોયાં નથી. ખોવાયેલી (અથવા ચોરાયેલી) પેનના ગમમાં આજ સુધી ગીતો, ગઝલો, કવિતાઓ કે કરુણપ્રશસ્તિઓ લખાયાં નથી. (ઊલટાના હાસ્યલેખો લખાય એવો સંભવ વધુ છે !)

કલમ પ્રત્યે આકર્ષણ હોય એને હું સાક્ષરતાનું જ એક લક્ષણ ગણું છું. પરંતુ કલમ પ્રત્યેની ચાહનાનો આ ગુણ ક્યારેક ભારે પડી જાય છે. 'કલમ અને કૉલમ એ બંને તો આપણી પ્રેયસી સમાન ! પત્નીથીય વધુ વહાલી !' - પોતાના લેખકપતિના મુખે આવી વિસ્ફોટક વાત સાંભળી ગયેલી એક કર્કશા લેખકપત્નીએ લેખકને એમની જ કલમ વડે ઘાયલ કર્યા હતાં ! છાપામાં આવા ગુલાબી સમાચાર વાંચીને મને ભારે ગમ્મત પડી હતી. 'લવિંગ કેરી લાકડિયે રામે સીતાને માર્યા રે....' વાળા લોકગીતનું સ્મરણ થઈ આવ્યું હતું. (જો કે અહીં સીતાજી રામને મારતાં હતાં !) લેખકની પત્ની એમને નાની-મઝાની કલમ વડે ફટકારે એ દશ્ય કેટલું મીઠડું હશે... એની રંગીન કલ્પનામાં હું ઘડીભર માટે ખોવાઈ ગયેલી. પરંતુ સમાચાર વિગતે વાંચતાં મારાં તો રૂંવાડાં ઊભાં થઈ ગયેલાં ! ક્રુદ્ધ લેખકપત્નીએ લેખકશ્રીના ક્ષીણ-કૃશ દેહમાં ઠેર ઠેર કલમની અણી ઘોંચી ઘોંચીને એમને લોહીલુહાણ કરી નાખ્યા હતા. એટલું જ નહીં, એમના જ્ઞાનોજ્જ્વલ ચક્ષુમાં કલમપ્રહાર કરીને એમને અંધ બનાવવાની ચેષ્ટાય કરી હતી. કલમને તલવાર કરતાંય ચઢિયાતી કહેનારા કંઈ મૂર્ખ થોડા હશે ? - જીવનમાં પ્રથમ વાર મને આ સત્યની પ્રતીતિ થયેલી !

'કલમ' એ મા સરસ્વતીનો પ્રસાદ ભલે કહેવાઈ હોય, પરંતુ પ્રકૃતિ તો એની લક્ષ્મી જેવી જ ચંચળ છે ! લખનાર બહોળા વર્ગને, વાતનો અનુભવ થયો હશે. લખતાં લખતાં સહેજ આઘાપાછા થઈએ કે પેન ગાયબ ! માતાની આંગળી પકડીને ચાલતું બાળક બજારમાં અચાનક ખોવાઈ જાય એમ પેન પણ લખતાં લખતાં એકાએક ગાયબ થઈ જાય છે. આપણે ચકિત રહી જઈએ છીએ કે સાલી અબઘડી તો અહીં હતી ને એટલામાં ક્યાં ગઈ ? (કોઈ વસ્તુ ખરે ટાણે ગુમ થઈ જાય ત્યારે મુખમાંહેથી આ પ્રકારનાં વિશેષણો વછૂટે એ સ્વાભાવિક છે.) તત્પશ્ચાત્ પોતાની જુવાની શોધતી વાર્તાવાળી ડોશીની પેઠે લળીલળીને પેનની ખોજ આરંભાય છે. આસપાસના તમામ પ્રદેશોમાં પેનને ખોળવાના મરણિયા પ્રયાસો થાય છે. પરંતુ એ તો કો'ક હૅન્ડસમ યુવાનની સાથે ભાગી ગયેલી કન્યાની પેઠે નથી જડતી તે નથી જ જડતી ! આવી મુશ્કેલીના ટાણે અંતરમનના કો'ક ગૂઢ બિંદુએ લાગવા માંડે છે કે વાંકડો વિધાતા જ એની વકલીલા દેખાડી રહ્યો છે ! તો વળી, ક્યારેક આપણને કોઈ ગેબી શત્રુ સતાવી રહ્યો હોવાની તીવ્ર અનુભૂતિ થવા માંડે છે. આવા ટાણે સૌપ્રથમ પત્નીનું જ સ્મરણ થાય એ સ્વાભાવિક છે. -

'સુલેખા ! મારી પેન જોઈ કે ?'

'અહીંયાં વીસ મિનિટથી મારું વેલણ મળતું નથી ને તમે પેનને રુઓ છો ?'

'પત્નીનાં આવાં જડ વેણ સાંભળીને તમારો સાક્ષરજીવ ઊકળવાનો જ !'

'અબુધ નારી ! તું કલમ સાથે વેલણની તુલના કરે છે !'

'બહુ સારું ! તો પછી આજે હોટેલમાંથી જમવાનું મંગાવી લેજો !'

પત્નીના આ એક જ વાક્પ્રહારથી, તમે ઢીલા પડી જશો એટલે પછી મૂળ મુદ્દે (લાઇન પર) આવી જતાં તમે કહેશો : 'મારી પેન લીધી છે કે નહીં એટલું કહે ને ! બીજી વાત જવા દે !'

'લ્યો ! તમારી પેનનું મારે શું અથાણું બનાવવાનું છે ? એ મૂંઈનું તો અથાણુંય ન થાય !'

હવે તમને હાડોહાડ લાગી આવશે. તમારો તમતમી ગયેલો, માંકડા જેવો લાલઘૂમ ચહેરો જોઈને સખીના ઉરમાં દયાભાવ પ્રકટશે : 'જરી બરાબર જોતા હો તો... ઊંટ ખોવાયું હોય તો ઘડામાં શોધીએ !'

શ્રીમતીજીના સૂચન મુજબ ઘડામાં અર્થાત્ તદ્દન અસંભવિત સ્થાનોમાં ખાંખાંખોળાંના શ્રીગણેશ થાય છે. ટી.વી. પર, ચશ્માંના પાકીટમાં, ફૂલદાનીમાં, દેવસ્થાને, બાથરૂમમાં, રેફ્રિજરેટરમાં, બૂટ-મોજાંમાં, કચરાપેટીમાં.... ટ્યૂબલાઈટ અને ચાલુ પંખાની પાંખ પર જોવાઈ જાય તો ય નવાઈ નહીં !

આવાં અજાયબ સ્થાનોમાં પણ એ ન જડે એટલે 'ઊંટ ખોવાયું હોય...'વાળી કહેવત રચનાર પર ફિટકાર વરસાવતા તમે મનોમન કહી ઊઠો છો કે ઊંટ જેવા એક ખૂંધિયા ચોપગા માટે કહેવત લખી ગયો, પણ પેન ખોવાઈ ગઈ હોય તો ક્યાં શોધવી એટલુંય ન લખી શક્યો ? ધિક્કાર છે તારા કર્તૃત્વને ! ક્યાંય પેન ન જડતાં તમારી હાલત ઘોર વનમાં નળને ખોજતી બેબાકળી દમયંતી જેવી થઈ જાય છે. નિષ્ફળતાના અંતિમ તબક્કામાં ઘરમાં કો'ક અવગતિયો ભમતો હોવાની કરાલ શંકા થવા માંડે છે. તમે વિચારો છો કે આ મૂઓ એવો તે કેવો અવગતિયો છે કે બીજું કશું જ નહીં ને કેવળ કલમ ઉપાડી ગયો ? નક્કી, કોઈ લેખક-કવિનો જ અવગતિયો હોવાનો ! એના અતૃપ્ત આત્માની શાંતિ માટે તમે ચકલે શાહીથી કુંડાળું કરીને એની મધ્યમાં પેનનું આખેઆખું બૉક્સ મૂકી આવવાના ટુચકા કરો તો નવાઈ નહીં ! ત્યાંથી ઘેર આવીને તમે નહાવા બેસો ને ખિસ્સામાંથી 'ટપ્' દઈને પેન પડે એમ પણ બને !

મારા એક પરિચિત લેખકબંધુને ઘેર એક વાર એવી જ રામાયણ થયેલી. હું એમને ઘેર ગઈ ત્યારે તેઓ બેબાકળા બનીને અત્ર-તત્ર-સર્વત્ર પેન શોધી રહ્યા હતા. કેટલાકને ગુરુ વિના ગમ પડતી નથી, એમ એમને પેન વિના ગમ પડતી ન હતી. પેનને બદલે જાણે એમના કોઈ પ્રકાશક ગુમ થઈ ગયા હોય એમ એમણે આખું ઘર માથે ઊઠાવી લીધું હતું. ક્યારેક ઉગ્ર બનીને તેઓ મુઠ્ઠીઓ ભીંસતા, તો ક્યારેક કપાળ કૂટતા. ક્યારેક ટેબલ પર હાથ પછાડતા, તો ક્યારેક અસ્પષ્ટ બબડાટ કરતા. ક્યારેક માથાના વાળ ખેંચતા તો વળી ક્યારેક કવિતાવસ્થામાં દાંતિયાં કરીને આપણા પુરાણા પૂર્વજોનું સ્મરણ કરાવતા. એમના આવા વરવા હાલ જોઈને એમના નાનકડા સુપુત્રએ અત્યંત ભોળાભાવે પૂછ્યું : 'શું થયું, પપ્પા ?' કોઈ લેખ 'સાભાર પરત આવ્યો કે શું ?'

સાક્ષરે એને તત્ક્ષણ ધીબેડી નાખ્યો. અંતે થાકી-હારીને પરસેવે રેબઝેબ થઈ ગયેલા લેખક પાણી પીવા રસોડામાં ગયા ને ત્યાંનું દૃશ્ય જોઈને લગભગ ફાટી પડ્યા - 'ધિક્તામ્ ! ધિક્તામ્ મૂઢ નારી ! મારી કલમમાંથી આ શું કરી રહી છે !'

એમની સહધર્મચારિણીએ અત્યંત ઠંડે કલેજે કહ્યું : 'દેખાતું નથી ! કાનનો મેલ કાઢી રહી છું !' આ સાંભળતાં જ લેખકનો પિત્તો ઊછળ્યો - 'અડબંગ ! જડભરત ! મૂઢમતિ ! આ તે કાનનો મેલ કાઢવાની વસ્તુ છે ! મારી કલમથી કાનનો મેલ કાઢતાં શરમ નથી આવતી ?'

'મૂંગા મરો હવે !' - શ્રીમતીજી ઉવાચ. 'હું તો કાનનો મેલ કાઢું છું, પણ તમે વરસોથી મગજનો મેલ કાઢ્યા કરો છો એનું શું ????' □

અનુસંધાન] પ્રસંગપરાગ [પૃ. ૭૩૨ થી

બનાવે. સવાર અને સાંજ રસોઈ માટે કોલસાની સગડી પેટાવવા આ કાકડીને કેરોસીનથી પલાળી ચેતાવવામાં આવે. નવી રસોઈના જીવન-ઉદયમાં જૂની સાડી મૃત્યુસંસ્કાર પામે.

પણ જવા દો આ બધું પુરાણ - 'બહેરાને કાને નગારાં જેવું !' જમાનો બદલાયો છે. નવા મંત્રો લાવ્યો છે. રિપ્લેસ, ડુ નૉટ રિપૅર. શુદ્ધ ગુજરાતીમાં સમું ના કરો, નવું લાવો ! ગૅસના બાટલાઓએ કોલસાની સગડીઓને હટાવી તેની સાથે ખાદી સાડીની કાકડીઓ પણ વિસારે પડી. નવા નારા છે 'કમાવ-ખર્ચો-ભોગવો, કાલ કોણે જોઈ છે ?' જવા દો મોંકાણ સગડીની કાકડીની. અસ્તુ !

નોંધ : નર્મદાબહેન રાવળ - સમાજને બાફેનો સ્વર્ગવાસ ૧૯૭૮માં ચોરાશી વર્ષની વયે થયો. આજે પણ ભાવનગરમાં તેમના નામથી વિભૂષિત 'નર્મદાબહેન રાવળ હૉસ્પિટલ' ગરીબ સ્ત્રીઓ અને બાળકોને આશરો આપે છે.

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ. ૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

વૉલ્ટર પીટર

વિક્ટોરિયન યુગના સમર્થ ગદ્યકારો અને નીતિવાદીઓને તત્કાલીન સમાજની વિરૂપતાએ તેમને સમાજના નવનિર્માણ માટે પ્રેર્યા, અને સાહિત્ય-કલાનાં માધ્યમો દ્વારા તેમણે સામાજિક પ્રશ્નોના ઇલાજ સૂચવ્યા.

રસ્કિને કહ્યું કે સામાજિક સમસ્યાઓના હલ માટે, નરવા અને ગરવા સમાજની સ્થાપના માટે કલાને માધ્યમ તરીકે પ્રયોજવું. સામાજિક અને આર્થિક સમસ્યાઓના ઇલાજ તરીકે કલા તેને અનુકૂળ લાગી. મૅથ્યૂ અર્નલ્ડ પણ મોટે ભાગે રસ્કિનના અવાજનો પડઘો પાડે છે. એણે કલ્ચર અને સાહિત્ય - મુખ્યત્વે કવિતા દ્વારા સંસ્કૃતિ વિકાસ માટે અવાજ ઊઠાવ્યો. વિલિયમ મરિસ રસ્કિનના કલા સિદ્ધાંતને એક ડગલું આગળ લઈ ગયો. એ કલાના માધ્યમ દ્વારા સમાજવાદ સુધી પહોંચી ગયો.

વૉલ્ટર પીટર ઉપર્યુક્ત મસીહાઓથી એના કલાવિષયક અવનવા સિદ્ધાંતને કારણે જુદો તરી આવે છે. કલા અને અનુભૂતિ વિશે એણે પોતાની આગવી સંગીતાત્મક સંવેદનાથી યુક્ત શૈલીમાં પોતાના સિદ્ધાંતનું અર્થઘટન કર્યું.

વૉલ્ટર પીટર મૂળ ડચ કુળનો, લંડનમાં જન્મેલો. એનો પિતા ડૉક્ટર હતો. શિક્ષણ માટે તેણે ઑક્સફર્ડ પસંદ કર્યું અને ઈ.૧૮૬૨માં ત્યાંથી શૈક્ષણિક ડિગ્રી મેળવી થોડો સમય તેણે ખાનગી રાહે શિક્ષણકાર્ય કર્યું. એ પછી ચર્ચમાં જોડાવાનો વિચાર કર્યો, પણ એના જીવનની દિશા જુદી હતી. એની પ્રકૃતિનું સંધાન રસ્કિન અને પ્રિ.-રફાએલાઈટ બ્રધરહૂડ (Pre-Raphaelite Brotherhood) સાથે હતું અને તેમની સાથે તે સંકળાયો. તદુપરાંત 'ઓલ્ડ મોરાલિટી' નિબંધ ક્લબમાં પણ તેનો સંપર્ક રહ્યો. જ્હોન નિકૉલ અને સ્વિનબર્ન જેવા લેખકો તેમાં મુખ્ય હતા.

ઈ. ૧૮૬૬માં તેણે ઇટલીનો પ્રવાસ ખેડ્યો અને ત્યાંથી પાછા ફરીને તેણે લેખક તરીકેની કારકિર્દીનો સામયિકોમાં લેખ લખીને આરંભ કર્યો. તેણે એ દરમ્યાન વ્યાખ્યાનો પણ આપવા માંડ્યાં, જેનો સમાવેશ ઈ. ૧૮૯૫માં પ્રકાશિત થયેલા તેના પુસ્તક 'ગ્રીક સ્ટડીઝ'માં થયો છે.

ઈ.૧૮૯૪માં 'ગ્લાસગો'એ તેને LL.D.ની ડિગ્રીથી નવાજ્યો. એ ડિગ્રીનો તેને અનેરો મહિમા હતો. પણ એ પછી તરત સંધિવાની બીમારીમાં તે સપડાયો અને એમાંથી માંડ એ ઊગર્યો, પણ અચાનક હૃદયરોગના હુમલામાં તેનું અવસાન થયું, ઈ. ૧૮૯૪.

રસ્કિનની જેમ પીટર પણ તેનાં લખાણોમાં ખાસ્સો આત્મલક્ષી છે. એ શૈલી સારગ્રાહી છે. રસ્કિન સાથે કેટલેક અંશે એનું પ્રકૃતિગત સામ્ય છે, પણ રસ્કિન જે રીતે ઇટલીની તેમજ ગ્રીક કલાથી અત્યંત પ્રભાવિત હતો એવા પ્રભાવથી પીટર મુક્ત છે અને સામાજિક સમસ્યાઓથી પણ તે લગભગ વિમુખ છે. સ્વભાવથી એ એકાંતપ્રિય, અંતર્મુખ અને ચિંતનમગ્ન છે. આર્નલ્ડ સાથે પણ કેટલુંક પ્રકૃતિદત્ત સામ્ય તેનામાં છે, પણ આર્નલ્ડ નીતિવાદી છે તેવો પીટર બિલકુલ નથી.

પીટરને કલા અને નીતિના સંબંધ સાથે કશું લાગતું-વળગતું નથી. કલાને એ સામાજિક-આર્થિક કે અન્ય સમસ્યાઓના નિવારણ માટે જોતરતો નથી. ફ્રાંસમાંથી આવેલા આંદોલન કલા ખાતર કલાનો તે પ્રબળ હિમાયતી છે. રસ્કિન, વિલિયમ મરિસ આદિને મન કલાનું વિશિષ્ટ પ્રયોજન છે. જો કલા સમાજદુરસ્તીનું પ્રયોજન સાધી ના શકે તો તે કલા અર્થહીન છે એ માન્યતા સાથે પીટર અસંમત છે. પીટરે એના 'સ્ટડીઝ ઈન ધ હિસ્ટરી ઑવ્ રેનેસાં' (૧૮૭૩)માં રેનેસાંની કલા અને જીવન વિશે સભાનપણે ચિંતન કરીને સૌંદર્યલક્ષી વિવેચનાનો પોતાનો સિદ્ધાંત નિરૂપીને તેનો કેમ વિનિયોગ કરવો તે દર્શાવ્યું છે કે સૌંદર્યલક્ષી વિવેચનામાં વસ્તુ જેવું વાસ્તવિક છે તે રીતે જ તેનું નિરીક્ષણ કરવું, તે વિશેની પોતાના ચિત્ત પર પડેલી છાપ (impression) જાણવી, એને અલગ પાડીને સમજવી અને વિશિષ્ટપણે તે આત્મસાત્ કરવી એ પહેલું પગથિયું છે.

પીટરનું વિવેચન સિદ્ધાંતમાં 'ઇમ્પ્રેસનિસ્ટિક' છે એ સમજાવે છે : 'What is this song or picture, this engaging personality presented in life or a book, to me ? What effect does it really produce on me ? Does it give me pleasure ? And if so, what sort or degree of pleasure ? How is my nature modified by its presence, and under its influence ?'

પીટરના 'એપ્રિશિયેશન્સ'(Appreciations)માં એણે આરંભે 'શૈલી' વિશે નિબંધ જોડ્યો છે. એમાં એણે કલાકારને 'ટ્રાન્સ્ક્રાઈબર' તરીકે ઓળખાવ્યો છે. એમાં એણે નોંધ્યું છે કે નિમ્ન સ્તરના સાહિત્યમાં હકીકતનું સત્ય શોધવા પ્રતિ વલણ છે, જ્યારે ઉચ્ચતમ સાહિત્યમાં તેના સૂક્ષ્મતમ અને અત્યત અંગત એવા સત્યની અભિવ્યક્તિ હોય છે.

આકૃતિ અને સામગ્રી (form and content) નું સંપૂર્ણ ઐક્ય, જે સંગીતમાં છે તે આદર્શ છે. જો સંગીત સર્વ કલાઓમાં આદર્શ છે, અને એ સંગીત છે તેથી જ આકૃતિ અને સામગ્રીને અલગ કરીને જોઈ શકાતાં નથી તો સાહિત્યમાં ઉત્તમ તત્ત્વ ત્યારે

સિદ્ધ થાય જ્યારે શબ્દ અને તેનો અર્થ પરસ્પરમાં સંમિલિત હોય. અને તેમ થાય ત્યારે સર્વત્ર સુંદરતમ કલાનાં ઉત્તમ લક્ષણોની વિશેષતા વરતાય.

'If music be the ideal of all art whatever, precisely because in music it is impossible to distinguish the form from the substance or matter, the subject from the expression, then literature, by finding its specific excellence in the absolute correspondencs of the term to its import, will be but fulfilling the condition of all artistic quality in things, of all good art.'

પીટર આશ્ચર્યજનક લાગે તેવું તારણ કાઢતાં નોંધે છે કે સારી કલા હંમેશાં મહાન કલા હોય જ એવું જરૂરી નથી, કારણ મહાન કલા દ્વારા જે વિષયવસ્તુ રજૂ થાય તેમાં ભાવકને અભિભૂત કરે એવું તત્ત્વ હોવું જોઈએ.

(Good art is not necessarily great art, for great art must also have something impressive in 'the quality of the matter it informs or controls.')

વૉલ્ટર પીટરે મૅરિઅસ ધી એપિક્યૂરિઅન 'Marius the Epicurian' નામની નવલકથા પણ લખી છે. ઈસ્વી સનની બીજી સદીની ભૂમિકા પર એક રોમન કિશોરની કથા તેમાં છે. અલબત્ત, એમાં વિવિધ પ્રકારની વિચારસામગ્રી એવી ખચિત છે કે તેના ભારથી જ નવલકથા ફસડાઈ પડે છે. એમાં એના કલાસિદ્ધાંતના વિચારો નહિ પણ એની ફિલસૂફી પ્રસ્તુત થઈ છે.

જેમ્સ ઍન્થની ફ્રૂડ (૧૮૧૮-૧૮૯૪)

વિક્ટોરિયન યુગ કેટલેક અંશે ઇતિહાસકારોનો યુગ પણ હતો. કાર્લાઈલ, મૅકૉલે વગેરેનાં નામ જાણીતાં છે. એ યુગમાં જેમ્સ ઍન્થની ફ્રૂડે પણ સંખ્યાબંધ ઇતિહાસનાં પુસ્તકો રચ્યાં. સોળમા સૈકાના ઈતિહાસમાં એને ઉત્કટ રસ હતો. એનું એક દળદાર ઇતિહાસપુસ્તક 'ઈંગ્લન્ડ ફ્રૉમ ધ ફૉલ ઑવ્ કાર્ડિનલ વુલ્ઝી ટુ સ્પૅનિશ આર્મેડા' (૧૮૫૬-૭૦) જાણીતું છે. સ્પેનના નૌકાકાફલાના પરાજયથી તે ઈંગ્લન્ડના ગૌરવ પ્રત્યે અભિભૂત થયો છે. વિગતો આપવામાં તે કશી કચાશ રાખતો નથી. ઇતિહાસને તે એક મહાન નાટક તરીકે નિહાળે છે અને નાયક, પ્રતિનાયકનાં સુંદર રેખાચિત્રો આલેખવામાં તેની કુશળતા છે.

એનાં અન્ય પુસ્તકોમાં 'શૉર્ટ સ્ટડીઝ ઇન ગ્રેટ સબ્જેક્ટ્સ' (ચાર ખંડ: ૧૮૬૭-૮૩), 'લાઈફ ઑવ્ કાર્લાઈલ' (૧૮૪૨-૧૮૮૪)છે. કાર્લાઈલની જીવનકથામાં તેમાંની ક્ષતિઓ માટે ફ્રૂડની સખત ટીકાઓ થઈ હતી.

ફ્રૂડ ઉપરાંત જ્હોન આર. સીલિ (એનું પુસ્તક 'એક્સપાન્સન ઑવ્ ઈંગ્લન્ડ' ૧૮૮૩), જ્હોન રિચર્ડ ગ્રીન (એનું પુસ્તક 'હિસ્ટરી ઑવ્ ધ ઈંગ્લિશ પીપલ' ૧૮૭૮-૮૦) ચાર ખંડમાં છે. તદુપરાંત ઈ.એ.ફ્રીમૅન (એનું પુસ્તક 'હિસ્ટરી ઑવ્ નૉર્મન કૉન્કવેસ્ટ' ૬ ખંડમાં ૧૮૮૧-૮૨). હેન્રિ ટૉમસ બકલ (એનું પુસ્તક 'હિસ્ટરી ઑવ્ સિવિલાઈઝેશન ઇન ઈંગ્લન્ડ'૧૮૫૭-૬૧) વગેરે ઇતિહાસકારોએ ઇતિહાસક્ષેત્રે પોતપોતાની આગવી શૈલીમાં અર્પણ કર્યું હતું.

(ક્રમશઃ)

તા. ૨-૯-૨૦૦૩ થી તા. ૨-૧૦-૨૦૦૩ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. શ્રી પ્રિયકાન્ત સી. પટેલ (મુંબઈ)	રૂ. ૨,૫૦૦
૨. સદ્ગત જગદીશ ત્રિવેદીની સ્મૃતિમાં હ. ચંદબહેન ત્રિવેદી (અમદાવાદ)	રૂ. ૧,૦૦૧
૩. શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા (અમદાવાદ)	રૂ. ૨૫૦
૪. શ્રી અરવિંદભાઈ ગજ્જર (ગોંડલ)	રૂ. ૨૫૦
૫. શ્રી વીણા એચ. શાહ (મુંબઈ)	રૂ. ૧૦૦
	રૂ. ૪,૧૦૧

કલાસ્મૃતિ

સદ્ગત બંસીલાલ વર્મા - 'ચકોર'

ચિત્રકલાની દુનિયામાં, કલ્પનાચિત્ર, રેખાચિત્ર, અને વ્યંગ અથવા કટાક્ષ ચિત્રકલા ગુજરાતમાં, સન-૧૯૪૦ આસપાસ સારી રીતે વિકાસ પામી, જેમાં દૈનિક અખબાર, નાનાંમોટાં સામયિક તેમજ પુસ્તક-પ્રકાશનોનો મોટો ફાળો ગણી શકાય. ઉપરાંત કલાગુરુ રવિશંકર રાવળ



તેમજ તેમણે સ્થાપેલ 'કુમાર' માસિક પણ એટલું જ મહત્ત્વનું ગણી શકાય, જેણે સાહિત્ય સાથે વિવિધ લલિતકલા શૈલીઓના કલાકારોની રચનાઓ પ્રકાશિત કરીને પ્રેરણા સાથે તેઓને જાણીતા કરેલા છે. શ્રી રવિભાઈ મોટાભાગે પેન્સિલથી નાના સ્કેચ કરતા જેમાં પાત્રોની ખાસિયતોનું નિરૂપણ આબેહૂબ થતું. આ પદ્ધતિમાં બંસીલાલ વર્મા અને રસિકલાલ પરીખ ઘણા ઝળક્યા. બંસીલાલ વર્માનો ઝોક શરૂઆતથી વ્યંગ-હાસ્ય રજૂ કરવું તે તરફ રહેલો એટલે તેમનાં રેખાંકન, તેમજ સ્કેચમાં હંમેશાં કટાક્ષ વ્યક્ત થતો. એટલે તેઓ ચિત્ર-કલાની દુનિયા તરફ વળ્યા. આ માટેનું તે સમયનું મહત્ત્વનું કારણ એ હતું કે. આજીવિકાના સાધન માટે પ્રકાશન, શાળા-મહાશાળામાં ચિત્રકલા શિક્ષક, ટેક્સ્ટાઈલ ડિઝાઈન, ચિત્રકલાના શિક્ષણ માટે વર્ગ ચલાવવા, ધનિક લોકોને ત્યાં ચિત્રકલા શિખવાડવા જવું અથવા ફોટો-ગ્રાફી કરવી. કલાગુરુના બધા ઉચ્ચ કક્ષાના શિષ્યોએ, પોતપોતાને અનુકૂળ માર્ગ અપનાવ્યા. બંસીભાઈએ ઈલસ્ટ્રેશન અને કટાક્ષચિત્રકલાનો માર્ગ અપનાવ્યો ને સફળતાને વર્યા. કૅનેડામાં યોજાયેલા વિશ્વકાર્ટૂન પ્રદર્શનમાં પારિતોષિક મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા.

બંસીલાલ વર્માનો જન્મ સન ૧૯૧૭માં તારંગાહિલ પાસેના ચોટિયા ગામે થયો હતો. પ્રાથમિક અભ્યાસ વડનગરમાં અને સન ૧૯૩૩માં 'નવ સૌરાષ્ટ્ર' અખબારમાં નોકરી મળી, જેમાં ઈલસ્ટ્રેશન સાથે રેખાંકન કરવાનું કામ હતું. સાથે હરિપુરા કૉંગ્રેસના અધિવેશનમાં ચિત્રકાર્ય-પોસ્ટર વગેરેમાં હાથ અજમાવ્યો. સન ૧૯૩૯માં 'ગુજરાત સમાચાર', 'ગતિ', 'કુમાર' વગેરે પ્રકાશનો માટે રેખાંકનો કર્યાં. સન ૧૯૪૧માં તેમના એક ચિત્ર માટે, બૉમ્બે આર્ટ સોસાયટીનો અવૉર્ડ પ્રાપ્ત થયો. સન ૧૯૪૨માં 'કુમાર'માં છ પાનાં ભરેલો તેમનો પરિચય છપાયો હતો. ઈસ્વીસન ૧૯૪૭માં 'ભારતમાં અંગ્રેજી અમલ' નામે લગભગ ૧૦૦ જેટલાં કટાક્ષચિત્રોની પુસ્તિકા પ્રકટ કરી, જે કાબિલે તારીફ છે. તે પ્રકટ થઈ. ત્યારે હું નવમા ધોરણમાં હતો, ઉંમર વર્ષ-૧૭, મારા ચિત્ર શિક્ષકે મને આ પુસ્તિકા બતાવેલ જે હજી પણ ભૂલી શકેલ નથી. શ્રી બંસીલાલ વર્મા, સન ૧૯૪૮માં મુંબઈના મોટા કલાક્ષેત્રે પોતાનું નામ ગુંજતું કરવા રવાના થયા, ઘણાં અખબારો-પ્રકાશનો માટે કામ કર્યું અને માન-અકરામ પામ્યા.



શ્રી બંસીલાલ વર્માનું કાર્ટુન-કટાક્ષચિત્ર

વર્માનું વ્યંગ ચિત્રકાર તરીકેનું તખલ્લુસ 'ચકોર' હતું. કલાસર્જનોમાં તેમણે દહેરાસરો માટે પટચિત્રો, લગભગ ૧૦૦૦ જેટલાં મુખપૃષ્ઠો, ૫૦૦૦ જેટલાં કટાક્ષચિત્રો, ૧૫૦૦ જેટલાં પોસ્ટર્સ અને અસંખ્ય રેખાંકનોની



રવિશંકર રાવળ | ઝવેરચંદ મેઘાણી

રચના પોતાના જીવનકાળ દરમ્યાન કરેલી છે. બંસીભાઈને કવિતા, કથાવાર્તા, નાટકની વેશભૂષા, કલાનિદર્શન વગેરેમાં પણ રસ હતો. જેમાં તેમની રેખાંકનની 'ઍકેડેમિક' તાકાતનાં દર્શન થતાં. બ્રશના સ્ટ્રોક્સમાં અદ્ભુત શક્તિ અને કૅરેક્ટર-નિરૂપણની ખૂબીઓ જણાઈ આવતી. દા.ત. અંગ્રેજ ઑફિસર, મોટો ટોપો, ડગલો, પગે બ્રિચિઝ ને મોટા હૉલ બૂટ, કમરપટ્ટો, બંદૂક અને મુખમુદ્રા તે જમાનાના ખાધેલ-જાડિયા અંગ્રેજ જેવી જ લાગતી જાણે કે ફોટોગ્રાફમાંથી બધા જ ટોન-પટ કાઢી નાખ્યા હોય અને માત્ર રેખાઓ રહી જાય તેવું. તેઓ ગુજરાતણ બાઈનું રેખાંકન પણ ખૂબ જ સુંદર કરતા, સહેજ ઓછી ઊંચાઈ, ગુજરાતી છીંટ ભરતની સાડી, માથે ચોટલો, ઘમ્મર ઘાઘરો, હાથમાં ડાંડિયા, ગોળમટોળ ભરાવદાર શરીર, હાથે-પગે-ગળે ઘરેણાં. જાણે કે ગુજરાતના ગામડાની અસ્સલ પટલાણી !

બંસીભાઈને ગુજરાતનાં લગભગ બધાં જ શહેરોમાં શહેર સુધરાઈ તેમજ જાણીતી સંસ્થાઓ દ્વારા સન્માન તેમજ પ્રશંસાપત્રો પ્રાપ્ત થયાં છે. મુંબઈમાં પણ ખૂબ જ સન્માન પામ્યા જેની યાદી ઘણી લાંબી થઈ શકે તેમ છે. તેમાં, આંતર-રાષ્ટ્રિય ક્ષેત્રે મોન્ટ્રીઅલ અવૉર્ડ, રાજ્ય-લલિતકલાના વિવિધ પુરસ્કારો અને અવૉર્ડ, મુંબઈ નાગરિક અવૉર્ડ, દિલ્હીનો 'આઈફૅક્સ' અવૉર્ડ, રૂપિયા એક લાખનો રવિશંકર રાવળ અવૉર્ડ તેમજ સન ૧૯૯૭માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનનો નગરભૂષણ અવૉર્ડ મુખ્ય છે.

આવા કટાક્ષ ચિત્રકારનું તા ૮મી સપ્ટેમ્બર ૨૦૦૩ ને સોમવારે ૮૯ વર્ષની ઉંમરે, લાંબી માંદગી બાદ અવસાન થયેલ છે. આ સાથે અને ઘણા નવા કટાક્ષ કલાકારોને પ્રેરણા અને માર્ગદર્શન આપનાર સ્વ. બંસીલાલ વર્મા - ચકોરને શત શત કલાપુષ્પોમાં વંદન.

- ગજેન્દ્ર શાહ

❀કલાવાર્તા❀

વિશ્વના મહાન ચિત્રકારો-૨૧

લોત્રેક (હૅન્રી-દ- તુલૂઝ)

લોત્રેક એના સમયનો સર્વોત્કૃષ્ટ ગ્રાફિક આર્ટિસ્ટ લેખાય છે. એના વામણાપણાને એણે એના પ્રગતિના માર્ગમાં આડખીલીરૂપ થવા દીધેલું નહીં. એનું શૈશવ ફ્રાન્સના દક્ષિણ-પશ્ચિમમાં વીત્યું. બાલ્યાવસ્થામાં એ એક વાર ખુરશી પરથી નીચે પડી ગયેલો. બાકી હતું તે બીજી વાર ખાડામાં પડી ગયો. આ અકસ્માતોને કારણે એનો શારીરિક વિકાસ રૂંધાઈ ગયો ને એ ઠિંગુજી બની ગયો.



એક ધનિક ઉમરાવને ત્યાં એનો જન્મ ૧૮૬૪ના નવેમ્બરની ૨૪મીએ થયેલો. વામણું કદ, જાડા હોઠ અને ફૂલેલા નાકને કારણે એ કઢંગો લાગતો. જો કે એનો અવાજ પ્રભાવશાળી હતો.

લોત્રેકના કાકા તથા પિતા સારા ડ્રાફ્ટમૅન હતા. એમના તરફથી એને ચિત્રકામ શીખવા બાબતે સારું પ્રોત્સાહન મળતું રહેતું. એની ૧૪ વર્ષની વયે એણે Rene Princeteau પાસેથી ચિત્રનું શિક્ષણ લેવું શરૂ કર્યું. આ બધિર-મૂક કલાકાર ઘોડાનાં ચિત્રો તથા શિકારનાં દૃશ્યો ચીતરવામાં ભારે કુશળ હતો.

અઢાર વર્ષની વયે આ ઠિંગુજી પૅરિસની વાટ ઝાલે છે, ને ચિત્રકાર લિયોન બૉનાત (Bonnat)ના સ્ટૂડિઓમાં કામે લાગી જાય છે. આ ચિત્રકારે લોત્રેકના ચિત્રનું ફૉર્મ સુધાર્યું. એનો ત્રીજો ગુરુ ફર્નાન્ડ કોરમેન હતો. ૨૧ વર્ષની વયે તો લોત્રેકે પૅરિસ નગરીમાં એનો પગ જમાવી દીધો. પૅરિસ પાસેના ઉપનગર મોન્તમાત્રેમાં એ એક ભલા ચિત્રકાર રેન ગ્રેનિઅર ભેગો રહેતો. આ ચિત્રકાર લોત્રેકને સંગીત-નૃત્યના કાર્યક્રમોમાં લઈ જતો. આ કાર્યક્રમોમાં જ એને વાન ગોગ જેવા કલાકારોનો સંપર્ક થયો. આ સંપર્કોથી એની કલાની સૂઝ વિકસી. એ પોતાની આગવી ચિત્રશૈલી વિકસાવી શક્યો. એ જે કલાકારોના સંપર્કમાં આવ્યો એ બધા પ્રયોગશીલ હતા. જપાની ડિઝાઈનોના પ્રભાવ હેઠળ એ શુદ્ધ રંગો વાપરતો. ૧૮૮૮માં વીસ ચિત્રકારોએ ભેગા મળીને યોજેલા પ્રદર્શનમાં લોત્રેકે ભાગ લીધેલો. આ બધા આધુનિક કલાકારો હતા. ૧૮૮૯માં એનું ચિત્ર પહેલી વાર સેલોનમાં મુકાયું ત્યારે એના હરખનો પાર નહીં રહેલો.

પિતાની સહાયથી લોત્રેકે મોન્તમાત્રે ઉપનગરમાં પોતાનો સ્ટૂડિઓ તથા ફ્લૅટ ખરીદ્યો. અહીં એ વરણાગીઓ બનીને ફરતો. રાત્રે મોડે સુધી જાગતો રહીને શરાબ પીતો રહેતો. અહીંની જાણીતી મોલીન રોજ ક્લબનો એ સભ્ય બની ગયો. ક્લબના વિશાળ ખંડની દીવાલો પર એ પોતાનાં ચિત્રો લટકાવતો. એ નર્તકીઓ, નટ-નટીઓ, ગાયકો તથા સરકસના કલાકારોના કાર્યક્રમોની જાહેરાતનાં પોસ્ટરો ચીતરતો. એણે વારાંગનાઓનાંય ઘણાં પોસ્ટરો બનાવ્યાં છે. સરકસમાં કામ કરતી સુઝાન વેલેડોન તો એની પ્રેયસી હતી.

શરાબની લતે એની તબિયત લથડી. એને સીફિલીસ રોગ લાગુ પડ્યો. તોય એણે ચીતરવાનું ચાલુ રાખ્યું. એ અથાક પરિશ્રમ કરતો. પૅરિસના ભદ્ર સમાજમાંય એ ઘૂમતો. બૉનાર્દ તથા વીલાર્દ જેવા ચિત્રકારો એના મિત્રો હતા.

એક સામયિકના સંપાદકની પત્ની સાથે લોત્રેક પ્રેમ કરી બેઠો પછી તો પૂછવું જ શું ! એનેય લોત્રેકે એક પોસ્ટરમાં ગોઠવી દીધી. આ પ્રેમ જોકે એકપક્ષી નિવડ્યો.

એ વેશ્યાગૃહોની નિયમિત મુલાકાત લેતો. માત્ર એના જાતીય આવેગને સંતોષવા માટે જ નહીં, પણ એ વારાંગનાઓનાં વ્યક્તિચિત્રો દોરવા માટે, કારણ એ બધી સારી મોડેલો હતી. એનાં ચિત્રોમાં વારાંગનાઓનું એકધારું કંટાળાજનક જીવન આબાદ નિરૂપ્યું છે.

એનાં વ્યસનોને કારણે એને વારંવાર દવાખાના ભેગું થવું પડતું. લોત્રેક પોસ્ટરો ઉપરાંત સામયિકો માટે વાર્તાચિત્રો પણ કરતો. પોસ્ટર આર્ટિસ્ટ તરીકે એ સારું નામ કમાઈ શક્યો. એણે આલ્બમોનાં પ્રિન્ટ પણ કરેલાં. મેન્યુ કાર્ડ માટેય પણ પ્રિન્ટો બનાવેલી. થીએટરનાં પોસ્ટરો એ સરસ બનાવતો. પૅરિસમાં ત્યારે એની ભારે બોલબાલા હતી. પોસ્ટરોમાં સર્કસના ઘોડા માટે તે જાણીતો છે.

લોત્રેકનો સમય કલાજગતનો સંક્રાન્તિકાળ હતો. એ ચિત્રકલાની નવી શૈલી અપનાવી શકેલો નહીં. એટલે જ કદાચ એના મિત્ર દ્વારા આયોજિત એના ચિત્રોનું પ્રદર્શન સરિયામ નિષ્ફળ ગયેલું.

બહુ ઓછી રેખાઓમાં લોત્રેક એના વિષયને ચોટદાર રીતે રજૂ કરી શકતો. ડ્રૉઈંગનું એનું કૌશલ્ય અદ્ભુત હતું. એનાં ચિત્રોનાં ફૉર્મમાં શિસ્તની સમજ વરતાય. સર્જનપ્રક્રિયામાં એનાં જોમ અને જુસ્સો છેવટ સુધી અકબંધ રહેલાં. એનામાં રહેલ વિનોદવૃત્તિને કારણે એનાં ચિત્રો ઠઠ્ઠાચિત્રોની પંક્તિમાં બેસે એવાં થયાં છે.

રાત્રિક્લબોનાં પાત્રો એના ગમતા વિષયો હતા. એનાં ચિત્રોમાં દેગા તથા માનેની અસર ઝિલાઈ છે.

આ કલાકાર એનાં પોસ્ટરો માટે લિથોગ્રાફ બનાવતો. ચિત્રમાંના દરેક રંગ માટે અલગ પ્રિન્ટિંગ કરવું પડતું. આ જ કારણે એ



લિથોગ્રાફ રૂપે તૈયાર કરેલું એક પોસ્ટર



લ દે વાન જાપોનાઇડ: લોત્રેકનું પ્રશિષ્ટ લિથોગ્રાફ

એના પોસ્ટરમાં ત્રણ કે ચાર રંગો જ વાપરતો.

લોત્રેકે એનાં મિત્રોનાંય ઘણાં ઠઠ્ઠાચિત્રો કર્યાં છે. એના નિરૂપણમાં થોડી અતિશયોક્તિ લાગે. ગમતાં દૃશ્યોને એ એની સ્કેચબુકમાં ઝડપી લેતો. આ રેખાંકનો પરથી એ ચિત્રો સર્જતો. એ ખૂબ જ ત્વરાથી ચિત્રો દોરતો. ઝડપથી ચિત્રોનું નિર્માણ કરી શકાય એ હેતુથી એ રંગોમાં ટર્પેન્ટાઇન ઉમેરીને એને પાતળા કરતો. એ કૅનવાસને બદલે મોટે-ભાગે પૂંઠાં પર ચીતરતો, જેથી રંગો ઓછા સમયમાં સુકાઈ જાય. એણે ફોટોગ્રાફીની સ્નેપશૉટ ટૅક્નિક અપનાવેલી. દેગા તથા માનેની જેમ એ પૂરી લગન અને નિષ્ઠાથી ચિત્રોનું સર્જન કરતો. લિથોગ્રાફ બનાવવા એ સ્પિટિંગ ટૅક્નિક પ્રયોજતો. આ ટૅક્નિક મુજબ એ લિથોગ્રાફના પથ્થર પર જૂના ટૂથબ્રશ વડે રંગોનો છંટકાવ કરતો.

લોત્રેકની સીદી-સાદી લાગતી રેખાઓ અનેક અર્થઘટનો તારવી શકાય એવી ક્ષમતા ધરાવતી. ૧૮૮૦ પછી એની કલા પ્રગલ્ભ બનતી જણાય છે.

૧૮૯૦ પછી એની તબિયત લથડતી ચાલી. એ સાથે એની કલાનાં પણ વળતાં પાણી થયાં. ૧૮૯૬માં એણે એનું છેલ્લું નોંધપાત્ર પોસ્ટર બનાવ્યું. એ પછીનાં ચિત્રોમાં રંગો ઘટ્ટ બનતા ગયા ને એ ચિત્રોનો ટોન પણ ભારેખમ થતો ગયો. એણે કુલ ૩૧ પોસ્ટરો સર્જ્યાં છે. પોસ્ટરો તથા ગ્રાફિક ડિઝાઈન ક્ષેત્રે લોત્રેકનું પ્રદાન ઉલ્લેખનીય છે. પોસ્ટર-નિર્માણના કસબને એણે કલાનો મોભો બક્ષ્યો. એનાં ઘણાં પોસ્ટરો ઉત્તમ કલાકૃતિઓની ઊંચાઈ સિદ્ધ કરે છે.

Le Divan Japonais : આ કૃતિ લોત્રેકની લિથોગ્રાફી કલાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. અહીં ચિત્રકારે ચાર જ રંગો - નારંગી, પીળો, લીલો અને કાળો પ્રયોજ્યા છે. ચિત્રમાં નાયિકા ઊગતા સિતારાની જેમ અદાથી બેઠી છે. નાઇટ કલબની વૃદ્ધ ગાયિકા સ્ટેજ પર કશુંક ગાઈ રહી છે.



આલ્બિના મ્યૂઝીઅમમાંનું વેશ્યાગૃહનું પ્રસિદ્ધ ચિત્ર

At the Moulin Rouge (1892) : આ કૃતિના સર્જનનો પ્રારંભ લોત્રેકે ૧૮૯૨માં કરેલો. ચિત્રમાં ક્લબના બારમાં એના મિત્રોને બેઠેલા દર્શાવ્યા છે. એનાથી ખાસ્સા ઊંચા એવા એના પિતરાઈ ભાઈની બાજુમાં કલાકારે પોતાને પણ દર્શાવ્યો છે. નર્તકી La Gaulue કેશગુંફન કરી રહી છે. સ્ત્રીનો ચહેરો દર્શાવતો ચિત્રનો ભાગ કલાકારે મૂળ ચિત્ર સાથે પાછળથી જોડી દીધેલો. એ સ્ત્રીનો ચહેરાનો લીલો રંગ ચિત્રમાં આગળના ભાગને ધ્યાનાકર્ષક બનાવે છે. પિતરાઈ ભાઈને કલાકારે તુર્કી હૅટ પહેરાવી છે. ચિત્રમાં ઉપસ્થિત બધાની હૅટો તથા વાળની શૈલીઓ ભિન્ન છે. પાત્રોની લાક્ષણિકતાઓ કલાકારે બઢાવી-ચઢાવીને નિરૂપી છે. પોતાનું વામણાપણું ઉપસાવવા એણે પોતાને સહેજ ઝૂકેલા, ખાસ્સા ઊંચા પિતરાઈની બાજુમાં ઊભો કરી દીધો છે.


At the Circus Fernando : આ કૃતિ લોત્રેકની ગ્રાફિક સ્ટાઈલનો ઉત્તમ નમૂનો છે. પોસ્ટરમાં રિંગ માસ્તર આ ઘોડેસ્વારનું ચિત્રણ અતિશયોક્તિ ભર્યું થયું છે. એ કારણે એ ઠઠ્ઠાચિત્ર બની રહે છે.

Jane Avril at the Jardin de Paris : નર્તકી જેનનું આ પોસ્ટર ખૂબ જાણીતું છે. લોત્રેકની આ માનીતી નર્તકી કેન-કેન પ્રકારનું નૃત્ય સારું કરી જાણતી.

Aristide Bruant at the Ambassadeurs : આ પોસ્ટર કેબેરે ગાયકનું છે. એનું ચિત્રણ જરા ટીખળી લાગે. ચિત્રમાં બ્રૉંતેએ વિશિષ્ટ પ્રકારની હૅટ પહેરી છે. તથા ગળે ગુલાબી રંગનો દુપટ્ટો બાંધ્યો છે. બારણામાં પ્રવેશ કરી રહેલ પાત્ર કૃતિને ક્લબનો માહોલ બક્ષે છે.

The Dance of the Mouline Rouge : આ ચિત્ર લોત્રેકની પ્રિય નાઇટ-ક્લબનું છે. ચિત્રમાં નર્તકી La Gaulue નૃત્ય રજૂ કરી રહી છે. હૅટધારીઓ નૃત્ય માણી રહ્યા છે. આ ચિત્રનું સર્જન પૂરું થતાં પહેલાં જ ક્લબના માલિકે એ ખરીદી લીધેલું.

La Goulue entering the Moulin Rouge : આ ચિત્રમાં



પાત્રોના વિશેષોને ઉપસાવતાં લોત્રેકનાં કેરિકેચર

નર્તકીના ચહેરાની રેખાઓ તુચ્છકારનો ભાવ વ્યક્ત કરે છે. એના ચહેરા પર પથરાયેલ કૃત્રિમ પ્રકાશથી એ રેખાઓ વિશેષ વિકૃત થયેલી લાગે છે. નર્તકી એની સખી તથા બીજી એક સ્ત્રીના હાથમાં હાથ પરોવીને ક્લબમાં પ્રવેશતી દર્શાવાઈ છે.

The Salon at the Rue Des Moulin : આ ચિત્રમાં વેશ્યાગૃહનો સુશોભિત ખંડ દર્શાવ્યો છે. આ ખંડમાં વારાંગનાઓ લાલ રંગના મુલાયમ કિંમતી સોફાઓ પર ગ્રાહકોની પ્રતીક્ષા કરતી બેઠેલી જણાય છે. વેશ્યાગૃહોની મુખ્ય સ્ત્રી અક્કડ મુદ્રામાં એમના ભેગી બેઠી છે. લોત્રેકે પોસ્ટરોમાં વારાંગનાઓને ગૌરવ પ્રદાન કર્યું છે.

The Female Clown Cha-u-kao : આ ચિત્રમાંની નાયિકા લોત્રેકની પ્રિય નર્તકી હતી. ચિત્રમાં એ એના પીળા રંગનો ગળપટ્ટો છોડી રહી છે. દેખીતી રીતે એકાકી લાગતી Cha-u-kao હકીકતમાં તો એક સદ્‌ગૃહસ્થ સાથે ભોજન લઈ રહી છે. પાછળના અરીસામાં ઝીલાતા પ્રતિબિંબ દ્વારા લોત્રેક શાના સાથીદારની ઉપસ્થિતિ કલાત્મક રીતે સૂચવી છે.

The Jokey : આ ચિત્રમાં ગતિનો આભાસ ઊભો કરવાનું કામ અઘરું છે. લોત્રેકે આ દુષ્કર કામ આ ચિત્રમાં સિદ્ધ કર્યું છે. ચિત્રમાંના એકાદ પાત્રને ચિત્રની કોરથી છેદીને ચિત્રમાં ગતિનો આભાસ ઊભો કરી શકાય એ લોત્રેક જાણતો. આ ચિત્રમાં એણે એ યુક્તિ પ્રયોજી છે. ચિત્રની ડાબી બાજુની કોરથી ઘોડાના પાછલા પગ કલાકારે છેદી નાખ્યા છે. એટલે ઘોડો ચિત્રની સ્પેસ સોંસરવો દોડીને દૂર જતો હોય એવો ભાસ થાય છે. ચિત્રમાં ઘોડાને ત્રાંસો ચીતર્યો છે, એ કારણેય એ આપણાથી દૂર જતો લાગે છે. ઘોડા તથા એમના સવારો પવનની સામેની દિશામાં ગતિ કરી રહ્યા છે. એ સવારોનાં વસ્ત્રો ફરફરતી ધજાઓ દ્વારા સૂચવાયાં છે.

પણ હવે એનું સ્વાસ્થ્ય એને ઝાઝી યારી આપતું નો'તું. ૩૬ની વયે એ ૬૩નો હોય એવો લાગતો ને એક દિવસ દરિયાકિનારે ટહેલતાં એ બેભાન થઈને નીચે પટકાઈ પડેલો. શરાબ અને સુંદરીઓના શૉખે એનો ભોગ લીધો. ૯-૯-૧૯૦૧ને દિને, એણે વિદાય લીધી ત્યારે માંડ ૩૬ પૂરાં કરેલાં.

- હરિત પંડ્યા : નટુ પરીખ

—— અ વ લો ક ન ——

દીપ્તિમંત ક્ષણોભરી ઘટના-શ્રેણી

રાધેશ્યામ શર્મા

અંગ્રેજી ભાષામાં 'હૅપનિંગ્ઝ'નામે ૧૯૫ પૃષ્ઠની, ૮૮ બહુરંગી તસવીરો ધરાવતી આ છબીપોથીની ઓળખ 'જર્નલ' તરીકે ભલે આપી, હકીકતે આ સંગ્રહ એક સવ્યસાચી કલાકારની કૅમરા-કળાનો એક ઑર યાદગાર ઉપહાર છે. અશ્વિનને 'સવ્યસાચી' એટલા માટે કહ્યા કે તે કૅમરાના ક્લિક કવિ જ નથી, ગુજરાતી ગિરાના ધ્યાનાર્હ ગદ્યસર્જક પણ છે.

રણજિત હૉસ્કોટ જેવા કલામર્મજ્ઞ કવિએ પ્રસ્તુત સંચયના આમુખમાં છબિકારના અંગ્રેજી ગદ્યવાર્તિક સંદર્ભે 'દર્શન' શબ્દ સૂચક રીતે પ્રયોજ્યો છે સામાન્યપણે ફોટોગ્રાફ નીચે સમય-સ્થળ યા વસ્તુ-વ્યક્તિ વિશે દસ્તાવેજી મૂલ્યવાળી લીટીઓ મુકાય છે. વળી મોટે ભાગે તસવીરોને જ બોલવા-કહેવાનું સ્વાતંત્ર્ય મળે છે, જ્યારે અહીં ચાલુ ચીલાને ચાતરીને જમણી તરફ કેવળ છબીઓને પૂર્ણ અવકાશમાં રમતી મેલી, સામેના પાને ડાબી બાજુ કૅમરામેનની કાવ્યમય દાર્શનિક કમેન્ટ્સ સાથે જરૂરી માહિતી છપાઈ છે. આમ કર્તાનું 'દર્શન', એક તરફ એમની તસવીરી-તસવ્વુરના મુદ્રણમાં અને બીજી બાજુ આલેખકના જીવન-અભિગમમાં પ્રકટ થયું છે. પોથીમાંથી પસાર થનાર પ્રત્યેક દર્શક માટે ઉભય લાભ-તુષ્ટ થવાની સંભાવના પાકી છે. તસવીરોને જોવાની-મોહવાની અને સર્જકચિંતકના વિચાર-અનુભવ-કલ્પનામાં વિહાર કરવાની પૂરતી મોકળાશ છે. આવું પ્રકાશન આ લખનારની જાણ-અજાણમાં કદાચ સર્વપ્રથમ છે. 'કૅપ્શનની કન્સેપ્ટ'ને અહીં તદ્દન પલટી આપી છે.


છાયા પ્રકાશ-આયોજન, સૂચક સંકેત અને દૃશ્ય પદાર્થનો સાક્ષાત્કાર કરી દર્શકને પણ સમસંવેદક બનાવવો સહેલો નથી. દૃશ્ય નિહાળ્યું અને દૃશ્ય કૅમરામાં ઝડપી ઝીલ્યું વચ્ચે જે સૂક્ષ્મતમ વિરામ છે એમાં છબીકારે તે ક્ષણે નિષ્કંપ દશા સિદ્ધ કરી હોય તો જ દીઠેલું દેખાડી શકાય. પોથીના પ્રારંભે જ સૂત્ર પ્રસ્તુત છે : न कम्पते ज्ञः।। વિબુધજનો બનાવોથી હાલી ઊઠતા નથી, સમય સમક્ષ કદી કંપી પડતા નથી. જગતપ્રસિદ્ધ છબીકળાધર હૅન્રી-કાર્ટિયર-બ્રેસન, કૅમરાની ક્લિક ક્ષણને સમયસંદર્ભે અતિ મહત્ત્વની ગણતો, સાથે કહેતો કે સમર્થ માછીમાર, માછલાં પકડવાની પ્રારંભિક પળો પૂર્વે, પાણીને સખળડખળ હલાવી દેતો નથી ! દૃશ્ય-પળનું પતંગિયું ફરરર્ ઊડી ના જાય એવી પ્રશાન્તિથી બટન દબાવવું પડે ! અહીં મૅન-કમ-મશીનનો કલ્પનાપૂર્ણ સંગમ જોવા મળે છે ત્યારે નિઃસ્પંદનમાં સ્થિર ચેતનાની અકલ્પ્ય ગતિનો અનુભવ સાંપડે છે. સાથોસાથ અમેરિકા, બ્રિટન, થાઈલૅન્ડ, સ્વિત્ઝર્લૅન્ડ કે સ્વદેશનાં સ્થાનવિશેષોની પરિસ્થિતિઓની માહિતી પણ એમના દિક્-દર્શન ભેળી મળે છે.

માનસશાસ્ત્રની પરિભાષામાં પણ 'પર્સેપ્ચ્યુઅલ કૉન્સ્ટન્સી' - પ્રત્યક્ષી-કરણની સ્થિરતાની વાત આવે છે. દા.ત. ભૂરા રંગની કોઈ મોટરકાર વિભિન્ન તીવ્રતાવાળા પ્રકાશમાં, ભિન્ન ભિન્ન સ્થળે, જુદા જુદા સમયે અમુક રંગછાયા અને આકારની દેખાશે.

'હૅપનિંગ્ઝ'માં પણ આવી સ્થિરતા અને ગતિ, ઉપરાંત ગતિમાં સ્થિરતા તથા સ્થિરતામાં ગતિની પ્રતીતિ થશે. આવું શક્ય ક્યારે બને ? કલાકાર અને દર્શક ઉભય, અહં-નામ-રૂપનો ત્યાગ ક્યારે કરે કે જ્યારે સકલ દૃશ્યપરમ્પરા 'સ્વ'માં રહેલી અનુભવે ત્યારે. આ 'સ્વ' જ 'સર્વ' સુધી વ્યાપી વળે. છબીકારનો 'અહં' અહીં તિરોધાન પામ્યો હોય ત્યારે જ દીપ્તિમંત ક્ષણોની સંઘટનાઓ, ફિનૉમિનલ રંગ-રૂપોના સાક્ષાત્કારમાં પરિણમે !

સાવ સાધારણ દૃશ્યો કે વસ્તુઓને અશ્વિની કૅમરાકલા ચમત્કારની સુરભિથી આચ્છાદિત કરી શકે છે : વાદળાંની સામે છાપરાં-પતરાંનું પ્રેત, ખૂણા તરફ વળતાં વેંત વરતાતું બારણું, કાંઠા પર પડેલી ટ્રાયસિકલ, મોજાંની ટોચે હોડી જેવાં કલ્પનો રમણીય નજરાય છે એટલાં જ રહસ્યસભર કાવ્ય-મયતાને ઉદ્‌ભાસિત કરે છે. વિસ્મય થાય કે આ બધું કેવું ભેદી, ચમત્કૃતિભર્યું છે. રૂમી યાદ આવે તો ઉલ્લસિત થઈ જવાય :

જામમાં જળ હોય કે ઝરણામાં



છબી ક્રમાંક ૧૫: કેલિફોર્નિયા, યુ.એસ.એ.

એ કંપે છે કોઈ ગુપ્ત હાથથી
દીવાલ પર કંપતા પ્રકાશને
શું તમે કદીયે જોયો નથી ?
એ પોતે જ સ્વયં પ્રકૃતિ છે, મારા દોસ્ત,
એક નર્તન, એક દેહમાંથી
પ્રત્યેક ક્ષણે પ્રકટતો પ્રકાશ
એનો જ ચમત્કાર. (અનુ.સુ.દ.)

છપ્પનભોગના થાળની જેમ 'હૅપનિંગ્ઝ'માં ૮૮ કલરપ્લેટ્સ દૃષ્ટિ સમક્ષ ખૂલે છે અને પ્રત્યેક તસવીર આસ્વાદ લઈ શકે એવો પ્રેક્ષક એને મળી રહે એવી એની પહોંચ છે. છવિમઢી પ્રકૃતિનાં, ઝાડપાન, પર્વતપથ્થર, સમુંદરજળ..., વાહન, મકાન-બારી-બારણાં અને સૌથી વિશેષ આકાશનાં બહુવિધ અભ્રરૂપો નીરખતાં થાય કે ક્યું ફૂલ લઉં, કઈ ઝૂલ લઉં ! દર્શક પોતાના રસરુચિ-દૃષ્ટિ અનુસાર 'અપની અપની પસંદ' ન્યાયે માણી-પ્રમાણી શકે.

આલ્બમના આવરણ પર હરિત ઘાસલ ઢોળાવ, લાલ ત્રિકોણના સ્ટૅન્ડમાં ફ્રેમ કરેલું કાળુંમેશ બકરું ફોરગ્રાઉન્ડમાં અને પાર્શ્વભાગે ઝળૂંબતાં નીલશુભ્રવર્ણ વાદળ-રૂના પોલની જેમ ગગનમાં વ્યાપી વળ્યાં છે. પ્રથમ છબીમાં પણ પર્વતીય ઢોળાવ પર પીળચટ્ટા વર્ણનું સૉલ્ટ-બીન અસ્તાચલે જતા પ્રકાશની ઘેરી કથ્થઈ છાયામાં ઝળક્યું છે ત્યાંથી ઘટનાની યાત્રાનો આરંભ મંડાયો છે. દૃશ્ય-ઘટનાઓને દર્શનથી જ પામી શકાય. શબ્દાર્થ સહિત વ્યક્ત થતું કાવ્યમાધ્યમ અહીં નથી. અહીં વેરાયેલા, કૅમેરાએ મૂર્ત કરેલા વિવિધ વિભિન્ન રંગોને લાલ, પીળો, વાદળી જેવાં વિશેષણોથી નવાજીએ તો બહુ બહુ તો આટલું કહી શકાય કે સંગ્રહસ્થ છબીઓમાં નીલ-સુનીલ, શુભ્ર-શુક્લ વર્ણથી પરિપ્લુતિ પામેલું આકાશ જ પ્રસરી રહ્યું છે.

૧૭મી છબીમાં કાષ્ઠસેતુના કોણથી ટર્કિશ બ્લ્યુ ગગનનો નઝારો, નંબર ૪૬માં છાપરાની ટોચ પર રહેલ કંડક્ટરની અણી અભ્રભેદતી અણી, ૪૮માં દરિયાનાં નીલઘન જળની અડોઅડ ગર્વોન્નત ખોડાયેલો શ્વેત લૅમ્પ-શેડ, ૬૧માં દરિયાની ઓટના તટે-ગીતાના ઊર્ધ્વમૂલ અધઃશાખાની સ્મૃતિ જગવતાં - નાળિયેરીવૃક્ષો, બાવનમાં બહુરંગી છાપરાની સફેદ કિનાર પર ઊડતું ભેદી વાદળું અને એ જ પ્રમાણે છબીક્રમ ૮૦થી ૮૭ સુધી જુદા જુદા ઍન્ગલમાં જેવું ખ-ગોળદર્શન થાય છે, એવું જ છબીકારની સમાન્તર કમૅન્ટસ્થી એમનું આંતર-દર્શન પણ પ્રકટ થાય છે. એક જુઓ ને આગલું ભૂલો અને આગળનું પેખી, પાછળનું ભૂલો એવાં અહો રૂપમ્, અહો ધ્વનિ અહીં વ્યંજિત છે.

જેમ શબ્દથી ચિત્ર ના ચીતરી શકાય તેમ શબ્દથી દૃશ્યની રિદ્ધિ પણ ના વર્ણવી શકાય. રંગોના નુઅન્સિઝ પણ કહેવા દુષ્કર કેમ કે જોનારાનું આત્મલક્ષી આરોપણ પણ રંગવર્ણનમાં ઉમેરાઈ જાય. વધુમાં વધુ પદાર્થોની સ્થિતિ, વસ્તુઓનું પોત, એના પર ઝલમલતી છાયાપ્રકાશની લીલા અને સર્વોપરિ રહેતું છવિકારનું ફ્રેમિંગ તેમજ કૅમેરાના માધ્યમથી પ્રસવતો 'પૉઈન્ટ ઑવ વ્યૂ' વર્ણવી શકાય. આ દૃષ્ટિએ પુનરાવર્તન પામતા બૅન્ચ, બાંકડો, ખુરશી, નાળિયેરીનાં વૃક્ષ સળિયાને સાંકળતા ફોટોગ્રાફ્સ નીરખીને નાણવા ઘટે.

૨૦ નંબરનું છવિદૃશ્ય કૅલિફોર્નિયાની ડેથવેલિમાંથી પસાર થતાં બીમાર પડેલા છબીકારને ઝેબ્રિસ્કી પૉઈન્ટ પર એક સઘન શ્યામ રંગે રંગાયેલી પાટલી કચકડે મઢવાનું મન થયું, પૂરતું ના હોય તેમ અવસાદ દશામાં તે પાટલી પર સાક્ષાત્ મૃત્યુ બેઠું હોય એવો આભાસ 'ઇચ્છા-મૃત્યુ'ની નવીન અર્થદિશા તરફ દોરી ગયો ! એ જ ચાલે ૨૨મી દૃશ્ય-ઘટનામાં લાલચોળ બૉર્ડરવાળી અતિ શ્વેત બૅન્ચ પર કોઈ બેઠું નથી, તાત્પર્ય કે શૂન્યોપનિષદનો અહેસાસ થાય ત્યાં ! ૬૩મી તસવીર પણ કાળા તપખીરિયા વર્ણના ગેંડાના પોત શા પ્રૉજેક્ટેડ ઝાડથડની ઓટલાધારે, કૉન્ટ્રાસ્ટથી ધ્યાન કર્ષતો સફેદી ઓઢેલો અટૂલો ખાલીખમ બાંકડો પ્રદર્શિત કરે છે.

ખુરશી થીમનો બે વાર વિનિયોગ, એક સાથે માનુષી અપેક્ષા અને નકિંચિતની અનુભૂતિને ઉજાગર કરે છે. પાંચમી છબી લંડનમાં લેવાઈ ત્યાં વંધ્ય વેલઝૂલોને બૅકગ્રાઉન્ડમાં રાખી ૪ ખાલી ખુરશીઓ વચ્ચે એક લાલ ગોળ ટેબલ ઝિલાયું છે. આને શૂન્યની જ ગોળમેજી પરિષદ માનવી પડે ! ત્યાંથી હનુમંત કૂદકો લગાવી ૪૧મી તસવીર તામિલનાડુમાં પહોંચીએ તો ત્યાં ય એક શ્વેતવર્ણી વિમુખ ખુરશી ન્યાળવા મળશે, પણ રહો-ખુરશીની જાળીદાર સીટમાંથી ઝમેલો પ્રકાશ અને જાળીદાર પ્રકાશને ક્રૉસ કરતા નાળિયેરી તરુશાખાની પ્રલંબ છાયા દૃશ્યને કોઈ નિગૂઢ હૂંફ આપે છે. વાન ગોગની ચિત્રકૃતિ ખુરશી વિશે કો'કે કહ્યાનું સાંભરે, 'નો વન પેઈન્ટેડ અ ચૅર લાઇક ધૅટ !' અશ્વિનની ખુરશી, પાટલી પણ એવી પંક્તિમાં આવી બેસે એવી છે.

કલરસેન્સ માટે ધ્યાનપાત્ર બે બ્લૅક-બ્રાઉન પાટલી ૨૫મી છબીમાં ભૂલી ના શકાય. દૃશ્યસંયોજન જુઓ, બે બ્રાઉન કલરનાં બંધ બારણાંને લાકડાની પાટલીઓ ક્રૉસ કરે છે. પરંતુ મધ્ય, મધ્યસ્થી કરતાં વૃક્ષથડનો ઘનીભૂત કૃષ્ણવર્ણ ભાવકનેત્રને પણ સ્થાણુવત્ રોપી દે છે !

નાળિયેરીનું વૃક્ષ, છબી ૪૨માં સ્વીમિંગ પુલની વચ્ચોવચ પ્રવહમાન પડછાયા રૂપે ગતિમાન પ્રતીક લેખે ઝિલાયું છે. ત્યાં દૂર તટસ્થ બેઠકો પણ મનુજરહિત 'ખાલી ખાલી ખુરશિયાં' જેવી નજરાય છે !

તસવીરો જેવી કે ૨માં પરિગ્રહ-મૃત્યુનો અધ્યાસ અર્પતા લાકડાના સંઘેડા- ઉતાર ગોળ ગોળ કટકા, ૯માં ઇડરિયા ગઢની ગોળમટોળ મસમોટી શિલાઓની યાદ દેતી શલ્યાઓ, ૧૩માં સૂર્યોપજીવી સળિયાભરી વાડની છરકાતી રેતભાત, ૨૪માં રિલ્કેની પંક્તિની યાદ અપાવતી બારી (ચુઆંગ્સેને આવું જ થયેલું કે પતંગિયાને માણસનું કે માણસને પતંગિયાનું સ્વપ્ન આવેલું !?), ૯૩માં હરિતવર્ણ સૂરજની તેજછાયા વચ્ચે ઊભેલું અર્ધ વૃક્ષથડ, ૪૪માં અરધીપરધી ભગવી બારીની આસપાસ પાળાની જેમ વીંટળાયેલી લીલીવેલ (જે મીરાંની પદાવલિની સ્મૃતિ કર્તામાં રણઝણાવે છે) અને ૬૭માં પિત્તવર્ણા પત્રો, એની આગળ ખાદી ખડબચડી સફેદ પાળી અને એની આગળ કેન્દ્રસ્થ રાતો રક્તચટાક પીલર ચિત્તમાં ચોંટી જાય છે.

ઊડતાં પંખીઓને ઘણા કૅમેરામૅન ઝડપે છે, પણ અહીં થીજીને ઠાકોર થયેલી વાસંતી સરોવરના પ્રતિબિંબનમાં મરીમરીને પડતાં પંખીઓનું સરરિયલ દૃશ્ય (૫૦) અને ૬૫મી



છબી ક્રમાંક ૧૭: ફ્લોરિડા (યુ.એસ.એ.)

છબી સ્વિસ ગામડામાં છબીકારે છાપરાના પ્રત્યેક નળિયામાં શોક અને મૃત્યુની તીવ્ર અનુભૂતિ કરી જે મર્મભેદક વાર્તિક અર્પ્યું તે જીવનાન્તની અપરિહાર્યતા અને યથાર્થતાને સચોટ અભિવ્યક્તિ આપે છેઃ 'હું અને મૃત્યુ તદ્દન અવિભક્ત છીએ. અવિરત અહંશૂન્ય અસ્તિત્વની સ્થિતિ દ્વારા જ મૃત્યુને અંડોળી શકીએ.' અષ્ટાવક્રે પણ અહંકાર અને મોક્ષસંદર્ભે સ્પષ્ટ કથ્યું છેઃ 'યદા નાહં તદા મોક્ષો, યદાહં બન્ધને તદા'

નિરહંના તંબૂમાં ડેરા હોય ત્યાં સમયનું સાનભાન શૂન્ય થઈ રહે છે. (તસવીરોની સામે આલેખાયેલાં વિધાનોમાં કાવ્યમય ચિંતન અને બહુશ્રુતતાના સ્ફુલ્લિંગ ઊડતા અનુભવાશે, પણ દંભડોળ, આડંબર, મીંઢાપણા પર તિર્યક વ્યંગ-તીર વછોડતા કર્તા વરતાય તો ત્યાં બોધક બનવાની વૃત્તિ કરતાં કરુણાનો જ કેસરિયો વર્ણ પ્રતીત થશે.) દૃશ્યરૂપ પૃથ્વી અને પ્રકૃતિના વૈભવને શબ્દોથી તેમજ કૅમેરાથી અંજલિ અર્પનાર છવિસર્જક અશ્વિન મહેતાની છવીસમી છબી અને એની સામેના પાને વંચાતાં આ વાક્યો એક કળાકારના નિરીક્ષણની ગહરાઈનો સાક્ષાત્કાર પણ કરાવે છે : 'ફૂટપાથ પર પડતો વૃક્ષનો છાંયો સમયના આવાગમનને અંકિત કરે છે ખરો, પણ તેથી શું વૃક્ષની હયાતિની ગરિમાને ઘટાડે છે ?'

—કલાવૃત્ત—

ભૂપેન ખખ્ખરની ચિરવિદાય

મુંબઈમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કારકિર્દી છોડી કલા પરત્વેની રુચિને પોષવા અને વિકસાવવા ભૂપેન વડોદરા આવ્યા અને જાણીતા ચિત્રકાર-મિત્ર ગુલામ શેખનું માર્ગદર્શન તથા પ્રોત્સાહન પામી ચિત્રો સર્જવાની શરૂઆત કરી. વડોદરાની ફૅકલ્ટી ઑવ્ ફાઈન આર્ટ્સ્‌માંથી આર્ટ ક્રિટિસિઝમનો અભ્યાસક્રમ પૂરો કર્યો. ઓગણીસો સાઠના મહત્ત્વપૂર્ણ દસકામાં વડોદરા સ્કૂલના તેઓ એક નોંધપાત્ર ચિત્રકાર તરીકે આગળ આવ્યા. એક સમયે સન્ડે પેઇન્ટર તરીકે ઓળખાતા ભૂપેને તેમની શરૂઆતની કારકિર્દીમાં ચર્ચાસ્પદ એવાં દેવ-દેવીઓનાં ચિત્રો પૉપશૈલીને અનુસરીને સર્જ્યાં. ત્યાર પછીનો તેમનો સૌથી મહત્ત્વનો કલાયાત્રાનો તબક્કો હતો તેમના નૅરેટિવ-કથનાત્મક ચિત્રોની એક નોંધપાત્ર ચિત્રશ્રેણી. વળી, આ સમય દરમ્યાન તેમણે એક ધંધાને લગતી - ટ્રેડ શ્રેણી પણ તૈયાર કરી. દરજી, વૉચ-રિપેરર જેવાં ધંધાદારી, મધ્યમવર્ગીય શહેરનાં પાત્રો તેમની વિશિષ્ટ શૈલીમાં સર્જાયેલાં ચિત્રોમાં તેમના માહોલ સાથે જીવંતરૂપે રૂપાયિત થયાં. તેમનાં બે કથનાત્મક ચિત્રો 'તમે બધાંને ખુશ ન કરી શકો' તથા 'ગુરુજયંતીની ઉજવણી' ખૂબ પ્રશંસા પામ્યાં. તૈલરંગોમાં સર્જાયેલાં આ ચિત્રો ભૂપેનની જીવનને કટાક્ષમય તથા રમૂજીપણે જોવાની દૃષ્ટિ પ્રકટ કરે છે. આમ, ભૂપેન એક વાર્તાકાર, નાટ્યકાર તરીકે તેમની વિશિષ્ટ નિજી ગદ્યશૈલીને કારણે ગુજરાતી સમકાલીન સાહિત્યમાં પણ એક નિશ્ચિત સ્થાન પામ્યા છે. તેમની એક અપ્રકટ નવલકથા તેમના મૃત્યુ પછી પ્રકટ થવાની છે. આ વાર્તાસંગ્રહમાં ભૂપેનનાં સર્જનાત્મક ઇલસ્ટ્રેશન્સ પ્રકટ થયાં છે તથા તે સંગ્રહ અંગ્રેજીમાં પણ અનુવાદિત થયો છે. ભૂપેને ઉત્તમ ગુણવત્તાવાળી એચિંગની પ્રિન્ટ્સ પણ પ્રકટ કરી છે. વળી, જળરંગોમાં તેમણે સર્જનાત્મક પ્રયોગ કરી ઘણાં ચિત્રો સર્જ્યાં છે. આ ચિત્રોમાં તેમણે તેમના સમલિંગી જીવનને નિખાલસપણે દર્શાવતાં ચિત્રોએ કલાજગતમાં ખૂબ જ ઊહાપોહ તથા વિરોધ જગાવ્યો હતો અને કેટલેક સ્થળે તેમનાં આવાં ચિત્રો ઊતારી પણ લેવાયાં હતાં. છતાં તેમણે તો કલાત્મકપણે, બૌદ્ધિક પ્રામાણિકતા જાળવી આ ચિત્રો સર્જી તેમનાં સેલ્ફ પોર્ટ્રેટ્સ જ સર્જ્યાં હતાં. તેમના મસ્તકો પણ સેલ્ફ પોર્ટ્રેટ્સ છે. મૃત્યુના થોડા દિવસો પૂર્વે તેમણે બે મસ્તકોનું સર્જન કર્યું હતું.



ભૂપેનનાં સર્જનોમાં નિર્દોષતાની ગુણવત્તા હતી. તેમનાં સર્જનાત્મક ડ્રૉઈંગ્સ તથા ત્વરાલેખનોમાં આ જ નિર્દોષતા હતી. તેમાં ઍકેડેમિક વાસ્તવદર્શી પ્રકારનું ડ્રૉઈંગ નહોતું. આને લીધે ઘણા કલાકારો ભૂપેનને ઍકેડેમિક ડ્રૉઈંગ આવડતું નથી, એવી ટીકા પણ કરતા; છતાં ભૂપેને તેમની આ બિનઆવડત સર્જનાત્મકપણે તેમની શક્તિમાં બદલી નાખી હતી. તેઓ ખૂબ અભ્યાસી હતા અને નિખાલસ હતા. પોતાનાં ચિત્રોની ટીકાને પણ તેઓ આવકારતા અને પોતાનાં ચિત્રો તથા અન્ય ચિત્રકારો વિશે પણ તેમનો સ્પષ્ટ અભિપ્રાય આપતા. ભૂપેને ગ્લાસચિત્રો તથા પેપિયરમશીમાં શિલ્પો પણ સર્જ્યાં હતાં. સ્વાભાવિક છે કે આવા સતત સર્જનયાત્રા ચાલુ રાખનાર, મૃદુભાષી, વિચક્ષણ, અનન્ય પ્રતિભા ધરાવનાર જીવનના વેધક નિરીક્ષક તથા ટીકાકાર અને કલાકાર તરીકે પોતાની જાતને હંમેશાં વિકસાવનાર એવા ભૂપેનને રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિયક્ષેત્રે ખૂબ જ માન મળ્યું. ભૂપેનના મૃત્યુમાં આપણે કેવળ ગુજરાતનો જ નહિ, કિંતુ ભારતનો એક મહાન અનન્ય સમકાલીન કલાકાર ગુમાવ્યો છે.



પૂર્વ શ્રીલંકામાં આવેલા સૂતેલા બુદ્ધની મૂર્તિ

- બંસીલાલ દલાલ

અડકો દડકો

સર્વજ્ઞ અંકલ

ત્રણ ખુલ્લા ડબ્બાવાળી બતકગાડી એટલે નાનકડી એવી ટ્રેન ! એક રૂપિયાની ટિકિટ લઈ એમાં બેસવાનું. પાતળા પાટા પર દોડતી બતકગાડીના બતક જેવા ડબ્બા આખા બાગ ફરતો આંટો મારે. વચ્ચે બે નાનાં સ્ટેશન પણ આવે.

નીરજ બે વાર બતકગાડીમાં બેઠો. સર્વજ્ઞ અંકલની આજુબાજુ ઊભેલું એક મોટું ટોળું જોયું ને તે ત્યાં પહોંચી ગયો. બાગમાં ફુવારાથી થોડે દૂર સફેદ દાઢીવાળા સર્વજ્ઞ અંકલ ઊભા હતા. સર્વજ્ઞ અંકલ એટલે જ્ઞાનનો ભંડાર. જે કંઈ પ્રશ્ન પૂછો, એનો સાચો ઉત્તર આપે.

સર્વજ્ઞ અંકલને ઘેરીને ઊભેલા સૌ જાતજાતના અને ભાતભાતના સવાલ પૂછતા હતા. અંકલ એના જવાબ તરત જ આપતા. સૌને ભારે નવાઈ લાગતી. સર્વજ્ઞ અંકલ આટલું બધું કેમ જાણતા હશે ?

નીરજના મનમાં તો હજીય બતકગાડી - ટચુકડી ટ્રેન દોડતી હતી. અને એણે સીધો જ અંકલને પ્રશ્ન કર્યો :'હેં અંકલ, આપણા દેશની રેલગાડીઓમાં દરરોજ કેટલાં માણસો પ્રવાસ કરતાં હશે ?'

'એક કરોડ અને ૧૫ લાખથી વધારે !' અંકલનો જવાબ સાંભળી નીરજના મોંમાંથી નીકળી ગયું : અધધધ !! એની બાજુમાં ઊભેલી સુજિતાએ તો એ નોંધ પોતાની નોટબુકમાં કરી લીધી. સુજિતા સર્વજ્ઞ અંકલ પાસે આવતી ત્યારે નોટબુક-પેન લઈને આવતી. જે કોઈ પ્રશ્નો પૂછે અને અંકલ જવાબ આપે તે નોંધી લેતી. આમ એની ત્રણ-ચાર નોટબુકો ભરાઈ ગયેલી. એના જ્ઞાનમાં પણ ઘણો વધારો થયેલો. અત્યારે એ કંઈક પ્રશ્ન પૂછવા વિચારતી હતી, ત્યાં જ નીરજે બીજો સવાલ કર્યો : 'અંકલ, આપણા દેશમાં રેલવે-સ્ટેશનો કેટલાં હશે ?' સર્વજ્ઞ અંકલના મોંમાંથી જવાબ છૂટ્યો: 'આપણા દેશમાં ૬,૯૮૪ જેટલાં રેલવે-સ્ટેશનો છે !'

સુજિતાનાં ટીચર સપનાબહેન પણ આજે સર્વજ્ઞ અંકલને મળવા આવી ચઢ્યાં હતાં. સ્કૂલમાં પરીક્ષા લેતાં હોય અને વિદ્યાર્થીઓને અટપટા પ્રશ્નો પૂછે એમ સપનાબહેને પૂછ્યું: 'એક ઈલેક્ટ્રિક ટ્રેન દક્ષિણથી ઉત્તર તરફ જઈ રહી છે; તો એનો ધુમાડો કઈ દિશામાં જતો હશે ?'

'ઈલેક્ટ્રિક ટ્રેનને ધુમાડો હોતો નથી !' સર્વજ્ઞ અંકલનો જવાબ સાંભળી સૌ મુગ્ધ થઈ ગયાં.

નીરજનો મિત્ર પુલકિત પુસ્તકો વાંચવાનો બહુ શોખીન હતો. જ્યારે જુઓ ત્યારે એ સ્કૂલની લાયબ્રેરીમાં જ હોય. બસ પુસ્તકો જ વાંચ્યા કરે. પણ જ્યારથી આ 'સ્વીટી ચિલ્ડ્રન પાર્ક'માં સર્વજ્ઞ અંકલને ઊભા રાખવામાં આવ્યા ત્યારથી એ દરરોજ અંકલની મુલાકાતે આવતો. પુલકિત એની સ્કૂલના પુસ્તકાલયનો મંત્રી પણ હતો. એટલે એણે એવો જ સવાલ કર્યો :'જગતનું સૌથી મોટું પુસ્તકાલય કયું ? એ ક્યાં આવેલું છે ? અને એમાં કેટલાં પુસ્તકો છે ?' પુલકિતનો પ્રશ્ન મોટો અને અઘરો હતો પણ સર્વજ્ઞ અંકલ એટલે સર્વજ્ઞ અંકલ ! એમને ન આવડે એ તો બને જ નહિને ! અંકલે ફટ કરતાંકને જવાબ આપ્યો : 'વિશ્વનું સૌથી મોટું પુસ્તકાલય: 'લેનિન લાયબ્રેરી', તે રશિયાના પાટનગર મૉસ્કોમાં આવેલું છે. આ પુસ્તકાલયમાં બે કરોડ પુસ્તકો છે !' જવાબ સાંભળી પુલકિત પ્રસન્ન થઈ ગયો.

૯મું ભણતી હોંશિયાર વિદ્યાર્થિની કિન્નરીને જાણવું હતું કે, કયું પ્રાણી લાંબું જીવન જીવે ? સર્વજ્ઞ અંકલે જણાવ્યું કે, 'કાચબો ૩૦૦ વર્ષ જીવે !'

પૂર્વી એક માહિતી જાણીને આવી હતી, તેથી એણે પૂછ્યું : '૧૯૯૧ની ૨૫મી એપ્રિલે કયો વાર હતો ?'

'ગુરુવાર !' અંકલનો જવાબ હાજર !

એક સ્ટેચ્યુ ગાય કે બોલે, એ તો બરાબર પણ બધા સવાલોના જવાબ પણ આપે ! ગમે તે વિષયનો પ્રશ્ન હોય અંકલ સાચો જવાબ આપે જ. કમાલ કહેવાય ! શહેરના આ બાગમાં ઊંચી ડોક રાખીને ઊભેલા પથ્થરના જિરાફભાઈની નજીક એક ફુવારો હતો, અને એનાથી થોડાક આઘા સર્વજ્ઞ અંકલ ઊભા છે !

આ બાગ તો બાળકોનું સ્વર્ગ ગણાય છે ! અહીં અનેક પ્રકારનાં રંગબેરંગી ફૂલો કાયમ સુગંધીસુગંધી સ્મિત વેરતાં રહે છે. ઉપરાંત ઠેકઠેકાણે ફુવારા, અરીસાઘર, ખગોળદર્શનની ગુફા, માથા પર કલર ટી.વી. રાખીને ઊભેલા ભોલુભાઈ તો સાવ સાચુકલા જ લાગે ! પણ સર્વજ્ઞ અંકલ જ્યારથી આ બાગમાં આવ્યા ત્યારથી બાગ એક વિદ્યાલય જેવો થઈ ગયો ! જે જ્ઞાન મેળવવા ઇચ્છો તે સર્વજ્ઞ અંકલ પાસેથી મળે. સવાલ પૂછવા પડે.

સર્વજ્ઞ અંકલની આખા શહેરમાં વાતો થતી. વિજ્ઞાનકેન્દ્રવાળા વિપિનભાઈ કહેતા : 'આ તો આપણા શિલ્પકાર ચિત્તલિયાભાઈએ પ્લાસ્ટર ઑફ પેરિસમાંથી બનાવેલું માનવ-આકારનું સ્ટેચ્યુ છે. એની અંદર એક સુપર કમ્પ્યૂટર ગોઠવેલું છે, તે બધા જવાબ આપે છે !' જે હોય તે, પણ બગીચામાંના આ સર્વજ્ઞ અંકલ વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક જેવા થઈ ગયા હતા. રવિવારે તો આ એમની ખુલ્લી સ્કૂલ હકડેઠઠ થઈ જતી. સર્વજ્ઞ અંકલના કાન પાસે મોં લઈ જઈને સવાલ કરવાનો. માઈક્રો-ફોન જેવા કાનમાંથી સૌને સવાલ સંભળાતો. પછી અંકલ એવા જ મોટા અવાજમાં જવાબ આપતા. આજે રવિવાર હતો. પ્રશ્નોત્તરી બરાબર જામી હતી. પત્રકારત્વનો અભ્યાસ કરતા પૃથ્વીશે સરસ પ્રશ્ન કર્યો : 'ભારતનું પ્રથમ છાપું કયું ?'

અંકલનો જવાબ વિગતવાર જ હોય; 'ઇંડિયાગૅઝેટ' ભારતનું પ્રથમ વર્તમાનપત્ર હતું. તે ઈ.સ. ૧૭૭૯માં કલકત્તાથી પ્રકટ થયેલું.'

પૃથ્વીશની બાજુમાં નરેન ઊભો હતો. તે નટખટ અને ટીખળી હતો. એણે સર્વજ્ઞ અંકલના કાનમાં મોં લઈ જઈને પૂછ્યું : 'મારા મિત્ર મયંકની જન્મતારીખ ૩૦-૨-૧૯૮૯ છે. તો તે તારીખે કયો વાર હશે ?'

સવાલ સાંભળી અંકલ હસ્યા. પછી એ પ્રશ્ન એમણે જ દોહરાવ્યો; 'ત્રીસ, બે, ઓગણીસો નેવ્યાસીએ કયો વાર હશે ?' થોડી વાર થંભ્યા અને કહ્યું : 'બીજો મહિનો એટલે ફેબ્રુઆરી. ફેબ્રુઆરીને ત્રીસમી તારીખ જ હોતી નથી, પછી વાર તો ક્યાંથી હોય ?'

એ પછી કોઈકે ગણિતનો, કોઈકે વિજ્ઞાનનો, તો કોઈએ વળી ભૂગોળ અને ખગોળના સવાલો પૂછ્યા. એમ ઘણા સવાલ પુછાયા. બધા પ્રશ્નોના જવાબ અંકલે આપી દીધા. નરેનને વળી પાછી ચાનક ચઢી. એણે ફરીથી એ જ પ્રશ્ન કર્યો :'મારા મિત્ર મયંકની જન્મતારીખ ૩૦-૨-૧૯૮૯ છે; તે દિવસે કયો વાર હશે ?'

અંકલે ફરી જવાબ આપ્યો : 'ફેબ્રુઆરીના ત્રીસ દિવસ હોતા નથી. પછી વાર ક્યાંથી આવે ?'

એ પછી જુદાજુદા છ-સાત સવાલો પુછાયા, જવાબ મળ્યા. વળી પાછો નરેન

આગળ ચાલ્યો. સૌને થયું; હવે એ શું પૂછવાનો હશે ? એણે એ જ પ્રશ્ન ત્રીજી વાર કર્યો : 'મયંકની જન્મ-તારીખ ૩૦મી ફેબ્રુઆરી ૧૯૮૯એ કયો વાર હતો ?

અને ભારે થઈ ! સૌ ચોંકી ગયા. સર્વજ્ઞ અંકલના મોંમાંથી ગુસ્સાભર્યો મોટો અવાજ નીકળ્યોઃ 'મૂરખ, બુધ્ધુ સમજતો નથી ! મેં બે વખત કહ્યું ફેબ્રુઆરીને ૩૦ દિવસ હોતા નથી. છતાં પાછો એ જ સવાલ પૂછ્યો ?!?'

અને અંકલની બંને આંખોમાં લાલ લાઈટ થઈ ગઈ ! તેમના કાનમાંથી ધુમાડો નીકળવા માંડ્યો. આ જોઈ સૌ ડઘાઈ ગયા. નાના વિદ્યાર્થીઓ તો મુઠ્ઠીઓ વાળીને ભાગી ગયા.

બાજુની ઑફિસમાંથી એક માણસ દોડતો આવ્યો. આવીને તાડૂકવા લાગ્યો : 'સર્વજ્ઞ અંકલને કોણે ગુસ્સે કર્યા ? કમ્પ્યૂટરને કોણે ચીઢવ્યું ? હવે એ નહિ ચાલે. રિપેર કરાવવું પડશે.'

આઠ દિવસથી બાગમાં એ જગ્યાએ પાટિયું મારવામાં આવ્યું છે, તેમાં લખ્યું છે : 'હાલમાં સર્વજ્ઞ અંકલ બીમાર છે, તેમની સારવાર ચાલી રહી છે.'

વિદ્યાર્થીઓનાં ટોળાં આવે છે. સર્વજ્ઞ અંકલને દૂરથી જુએ છે. પછી પાટિયાનું લખાણ વાંચે છે અને નિરાશ થઈ જાય છે. કેટલાક વળી ઑફિસમાં જઈને કમ્પ્યૂટર-ચાલક જેવા કોઈક માણસને પૂછે છે; તો એ જવાબમાં કહે છેઃ 'સવાલના જવાબ આપતું માણસ આકારનું કમ્પ્યૂટર ઝડપથી રિપેર થઈ રહ્યું છે.'

શહેરમાં એવી વાતો થઈ રહી છે કે : સર્વજ્ઞ અંકલને કોઈક મોટી બીમારી આવી છે !

સર્વજ્ઞ અંકલ જલદી જલદી સાજા થઈ જાય એમ સૌ કોઈ ઇચ્છી રહ્યાં છે.

- કરસનદાસ લુહાર

•

ગરુડ અને હાથીનો ઝઘડો

એક વાર ગરુડ અને હાથી વચ્ચે ઝઘડો થઈ ગયો.

એક ઊંચા ઝાડ પર ગરુડનું ઘર હતું. એક વાર હાથીએ એ ઝાડની ડાળ તોડી.

ગરુડે કહ્યું : 'એ...ઈ તું મારા ઝાડને કેમ અડ્યો ? અહીં અમારું પંખીઓનું રાજ્ય છે, પાંખો વગરનાંને અહીં આવવાની મનાઈ છે.'

હાથીએ કહ્યું : 'હું હાથી છું, હું કોઈની મનાઈને માનતો નથી.'

'હું ગરુડ છું, કોઈ મારો હુકમ ન માને તો હું એને સજા કરું છું. હું તને સજા કરીશ.'

'તું શું સજા કરવાનો હતો ? હું તને સજા કરીશ.' હાથીએ કહ્યું.

બીજે દિવસે ગરુડ આકાશમાં ઊડતો હતો. એટલામાં એણે જમીન પર એક મરેલો સાપ જોયો. સાપ એટલે ગરુડનું તૈયાર ભોજન. ગરુડે સાપને ઉપાડી જવા તરાપ મારી.

હાથી એના પર બરાબર નજર રાખી રહ્યો હતો. એણે કહ્યું : 'એ...ઈ, જમીન પરની કોઈ ચીજને અડકવાનું નથી. અહીં અમારું ચોપગાનું રાજ્ય છે. પાંખોવાળાંને અહીં આવવાની મનાઈ છે.'

ગરુડે કહ્યું : 'હું કોઈની મનાઈને માનતો નથી.'

હાથીએ કહ્યું : 'હું હાથી છું, કોઈ મારો હુકમ ન માને તો હું એને સજા કરું છું. હું તને સજા કરીશ.'

'તું સજા કરે તે પહેલાં હું તને સજા કરીશ.' ગરુડે કહ્યું.

તરત જ લડાઈ જાહેર થઈ ગઈ.

પશુઓ અને પંખીઓ વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. બંને પક્ષે ઘણા યોદ્ધાઓ મરાયા.

કપિએ આ લડાઈમાં ભાગ લીધો નહોતો. પશુઓ કહે કે તું ઝાડ પર રહે છે, એટલે તું પશુ નથી, અમને તારા પર વિશ્વાસ નથી. પંખીઓ કહે કે તું ચાર પગવાળો છે, એટલે તું પંખી નથી, અમને તારા પર વિશ્વાસ નથી. આમ બંનેમાંથી કોઈ પક્ષે એને પોતાના ભેગો ગણ્યો નહોતો. પણ લડી લડીને થાક્યા એટલે પંખીઓએ કપિને કહ્યું : 'તું ઝાડ પર રહે છે, માટે તું અમારો દૂત; તું અમારો વકીલ છે.' પશુઓએ પણ એવું જ કહ્યું : 'કપિ, તું ચાર પગાળો છે, એટલે તું અમારો દૂત, તું અમારો વકીલ.'

આમ કપિએ બંને પક્ષના વકીલ બની લડાઈ બંધ કરાવી.

લડાઈ બંધ થઈ, પણ બંને પક્ષે સંધિનો કરાર કરવાનો બાકી હતો, તેથી કપિએ કહ્યું : 'બંને પક્ષ એક જગાએ ભેગા થાઓ ને કરાર પર સહીસિક્કા કરો.'

ગરુડે ને હાથીએ એ વાત કબૂલ કરી. પણ મળવું ક્યાં ?

હાથીએ કહ્યું : 'નદી કિનારે મળીએ. સરસ જગા છે.'

(અનુસંધાન પૃ. ૭૪૯)

કંકાવટી

ગાંધીજીની જન્મદાત્રી પૂતળીબાઈ

પ્રત્યેક મહાન પુરુષની મહાનતા પાછળ કોઈ ને કોઈ સ્ત્રીનો સહયોગ પાયામાં પડેલો હોય છે. એ સ્ત્રી માતા, પત્ની કે પછી બહેન



સ્વરૂપે પણ હોઈ શકે ! આપણા રાષ્ટ્રપિતા અને હવે સહસ્રાબ્દી પુરુષ મહાત્મા ગાંધીજીની મહાનતા પાછળ પણ બે સ્ત્રીઓનો સુંદર સહયોગ અને અનેરું યોગદાન રહેલું છે. પહેલું યોગદાન તેમનાં જન્મદાત્રી પૂતળીબાઈનું અને પછી ધર્મ-પત્ની કસ્તૂરબાનું. આ સ્ત્રીએ ગાંધીજીની અનેક જોહુકમી અને હઠાગ્રહોને હસતે મુખે સહન કરી આદર્શ ગૃહિણીની ભૂમિકા અદા કરી હતી. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહો સમયે ગાંધીજીની પડખે ખભેખભા મિલાવીને આ કાઠિયાવાડી સ્ત્રીએ ગાંધીજીને પ્રોત્સાહન અને નૈતિક બળ પૂરું પાડ્યું હતું.

ગાંધીજી પોતાની માતા વિષે લખે છે કે, 'મારી માતા લગભગ સાધ્વી જેવી સ્ત્રી હતી. એનો પ્રભાવ મારા વ્યક્તિત્વ પર જાણે-અજાણે પડ્યો છે. તે મિતભાષી હતી. તેનો શાંત ચહેરો કળી ન શકાય તેવી અકથ્ય વેદનાનો પ્રતીક હતો. તે હસતી ઓછું પણ મૌન એકીટશે સતત જોઈ રહેતી. તેની આંતરિક વ્યથા મને-કમને ચહેરા પર લીંપાઈ જતી. તે દુઃખી છે તેવું કોઈ જોઈ કે કળી ન જાય તેની તે સતત કાળજી રાખવા થોડી થોડી વારે હસી પણ લેતી હતી. તે પૂજાપાઠ અને ધાર્મિક પ્રવૃત્તિમાં વધુ સમય ગાળતી હતી. પૂજાવિધિ કર્યા વગર ભાગ્યે જ જમતી. ગાંધીજીમાં આ સંસ્કાર માતાના વારસારૂપે ઊતર્યા હતા.'

પૂતળીબાઈનો જન્મ ઈ.સ. ૧૮૩૯માં મોઢ પરિવારમાં થયો હતો. તેમનું કુટુંબ તે સમયનું ખાધેપીધે સુખી અને શ્રીમંત કહી શકાય તેવું હતું. કરમચંદ ગાંધી તે સમયે પોરબંદર સ્ટેટના દીવાનપદે હતા. આ અગાઉ ૨૮ વર્ષ સુધી ગાંધીજીના પિતા કરમચંદ ગાંધી જૂનાગઢના દીવાનપદે રહ્યા હતા. પૂતળીબાઈ સાથે લગ્ન કર્યાં ત્યારે પિતા ચાલીસ વર્ષની ઉંમરના વિધુર હતા. પૂતળીબાઈના પિતાજી પણ શ્રીમંત સમૃદ્ધ વેપારી હતા, તેમ છતાં સામાન્ય કામ-ચલાઉ ગુજરાતી ભાષા વાંચી શકે તેવી પૂતળીબાઈની સ્થિતિ હતી. તેઓ ધાર્મિક પુસ્તકો, જેમાંની વ્રતકથાઓ વાંચી શકતાં. પૂતળીબાઈના ધાર્મિક સંસ્કારો ગાંધીજીમાં આબાદ રીતે ઝિલાયેલા દેખાય છે. તેમના પતિની સામાજિક અને કૌટુંબિક પ્રતિષ્ઠાને કારણે રાજદરબારની સ્ત્રીઓ સાથે પૂતળીબાઈનો સતત સંપર્ક રહેતો, તેથી પોશાક, ભાષા તેમજ રીતરિવાજોમાં તેની અસર વર્તાતી હતી. ઈ.સ. ૧૮૬૯ ગાંધીજીનો જન્મ ૨જી ઑક્ટોબરના રોજ થયો ત્યારે પૂતળીબાઈની ઉંમર ત્રીસ વર્ષની હતી.

માતા પૂતળીબાઈના જીવનની સાદગી ગાંધીજીએ ઝીલી હતી. સાધન-સંપન્ન કુટુંબમાં જન્મેલ હોવા છતાં પૂતળીબાઈ સાધ્વીની માફક ટાપટીપ વગરનું જીવન જીવતાં. ત્રણ વાર વિધુર થયેલ કરમચંદજી પણ થોડા કડક સ્વભાવના હતા, પૂતળીબાઈ તેમની હાજરીમાં ભાગ્યે જ કશું બોલતાં. થોડાં ભયભીત પણ રહેતાં અને ડરતાં. પૂતળીબાઈ જ્યારે ૩૭ વર્ષની ઉંમરનાં થયાં ત્યારે કરમચંદ (કબા ગાંધી) ગાંધીને પોરબંદરના દરબાર સાથે રાજકીય મતભેદ ઊભા થતાં પોરબંદર છોડી કુટુંબ રાજકોટ આવીને વસ્યું હતું. રાજકોટમાં દીવાનપદે નિયુક્તિ મળી. ગાંધીજીના સ્વછંદી સ્વભાવથી માતા સતત અકળાતી રહેતી હતી અને સતત વ્યથિત રહેતી.

ગાંધીજીએ આ પરિસ્થિતિ વચ્ચે માતાને હૈયાધારણ આપી કે, 'મને જો ભણવા ઈંગ્લન્ડ મોકલશો તો હું માંસ-મચ્છી કે મટન નહીં ખાઉં, દારૂ નહીં પીવું' આટલી ખાતરી લેવરાવ્યા બાદ જ માતા પૂતળીબાઈએ ગાંધીજીને વિદેશયાત્રાની સંમતિ આપી હતી.

ઈંગ્લન્ડ જઈ બૅરિસ્ટરની પદવી પ્રાપ્ત કરી ઈ.સ. ૧૮૯૧માં ૭મી જુલાઈએ ગાંધીજી મુંબઈ પરત આવ્યા; પરંતુ આ અગાઉ માતા દેવલોકવાસી બની ગયાં હતાં. પૂતળીબાઈ સુપુત્ર મોહનદાસને બૅરિસ્ટર તરીકે જોવા રહી શક્યાં નહિ પરંતુ તેનું સપનું સાકાર થયું તેનો તેમને ભગવાન પાસે રહ્યેરહ્યે પણ આનંદ હશે. - ડૉ. મહેશ એમ. ત્રિવેદી

('પથિક'માંથી ટૂંકાવીને)

મૅગ્સેસે અવૉર્ડથી સન્માનિત શાંતા સિંહા

હૈદરાબાદની પડોશમાં જ રંગા રેડ્ડી જિલ્લામાં બાળકોને શાળામાં મોકલવાને બદલે મજૂરી-ખતથી બાંધીને તેમની પાસે ફરજિયાત મજૂરી કરાવવાની પ્રવૃત્તિ જોશ-ભેર ચાલતી. આ બાળકોને મજૂરીના ફાંસલામાંથી છોડાવીને શિક્ષણના પ્રવાહમાં જોડવાનું કપરું કામ છે.



કેળવણીનાં કીમિયાગર શાંતા સિંહાએ પડકાર ઝીલી લીધો અને ૧૯૯૧માં પ્રથમ તબક્કે રંગા રેડ્ડી જિલ્લાનાં ત્રીસ બાળકોને બાળમજૂરીના બંધનમાંથી મુક્ત કરીને શાળામાં જતાં કર્યાં. પછી તો આ પ્રવૃત્તિને આપસૂઝ અને ખંતથી મહેનત કરીને તેણે વિશાળ સામાજિક આંદોલનરૂપે ફેરવી નાખી. આંધ્ર સરકારના શિક્ષણ ખાતાનો સહકાર મળ્યો; અનેક સામાજિક સંસ્થાઓ તેમાં જોડાઈ અને જોતજોતામાં આંધ્રપ્રદેશના આઠ જિલ્લામાં તેમનો સંદેશો પહોંચી ગયો. એક દસકામાં ૪,૫૦૦ જેટલાં ગામોમાંથી ૨,૪૦,૦૦૦ જેટલાં બાળકોને મુક્ત કરીને શિક્ષણ લેતાં કર્યાં. આ સત્કાર્ય બદલ ૨૦૦૩નો સમૂહ નેતૃત્વ માટે મૅગ્સેસે અવૉર્ડ શાંતા સિંહાને મળે છે.

શાંતા સિંહાએ દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટની ડિગ્રી મેળવી છે. હૈદરાબાદ યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રનાં પ્રાધ્યાપક છે. તેમના દાદા પ્રસિદ્ધ કેળવણીકાર અને ઇતિહાસવિદ્ હતા. પિતાએ સ્થાપેલ મામિદુપુડી વેંકટરંગૈયા ફાઉન્ડેશન (એમ.વી.એફ.) નામની સંસ્થા દ્વારા ઉત્તમ આયોજન કરીને રંગા રેડ્ડી જિલ્લાની સિકલ આ સન્નારીએ બદલી નાખી. એમ.વી.એફ. સંસ્થાએ પોતાના હેતુમાં મુખ્યત્વે બાળકોના વિકાસ આડે આવતા તમામ અવરોધો દૂર કરવાનું બીડું ઝડપ્યું છે. તેણે જાહેર કરેલા બાળકોના અધિકારપત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'તમામ બાળકોએ આખો દિવસ શાળામાં હાજર રહેવું આવશ્યક છે. શાળામાંથી ઊઠી જનાર બાળમજૂર ગણાશે; બાળકના વિકાસને માટે બાળમજૂરી મોટું જોખમ ઊભું કરશે એટલે બાળમજૂરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકાવો જોઈએ અને બાળમજૂરીને સર્વથા વખોડી કાઢવી જોઈએ.'

બાળમજૂરીને દૂર કરવાની પ્રવૃત્તિ ભારતમાં અન્યત્ર પણ ચાલે છે. કોલકાતામાં સીનીઆશા, ઓરિસામાં 'પ્રેમ' અને મુંબઈમાં 'પ્રથમ' જેવી સંસ્થા દ્વારા આ કામ ચાલે છે. આ આંદોલન છેક નેપાળ સુધી પહોંચ્યું છે જ્યાં ૧૫,૦૦૦ જેટલાં બાળકોને મજૂરી-ખતમાંથી મુક્ત કરાયાં છે. મુખ્યત્વે દૃષ્ટિમંત કેળવણીકારની આપસૂઝ અને ધીરજ તથા ખંતથી યોજેલી બુદ્ધિ-શક્તિથી તેઓ આ ચમત્કાર સર્જી શક્યાં છે. પદ્મશ્રી, આલ્બર્ટ શંકર ઈન્ટરનૅશનલ એજ્યુકેશન અવૉર્ડ, યુ.એસ. ઈન્ટરનૅશનલ ફેલોશિપ વગેરે પુરસ્કારથી તેઓ સન્માનિત થયાં છે. ('વિશ્વવિહાર'માંથી)

❑

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૭૪પથી

ગરુડે કહ્યું : 'ઊંહ ! નદીમાં મગર છે. હું જમીન પર ઊતરી વાત કરું એટલામાં નદીમાંથી મગર આવી મને ખાઈ જાય એટલા માટે તું આ કહે છે. હું તારી ચાલાકી સમજું છું, મને મંજૂર નથી. મળવાની ખરી જગા નદી નહિ, પહાડ છે. આપણે ગુરુશિખર પર મળીએ.'

તરત હાથીએ કહ્યું : 'નહિ, હવે ન બને. પહાડ પર મારી આંખો ફોડી ઊડી જવું તને ફાવે એટલા માટે તું આમ કહે છે. મને એ મંજૂર નથી.' હજી આ બંને મોટા મોટા વચ્ચે સ્થળનો આ ઝઘડો ચાલે છે, પણ એકબીજા પર અવિશ્વાસને લીધે કંઈ નક્કી થતું નથી.

હજી કરાર પર સહી થઈ નથી, પણ કરારમાં લખ્યા પ્રમાણે પંખીઓ જમીન પર હરેફરે છે અને પશુઓ મજેથી જંગલનાં ફળફૂલ ઝાડપાન વાપરે છે. - *રમણલાલ સોની*


સાહિત્યસંપર્ક

સદ્ગત જયન્ત પાઠક

જયન્ત પાઠકની પૂર્વે સદ્ગત શબ્દ મૂકતાં કલમ ખચકાટ અનુભવે છે, કારણ કે હજુ ૧લી સપ્ટેમ્બરે સવારની ટપાલમાં એમના એક અપ્રકટ સૉનેટ સાથે એમનો સ્નેહભર્યો પત્ર (આ બંને આ વિભાગમાં અન્યત્ર હસ્તાક્ષરમાં પ્રકટ કર્યા છે.) મળે છે અને તે જ બપોરે બેએક વાગ્યે સૂરતથી રમેશ બી. શાહનો ફોન આવે છે :



'જયન્તભાઈ ગયા, સવારે સાડા અગિયાર વાગ્યે.' હું આઘાતથી સ્તબ્ધ થઈ ગયો ! એમના જેવા સરલ, સાલસ અને સ્નેહસભર મુરબ્બી મિત્ર ગુમાવ્યાનો ગમ ક્યારેય વિસરાશે નહિ. અમદાવાદ આવ્યા હોય અને ટેલિફોન કરી મળવા ન આવ્યા હોય તેવું ભાગ્યે જ બને. હું સૂરત ગયો હોઉં અને તેમને ત્યાં ન જાઉં એવું પણ ભાગ્યે જ બને. અંગત રીતે એ બહુ આળા અને મર્માળા હતા. એમનું આળાપણું ક્યારેક તો એમને રિસાળપણાની સરહદે પહોંચાડી દે, તો એમના ગ્રહ-અભિગ્રહ ક્યારેક તો પૂર્વગ્રહ સુધી પણ એમને ખેંચી જાય. પરંતુ એ બધું બહુ લાંબુ ટકે નહીં એવા મૃદુ અને મોકળા મનના. ઘરે ક્યારેક રાતવાસો કર્યો હોય ત્યારે જાત વિશે ટીખળ કરીને કહે, 'મને એક કુટેવ છે, સવારે વહેલા ઊઠી લોટે જતાં પહેલાં લોટો ભરીને ચા પીવાની.' વળી, ચોમાસુ કે શિયાળામાં તબિયતના સમાચાર પૂછું તો વળી ટીખળ કરતાં કહે,'હું તો ભાઈ વૈશાખનંદન છું. મને ગ્રીષ્મઋતુ જ માફક આવે.' એમનો મર્મ અને નર્મ કેટલીયે વાર એમણે કવિતામાં પણ અભિવ્યક્ત કર્યો છે. મૂળભૂત રીતે એ માણસ-ભૂખ્યા માણસ હતા. આથી પૈતૃક વારસાથી વિપ-રીત જઈને તેઓ કર્મકાંડમાં નહિ માનનાર બ્રાહ્મણ હતા. હા, એમનો સ્વસ્થ બૌદ્ધિક જીવનાભિગમ એમને કોઈ અવ-તારી દેવથી દૂર રાખતો હતો, પણ એમની આવી અશ્રદ્ધા એમને નાસ્તિકતાની સીમામાં લઈ જતાં રોકે તેટલી હદની હતી. અગૂઢ-અગોચરની રહસ્યલીલા પામવા તેઓ મથતા હતા તેથી તેટલા 'શ્રદ્ધાળુ' હતા.




2

JAYANT PATHAK

Phone : 2471574
23, Kadambpalli
Nanpura
SURAT - 395 001

જયન્તભાઈનો જન્મ ૧૯૨૦ના ઑક્ટોબરની ૨૦મી તારીખે પંચમહાલના ગોઠ રાયગઢમાં થયો હતો. ત્યાંથી ૧૯૩૮માં મૅટ્રિક થઈ સૂરતની એમ.ટી.બી. કૉલેજમાંથી ૧૯૪૩માં ગુજરાતી અને સંસ્કૃત વિષયો લઈ બી.એ. થયા તથા ૧૯૪૫માં આ જ વિષયો લઈ વડોદરા કૉલેજમાંથી એમ.એ. થયા. ૧૯૪૩માં સ્નાતક થયા પછી ૧૯૪૭ સુધી દાહોદ-હાલોલની માધ્યમિક શાળામાં શિક્ષણકાર્ય કર્યું, તો ૧૯૪૭થી ૧૯૫૩ સુધી 'જન્મભૂમિ' અને 'હિન્દુસ્તાન' દૈનિક વર્તમાનપત્રોમાં પત્રકાર તરીકે પણ કામ કર્યું. ૧૯૫૩માં તેઓ સૂરતની એમ.ટી.બી.કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે નિમાયા અને ૧૯૮૦માં નિવૃત્ત થયા ત્યાં સુધી ત્યાં જ અધ્યાપન-કાર્ય કર્યું. દરમિયાનમાં '૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકા : તેનાં પરિબળો અને સિદ્ધિ' એવા મહાનિબંધોચિત પ્રલંબ અને પરંપરાગત શીર્ષકથી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ની ઉપાધિ ૧૯૬૦માં પ્રાપ્ત કરી. પછીથી એમનો આ મહાનિબંધ 'આધુનિક કવિતાપ્રવાહ' એવા શીર્ષકથી ૧૯૬૫માં પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયો અને એમની સ્થિર, સ્વસ્થ, સમજપૂર્વકની કાવ્ય-


JAYANT PATHAK

2
Phone : 3471374
23, Kadambpalli
Nanpura
SURAT - 395 001

વિવેચનાનો આલેખ ઊપસી આવ્યો.

એ કહેતા કે હું જથ્થાબંધ લખનારો કવિ નથી; આપણું તો થોડું થોડું કાવ્યલેખન ચાલ્યા કરે. એમના આવા 'થોડા થોડા' કાવ્યલેખનના પરિપાકરૂપે અત્યાર સુધીમાં એમની પાસેથી ૧૦ કાવ્યસંગ્રહો મળ્યા છે : 'મર્મર' (૧૯૫૪, સંવર્ધિત આવૃત્તિ. ૧૯૫૭), 'સંકેત'(૧૯૬૦), 'વિસ્મય' (૧૯૬૪), 'સર્ગ' (૧૯૬૯), 'અંતરીક્ષ' (૧૯૭૫), 'અનુનય' (૧૯૭૮), 'મૃગયા' (૧૯૮૩), 'શૂળી ઉપર સેજ' (૧૯૮૮), 'બે અક્ષર આનંદના' (૧૯૯૨) અને પછી ખાસ્સા એક દાયકા બાદ દસમો સંગ્રહ 'દ્રુતવિલંબિત' (૨૦૦૩) પ્રકટ થયો. આ છેલ્લો સંગ્રહ મને મોકલ્યો ત્યારે પત્રમાં લખ્યું હતું '.....perhaps it may be the last one.' મેં આભારયુક્ત સ્વીકૃતિપત્રમાં વળતું જણાવ્યું હતું કે, 'No. Jayantbhai, it must be the last but one.' વિધિની કેવી વક્રતા! ૧૧મો સંગ્રહ થાય એટલાં એમનાં અપ્રકાશિત અગ્રંથસ્થ કાવ્યો છે જ.

જયન્તભાઈની કવિતાના આરંભમાં, લગભગ દરેક કવિના સર્જનારંભકાળે હોય છે તેવું, રોમૅન્ટિસિઝ્મ જોવા મળે છે; અને તેને પરિણામે પ્રણય-પ્રકૃતિ જેવા સનાતન વિષયોની એની રોમૅન્ટિક અભિવ્યક્તિ તેમાં છે. પછી ધીમે ધીમે એ જીવન અને સૃષ્ટિનાં ગૂઢ રહસ્યો તરફ વળે છે, તો વળી એના સામેના છેડે અતીતરાગમાં પણ સરી પડે છે. આમ, વર્તમાન અને અતીતની સંકુલ અભિવ્યક્તિ પછીની રચનાઓમાં માણવા મળે છે. એમના જીવનનો મોટો ભાગ નગરમાં વીત્યો છે, પણ ચેતનામાંથી ગ્રામાભિમુખ અતીત વિલોપાયો નથી. આથી એકસાથે નગર અને ગ્રામસંસ્કૃતિ-સભ્યતાની સરસ કાવ્યરચનાઓ તેમના તરફથી મળે છે. આદિમતાનો અનુરાગ એમને અકલાત્મક ઉદ્રેક તરફ ખેંચી જતો નથી. એમના એ અતીતોદ્રેકને કલાસંયમની પાળમાં એમણે બાંધી રાખ્યો છે. કવિ તરીકે આ એમની સજગતાએ એમની પાસેથી અનેક સુભગ કલાકૃતિઓ જન્માવી છે. એમનો કલાસંયમ અને કલાસભાનતા એમની અનેક રચનાઓને કલાના શૃંગે સ્થાપે છે. આથી એમની રીતે એ ભલે 'ઓછું' પણ કલાની રીતરસમે 'અચ્છું' સર્જન કરનાર કવિ છે. પરિણામે એમનો છંદોલય અને આકૃતિ-માવજત કલાકાર તરીકે તેમના પ્રત્યે માન જન્માવે અને એક કસબી કલાકાર તરીકે સન્માન જન્માવે તેવાં છે.

એમણે 'વનાંચલ' અને 'તરુરાગ' જેવી સ્મૃતિકથાઓ પણ આપી છે, જે એમના રસિક અને ઊર્મિપ્લાવિત ગદ્યની લહેજત આપે છે. એમના વિવેચન-ગ્રંથોમાંની એમની કલમ એક સ્વસ્થ અને સાહિત્યમર્મજ્ઞ વિવેચકની છાપ ઊભી કરે છે. એ વ્યવહારકુશળ ભલે હોય, પણ કવિતા કે વિવેચનમાં ક્યાંય વ્યવહારને નામે બાંધછોડ કરી નથી. હા, એમના વિવેચનોમાં સચ્ચાઈનો રણકો આખા-બોલાપણાના આળ વગર પરખાયા વગર રહેતો નથી. એમની વિવેચના હોય કે આસ્વાદના પણ બધે જ તેમની રસિક સ્વસ્થતા અને સહૃદયતા અનુભવાયા વગર રહેતી નથી. એમણે સર્જન ઉપરાંત કેટલાક અનુવાદો અને સંપાદનો પણ કર્યાં છે.'

એમના સત્ત્વશીલ સાહિત્યસર્જનને કારણે એમનું આપણા સાહિત્યમાં સારું એવું સન્માન પણ થયું છે. ૧૯૫૭માં એમને એ વર્ષમાં 'કુમાર'માં ઉત્તમ કાવ્યો પ્રદાન કરવા માટે 'કુમારચંદ્રક' એનાયત થયો હતો. ૧૯૬૮માં નર્મદ સુવર્ણચંદ્રક, ૧૯૭૬માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૮૨-૮૩ના વર્ષ માટે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, ૧૯૭૪માં સોવિયેત દેશ નેહરુ અવૉર્ડ, ૧૯૭૯માં દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી અવૉર્ડ, કવિશ્રી ન્હાનાલાલ પારિતોષિક આદિથી એમની સર્જકપ્રતિભાને નવાજવામાં આવી છે. તાજેતરમાં જ એમની સર્જકતાને અનુલક્ષીને ૨૦૦૩નો, આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ દ્વારા 'નરસિંહ મહેતા અવૉર્ડ' એનાયત થયાની જાહેરાત થઈ અને આ શરદપૂર્ણિમાને દિવસે તે

માટેનો સમારંભ યોજાયો અને તેમનાં પરિવારજનોને તે અર્પિત થયો. પરન્તુ જયન્તભાઈએ તો તે પૂર્વે આંખ મીંચી દીધી! ૧૯૮૦ના વર્ષે તેઓ 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના પ્રમુખ વરાયેલા તથા ૧૯૯૦-૯૧નાં બે વર્ષ માટે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખ ચૂંટાયેલા. થોડાં વર્ષો એ સૂરતના 'ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન'ના અધ્યક્ષ રહેલા, નર્મદ સાહિત્ય સભાના ઉપપ્રમુખ અને પછીથી આમરણ પ્રમુખ રહ્યા તથા 'નર્મદ યુગાવર્ત ટ્રસ્ટ'ના પણ તેઓ પ્રમુખ હતા.

આવા નખશિખ સજ્જન સર્જકના જવાથી તેમના ભાવકો-ચાહકોને લાંબો સમય ખોટ વર્તાશે. - ધીરુ પરીખ


— — — અવલોકન — — —

કવિની છેલ્લી કલમપ્રસાદી

વિજય શાસ્ત્રી

[દ્રુતવિલંબિત (કાવ્યસંગ્રહ) જયન્ત પાઠક, પ્રકાશક: સાહિત્યસંકુલ, પ્રાપ્તિસ્થાન: સાહિત્યસંગમ, બાવા સીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સૂરત ૩૯૫૦૦૧, આવૃત્તિ પ્રથમ: ૨૦૦૩, પૃ. ૯૬, કિંમત રૂ. ૩૦.૦૦]

'દ્રુત વિલંબિત' એ સ્વ. જયન્ત પાઠકની હયાતીમાં પ્રકાશિત થયેલો તેમનો દસમો કાવ્યસંગ્રહ છે. શરૂનાં પાનાંમાં ડૉ. રમેશ ઓઝાએ નોંધ્યું છે કે 'જયન્ત પાઠકમાં મુગ્ધભાવ અને વિદગ્ધભાવનું અજબ સંમિશ્રણ છે.' (પૃ.૫) તે આ સંગ્રહ પૂરતું તો સાચું છે. જયન્તભાઈની કવિતાવિભાવના પણ અહીં એક નવો વળાંક ધારણ કરતી રજૂ થઈ છે. જીવનતત્ત્વનો મહિમા તેઓ કવિતામાં ઈચ્છે છે, પણ તે સરસતાથી રંગાયેલો. એમના જ શબ્દો ટાંકીએ તો 'કાવ્યમાં વસ્તુની રસાત્મક અભિજ્ઞા, વસ્તુનો અવબોધ એ જ બોધ.'(પૃ.૭). અવબોધને જ બોધ ગણતી કવિપ્રજ્ઞા અહીં કુલ ૮૦ જેટલી રચનાઓમાં પ્રસાર પામી છે. પ્રકૃતિ તેમનો પ્રથમ પ્રેમ છે. એને લગતી રચનાઓ સિવાયની રચનાઓ જૂજ છે. અનેક રચનાઓમાં બન્યું છે કે પ્રકૃતિ અને માનવીને તેઓ જોડાજોડ મૂકી જુએ છે ને એ બંનેના સન્નિધિ-કરણથી બંનેના વિશેષો ઉદ્ભાસિત કરી આપે છે. જેમ કે -



પ્રથમ સૉનેટ 'વૃક્ષો, માણસ અને કુદરત'ના પ્રથમ અષ્ટકમાં રુક્ષ બની ચૂકેલા વૃક્ષનું વર્ણન છે તે વૃદ્ધને પણ લાગુ પડે છે -

પડ્યા વાંકે જાણે વળગી જ રહેલાં તરુવરો
....
બધા ટૂહૌકાઓને નિજભીતર ઉતારી દઈને
ઉતારી દૈ વાઘા ફરફર વસંતી સમયના
ભરી ડાળીઓમાં જગતભરની સૌ નીરસતા

આખું વર્ણન વૃક્ષ અને વૃદ્ધને સમાન્તરે વર્ણવતું આગળ વધે છે છતાં નવમી પંક્તિમાં-

અરે વૃક્ષો ! રુક્ષો તમથી ન જુદી મારીય ગતિ.

એમ મુખર બની કવિ કહે છે પણ સૉનેટના અંતિમ યુગ્મમાં બેનો ભેદ બતાવાયો છે કે પીળાં પર્ણની પૂંઠે, કુમળી કૂંપળ ફૂટે છે પણ એવું સદ્ભાગ્ય માનવીના નસીબમાં નથી.

'પીળા', 'પરણ', 'ફૂટે', 'વૃક્ષો', 'રુક્ષો' જેવી પદાવલિ ઘૂંટેલા કવિકર્મની નીપજ છે. રસવિહીન અવસ્થાનો વિષાદ સંયતરીતિમાં વ્યક્ત થયો છે. કશો ચિત્કાર તેમાં સંભળાતો નથી એથી જ વધુ ધારદાર બન્યો છે. અતીતરાગની અભિવ્યક્તિ પણ

'એક વારના છોડેલા ગોકુલમાં પાછા અવાતું નથી' (પૃ.૧૭)

જેવી પંક્તિ થશે.

વૃદ્ધાવસ્થા આત્મનિરીક્ષણની અવસ્થા છે. આ અવસ્થા આવતાં પૂર્વે

લડ્યો છું બહુ, હાર-જીત બહુ જોઈ છે પ્રભુ

તેથી કવિ પ્રભુને પ્રાર્થે છે કે

મળ્યાં જન સહુયને સ્વજનભાવથી ભેટવા
ખૂણે નયન મીંચીને વિનતી દે મને લેટવા-

પંક્તિઓમાં આયખાનો 'થાક' અને તે ઉતારવા સ્વજનોનો પ્રેમ કવિ ઝંખે છે અને

રહ્યા સમયથી કરાર ચહુ છું હવે સંધિના (પૃ.૧૯)

માં સુલેહના અર્થમાં તો 'કરાર' શબ્દનો પ્રયોગ છે જ પણ અરબી શબ્દ તરીકે ગણીએ તો 'કરાર' એટલે આરામ પણ કલ્પી શકાય એ વધારાનો લાભ ! આ જ પ્રાર્થના-વિનંતી-ભાવ. 'કસોટી' કાવ્યની

'ઉતાર જલ નાવ, ઘાટ પર લે મને, તારી લે' (પૃ.૨૦)

પંક્તિમાં વિલાર્યો છે. વૃદ્ધાવસ્થાની વિવિધ અનુભૂતિઓએ કવિચિત્તને ઘેરી લીધું છે. બ.હ.ઠાકોરની

સખા કહું, કહું તુરંગમ, તું છેક હારી ગયો ?
જરા ઉચક ડોક જો દૂર નથી વિસામો હવે-

પંક્તિઓનું સ્મરણ કરાવતી

'હવે નજીક આપણો નિતમુકામ એ આખરી
જુઓ તહીં ઉઘાડી વાટ નીરખી રહી ઝાંપલી'

પંક્તિઓની આખરે આવતા 'એ... જવું નિરાંતનું નીંદરી' (પૃ.૨૧) શબ્દોમાં મરણની છવિ આછોતરી કળાય છે. કવિને આ દર્શન છેક ૧૯૯૬માં લાધેલું તે સૉનેટ નીચે મૂકેલી સર્જનતારીખ (૨૨-૮-૧૯૯૬) પરથી સમજાય છે. મરણની પ્રતીક્ષા તેમને આમ, ત્યારથી હોવાનું કળાય છે.

પ્રણયરસિત રચનાઓ સંયત અને ભાષાની પ્રૌઢિ દાખવે છે. 'એક વાર આવો તો, શરદસ્વચ્છ તલાવડીમાં' ['ઓ નાગિણી-ભીંસભીની સુખની ઘડીઓ: પૃ.૩૫ જેવી પંક્તિમાં] 'ભલાજીને કહેણ

તમે ને અમે' '-પછી' જેવી અનેક રચનાઓ રતિના લયને પ્રકટાવે છે.

'હોય વરસાદને સાથ તારો - પછી
સામટો બેયનો ધોધમારો - પછી' (પૃ.૪૦)

પંક્તિઓ ઉન્મત્તતાની ધાર સુધી લટાર મારી આવે છે. રાધાકૃષ્ણ પણ તેમના પૂર્વસંગ્રહોની જેમ જ અહીં અવતર્યાં છે. બંનેનાં રિસામણાં મનામણાં પ્રેમનો જ વિવર્ત છે એટલું ય નહીં સમજી શકતા ઉદ્ધવ વિચારે છે કે -

'વહાલ છતાં આ શી વઢવાડો !
રીસ-મનામણ રાતરી દા'ડો !'

આટલું ઓધવજીના મુખમાં મૂકી હાથ પોતે ટિપ્પણ કરે છે કે

'પ્રીતની રીત ન જાણે અણઘડ ઓધવજી
અકળાય' (પૃ:૪૧)

કવિતાવિષયક કવિતાઓ પણ ગુજરાતી કાવ્યપરંપરાને અજાણી નથી. કવિ શબ્દના ઉદ્યાનમાં જ પોતાનો ચહેરો શોધી શકે છે - થી શરૂ થતી વાત 'કવિતા મોટું કામ', 'કવિ અને કવિતાની મનસ્વિતા', 'કવિતા વિશે ગઝલ', 'ઋત અને અદ્‌ભુત' જેવી રચનાઓમાં વિસ્તરી છે. ઋતુવૈભવ મન ભરીને ાતા આ કવિએ 'શિયાળો', 'વસંતે', 'ગ્રીષ્મ-આતવા' જેવી રચનાઓ આપી છે. તો ડાંગ, દમણ ને નર્મદાતીરનાં સૌંદર્યો પણ માણ્યાં-વર્ણવ્યાં છે.

'દ્રુતવિલંબિત'ની રચનાઓ વિષય, ભાષા અને ઇબારતમાં જયન્તભાઈની પૂર્વગતિની અનેક એંધાણીઓ આપે છે. છતાં પૂર્વગતિમાં અનેક નવા વાંકવળાંક ને વળોટો પણ દાખવે છે. પુનરાવર્તન નહીં પણ નવ્ય આવર્તન એ 'દ્રુતવિલંબિત'ની રચનાઓની ઓળખ છે. બહારથી, પૂર્વરચનાઓને મળતી આવતી લાગે તો એ એક આભાસ છે. ઝીણું જોઈએ તો ક્યાંક ને ક્યાંક સંવેદનનો, અભિવ્યક્તિનો અને કવિના દર્શનનો એક નૂતન ઉન્મેષ અચૂક પામી શકાય તેમ છે. પોતાની કૃતિઓના પોતે જ પહેલા વિવેચક બન્યા હોય એવા જયન્તભાઈ પાસેથી આવી ઘટના ન સાંપડે તો જ નવાઈ !

સદ્‌ગત જગદીશ ત્રિવેદી

૩જી સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ સવારે જગદીશ ત્રિવેદીનું એકાએક હૃદય બંધ પડવાથી અવસાન થયું તે એક અંગત મિત્ર તરીકે આઘાતની ઘટના છે. ૧૯૨૮ના જુલાઈની ૬ઠ્ઠી તારીખે બાલાસિનોરમાં એમનો જન્મ. એમનું મૂળ વતન કપડવણજ. એ નાતે અને કવિતાને નાતે એમનો વર્ષોથી રાજેન્દ્ર શાહ સાથેઘરોબો. કિસનસિંહ ચાવડા, ઉમાશંકર જોશી, સુન્દરમ્, પન્નાલાલ પટેલ, રાજેન્દ્ર શાહ આદિ એમના ગમતા સર્જકો.



એમનોઅભ્યાસ મૅટ્રિક સુધીનો, પરંતુ ગ્રહણ-શીલતા તીવ્ર એથી ગુજરાતી કવિતાના પાયાના સંસ્કારો ઝીલી એમણે કાવ્યસર્જનનો આરંભ કર્યો. એમની પ્રથમ કવિતા 'જગતકાવ્ય સર્જકને'. એમની ૪૨ રચનાઓને સંગૃહીત કરતો કાવ્યસંગ્રહ 'હરિચંદન' ૧૯૬૨માં પ્રકટ થયો હતો. ત્યાર પછી પલટાતા કવિતાપ્રવાહો સાથે પોતાના હૈયાની ઉકલત પ્રમાણે તાલ સે કદમ મિલાવી પરંપરા અને પ્રયોગને રાહે એમણે છેક સુધી કાવ્યસર્જન જારી રાખ્યું હતું. 'હરિચંદન'થી પણ દળમાં અને દમમાં મોટો કાવ્યસંગ્રહ થઈ શકે એટલાં પ્રકાશિત કાવ્યો એમનાં છે, પણ બીજો સંગ્રહ કરવામાં એમણે ઉદાસીનતા સેવી.

એમણે આરંભમાં કિસનસિંહ ચાવડાના પ્રેસ 'ચેતના'માં પ્રૂફરીડર તરીકેની ફરજ બજાવી અને ત્યારે ત્યાં છપાતા 'સંસ્કૃતિ'નાં પ્રૂફો તપાસવાનું કામ પણ સંભાળ્યું હતું. અને એ નિમિત્તે ઉમાશંકર જોશી સાથેનો સ્નેહસંબંધ ગંઠાયો હતો. એમની કવિતામાં છંદોલયશુદ્ધિ અને વિચારભાવની સરળ-સચોટ અભિવ્યક્તિ જોવા મળે છે. મનુષ્યસમાજના કલહકંકાસો તેમને પજવે છે અને એથી પરમ ઋત તરફની એમની શ્રદ્ધા વધુ દૃઢ બનતાં એ નિમિત્તનાં કાવ્યો પણ એમણે આપ્યાં છે. પછીથી નિવૃત્ત થયા ત્યાં સુધી એમણે 'નવજીવન'માં પ્રૂફરીડર તરીકે સેવાઓ આપેલી. એમના જેવી અને જેટલી ચોકસાઈ બહુ ઓછા પ્રૂફરીડરોમાં જોવા મળે. ધંધાદારી પ્રકાશકોનાં પ્રૂફો પણ એ પૂરી ભાષા-સાહિત્ય ખેવનાથી તપાસે.

સ્વભાવે સંકોચશીલ પણ મળો ત્યારે અર્ધાઅર્ધા થઈ જાય તેવા સ્નેહાળ મિત્ર ગુમાવ્યાનો ભારે વસવસો છે !

- ધીરુ પરીખ

પ્રાપ્ત પ્રકાશનો

અમૃતા પ્રકાશન (સી/૫, 'ઓજસ', નેહરુનગર ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૧૫)નાં પ્રકાશનો : *આરોગ્ય કેળવવાની કળા* (શ્વસનક્રિયા : સુદર્શન-ક્રિયા) પૃ.૩૨, રૂ.૩૦. *જોડણી મહિમા* (જોડણી ચાળો શામાટે ?) પૃ.૩૬, રૂ.૩૦. *વિદ્યા-સાધક* (એક જ પરીક્ષા વારંવાર આપનાર) પૃ.૩૨, રૂ.૩૦. *સી/૫, 'ઓજસ'* (પ્રસંગયાત્રા) પૃ.૩૨, રૂ.૩૦. *શાશ્વત સત્ય : મૃત્યુ :* પૃ.૩૨, રૂ.૩૦. *પોંડિચેરી-ડાયરી* (અમદાવાદથી અમદાવાદ) પૃ.૧૦૮, રૂ.૮૦. *સત્યમ્ શિવમ્ સુન્દરમ્ :* પૃ.૩૨, રૂ.૩૦. *અમદાવાદ એટલે અમદાવાદ* પૃ.૪૦, રૂ.૩૫. *પ્રેમ-મહિમા-વૅલન્ટાઈનઃ* પૃ. ૪૮, રૂ.૩૦. *હું કેટલા વરસની લાગું છું ?* પૃ.૪૮, રૂ. ૫૦. *તું હૃદયે વસનારી :* પૃ.૩૨, રૂ. ૨૦. *એક વૃક્ષ હતું !* (સત્ય ઘટના આધારિત) પૃ.૩૨, રૂ.૩૦. *રાધે'ય રાધે'ય રાધે'ય રાધે'ય* (સાંપ્રતપ્રવાહ) પૃ. ૪૮, રૂ૫૦. *મહાત્મા પટર લોકે* (ત્રિઅંકી નાટક) પૃ.૪૮, રૂ. ૫૦. ઉપરનાં બધાં પુસ્તકોના લેખક : રજનીકાન્ત જોશી. બધાં ડિમાઈ સાઇઝ.

પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦૦૦૨)નાં પ્રકાશનો : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ નં ૧૦૨૭ : *મૂડીવાદ-*

સુકુમાર એમ. ત્રિવેદી. ૧૦૨૮ : *નસકોરાંની વ્યાધિ*- ડૉ. અજય કોઠારી. - ૧૦૨૯ : *શ્વાનસૃષ્ટિ* - નરેન્દ્ર પટેલ. - ૧૦૩૦: *શેક્સપિયરની નાટ્યકથાઓ* - મધુસૂદન પારેખ. ૧૦૩૧ : *ઊર્જાનાં વિવિધ સ્રોતો* - નગીન મોદી ૧૦૩૨ : *મૅક્સ મૂલર* - વિજય પંડ્યા ૧૦૩૩ : *ભારત : ૨૦૦૨* - રાજેન્દ્ર દવે. -૧૦૩૪ : *માનસિક તણાવમાંથી મુક્તિ*- ડૉ. પ્રજ્ઞા પૈ. ૧૦૩૫ : *ઘર ખરીદતાં પહેલાં* - નિરંજન એસ. મહેતા. ૧૦૩૭ : *દવાની સારીમાઠી અસર* - ડૉ. કેતન ઝવેરી. ૧૦૪૩ : *ઑરીગામી : કાગળમાંથી કલાત્મક કૃતિઓ* - કમલેશ ગાંધી. ૧૦૪૫ : *માનસિક ભ્રમ અને ભ્રમણાઓ* - હર્ષિદા રામુ પંડિત. ૧૦૪૬ : *ગુટકાનું જીવલેણ વ્યસન* - ડૉ. સરોજિની જિતેન્દ્ર સંઘવી. ૧૦૪૭ : *ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ* - જ્યોત્સ્ના તન્ના. ૧૦૪૮ : *બાયો-ટૅક્નોલૉજી શું છે ?* - પરેશ ર. વૈદ્ય. ૧૦૪૯ *: મુંબઈ શહેરની વિકાસકથા* - બકુલ બક્ષી. ૧૦૫૦ : *બ્રહ્માંડમાં પૃથ્વી* - અરુણકુમાર દવે. ૧૦૫૨ : *કમ્પવા:પાર્કિન્સ ડિઝીઝ*-ડૉ. પ્રવીણા શાહ. ૧૦૫૩ : *બહેરાશ : શ્રવણસહાયક સાધનો* - મનોજ્ઞા દેસાઈ. ૧૦૫૫ : *દુર્ગા ભાગવત* - જયા મહેતા. ૧૦૫૬ : *આકાશ દર્શન* - ડૉ. સુશ્રુત પટેલ. ૧૦૫૭: *દાઝેલાંની સારવાર* - ડૉ. પ્રજ્ઞા પૈ. ૧૦૫૮: *પ્રેસ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા*-સંતોષ કુમાર તેવારી. ૧૦૫૯: *કૉલેસ્ટરોલ વધવાની સમસ્યા* - ડૉ. કેતન ઝવેરી. ૧૦૬૦: *ચાર્લી ચૅપ્લિન* - અમૃત ગંગર. ૧૦૬૨: *મકાનની મરામત અને જાળવણી*-નિરંજન એસ. મહેતા. ૧૦૬૩: *તબીબી સારવારનો વીમો* - રમેશ બી. શાહ. ૧૦૬૪: *જુલે વર્નની કથાસૃષ્ટિ*- યશવન્ત મહેતા. ૧૦૬૫: *ભારતના બંધારણમાં થયેલા સુધારાઓ* - દિનેશ શુક્લ. ૧૦૬૬: *મૂંઝવતાં માબાપ* - હર્ષિદા રામુ પંડિત. ૧૦૬૯: *કોમૉડિટીઝ એક્સ્ચેન્જનો વિકાસ* - રૂપેશ દલાલ. ૧૦૭૦: *કુદરતી ગર્ભપાતની માઠી અસરો*- ડૉ. પ્રજ્ઞા પૈ. ૧૦૭૧: *ધાતુઓના કાટનું પ્રદૂષણ* - નગીન મોદી. ઉપરની બધી પુસ્તિકાઓનાં પૃ.૩૨, કાચું પૂઠું, ક્રાઉન સાઇઝ, દરેકની કિંમત રૂ.૬.

<u>અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો</u> :

અગિયારમી દિશા (કાવ્યસંગ્રહ) લે. વીરુ પુરોહિત પ્ર. પોતે, ૨૩-એ, રાધે-કૃષ્ણનગર, મોતીબાગ માર્ગ, જૂનાગઢ - ૩૬૦૦૦૧. ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ.૧૨૦. *મૌનનો ધ્વનિ* (હાઈકુ સંગ્રહ) લે. કંદર્પ ત્રિવેદી, પ્ર. પોતે, ૪. પ્રજ્ઞા સોસાયટી, તીથલ રોડ, વલસાડ - ૩૯૬૦૦૧. ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ. ૪૫. *અચકો મચકો કારેલી* (બાળ કાવ્યસંગ્રહ) લે. સોલિડ મહેતા, પ્ર. પોતે, અતિથિ પ્રકાશન, સલાટ ફળી, હળવદ - ૩૬૩૩૩૦, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૩૨, રૂ.૨૫. *તોત્તો-ચાન* (બારીએ ઊભેલી બાલિકા) લે. તેત્સુકો કુરોઆનાગી, અનુ. રમણ સોની, પ્ર. નૅશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા, એ-૫, ગ્રીન પાર્ક, નવી દિલ્હી - ૧૧૦ ૦૧૬. ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૯૦, રૂ.૬૦. *કૃષિસંસ્કાર અને સંસ્કૃતિ* (લોક સંસ્કૃતિ વિષયક લેખો) લે. જોરાવરસિંહ જાદવ, પ્ર. પોતે, ૨, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯. ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૮૮, રૂ.૫૦. *પ્રયોગપંથી : હર્ષદભાઈ* (સંસ્મરણ) સંકલન : શ્રીમતી સુધાબહેન પટેલ, પ્ર. ડૉ. પ્રવીણભાઈ કાલીદાસ પટેલ, 'મોતીબાગ', રેલ્વે પુલની પાસે, ગણદેવી (જિ. નવસારી) ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૭૨, કિંમત જણાવી નથી. *સાંબેલું ચંદણ સાગનું* (કાવ્યસંગ્રહ) લે. મનહર જાની, પ્ર. પોતે, ૭૯, શ્રીજી નગર, મહુવા - ૩૬૪૨૯૦, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૫૦. *ગૃહલક્ષ્મી અને સમાજ* (દામ્પત્યજીવન વિષયક લેખો) પ્ર. કલ્પેશ શાહ, શાહ પબ્લિકેશન્સ, ૯૧, પ્રીન્સ્ટન ગાર્ડન, પીસ્ટાકવે, ન્યૂ જર્સી - ૦૮૮૫૪, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૫૨, કિંમત ૩ ડૉલર. *કલરવ* (સંપાદિત કાવ્યસંગ્રહ) ૩૧ કવિઓની કૃતિઓ, પ્ર. કલરવ સાહિત્ય સંસ્થા, પોરબંદર, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૦. રૂ.૨૫. *સ્વયંભૂ* (કાવ્યસંગ્રહ) લે. દાન વાઘેલા, પ્ર. દેશવીર પ્રકાશન, દેશવીર મૅન્શન, કૃષ્ણ સોસાયટી, નારી રોડ, કુંભારવાડા, ભાવનગર, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૧૦૦. *તું બરફની મીણબત્તી:* (ગઝલસંગ્રહ) લે. વિજય રાજ્યગુરુ, પ્ર. રવિ-મંગલ પ્રકાશન, ૪૦, ગૌતમેશ્વર નગર નદીકિનારે, રાજકોટ રોડ, સિહોર - ૩૬૪૨૪૦, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૫૦. *પાંખડી* (ગઝલસંગ્રહ) લે. અહમદ 'ગુલ' 27, James Street, Batley, WF177PS , ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૦, રૂ.૪૦. *ખયાલે-યાર* (ગઝલસંગ્રહ) લે. વિજય આશર, પ્ર. પોતે, ૪, એકતા એપાર્ટમેન્ટસ્‌, પાંચ બંગલા રોડ, શેરી નં.૧, ગુરુદ્વારા સર્કલ, જામનગર - ૩૬૧૦૦૧, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ.૭૦. *શબ્દસંનિધિ* (કાવ્યસંગ્રહ) કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૪૦. *હા,.... હું સાક્ષી છું* (કાવ્યસંગ્રહ) લે. રાજેન્દ્ર શાહ, પ્ર. કવિલોક ટ્રસ્ટ, 'લાવણ્ય', વિજયપાર્ક, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૦૪, રૂ.૬૦. *કંચન કાયા અને રોગની છાયા* (રોગપરિચય અને ઔષધોપચાર) લે. ડૉ. કિશોર ગોપાલજી ઠક્કુર, પ્ર. કુશલ આયુર્વેદિક ફાર્મસી, રાવપુરા, વડોદરા, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૯૨, રૂ.૫૦. *યોગસાધના અને આરોગ્ય* (યોગવિષયક લેખો) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૫૨, કિં. રૂ.૫૦. *શિશુવિહારના વડલાની વાતો* (શ્રી માનભાઈ ભટ્ટની અનુભવ વાણી) પ્ર. પ્રેમશંકર ન. ભટ્ટ, નિયામકઃ શૈક્ષણિક અને પ્રકાશન વિભાગ, શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૦, કિંમત જણાવી નથી. નીરક્ષીર (પાંચમુ પુષ્પ) પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૮૦, કિંમત જણાવી નથી. *પંખીઓ જેવી તરજ* (કાવ્યસંગ્રહ) લે. ભરત વિંઝુડા, પ્ર. સુનીતા ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, લૉ ભવનની ઉત્તરે, દાદાસાહેબનાં પગલાં, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૧૨, રૂ.૭૦. *પ્રેરણા* (સાહિત્યસંગ્રહ) લે. દિનેશ ઉપાધ્યાય, પ્ર. પોતે, ૨૯, કૃષ્ણબાગ સોસાયટી, આનંદ ટોકિઝ રોડ, બીલીમોરા-૩૯૬૩૨૧, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૫૬, રૂ.૨૫. *વાગીશ્વરીની આરતી* (ગુજરાતી સાહિત્યની કાવ્ય-રચનાઓનો આસ્વાદ) લે. અમરત એમ. દેસાઈ, પ્ર. પોતે, વશી ફળિયું, હાલર, વલસાડ - ૩૯૬૦૦૧, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૦૦, રૂ.૩૫. *આપવાનો આનંદ-૨ અને ૪:* લે. પ્રકાશ જે. શાહ, પારૂલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પીકિંગ ઍન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ, ફ્લેટ નં. ૪૦૨, ચોથા માળે, મેરુ ટાવર્સ - બી, જામે જમશેદ રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦૦૧૯, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું; કિંમત જણાવી નથી. *વાતોમાં બોધ* (એક વૃદ્ધની વિચાર-પોથીમાંથી) લે. સર પ્રભાશંકર પટ્ટણી, પ્ર. સર પ્રભાશંકર પટ્ટણી ઓપન વિન્ડો ચૅરિ-

ટેબલ ટ્રસ્ટ, પ્લૉટ નં. ૨૨૩૮/૩, સાધના સોસાયટી, ભાવનગર - ૩૬૪૦૦૧, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૧૮, રૂ.૬૦. *યથાવત્* (ગઝલસંગ્રહ) લે. ગુણવંત ઉપાધ્યાય, પ્ર. રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૨૫. *હમ્બો!* (બાળકાવ્યો) લે. ડૉ. મયંક પટેલ, પ્ર. પોતે, ૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. *પ્રકોપ, પડકાર, પરિવર્તન* (રેશનાલિસ્ટીક લઘુનિબંધ સંગ્રહ) લે. પ્રો. જે.પી.મહેતા (મધુબિન્દુ) પ્રકાશક: જમનાદાસ કોટેચા, માનસ પ્રદૂષણ નિવારણ કેન્દ્ર, જોરાવરનગર - ૩૬૩૦૨૦, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૭૬, રૂ.૬૦. *ક્ષણાર્ધ* (લઘુકથાઓ) લે. તલકશી પરમાર, પ્ર. પોતે, માધવનગર, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૧૧. *શોધ* (ટૂંકી નવલકથા) લે. રશ્મિન પટેલ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, વિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૧૪, રૂ.૫૦. *હાંસિયામાં હું* (કાવ્યસંગ્રહ) લે. પ્રિયંક કલ્પિત, પ્ર. ગુજરાતી વિવિધ ભાષી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય સંગમ, બી-૨, ઓરિએન્ટ એપાર્ટમેન્ટ, એરોમા સ્કૂલ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૪૫. *બરફનાં હૈયાં* (વાર્તાસંગ્રહ) લે. બાબુભાઈ પરમાર, પ્ર. પોતે, 'ગુલશ્યામ કુટિર' ભવાની ચૉક, ખેરગામ, (જિ.નવસારી) - ૩૯૬૦૪૦, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૨૩૨, રૂ. ૬૦. *बिखरी पंखुडियाँ* (કાવ્યસંગ્રહ) લે. 'સહૃદય' - પ્રા. જગદીશ ન. શેલત, પ્ર. શ્રીમતી મલ્લિકા રસેશ અધ્વર્યુ અને શ્રી રસેશ પોપટલાલ અધ્વર્યુ, ૧, ઑલમ્પિઆ બુલવર્ડ, પરામસ, ગાર્ડન સ્ટેટ, એન-જે-૦૭૬૫૨, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૩૦. *ગર્વથી કહું છું (હું હિંદુ છું - મુસલમાન છું - ખ્રિસ્તી - બૌદ્ધ - શીખ - જૈન છું)* લે. વિનોબા, પ્ર. યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા - ૩૯૦ ૦૦૧, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૧૦. *મધુવનના માનવ* (સર્જક અને વ્યક્તિ) લે. બકુલ રાવલ, પ્ર. બકુલ રાવલ સન્માન સમિતિ, આશાપુરા ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ, જીવન ઉદ્યોગ બિલ્ડિંગ, ૨૭૯, ત્રીજે માળ, ડી.એન.રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૪૪, રૂ.૬૦. *પંકજની પાંદડી* (સ્વરચિત કૃતિસંગ્રહ) લે. હરેશ ટાંક 'હની', પ્ર. પોતે, ૪, કૉલેજ વાડી, ૬, ત્રિલોક એપાર્ટમેન્ટ્સ, રાજકોટ-૩૬૦૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૬૮, રૂ.૪૫. *શરદબાબુ* (મિશ્ર વ્યક્તિત્વ) લે. નાનુભાઈ નાયક, પ્ર. સાહિત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત-૩૯૫૦૦૩, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૩૨, કિંમત જણાવી નથી. *એકલું તમને લાગે ત્યારે....!* (કાવ્યસંગ્રહ) લે. પ્રકાશ નાગર, પ્ર. ભૌમિક નાગર, ૨/૯, ગાયત્રીનગર, 'માતૃકૃપા', રાજકોટ - ૩૬૦ ૦૦૨, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૭૬, રૂ.૫૦. *हिन्दी नवजागरण।* (લેખસંગ્રહ)લે. નિરાલા ઓર રામવિલાસ શર્મા, પ્ર, મધ્યપ્રદેશ સાહિત્ય પરિષદ, મુલ્લા રમૂજી સંસ્કૃતિ ભવન, બાણગંગા, ભોપાલ - ૪૬૨૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૮૪, રૂ.૫૦. *હરિસંવાદ* (ગીતસંગ્રહ) લે. રવીન્દ્ર પારેખ, પ્ર. સાહિત્ય સંકુલ ચૌટાબજાર, સુરત - ૩૯૫૦૦૩, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૫૧. *એ રવીન્દ્ર છે* (કાવ્ય સંગ્રહ) લે. ઉપર મુજબ, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૯૬, રૂ.૬૫. *મંગલ શબ્દ* (કાવ્યસંગ્રહ) લે. હરીશ વિ. પંડિત, પ્ર. પોતે, માણસા (જિ. ગાંધીનગર), ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૪૨, કિંમત જણાવી નથી. *શિલ્પ લક્ષાર્થ* (વાસ્તુશાસ્ત્રની નવવિદ્યા) લે. દેવરાજ સૂત્રધાર, પ્ર. પોતે, રઘુનંદન, પ્લૉટ નં. ૯, શેરી નં.૧૦, નિર્મળનગર, ભાવનગર, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૮, રૂ.૩૦. *અમૂલ્ય ભારતીય સંસ્કૃતિ* ('ઈંડિયા'ઝ પ્રાઇસલેસ હૅરિટેજ'નો અનુવાદ) અનુ. યોગેશ દેસાઈ, પ્ર. ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૪૮, કિંમત જણાવી નથી. *થોડોક ધ્વનિ* (લઘુકાવ્યો) લે. ભૂપેન્દ્ર શાન્તિલાલ વ્યાસ, પ્ર. નીતુલ ભૂપેન્દ્ર વ્યાસ, ૩૧૩/એ, રાજસ્તંભ સોસાયટી, બગીખાના, બરોડા હાઇસ્કૂલ પાછળ, પોલોગ્રાઉન્ડ પાસે, વડોદરા - ૩૯૦૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૩૬, રૂ.૧૦. *आठमो सूर* (સિંધી કવિતાઓનો અનુવાદ) લે. નામદેવ, પ્ર. ડૉ. જયકર છો. જોશી, પાર્શ્વ પબ્લિકેશન, નિશા પોળ, ઝવેરી વાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૭૬, રૂ.૫૦. *વારસો* (પંચમહાલનાં ગીતો) સં. અર્જુનસિંહ પારગી, પ્ર. ભાષા પબ્લિકેશન્સ, ભાષાસંશોધન-પ્રકાશન કેન્દ્ર, ૬, યુનાઈટેડ એવન્યુ, દિનેશ મિલ પાસે, વડોદરા - ૩૯૦૦૦૭, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ.૧૨૫. *ખગોળ અર્થાત્ અંતરીક્ષની ઉપાસના* (ખગોળ વિષયક પુસ્તક) લે. રુસ્તમ રાવ, પ્ર. પોતે, ૫૦, ગોપાલેશ્વર સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત - ૩૯૫૦૦૯, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૦૦, કિંમત જણાવી નથી. *સ્ત્રી સૂક્ત* (મરાઠી કાવ્યોનો ગુજરાતી અનુવાદ) અનુવાદકો : ઉષા પટેલ, નીતા રામૈયા, શ્વેતલ રામૈયા, પ્ર. શાર્દૂલ રામૈયા, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૪૮, રૂ.૫૦. *'આંસુ લૂછવા જાઉં છું'* (કોમી દાવાનળ ઠારવા ગાંધીજીએ ચલાવેલો સંગ્રામ) સં. મહેન્દ્ર મેઘાણી, પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૩૮૦૦૧૪, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૬૦, રૂ૧૦. *દસ્તખત* (ક્વૉટેશન) લે. પંકજ ત્રિવેદી, પ્ર. વિશ્વગાથા, ગોકુલપાર્ક સોસાયટી, ૮૦ ફૂટનો રસ્તો, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨, ડિમાઈ ૧/૧૬ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૨૦. *મૃગજળનું સરનામું* (ગઝલસંગ્રહ) લે. સતીશ ડણાક, પ્ર. એમ.કે.મદ્રાસી, શબ્દલોક પ્રકાશન, ગાંધીમાર્ગ, બાલાહનુમાન પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૧, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૦૦, રૂ.૫૦. *કિસલય* (મૉનો-ઇમેજ કાવ્યસંગ્રહ) લે. પિયૂષ પંડ્યા, પ્ર. અજય એમ. કોઠારી, 'ફીલિંગ', તિરુપતિ નગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૩૨, રૂ.૪૦. *ગતિ* (ગઝલસંગ્રહ) લે. ગણપત પરમાર, પ્ર. પોતે, બસસ્ટૅન્ડ પાછળ, હળવદ-૩૬૩૩૩૦, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૪૮, રૂ.૩૦. *Learning Gujarati through English* લે.બી.એન.દેસાઈ, પ્ર. નવાઝ પબ્લિકેશન્સ, 'ડી-સાઈ', ૧૧૧, શિવગિરી કૉલોની, ડિસોઝા માર્ગ, કૉલેજ રોડ, નાશિક - ૪૨૨૦૦૫, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૪૪, રૂ. ૧૫૦. *રમ્યકથા શબ્દોની:* લે.પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૫૨, રૂ.૧૦૦. *પ્રતીતિ અને પ્રતિબિંબ* (આત્મચરિત્ર) લે. આર.એલ.સંઘવી, પ્ર. વિદ્યા વિકાસ, ટ્રસ્ટ, શેઠ તારાચંદ પોપટલાલ ભવન, ૨૦૯, સંપદ કૉમ્પ્લેક્ષ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦ + ચિત્રો,

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ


[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





કિંમત જણાવી નથી. *મંડોળ* (ભીલ-લોકજીવન પર આધારિત દીર્ઘવાર્તા) લે. બસુરમલ વહોનિયા, પ્ર. પોતે, શ્રી કસ્તુરબા ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા, ઝાલોદ (જિ. દાહોદ), ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૯૦. કવિ *કાન્તનું ગદ્ય* (લેખો) લે. પલ્લવી ભટ્ટ, પ્ર. પોતે, 'અભીપ્સા', ૨૨, ગોકુલ સોસાયટી, સાંઈનાથ રોડ, પેટલાદ - ૩૮૮૪૫૦, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૫૨, રૂ.૭૦. *પરાગ-પળોજણની* (કાવ્યસંગ્રહ) લે. 'સહૃદય' જગદીશ એન. શેલત, પ્ર. શ્રીમતી પ્રેમીલા જે. શેલત, સી-૧/૨, રીના પાર્ક, તીથલ રોડ, વલસાડ-૩૯૬૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૪૦૪, રૂ.૧૬૫. *વાલજીભાઈની વાતો* (આધ્યાત્મિક સમજ આપતા લેખો) લે. વાલજીભાઈ, પ્ર. અક્ષરભારતી, ૫, રાજગુલાબ, વાણિયાવાડ, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ અને ગોવર્ધન ભવન, 'ટાઈમ્સ' પાછળ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૩૨, રૂ.૩૫. *સ્પંદનવન* (કાવ્યસંગ્રહ) લે. પ્રજ્ઞા દીપક વશી, પ્ર. ધ્વનિ પ્રકાશન, સી/૧૪, મુક્તાનંદનગર, સરદારબ્રિજ સર્કલ પાસે, સુરત-૩૯૫૦૦૯, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૪૪, કિંમત જણાવી નથી. *મેઘદૂત* (મહાકવિ કાલિદાસ કૃત 'મેઘદૂત'નો અનુવાદ) અનુ. જયન્ત પંડ્યા, પ્રકાશક : સંસ્કૃતિ, ૭૦૮, સાંકડી શેરી, અમદાવાદ - ૩૮૦૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૯૨, રૂ.૭૫. *ગીતકવિ ભાનુપ્રસાદ પંડ્યા* (એક અભ્યાસ) લે. કૃપા ઠાકર, પ્ર. પોતે, ભટ્ટ ગોપાલની શેરી નાની, બજાર, ગોંડલ (જિ. રાજકોટ), ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ.૧૦૦. *ફોરમ લ્યો* (બાલકાવ્યસંગ્રહ) લે. જગદીશ ધનેશ્વર ભટ્ટ, પ્ર. પોતે, ૨, 'દીપકુંજ', ગણેશગલી, મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૪૮, રૂ.૨૪. *તિરાડ* (ગઝલસંગ્રહ) લે. રિષભ મહેતા 'બેતાબ', પ્ર. રાગ-સ્વર પ્રકાશન, ૩૫/બી, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા - ૩૮૯૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૯૨, રૂ.૭૫. *વહેવાને મારગ કરીએ* (કાવ્યસંગ્રહ) લે. પૂર્ણાબહેન પંડ્યા, જ્ઞાનેશ કે. સાવલા, ૨, હુન્નરશાળા, નવી જેલ સામે, જામનગર-૩૬૧૦૦૫, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૨, રૂ.૫૦. *મિલન* (અનિયતકાલીન સામયિક) સં. અમૃત કે. દેસાઈ, પ્ર. સંસ્કારમિલન પ્રકાશન, વલસાડ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૬૬, કિંમત જણાવી નથી. *ફૂલની શાહી* (કાવ્યસંગ્રહ) લે. ક્રાઉન ૧/૩૨ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૩૨, કિંમત જણાવી નથી. *વનવગડાનું ફૂલ* (અર્થ-રસથી સભર પુસ્તક) લે. ધીરજ રાય, પ્ર. બી. ડી. કૉર્પોરેશન, ૩, જયભારત સોસાયટી, અમદાવાદ - ૩૮૦૦૦૭, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૯૨, કિંમત જણાવી નથી. *મૂંઝારો* (ટૂંકી વાર્તાઓ) લે. દલપત ચૌહાણ, પ્ર. હર્ષ પ્રકાશન, ઓમ્ દર્શન એપાર્ટમેન્ટ્સ, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૨૧૨, રૂ.૮૦. *હોઠ પર પડી તિરાડ* (ભૂકંપ વિષયક ગઝલસંગ્રહ) લે. સૈયદ શકીલ, પ્ર. જગદમ્બા પ્રકાશન પ્રા. લિ., હેતલ એપાર્ટમેન્ટ્સ - ૨, તાડવાડી, રાંદેર રોડ, સુરત, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૬૮, રૂ.૫૦. *પૂર્વથી વહેતાં કિરણ* (કાવ્યસંગ્રહ) લે. હરીશ જસદણવાળા, પ્ર. પોતે, ૭૮, સહકાર પાર્ક, ગાયત્રી સોસાયટી પાસે, લાલપુર (જિ.જામનગર), ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૫૬, રૂ.૨૫. *મન્દાકિની* (૨૪ લલિત નિબંધો) લે. મસ્તરામ ગહલોત 'મસ્ત', પ્ર. મારવાડ મિત્ર પ્રકાશન, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૫૨, રૂ. ૧૫૦.

મદુરાનું મીનાક્ષી મંદિર
દેશાટન-૫૬



મદ્રાસથી ૪૯૨ અને રામેશ્વરમથી ૧૬૪ કિ.મી.ના અંતરે આવેલું મદુરા દક્ષિણ ભારતનું કળા, સંસ્કૃતિ, સ્થાપત્ય, શિલ્પ અને વ્યાપાર ઉદ્યોગનું કેન્દ્ર છે. મદુરામાં આવેલા ભવ્ય મીનાક્ષી મંદિરના લીધે મદુરામાં પર્યટને આવવા માટે પર્યટકો ઘણા આકર્ષાય છે. મદુરાનાં અધિષ્ઠાત્રી દેવી મીનાક્ષી છે. કિંવદન્તી પ્રમાણે પૂર્વે અહીં કદંબવન હતું, એમાં શિવનું સ્વયંભૂ લિંગ હતું. ભગવાન શિવે આ નગર પર પોતાની જટામાંથી અમૃતની વર્ષા કરી એટલે આ નગરી મધુરા-મદુરા તરીકે ઓળખાય છે. પૂર્વે અહીંના એક રાજાને ત્યાં અનુપમ લાવણ્યવતી એક કન્યા અવતરી. એનાં મીનાકાર ચંચળ નેત્રોને લીધે એ મીનાક્ષી તરીકે ઓળખાઈ. પિતા દિવંગત થતાં રાજકુમારી મીનાક્ષી રાજ્યાસને બિરાજી. પરંતુ આજુબાજુનાં લોભી રાજ્યોએ રાજ્ય પડાવી લેવા મદુરા પર આક્રમણ કર્યું, પરંતુ મીનાક્ષીએ યુદ્ધ કરીને એ સર્વ રાજાઓને પરાજિત કર્યા.

હાલના મંદિરનો આરંભ વિશ્વનાથ નાયકના રાજ્યકાળમાં ઈ.૧૫૬૦માં થયો. આ મંદિર વિશાળ વિસ્તારમાં વિસ્તરેલું છે. એમાં લગભગ ૨૭ ગોપુર આવેલાં છે. સૌથી ઊંચું ગોપુર અગિયાર માળવાળું દક્ષિણનું ગોપુર છે. પર્યટકો ગોપુરની બાજુમાં આવેલા પ્રવેશદ્વારમાંથી મંદિરમાં દર્શને જાય છે. મીનાક્ષી મંદિરના પરિક્રમા-પથમાં અનેક દેવમૂર્તિઓ આવેલી છે.



અવનવું કરો

આગવું જીવતર બને સંકલ્પ કર !
એ ગગન ખુલ્લું કહે સંકલ્પ કર !
છોડતાં ઘોંઘાટના પરિવેશને -
રૂબરૂ સઘળું થશે સંકલ્પ કર !

('યથાવત્'માંથી) - ગુણવંત ઉપાધ્યાય

જગમોહન સૂરસાગરના જીવનગીતનું સમાપન

મગર યાદ રખના કિ યાદ આયેંગે હમ

'જગમોહન સૂરસાગર ? પેલા પ્રસિદ્ધ બંગાળી ગાયક ને ?એ તો ક્યારના મરી ગયા.' ગઈ ત્રીજી સપ્ટેમ્બરે અવસાન પામેલા જગમોહન 'સૂરસાગર' પોતાની હયાતીમાં જ આવું અનેક વાર સાંભળી ચૂક્યા હતા અને તેથી માનતા હતા કે પોતે લાંબું જીવશે. ૮૫ વર્ષ જીવેલા જગમોહનનાં ગીતોની આવરદા તેમનાથી પણ લાંબી રહેવા સરજાઈ છે. ગાયનક્ષેત્રે પોતાની આગવી કેડી કંડારી તેને લોકપ્રિયતાના ઉચ્ચતમ શિખરે પહોંચાડનાર આ ગાયક તેમનાં ગીતો વડે ક્યારેય વિસ્મૃત થશે નહીં.

૧૯૧૮ની છઠ્ઠી સપ્ટેમ્બરે કોલકાતાના ચેતલામાં જન્મેલા જગન્મયને ઘેર મીરઝાસાહેબ, જમીરુદ્દીન ખાં, મસ્તાન ગામા જેવા સંગીતના ધુરંધરોની અવરજવર રહેતી. બાળક જગન્મયને બચપણથી જ સંગીત શીખવાનો ચસકો લાગી ગયો હતો. ૧૯૩૮માં 'બૅન્ગાલ મ્યૂઝિક એસોસીએશને' યોજેલી સ્પર્ધામાં વીસ વર્ષનો જગન્મય ધ્રુપદ, ટપ્પા, ઠુમરી, બાઉલ, કીર્તન તેમજ રાગપ્રધાન બંગાળી ગાયન એમ પ્રત્યેક વિષયમાં પ્રથમ આવ્યો. આ સમાચાર મળતાં જ કુટુંબમાં હલચલ મચી ગઈ. 'છોકરો વંઠી ગયો છે' એવું લોકો માનવા લાગ્યા, પણ જગન્મયના કાકા ડૉ. ડી.એન.મિત્રએ તેનો પક્ષ લીધો: 'રવીન્દ્રનાથ પણ જાહેરમાં ક્યાં નથી ગાતા ?' કહીને એમણે એને આ રસ્તે આગળ વધવાની લીલી ઝંડી આપી દીધી.



બંગાળના સંન્યાસી અને તે જમાનાના વિખ્યાત ભજનિક દિલીપકુમાર રાયે એક ખાનગી મહેફિલમાં જગન્મયને સાંભળ્યા પછી તેને સંગીત શીખવાડવાની ઑફર કરી. સંગીતની સાથે સાથે માઇકમાં ગાતી વખતે અવાજને શી રીતે સમતોલ રાખવો, માઇક ન હોય તો અવાજને ક્યા ખૂણેથી ફંગોળવો જેવી અનેક ટેક્નિકલ બાબતોની જાણકારી જગન્મયને મળી. આ દિલીપકુમાર રાયના

શિષ્ય ભીષ્મદેવ ચટ્ટોપાધ્યાયના સંગીત- નિર્દેશનવાળી હિન્દી ફિલ્મ 'ગરીબી'માં જગન્મયને પાર્શ્વગાયનની તક મળી. ગીતના શબ્દો હતા 'ચરખા ચલકે કામ બનાયે, ચરખા આયે ગરીબી જાયે.' આ ફિલ્મમાં ભીષ્મદેવના મદદનીશ હતા સચિનદેવ બર્મન.

૧૯૩૮માં જ 'પ્રયાગ સંગીત સંમેલન' દ્વારા આયોજિત ખયાલની ગાયકીમાં પણ જગન્મયને પ્રથમ નંબર મળ્યો અને ઠેરઠેર તેનાં વખાણ છપાયાં. પણ છાપાંવાળાઓએ 'જગમોહન' બનાવી દીધું. અને મૃત્યુપર્યંત તેઓ આ જ નામે ઓળખાયા.

લખનઊ ઘરાનાના વિખ્યાત નૃત્યકાર શંભુ મહારાજ પાસે તેમણે નૃત્યની નહીં, પણ ઠુમરી અને ગઝલની તાલીમ લીધી. ૧૯૩૮ની આખરમાં કોલકાતા પાછા ફર્યા પછી એચ.એમ.વી. કંપની તરફથી તેમને રેકર્ડ તૈયાર કરવાની ઑફર મળી. બંગાળના ક્રાંતિકારી કવિ કાઝી નજરૂલ ઇસ્લામે લખેલું વિખ્યાત ગીત 'શાઓન રાતે જ દિ, સ્મરણે આસે મોરે' જગમોહનના કંઠે ગવાયું અને તેની રેકર્ડ બહાર પડી.

બીજી રેકર્ડ માટે એચ.એમ.વી.ના હેમચંદ્ર સોમે જગમોહનની મુલાકાત કમલ દાસગુપ્તા સાથે કરાવી. બિનફિલ્મી ગાયનમાં તે વખતે ગઝલ, નાત, દાદરા, કવ્વાલી, કજરી, હોરી વગેરે પ્રકારના સંગીતની રેકર્ડ બનતી હતી. કમલ દાસગુપ્તા અને જગમોહને આ બધા પ્રકારો ઉપરાંત બંગાળી ગીતોની છાયા લઈને એક નવા જ પ્રકારનું ગાયન તૈયાર કર્યું. 'આ કયો પ્રકાર કહેવાય ?' - ના જવાબમાં જગમોહને કહ્યું, 'હિન્દી ગીત.' આમ, કમલ દાસગુપ્તા હિન્દી ગીતના જનક બન્યા અને તેનું નામકરણ કર્યું જગમોહને. 'મુઝે ન સપનોંસે બહેલાઓ', 'મેરી આંખે બની દિવાની', 'મત કર સાજસિંગાર', 'દિલકો હૈ તૂઝસે પ્યાર ક્યું', 'એક બાર મુસ્કુરા દો', 'સુંદર હો કિતની સુંદર હો' જેવાં કેટલાંય હીટ ગીતો આ જોડીએ આપ્યાં. કમલ દાસગુપ્તાએ તૈયાર કરેલી ધૂનોને જગમોહને પોતાના ભાવસભર કંઠથી ગાઈને અમરતા બક્ષી દીધી. આ ગીતોને લોકપ્રિય થવા માટે ફિલ્મોની સીડીની કશી જરૂર ન પડી. અલબત્ત, 'મેઘદૂત', 'હૉસ્પિટલ', 'આરઝૂ', 'ભાઈચારા', 'પહેચાન', 'જમીન ઔર આસમાન', 'કૃષ્ણલીલા', 'ભક્ત કબીર' વગેરે જેવી હિન્દી ફિલ્મોમાં તેમણે છૂટાંછવાયાં ગીતો ગાયાં હતાં તેમજ ગ્યાન મુખરજીની 'સરદાર' ફિલ્મમાં સંગીત પણ આપ્યું હતું. પરંતુ જગમોહનની સાચી ઓળખ તો બિનફિલ્મી ગીતો વડે જ બની રહી.

ગાંધીજીના સૂચનથી તેમણે બાળકોને ધ્યાનમાં રાખીને સપ્તકાંડ રામાયણની રેકર્ડ તૈયાર કરી. લોકનાયક જયપ્રકાશ નારાયણની અસાધ્ય બીમારી વખતે તેમને પણ પોતાનાં ગીતો સંભળાવી તૃપ્ત કર્યા.

૧૯૮૧માં તેમનાં સુશીલ પત્ની ગીતા મિત્રાના મૃત્યુનો તેમને ઊંડો આઘાત લાગ્યો. ચાહકોનો અસીમ પ્રેમ અને અમાપ લોકપ્રિયતા ભોગવ્યા પછી હવે તે એકલવાયા થઈ ગયા હતા. ક્યારેક મુંબઈ, ક્યારેક દિલ્હી, ક્યારેક કોલકાતા એમ તે ફરતા રહેતા હતા. કોલકાતાના 'ભટ્ટપલ્લી પંડિત સમાજ' તરફથી તેમને પ્રાપ્ત થયેલી પદવી 'સૂરસાગર' તેમની ઓળખ બની રહી હતી, પરંતુ જગમોહન સ્વની ઓળખ ભૂલવા લાગ્યા હોય તેમ લાગતું હતું.

તેમનાં ચાહકો પણ તેમને મૃત માનીને જ તેમનાં ગીતો માણતાં હતાં. પણ મુંબઈના તેમના ચાહક ભગતભાઈ શેઠે (આર.આર. શેઠવાળા) ત્યાં આવેલા જગમોહનની મુલાકાત ગુજરાતના વિખ્યાત સંગીતપ્રેમી સાહિત્યકાર-પત્રકાર રજનીકુમાર પંડ્યા સાથે કરાવી. આ મુલાકાત દ્વારા ખોવાયેલા જગમોહન જાણે ફરીથી જડી ગયા. પોતાનાં ચાહકોનો પ્રેમ જોઈને તેમણે ગુજરાતમાં કાર્યક્રમ આપવાનું સ્વીકાર્યું અને આવ્યા પણ ખરા. એ પછી તો ગુજરાતનાં ચાહકો તેમના પર એવાં વરસ્યાં કે સૌએ ભેગા મળીને 'જગમોહન ફાઉન્ડેશન ચૅરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી. ૧૯૯૩માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા તેમને અમદાવાદ શહેરના નાગરિક તરીકે પ્રસ્થાપિત કરવા માટે ભવ્ય સન્માન-સમારંભ યોજાયો અને તે અમદાવાદના નાગરિક બન્યા.

પરંતુ થોડા સમય પછી અતિશય અંગત કારણોસર તેમણે પાછા મુંબઈની રાહ પકડવી પડી. આખરી શ્વાસ પણ તેમણે ત્યાં જ લીધા. પંકજ મલિક, હેમંતકુમારની પેઢીનો આ સિતારો અસ્ત થયો; પણ જૂની તેમજ નવી પેઢીનાં કેટલાંય ચાહકો વચ્ચે તે સદાય જીવિત રહેશે. તેમણે ગાયેલા એક ગીતના અંતરામાં શબ્દો છે - 'તુમકો નઝરમેં રખ લીયા, દિલમેં, જીગરમેં, રખ લીયા.' તેમના નશ્વર દેહનું મૃત્યુ થયું છે; પરંતુ તેમની સ્વરછબિ તો હજીય અખંડિત છે; અને એવી જ રહેવાની. *- બીરેન કોઠારી*

*

ન ઊડી શકતાં અને વિલુપ્ત થતાં પક્ષીઓ

આકાશમાં ઊડવું અને વિહરવું એ જ તો પક્ષીઓનો ધર્મ છે. આમ છતાં કેટલાંક પક્ષીઓ એવાં છે જે પક્ષીઓની જાતિ બધી વિશેષતાઓ ધરાવે છે અને છતાં ઊડવાને સક્ષમ નથી હોતાં. આવાં ન ઊડી શકતાં પક્ષીઓનો જે વર્ગ છે તેને રેટાઇટી વર્ગ કહે છે. આવાં પક્ષીઓની પાંખો અવિકસિત હોય છે. વળી, તેમનું કદ અતિ મોટું હોય છે અને અતિભારે વજનવાળાં હોય છે. આવાં ન ઊડી શકતાં પક્ષીઓ ભૂતકાળમાં ખૂબ જ હતાં એવું જાણી શકાયું છે. એ પક્ષીઓની જાતિઓ જ આ સૃષ્ટિ પરથી વિલુપ્ત થઈ ગઈ છે. તેનાં કારણો પર્યાવરણમાં થયેલા ફેરફાર સાથે અનુકૂલન સાધી ન શક્યાં હોય તે. બીજું છે તેના શત્રુઓની સંખ્યામાં, વધારો અને ત્રીજું છે કોઈ કુદરતી આફત. રેટાઇટી વર્ગનાં પક્ષીઓ ઊડી

તો નથી શકતાં પણ દોડે છે તે તો ખૂબ જ ઝડપે. અહીં જે બચ્યાં છે તેવાં પક્ષીઓ અને વિલુપ્ત થયાં છે તેવાં પક્ષીઓનો પરિચય મેળવીએ.

શુતુરમુર્ગ : આ પક્ષી ખાસ કરીને આફ્રિકા તથા આરબ દેશોના રણ વિસ્તારમાં મળી આવે છે અને વિશ્વનું સૌથી મોટું પક્ષી છે. આજે પણ અસ્તિત્વ ધરાવે છે. તેની ઊંચાઈ ૩ મીટર છે અને ૧૪૦ કિ.ગ્રા. જેટલું તેનું વજન હોય છે. આ પક્ષી ઊડી શકતું નથી પણ ૮૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી એ દોડે છે. તેના એક ઈંડાનું વજન જ દોઢ કિ.ગ્રા. જેટલું હોય છે. શુતુર મુર્ગ રણ વિસ્તારનું પક્ષી છે એટલે ઊંટની જેમ એ પાણી વગર ઘણા દિવસો સુધી રહી શકે છે.

ઈમસ : ઈમસ પણ ન ઊડી શકતાં પક્ષીઓના વર્ગનું છે અને શુતુરમુર્ગ પછીનું બીજા નંબરનું મોટું પક્ષી છે. ઈમસ નિશાચર છે. તેની ઊંચાઈ દોઢ મીટર હોય છે. તેનું શરીર ખોખલું, ગર્દન નાની હોય છે અને પાંખોથી ઘેરાયેલી હોય છે. નર-માદા બંને એક જ રંગનાં હોય છે. ઈંડાં સેવવાનું કામ નર ઈમસ કરે છે. વળી ઈમસ શાકાહારી છે. આ પક્ષીઓનું રહેઠાણ ઑસ્ટ્રેલિયાના રણવિસ્તારોમાં અને આસપાસનાં ગાઢાં જંગલોમાં મળી આવે છે.

પૅંગ્વિન : વકીલ જેવાં દેખાતાં પૅંગ્વિન પક્ષીઓ માણસના જેવા કેટલાક ગુણ ધરાવે છે. પૅંગ્વિન ઊડી શકતાં નથી પણ માણસની જેમ બે પગે ઊભાં ઊભાં ચાલે છે. આ પક્ષીઓ દક્ષિણ ધ્રુવ ખંડના ઠંડા પ્રદેશ ઍન્ટાર્કટિકામાં જોવા મળે છે. તેમની ઊંચાઈ ૫૦ સે.મી. એટલે કે અડધા મીટરની હોય છે. પૅંગ્વિનની મુખ્ય જાતો છે : શાહંશાહ પૅંગ્વિન, રાજા પૅંગ્વિન, એડેલાઈ પૅંગ્વિન, ચિનસ્ટ્રેપ પૅંગ્વિન, મારકોની પૅંગ્વિન તથા જેન્ટો પેંગ્વિન. તેની કેટલીક જાતો દક્ષિણ કાળા મહાસાગરના દ્વિપોમાં મળી આવે છે.

કીવી : આ પક્ષી ન્યૂઝીલૅન્ડમાં જોવા મળે છે અને નિશાચર છે. નાના એવા આકારની ઘરેલું મુર્ગી જેવું હોય છે. કીવીની જોડીમાં નર કરતાં માદા વધારે મોટી હોય છે અને માદા એક જ સમયે એક કે બે ઈંડાં આપે છે.

અટિપ્લાન ગ્રિબ : ભયમાં મુકાયેલ આ પક્ષીની સંખ્યા અત્યારે માત્ર ૧૦૦ છે એવું જાણકારો કહે છે. ઊડી ન શકનારું આ પક્ષી પાણીનું છે. તો ન ઊડી શકનારાં પક્ષીઓમાં 'કાકાપો' નામનું પક્ષી પણ આવે છે. આ પક્ષી નિશાચર છે અને તેમની સંખ્યા માત્ર ૪૦ જેટલી જ બચી છે. તો એક મોટું પક્ષી 'કેલિફોર્નિયા કોન્ડોર' છે. તેની પાંખોની લંબાઈ (વિંગસ્પેન) જ ૧૦થી ૧૨ ફૂટ છે. આ પક્ષીઓ ૨૫ની સંખ્યામાં જ રહેવા પામેલ છે.

કેટલાંક પક્ષીઓ જે ઊડી શકતાં ન હતાં, તે આજે અસ્તિત્વ ધરાવતાં નથી તેમના વિશે માહિતગાર થઈએ.

અપિઆરનિસ : જીવાશ્મ વિજ્ઞાનીઓની શોધ છે. આ પક્ષી આજથી લગભગ દોઢ લાખ વર્ષ પૂર્વે જ લુપ્ત થઈ ગયું છે. તેના અવશેષોના આધાર પરથી 'અપિઆરનિસ' પક્ષી ખૂબ જ મોટું તથા વજનમાં અડધા ટનનું હતું ! આ પક્ષીનું રહેઠાણ ઉત્તર અમેરિકા તથા મેડાગાસ્કરનાં ઘનઘોર જંગલો હતાં.

હૈસ્પેરોનિસ : આ પક્ષી ૭૨ લાખ વર્ષ પહેલાં ક્રિટેશિયમ યુગમાં અસ્તિત્વ ધરાવતું હતું અને તે જળપક્ષી હતું. તેનું શરીર દોઢ મીટર લાંબું નાવ જેવા આકારનું હતું અને તેથી તે પાણીમાં તરી શકતું હતું.

આર્કિઓપ્ટેરિસ : કરોડો વર્ષ પૂર્વે આ કડીરૂપ પક્ષી-પ્રાણી અસ્તિત્વ ધરાવતું હતું એવું જીવાશ્મ વિજ્ઞાનીઓ કહે છે. આ પક્ષીના જીવાવશેષ જર્મનીમાંથી મળી આવ્યા છે.

ડોડો : આ પક્ષી બતક જેવા આકારનું હતું અને ઊડી શકતું ન હતું. તેનું અસ્તિત્વ આજે નથી. થોડાં વર્ષો પહેલાં જ એ લુપ્ત થયું છે.

જર્ડન્સ કૉર્સેર (કસોરિયસ બિર્ટારકકેટસ) : આ પક્ષીનું પણ આજે અસ્તિત્વ નથી. આ પક્ષી છેલ્લી વાર ઈ.સ. ૧૯૦૦માં જોવા મળ્યું હતું. આ પક્ષી ભારતીય કૉર્સેરની પ્રજાતિનું છે. તેનું માથું અને ગર્દનનો પાછળનો ભાગ ઘેરા ભૂરા રંગનો હોય છે. મોઢાની પાસેનો ભાગ સફેદ રંગનો હોય છે, તો પાંખોની ઉપરનો ભાગ કંઈક કેટલોક ગુલાબી ભૂરી માટીના રંગનો હોય છે. 'પેસેન્જર પીજીઅન' અને ન્યૂઝીલૅન્ડનું 'મોઆ' પક્ષી પણ લુપ્ત થયાં છે. આપણા ભારતમાંથી જ 'ઘોરાડ' પક્ષી, પીક હેડેડ ડક (ગુલાબી માથાવાળું બતક), પેરમાં રહેતું પક્ષી 'ચિલોત્રો' જે ઝાડની બખોલમાં રહેતું તે આ સૃષ્ટિમાંથી વિલય પામ્યાં છે.

દેવહંસ : આ એક મોટા કદનું ભારતીય પક્ષી છે, જેની લંબાઈ ૮૧ સે.મી. છે. તેનો અવાજ સાફ અને પ્રેત જેવો હોય છે તેથી તેને 'દેવહંસ' કહે છે. આસામના જંગલમાં તેનો વાસ છે. તેનું શરીર કાળું અને માથું સફેદ હોય છે. આ સર્વભક્ષી પક્ષી છે અને રાત્રે ખોરાકની શોધમાં નીકળી પડે છે.

લીખ રૂલોરિંકન : મરઘીના આકારનું આ પક્ષી ઝડપી દોડવાવાળી પ્રજાતિનું છે. તે ઊડે છે ત્યારે ખૂબ જ દૂર સુધી ઊડતું જ રહે છે અને નીચે ઊતરે છે ત્યારે પ્લેનની જેમ દોડતું દોડતું ખૂબ દૂર સુધી ચાલ્યું જાય છે. આ પક્ષી પંજાબ, ગુજરાત, રાજસ્થાનમાં વરસાદવાળા ઉષ્ણકટીબંધીય ભાગોમાં તથા દક્ષિણ ભારતમાં મૈસૂર તથા મદ્રાસમાં જોવા મળે છે.

સ્ટિકો ફથૈલ્સા કામદેવા : આ એક તાકાતવાન, મોટી અને ખૂબ જ સુંદર તિતલી છે. તેને લોકો 'ઉત્તરના જંગલની રાણી' નામથી ઓળખે છે. તે મે માસથી સપ્ટેમ્બર માસ સુધીના ગાળામાં સિક્કિમના વનથી છવાયેલા પહાડોમાં જોવા મળે છે. આ તિતલીનો રંગ એવો હોય છે જેનાથી જમીનની નજીક તથા ઘાટી હરિયાળીમાં છુપાવામાં તેને મદદરૂપ થાય છે.

વિશ્વના અન્ય ભાગોમાં કેટલાંક એવાં પક્ષીઓ છે જેની

સંખ્યા બે આંગળીના વેઢામાં જ સમાઈ જાય છે. જગતમાં સૌથી ઓછી સંખ્યા ધરાવતું પક્ષી છે 'મોરીઆનાસ માલાર્ડ'. હાલ ફક્ત બે જ પક્ષીઓ અસ્તિત્વ ધરાવે છે એવું જાણકારો કહે છે. બીજું પક્ષી 'કાઉઆઈ ઉ-ઉ' છે અને તે પણ બે જ બચ્યાં છે તેવી માહિતી છે. આ પક્ષી હવાઈ અને કાઉઆઈનાં જંગલોમાં જોવા મળતાં. તો ફક્ત પાંચની સંખ્યા ધરાવતાં બે જાતનાં પક્ષીઓ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા ઝઝૂમી રહ્યાં છે. તેમાંનું એક છે 'મૉરાશિયસ પેરાકીટ' અને બીજું છે 'ચેથેમ આયર્લૅન્ડ બ્લૅક રૉબિન'. જાણીને નવાઈ લાગશે કે આજે સૃષ્ટિ પર ૨૫૦થી ઓછી સંખ્યા ધરાવતાં માત્ર ૩૬ પક્ષીઓ જ બચ્યાં છે અને તેમાંનાં ૫૦થી ઓછી સંખ્યા ધરાવતાં માત્ર ૨૨ જેટલાં પક્ષીઓ જ અસ્તિત્વ ધરાવે છે અને તેમાંય ૨૦થી ઓછી સંખ્યા ધરાવતાં ૯ જાતનાં જ પક્ષીઓ બચ્યાં છે.

કેટલાક એવા વિસ્તારો હોય છે જ્યાં બધી જ અનુકૂળતા મળવાને કારણે વધારે જાતનાં ને વધારે સંખ્યામાં પક્ષીઓ આવતાં હોય છે ને વસતાં હોય છે. તેવા વિસ્તારને આરક્ષણ હેઠળ મૂકવો જોઈએ. સરકારે ઘણાં પક્ષી અભયારણો જાહેર કર્યાં છે.

('વિજ્ઞાનદર્શન'માંથી ટૂંકાવીને) - બાબુલાલ જાવિયા

એક નવી સંજીવની: ઘઉંના જવારા

આ ચિકિત્સા પદ્ધતિ મુખ્યત્વે વનસ્પતિમાં જોવા મળતા તત્ત્વ ક્લોરોફિલ પર આધારિત છે. રાસાયણિક રીતે ક્લોરોફિલ હિમોગ્લોબિનમાં જોવા મળતા તત્ત્વ હેમિન જેવું હોય છે. ક્લોરોફિલ અણુના કેન્દ્રમાં મૅગ્નેશિયમ હોય છે. હાઇડ્રોજન, ઓક્સિજન અને નાઇટ્રોજન અણુઓની સંખ્યા તથા સ્થિતિ બંનેમાં એકસમાન રહે છે. ક્લોરોફિલમાં જોવા મળતું મેગ્નેશિયમ શરીરમાં રહેલા ૩૦થી વધારે ઍન્ઝાઇમ માટે ખૂબ જરૂરી હોય છે, તેથી ક્લોરોફિલને 'લીલું લોહી' પણ કહે છે. ઘઉંના આ નાના છોડમાં વિટામિન એ, બી, સી. ઈ, કે, લેટ્રાઇલ-બી ૧૭, કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન, ચરબી અને શરીર માટે આવશ્યક બધાં ખનિજો હોય છે.

ઘઉંના જવારામાં રહેલાં ૯૦થી વધારે ખનીજ, ૧૯ એમીનો ઍસિડ્સ અને અનેક પોષક તત્ત્વ તેને કુદરતની સર્વોત્તમ ઔષધિનો દરજ્જો અપાવે છે. તેમાં ઘણી ઊર્જા હોય છે, તેથી તેના રસના સેવનથી થાકેલી વ્યક્તિને તરત ઊર્જા મળે છે. ઍનિમીયાનાં દર્દીઓ માટે આ ઔષધિ જીવનદાયી છે. તેના નિયમિત સેવનથી લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ જલદી વધે છે. તેમાં રહેલા જીવાણુનાશક ગુણોને કારણે પાચનતંત્રને લગતા અનેક રોગ દૂર થઈ શકે છે. જવારાના રસમાં રહેલું લેટ્રાઇલ-બી-૧૭ કૅન્સરમાં પણ અસરકારક છે. ક્લોરોફિલ રક્તશોધક છે. તે હૃદયની કાર્યક્ષમતામાં વૃદ્ધિ કરવાની સાથે રક્તવાહિનીઓ, આંતરડાં, લંગ્સ અને કિડનીની કાર્યક્ષમતા પણ વધારે છે. તે શરીરમાં રહેલા ટૉક્સિનને બહાર કાઢે છે, વજન પર નિયંત્રણ રાખે છે. પરસેવાની વાસ દૂર કરે છે. શરીરમાં શર્કરાનું લેવલ વધારે છે. ક્રૉનિક સાઇનોસાઇટ્સમાં પણ આ ઉપચાર લાભદાયક છે.

રોગપ્રતિકારક ગુણોને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ટાઇફૉઇડ, વેન્ઝાઇનલ, ઇન્ફેકશન, અલ્સર, ઘા, ચામડીના રોગ, પાયરિયા વગેરે બીમારીઓમાં તરત અસર કરે છે. 'વ્હીટ ગ્રાસ થેરપી' જૂની બીમારી, ઍનિમિયા, લ્યૂકેમિયા, સાધારણ ચામડીના રોગથી ચામડીનું કૅન્સર, પેટનાં જીવડાંથી અલ્સર સુધીના બધા રોગોનો અસરકારક રીતે ઉપચાર કરે છે.

આ જવારાના રસમાં ઇચ્છો તો સ્વાદ માટે થોડો લીંબુનો રસ પણ નાખી શકો છો. હા, મીઠું કે ખાંડ ન નાખતા. આ રસ દરરોજ સવારે નરણા કોઠે પીઓ.

વ્યક્તિએ દરરોજ ૧/૪ થી ૧/૩ ગ્લાસ જવારાનો રસ પીવો જોઈએ, જ્યારે કમજોર કે બીમાર વ્યક્તિએ દિવસમાં બે-ત્રણ વખત ૧/૪થી ૧/૨ ગ્લાસ રસ પીવો જોઈએ. રસને બદલે તેનાં પાન ચાવવાં પણ લાભદાયક છે. ('દિવ્યભાસ્કર'માંથી ટૂંકાવીને)


સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર,
બાદબાકી બૂરાઈની, ભ્રમનો ભાગાકાર.

— જયન્ત પાઠક

લાલબહાદુર શાસ્ત્રી પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે પાંચ-છ તોફાની છોકરાઓ સાથે સાથે ઘેર આવતા હતા. નિશાળમાંથી ઘેર આવતાં એક જમરૂખની વાડી આવતી હતી. પેલા તોફાની છોકરાઓ જમરૂખની વાડીમાં ઘૂસ્યા પણ શાસ્ત્રીજીએ કહ્યું કે એમ મફતમાં જમરૂખ લેવાય નહીં. પેલા છોકરાઓ તો ઝાડ પર ચડી ગયા પણ શાસ્ત્રીજી તો એક બાજુ ઊભા રહ્યા. થોડી વારમાં જ વાડીનો રખેવાળ આવ્યો અને એને જોઈ ઝાડ પરના છોકરાઓ કૂદીને ભાગી ગયા. રખેવાળે લાલ બહાદુરને પકડી મારવા માંડ્યા, તો શાસ્ત્રીજીએ સત્ય હકીકત જણાવી. રખેવાળ સમજુ હતો. તે મીઠાશથી બોલ્યો : 'બેટા, તું પેલા તોફાનીઓ સાથે વાડીમાં દાખલ થયો એટલે તારે સોબતનું ફળ ચાખવું પડ્યું.'

•

પૉર્ટ ઑવ્ સ્પેનના એક ગામમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે. જે ગામમાં આ પ્રતિમા મૂકવામાં આવી છે તે ગામ ગાંધીગામ તરીકે ઓળખાય છે. આ ગામની ૪૪ ટકા વસ્તી મૂળ ભારતવાસીઓની છે, જેમના પૂર્વજો ઉત્તરપ્રદેશ અને બિહારમાંથી મજૂરી કરવા માટે ૧૮૪૫થી ૧૯૧૭ની વચ્ચે પૉર્ટ ઑવ્ સ્પેન આવ્યાં હતાં.



'કુમાર' અક્ષરાંકનમાં 'બતક'
(વિષ્ણુકુમાર મહેતા - લીંબડી)

युवा स्यात् साधुः। युवाध्यायकः।
आशिष्ठो दृढिष्ठो वलिष्ठः।
तस्येयं पृथिवी सर्ववित्तस्य पूर्णा स्यात् ॥

યુવાને સચ્ચરિત થવું જોઈએ; અભ્યાસી થવું જોઈએ; આશાવાદી, દઢ મનોબળવાળો અને બળવાન બનવું જોઈએ (પછી) તેને માટે આ પૃથ્વી સર્વસમૃદ્ધિની ભંડાર થશે.

•

એક સાઉદી પિતાને જ્યારે ખબર પડી કે એનો પુત્ર આતંકવાદના સંગઠનમાં સામેલ છે તો એમણે એને સાઉદી અરેબિયાના સુરક્ષા અધિકારીઓને સોંપી દીધો. અબ્દુલ અઝીઝ સલેમ સૈફે પોતાના વીસ વર્ષના પુત્ર સલીમને પોલીસને હવાલે કરતાં કહ્યું કે ધન અને ઓલાદ કરતાં વધુ જરૂરી છે દેશનું હિત !

•

આફ્રિકાના કૉંગોપ્રદેશમાં થતી એક ગરોળીની લંબાઈ ૯૦ સે.મી. જેટલી હોય છે.

•

મિલાનના જાણીતા કવિ-સંગીતકાર પીલાર્ડ પાસે જગતના પ્રખ્યાત માણસોનાં મોજાંઓનો સંગ્રહ છે.

•

ઈ. ૧૯૧૫માં એક સંદેશવાહક ઊંટે ૫૩૦ માઈલનું અંતર અઢી દિવસમાં પસાર કરેલું.

•

સંયુક્ત રાષ્ટ્રે બ્રિટનમાં આયાત થતાં નાનાં અનાથ બાળકોને કરાવાતી મજૂરી અને એમના દેહ-વ્યાપાર સામે ચેતવણી આપી છે. સેંકડોની સંખ્યામાં આ બાળકોને ચોરીછૂપીથી બ્રિટનમાં લાવવામાં આવ્યાં છે.



શ્રદ્ધાંજલિ ! કાર્ટૂન કલાના ક્ષેત્રે વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કરનાર સૌના લાડકા વ્યંગચિત્રકાર શ્રી બંસી વર્મા (ચકોર)ને સૌ ગુજરાતીઓની શ્રદ્ધાંજલિ - ઈન્દ્રદેવ આચાર્ય

ડૉક્ટર: 'બહેન, તમારે તમારા પતિને સંપૂર્ણ આરામ આપવો જોઈએ.'

'પણ એ મારું કાંઈ સાંભળતા જ નથી.'

'તો તો આરામની શરૂઆત થઈ કહેવાય.'

•

જાયફળ, પુષ્કર-મૂળ, કાકડાશીંગી, સૂંઠ, મરી, પીપર અને અજમો સરખે ભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ૩૦ ગ્રામ આદુના રસમાં ચાટવાથી સખત શરદી મટી જાય છે.



કલાકણિકા: પશ્ચિમ બંગાળ - ઓરિસ્સામાં આવેલી ૧૮-૧૯મી સદીની પિત્તળના કોતરણીયુક્ત ઘડાના રૂપમાં મનસાદેવીની મૂર્તિ.